બાલ જીવનનું રહસ્ય

★

અનુવાદકો :

ભોગીલાલ ત્રિ. ઠાકર
સવિતાબેન વિ. ત્રિવેદી

બાલજીવનનું રહસ્ય

લેખિકા : ડૉ. મેરીઆ મોન્ટેસોરી
એમ. ડી. (રોમ),
ડી. લીટ. (ડરહામ).

અનુવાદકો :
ભોગીલાલ ત્રિ. ઠાકર
સવિતાબેન વિ. ત્રિવેદી

શારદા મંદિર :: એલીસબ્રીજ :: અમદાવાદ

જાન્યુઆરી : ૧૯૪૪

કીમ્મત : રૂ. ૬–૦–૦

પ્રકાશકો : ભોગીલાલ ત્રિ. ઠાકર : સવિતાબેન વિ. ત્રિવેદી
શારદા મંદિર : : એલીસબ્રીજ : : અમદાવાદ.
મુદ્રક : કકલભાઈ રવજીભાઈ કોઠારી
નવયુગ મુદ્રણાલય : મીરજાપુર રોડ, અમદાવાદ.

માતાને

બે બોલ

ઇ. સ. ૧૯૪૦ ના જાન્યુઆરી માસમાં બાળકો માટે પોતાનું સમગ્ર, દીર્ઘ જીવન અર્પણ કરનાર, જગવિખ્યાત, મહાન વિદુષી ડૉકટર મેરીઆ મોન્ટેસોરીનો અડયાર (મદ્રાસ)માં પહેલો શિક્ષણ-વર્ગ ચાલતો હતો ત્યારે આ અનુવાદ કરવાનું કાર્ય માંથે લીધું. પુસ્તક વાંચતાં તે વધુ એકાગ્રતા માગતુ લાગ્યું અને તેથી નિરાંતે કરવાના હેતુથી દૂરને દૂર ધકેલાતું ગયું. આ રીતે લગભગ અઢી વર્ષ વીતી ગયાં, અને છેવટે જ્યારે અમુક મુદતમાં જ તે પુરૂ કરવાનો આદેશ મળ્યો ત્યારે અનુવાદનું કાર્ય શરૂ થયું.

બહેનશ્રી ચતુરબેન ત્રિવેદીએ અમારામાંના એકની ગેરહાજરીમાં આ શુભ કાર્યની શરૂઆત કરી અમોને વારંવાર પ્રોત્સાહન અને મદદ આપી છે. એ રીતે શરૂ થયેલા કાર્યનું પરિણામ આ પુસ્તક છે. શ્રી ચતુરબેનનો ઉપકાર તો શું માનીએ? ઉપકાર માન્યે કાંઇ ઉપકાર ઓછોજ પતી જાય તેમ છે.

અનુવાદમાં ત્રુટિઓ ઘણી છે. ભાષા કેટલીક જગ્યાએ કિલષ્ટ થઈ છે, જોડણીમાં ભૂલો રહી છે, અને વિષયની ગહનતાને લઈને યોગ્ય પારિભાષિક શબ્દો પણ નથી મળ્યા; તેમજ કાળજી રાખ્યા છતાં કેટલીક મુદ્રણની ભૂલો છે. આ બધી ત્રુટિઓ છતાં ગુજરાતી ભાષામાં આ પુસ્તક અનોખું છે. પુસ્તકમાંના કેટલાક કઠણ અને પારિભાષિક શબ્દો પુસ્તકને અંતે આપ્યા છે. અંગ્રેજી જાણકારોને વસ્તુ સમજવામાં તે ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

આ પુસ્તકનો અનુવાદ કરવાની રજા આપવા માટે અમે ડૉકટર મોન્ટેસોરીનાં ઋણી છીએ.

પુસ્તકને બને તેટલું સારૂં અને જલદીથી છાપી આપવામાં શ્રી કકલભાઇ કોઠારી અને તેમના મુદ્રણાલયના કાર્યકરોએ બધી સહાય આપી છે, તે માટે તેમનો અમે આભાર માનીએ છીએ.

મૂળ પુસ્તક માટે તો શું કહીએ ? બાળકો સાથેના અમારા લગભગ વીસ વર્ષ ઉપરના સીધા અને સતત, ગાઢ સંપર્કથી પુસ્તકમાં જણાવેલા સિદ્ધાંતો અને ઘટનાઓને કાળજીપૂર્વક અને ચોકસાઇથી સમજવાના અને જોવાના અનેક પ્રસંગો અમને મળ્યા છે અને અમે જોયું છે કે અહીંઆં પણ તેમાં જણાવેલાં પરિણામો જેવાંજ પરિણામો આવ્યાં છે. એકંદરે અમને આ પુસ્તકમાં બાલજીવનનું આજ સુધીનું કોરૂ પાનું સત્ય અને સચોટ શબ્દોમાં સૂત્રરૂપે લખાતું લાગ્યું છે. તેમાં એટલું બધું નવીન, અર્થપૂર્ણ અને બાળ-જીવનને સ્પષ્ટ કરતું ભર્યું છે કે તેને માટે જેટલું લખાય તેટલું ઓછું છે.

બાળકોની જીવન-ઘટનાઓ ધ્યાનમાં લઈ બાલજીવનને સુંદર, સમૃદ્ધ અને શ્રેષ્ઠ બનાવવામાં અને પુસ્તકમાં જણાવેલા તહોમતનામામાંથી નિર્દોષ પુરવાર થવા પ્રયત્નશીલ થવામાં આ પુસ્તક જરૂર સહાયરૂપ થશે.

માનવ પ્રગતિ એજ દિશામાં છે, એ આ સમયમાં સહજ સમજાય તેમ છે. પુસ્તકને સાદ્યંત વાંચ્યા પછી દરેક વડીલને પોતાનું ધર્મકાર્ય અવશ્ય સૂજશે જ.

વસંત પંચમી
સં. ૨૦૦૦

ભોગીલાલ ત્રિ. ઠાકર
સવિતાબેન વિ. ત્રિવેદી

અનુક્રમણિકા

ભાગ ૧

આધ્યાત્મિક ગર્ભ

ભાગ ૨

નવી કેળવણી

ભાગ ૩

બાળક અને સમાજ

બીજો એકકે માર્ગ નથી

આજે દુનિયામાં અશાન્તિનું સામ્રાજ્ય વ્યાપ્યું છે: આજે માનવજાત વિનાશ તરફ ધસડાઇ રહી છે: દુનિયાના આજના સૂત્રધારોનો જે ઘાટ ઘડાયો છે, તે ચોક્કસ ખામીભર્યો છે, અને તેનું જ આ પરિણામ છે. અશાન્તિને બદલે શાન્તિનું સામ્રાજ્ય સ્થાપિત થયેલું જોવું હોય અને માનવજાતને વિનાશમાર્ગેથી પાછી વાળી પ્રગતિ-અભિમુખ કરવી હોય તો તો, સૌથી પ્રથમ, બાળકોને જીવનની શરૂઆતથી જૂદાજ વાતાવરણમાં મૂકી નવી સૃષ્ટિ રચવી જોઇએ. માનવ-કલ્યાણનો આ સિવાય બીજો એકકે માર્ગ નથી.

ભાગ ૧ લો

આધ્યાત્મિક ગર્ભ

"બાળકો સિદ્ધહસ્ત, ચપળ, અને જગતને અનુકૂળ થાય એવી ઘણીવાર આશા રાખવામાં આવે છે; પરંતુ જગત જ તેમની સાથેના સઘળા વ્યવહારમાં તેમને અનુકૂળ થાય એ વિશેષ સિદ્ધિસાધક છે."

એલિસ મેનેલ, "ધી અનરેડી"

પ્રકરણ ૧ લું

આજનું બાળક

બાળયુગ

બાળકની સંભાળ અને શિક્ષણમાં જણાતી આશ્ચર્યકારક ઝડપી પ્રગતિ, અંશત: જીવનના સામાન્ય ઉચ્ચતર ધોરણને અને તેથીએ વધારે આત્મભાનની જાગૃતિને આભારી છે. બાળકની કેવળ તંદુરસ્તીની ચિંતા વધી છે (ઓગણીસમા સૈકાના છેલ્લા દસકામાં શરુ થઇ) એટલું જ નહિ પણ બાળકનું વ્યક્તિત્વ અત્યંત મહત્વનું કંઇક છે, એ નવું ભાન પણ આવ્યું છે. આજે વૈદક, તત્વજ્ઞાન અથવા સમાજશાસ્ત્રની એકે શાખાના અભ્યાસમાં બાળજીવનના જ્ઞાને આપેલા બોધને ધ્યાનમાં લીધા વિના ઉંડા ઉતરી શકાય તેમ નથી. સામાન્ય શારીરશાસ્ત્ર અને ઉત્ક્રાન્તિ વિષે આવું જ પણ સહેજ ઓછું જ્ઞાન ગર્ભશાસ્ત્રે આપ્યું છે. બાળકનો શારીરિક નહિ પણ માનસશાસ્ત્રીય દ્રષ્ટિનો અભ્યાસ સમગ્ર માનવજાતિના પ્રશ્નોને પણ અગાધ અસર કરશે. બાળમાનસમાંથી આપણને કદાચ પ્રગતિની ચાવી મળશે; અને કોને ખબર છે કે નવી સંસ્કૃતિના પ્રારંભની ચાવી પણ તેમાંથીજ નહિ મળી આવે ?

સ્વીડીશ કવિ અને લેખિકા એલન કે. એ ભવિષ્ય ભાખ્યું હતું કે આ સૈકો બાળકનો યુગ થશે. ઇટાલીમાં પૂર્વરાજાના ખુન પછી ઇ. સ. ૧૯૦૦ માં સૈકો બદલાતાં રાજા વીકટર ઇમેન્યુઅલ ત્રીજો ઇટાલીની ગાદીએ આવ્યો; તેના ઐતિહાસિક પ્રસંગોમાં ધીરજથી ઉંડા ઉતરીએ તો રાજાના પહેલા ભાષણમાં આવાજ વિચારોની પુનરૂક્તિ છે. નવા સૈકાથી શરુ થતા નવા યુગ વિષે બોલતાં તેણે પણ આ સૈકાને બાલયુગ તરીકે વર્ણવ્યો હતો.

૧૯ મા સૈકાના છેલ્લા દશકામાં વિજ્ઞાનની શોધખોળોની અસરોએ કડક નિશાળોમાં ભોગ બનેલા, તેમજ વડીલો કરતાં

ચેપી રોગોથી દસગણા વધારે પ્રમાણમાં મૃત્યુ પામતાં બાળકોનો ચિતાર આપી લગભગ આવાજ ભવિષ્યની ઝાંખી કરી છે. વ્યક્તિના વ્યક્તિગત અને સામાજિક કોયડાઓને ઉકેલી શકે તેમજ મનુષ્ય આત્માની ગૂઢતાનો પડદો હટાવી શકે તેવું જીવનરહસ્ય બાળકમાં છે એ ભવિષ્ય કોઇએ પણ તે સમયે ભાખ્યું ન હોત. આ દ્રષ્ટિબિન્દુ માનવજાતિના સમગ્ર સામાજિક જીવનને અસર કરનાર બાળઅભ્યાસના નવા વિજ્ઞાનના પાયારૂપ પણ થાય.

બાળક અને માનસપૃથક્કરણ

અભાનનાં રહસ્યો ધ્યાનમાં લાવીને માનસપૃથક્કરણશાસ્ત્રે પહેલાં અણજાણ રહેલા શોધખોળના પ્રદેશને, જોકે, ખુલ્લો કર્યો છે છતાં જીવનના મહત્વના વ્યવહારૂ કોયડાઓનો વ્યવહારૂ ઉકેલ તે કરી શક્યું નથી; આમ છતાં બાળકના ગુપ્ત જીવનમાં રહેલા ફાળાને સમજવામાં જરૂર તે ઉપયોગી થાય.

ગ્રીક ખલાસીઓએ વહેમને લીધે પ્રાચીન ઇતિહાસમાંના હરક્યુલીસના સ્તંભોને* પૃથ્વીનો મર્યાદાની પારના માન્યા હતા તેમજ એક સમયે આત્મભાનના પડને માનસશાસ્ત્રે "ની પાર નહિ" (ne plus ultra) ગણ્યું હતું. એક રીતે કહીએ તો માનસપૃથક્કરણશાસ્ત્રે એ હદ વટાવીને આ પડને છેદ્યું છે.

અભાનના મહાસાગરને માનસપૃથક્કરણશાસ્ત્રે માપ્યો છે. આ શોધ વિના માનવજાતિના ફૂટ પ્રશ્નોના અભ્યાસમાં બાળમાનસની કેટલી મદદ છે તે સામાન્ય જનતાને સમજાવવું મુશ્કેલ હતું. માનસપૃથક્કરણશાસ્ત્રે માનસિક રોગોની નવી ચિકિત્સાપદ્ધતિ શરૂ કરી એ સુવિદિત છે અને તેથી તે વૈદકશાસ્ત્રની એક શાખા ગણાયું. આ પદ્ધતિએ મનુષ્યનાં કાર્યો ઉપર અભાનની શક્તિ સિદ્ધ કરી જ્ઞાન શોધ્યું. આત્મભાનથી થએલી માનસિક પ્રતિક્રિયા-

*જીબ્રાલ્ટરની સામુદ્રધુનીની સામસામે આવેલા બે પર્વતો. પૂર્વે આ બે એક હતા અને હરકયુલીસે તેમને જૂદા પાડયા હતા એવી દંતકથા છે.

ઓનો, તેમજ સ્વીકૃત વિચારોને પલટો આપતાં ગુપ્ત તત્વોનો અને કલ્પનાતિત સત્યોને બહાર લાવનાર પ્રત્યુત્તરોનો જાણે આ અભ્યાસ છે. વ્યક્તિના ભાવિ સાથે જોડાયેલા અજ્ઞાત વિશાળ જગતને તે પ્રગટ કરે છે છતાં અજ્ઞાત જગતની સંપૂર્ણ શોધ તે કરી શકતું નથી. શાર્કોટના* સમયમાં ગયા સૈકામાં માનસચિકિત્સાશાસ્ત્રે અનાવિર્ભૂત મન શોધ્યું. જવાળામુખી ફાટતાં પૃથ્વિના ગર્ભમાં રહેલાં ખળભળતાં તત્વો બળ કરીને સપાટી પર આવે છે તેમ માનસિક રોગોની ગંભીર માંદગીમાં અમુક દરદીમાં અનાવિર્ભૂત મન બહાર દેખા દે છે. ભાનમાં બનતા બનાવોથી તદ્દન વિરોધી દેખાતા આ વિચિત્ર બનાવોને કેવળ રોગનાં ચિન્હો તરીકે માનવામાં આવતાં હતાં. ફ્રોઇડે+ આથી જૂદોજ અવળો માર્ગ લીધો. શ્રમજન્ય પદ્ધતિથી તેણે અભાનમાં પ્રવેશવાનો માર્ગ શોધ્યો અને છેક હમણાં સુધી તેમનું વલણ પણ ચિકિત્સાશાસ્ત્રના પ્રદેશને જ વળગી રહેવાનું હતું. માનસપૃથક્કરણશાસ્ત્રની દરદભરી કસોટીને, આત્મા ઉપરની એક પ્રકારની શસ્ત્રક્રિયાને, સાજાં મનુષ્યોમાંથી કેટલાં રાજીખુશીથી તાબે થાય ? દરદીની ચિકિત્સામાંથી આ રીતે ફ્રોઈડે તેમના માનસશાસ્ત્રીય સિદ્ધાન્તો તારવ્યા અને તેથી મોટે ભાગે નવું માનસશાસ્ત્ર વિકૃતિ ઉપરથી થએલી અંગત તારવણી ઉપર રચાયું; એ રીતે તેમના સિદ્ધાન્તો અધુરા પુરવાર થયા છે અથવા તેમની ચિકિત્સાપદ્ધતિ પુરેપુરી સંતોષકારક નથી. તેનાથી હમેશાંજ "આત્માની બિમારી" મટી નથી. પરિણામે ફ્રોઇડના સિધ્ધાન્તોના કેટલાક સર્વસામાન્ય ગણેલા નિય-

---

* શાર્કોટ, જીન માર્ટીન. ફ્રેંચ વૈદ્ય, જ્ઞાનતંતુઓના અને માનસિક દરદોના ઇલાજ માટે પ્રસિદ્ધ હતા. તે ઉંઘ લાવી દર્દીને મટાડતા. (જન્મ ૨૯–નવેમ્બર ૧૮૨૫ મૃ ૧૬–ઑગસ્ટ ૧૮૯૩)

\+ ફ્રોઈડ, સીગમુન્ડ–ઑસ્ટ્રીયન વિજ્ઞાનવેત્તા, સ્વપ્ન અને હીસ્ટીરીઆના દર્દીને લગતી તેની શોધોથી તે પ્રખ્યાત છે. માનસપૃથક્કરણશાસ્ત્ર (Psycho-analysis)ના જનક અને તેને લગતાં ઘણા પુસ્તકોના લેખક. જન્મ. ૬–મે ૧૮૫૬)

મોની સામે પ્રાચીન અનુભવોના અવશેષ તરીકે રહેલી સામાજિક રૂઢિઓ અંતરાય રૂપે ઉભી છે. અભાનના આ વિશાળ સત્યની શોધખોળ માટે, કદાચ, રોગપ્રયોગશાળાની ચિકિત્સાપદ્ધતિ અથવા સૈધાન્તિક તારવણી કરતાં કંઈક બીજાનીજ જરૂર છે.

બાલજીવનનું રહસ્ય

અભાનના આ મહાસાગરને જાણવા વિજ્ઞાનની બીજી શાખાઓએ બીજી રીતે કામ કરવું પડશે—એટલે મૂળ ઉત્પત્તિમાંથી મનુષ્યનો અભ્યાસ કરવો જોઈએ. આ અભ્યાસથી વાતાવરણ સાથેના ઘર્ષણદ્વારા બાળઆત્મામાં થતા વિકાસને શોધી શકાશે; તેમજ મનુષ્ય આત્માને બેડોળ અને જડ બનાવનાર વિગ્રહોનું દ્રશ્યાનુરૂપ અને કરુણ રહસ્ય પણ જાણી શકાશે.

માનસપૃથક્કરણશાસ્ત્રે આ રહસ્યને ધ્યાનમાં લીધું છે. બાલ્યાવસ્થાનીદૂર દૂરની સ્થિતિમાં થતો ચિત્તભ્રમનો ઉદ્ભવ તેની સૌથી વધારે અસરકારક શોધ છે. અનાવિર્ભૂતે જગવેલાં સ્મરણોએ સાબિત કર્યું કે બાલ્યાવસ્થામાં જાણીતી વેદનાઓ સિવાયની બીજી પણ કેટલીક વેદનાઓ હતી. આ વેદનાઓ સ્વીકૃત વિચારોથી જુદી જ રીતે આત્મભાનમાં એટલી બધી ગુપ્ત રહી હતી કે તેની શોધ માનસપૃથક્કરણશાસ્ત્રની સઘળી શોધોમાં સૌથી વધારે અસરકારક અને વ્યાકુળ બનાવનાર નીવડી. આ વેદનાઓ કેવળ માનસિક પ્રકારની, ધીમી, અને સતત હતી. તેનાથી વડીલના વ્યક્તિત્વને માનસિક માંદગી થાય તેવું કદીએ માનવામાં આવ્યું નહોતું. બાળકોની સ્વયંસ્ફૂરિત પ્રવૃત્તિમાં બાળકો પર અધિકાર ભોગવતા વડીલોના **દબાણથી** આ વેદનાઓ ઉત્પન્ન થઇ હતી; અને તેથી તેના પર સૌથી વધારેમાં વધારે અસર કરનાર વડીલ-માતા-ને તેની કારણભૂત ગણવામાં આવી હતી.

માનસપૃથક્કરણશાસ્ત્રની શોધનાં બે ક્ષેત્રોનો ભેદ સ્પષ્ટ કરવો જોઈએ. એક ઉપલકિયું છે. તેમાં બાળકે પરિચિત થવાના

વાતાવરણની અને વ્યક્તિની પ્રેરણાઓની અથડામણનો સમાવેશ થાય છે. આ ઘર્ષણને ટાળી શકાય, કારણ આત્મભાનના ઉંડાણમાં રહેલાં ખલેલ કરનારાં કારણો ધ્યાનમાં લાવવાં અઘરાં નથી; પણ બીજું એક વધારે ઉંડું ક્ષેત્ર છે. તે મનુષ્ય અને તેના વર્તમાન સામાજિક વાતાવરણના ઘર્ષણનું નહિ પરંતુ બાળકના અને તેની માતા—સામાન્ય રીતે વડીલ—ના ઘર્ષણનાં બાલ્યાવસ્થાનાં સ્મરણોનું છે. આવાં ઘર્ષણોથી કષ્ટસાધ્ય રોગો સંભવી શકે. શારીરિક અને માનસિક સઘળા રોગોમાં બાલ્યાવસ્થામાં બનેલા બનાવોની મહત્તા હવે સ્વીકારાઇ છે; પણ આ માટે માનસપૃથક્કરણશાસ્ત્ર કરતાં કોઈ બીજી પદ્ધતિની જરૂર છે. વડીલોના અભાનને સ્પર્શ કરી તેમનાં માનસ સમજવાની ખાસ પદ્ધતિ બાળકના માનસને સમજવા માટે બરાબર નથી. પ્રકૃતિથી જ બાળક આ પદ્ધતિ માટે અયોગ્ય છે. બાળકને પોતાની બાલ્યાવસ્થા યાદ રાખવાની નથી. તે પોતે જ બાલ્યાવસ્થા છે. બાળકનું પૃથક્કરણ કરવા કરતાં નિરીક્ષણ કરવું જોઇએ. વડીલો અને સામાજિક વાતાવરણથી ઉભાં થતાં ઘર્ષણો સમજવા આ નિરીક્ષણ માનસિક દ્રષ્ટિબિન્દુએ કરવું જોઈએ. આથી જો કે માનસપૃથક્કરણશાસ્ત્રના સિદ્ધાન્તો અને તેની પદ્ધતિથી દૂર બાળકના સામાજિક અસ્તિત્વના નવા ક્ષેત્રમાં દોરાઇ જઈશું એ સ્પષ્ટ છે. રોગી મનની આડીઅવળી ભૂલભૂલામણીની નહિ પણ બાળકના માનસશાસ્ત્રીય જીવનની આસપાસ કેન્દ્રિત થતા મનુષ્યજીવનના વિશાળ પ્રદેશની વાસ્તવિકતાની આ વાત છે, કારણ કે આ વ્યવહારૂ કોયડા જન્મથી શરૂ થઈ વિકાસ પામતા માનવીના સમગ્ર જીવનને ઘેરી લે છે.

વડીલો બાળકો કરતાં વધારે બળવાન છે અને બાળકોને સમજ્યા વિના તેમના પર સત્તા ચલાવે છે. આવા વડીલો સાથેના અનિવાર્ય ઘર્ષણોમાં અટવાએલા તેમજ ઇન્દ્રિયોદ્વારા અંતરાયની સામે થતા બાળકોના માનસરૂપે માનવના સાહસો કથનાર માનવઇતિહાસનું પૃષ્ટ હજુ અણવાંચ્યું જ છે. બાલકના સમગ્ર, મૃદુ, આધ્યાત્મિક અસ્તિત્વને પલટી નાંખી અનાવિર્ભૂત મનમાં

કુદરતે ધાર્યા કરતાં જુદા જ પ્રકારનો વધારે ઉતરતો મનુષ્ય રચતી આ અણજાણ વેદનાઓની વીગત લખવા માનવઇતિહાસનું એક કોરું પાનું હજુ બાકી છે.

માનસપૃથક્કરણશાસ્ત્ર આ ગૂંચવાએલા કોયડાને સમજાવે છે પણ તેનો ઉકેલ કરતું નથી. આ શાસ્ત્ર મુખ્યત્વે રોગ અને તેની ચિકિત્સાના ઉપાય લે છે. માનસપૃથક્કરણશાસ્ત્રમાં બાળ-માનસનો કોયડો એક રોગનિવારણ દવા છે; કારણકે બાળ માનવની સર્વ સામાન્ય અને સ્વાભાવિક ચિકિત્સામાં તે અસર-કારક નીવડે છે. આ ચિકિત્સા ઘર્ષણો અને અંતરાયોને દૂર કરવામાં ઉપયોગી છે; અને તેથી, પરિણામે માનસપૃથક્કરણ-શાસ્ત્રે ચિકિત્સા કરેલા માનસશાસ્ત્રીય રોગોને અથવા લગભગ સમગ્ર માનવજાતિને લગતી નૈતિક અંધાધુનીને અટકાવવામાં મદદ કરે છે.

માનસપૃથક્કરણશાસ્ત્રથી તદન નિરાળું છતાં તેને સંપૂર્ણ મળતું વૈજ્ઞાનિક શોધખોળનું એક નવું ક્ષેત્ર બાળકની આજુબાજુ ઉભું થયું છે. તે મુખ્યત્વે બાલ્યાવસ્થાના માનસિક જીવનને સહાય રૂપ છે અને બાળકની તંદુરસ્તી અને કેળવણી વિશે વિચાર કરે છે. બાળકથી પણ હજુસુધી અજાણ માનસશાસ્ત્રીય સત્યોને નિશ્ચિત સ્વરૂપ આપવાની તેમજ સાથોસાથ અનાવિર્ભૂત મનના મૂળમાં રહેલાં ભૂલભર્યાં વલણો ધરાવતા વડીલોને જાગૃત કરવાની તેની વિશિષ્ટતા છે.

તહોમતનામું

વડીલોમાં માનસશાસ્ત્રીય અંતરાયોનાં ઉંડાં ઉતરેલાં મૂળનું વર્ણન કરતાં ફ્રોઇડે વાપરેલો **દબાણ** શબ્દ આપોઆપ સમજાઈ જાય છે.

વિકાસ પામતાં બીજાં પ્રાણીની માફક બાળક વડીલોના દબાણને લઈને જેવું જોઈએ તેવું વિકસી શકતું નથી. “વડીલ” એક પ્રકારનું કાલ્પનિક રૂપ છે. સમાજમાં બાળક નિરાળું છે અને

તેથી તેના વિકાસમાં જે કોઇ નડતર રૂપ હોય તે, તેનાં અત્યંત નિકટનાં વડીલ, પ્રથમ મા, પછી બાપ કે શિક્ષકમાંનું કોઈક છે.

બાળકની કેળવણી અને વિકાસનો યશ વડીલને આપીને સમાજ વડીલોમાં બીજાજ સ્વરૂપનું આરોપણ કરે છે. તેથી ઉલટું, આત્માના ઉંડાણમાં દ્રષ્ટિપાત, માનવ જાતિના હિતેચ્છુઓ અને વાલીઓ સામે એક તહોમતનામું પ્રગટ કરે છે પણ લગભગ બધાજ- પિતાઓ છે, માતાઓ છે, શિક્ષકો છે અથવા બાળકોના વાલીઓ છે તેથી બાળક માટે જવાબદાર ગણાતી સમાજનો એટલે વડીલોની સમગ્ર દુનિયાનો આ તહોમતમાં સમાવેશ થાય છે. આ ચોંકાવનારા તહોમતમાં કંઈક દિવ્યવાણી જેવું છે. તે "છેલ્લા ચૂકાદા *" (Last Judgment)ની વાણી જેવું ગૂઢ અને ભયંકર છે: "મેં તમને સોંપેલાં બાળકોનું તમે શું કર્યું!"

પહેલી પ્રતિક્રિયા વિરોધની-આત્મરક્ષણની- છે: "અમે અમારાથી બનતું કર્યું. અમને અમારાં બાળકો પ્રત્યે પ્રેમ છે. અમે તેમને ખાતર આત્મભોગ આપ્યો."

આમ બચાવ કરીને આત્મભાનમાંથી અને અભાનમાંથી ઉદ્‌ભવતાં બન્ને વિરોધી વલણોને વડીલો એક સાથે મૂકે છે. આ આત્મરક્ષણ સુપરિચિત છે, પુરાણું છે, અને તેનાં મૂળ ઉંડાં છે. તેની સાથે આપણને કાંઇ લેવાદેવા નથી પણ આપણો રસ તહોમતમાં અથવા તેથીએ વધુ તહોમતદારોમાં છે. પોતાના દોષોને નહિ ઓળખવાથી, પોતાનાં બાળકોની સંભાળ અને કેળવણીને સંપૂર્ણ કરવા કેટલાએ પ્રયાસ અને પ્રયત્નો કરવા છતાં પણ વડીલો કોયડાની જાળમાં સપડાએલા છે.

---

* છેલ્લો ચૂકાદો: (Last Judgment) ખ્રીસ્તી ધર્મની માન્યતા મુજબ એક દિવસે જગતનો અંત આવશે ત્યારે જીસસ ક્રાઈસ્ટ પુનર્જન્મ લેશે અને પ્રાણીઓના ભલા બુરાં કૃત્યોનો નિર્ણય કરી છેવટનો ચૂકાદો આપશે. આ છેલ્લા ચૂકાદાના દિવસને "ડુમ્સડે" (Doomsday) કહે છે.

બાળકની તરફેણમાં ઉપદેશ આપતા સૌએ વડીલો સામેના આ તહોમતને અક્ષમ્ય અને નિરપવાદ ગણી કબુલ રાખવું જોઇએ. આ સ્વીકાર થતાં જ તહોમતનામું આપણને આકર્ષે છે અને આપણા રસનું લક્ષ્ય બને છે. તે કેવળ **અનૈચ્છિક** દોષોને નહિ પણ સંપૂર્ણ **અજાણમાં** થયેલા દોષોને પણ તિરસ્કારે છે અને એ રીતે આ તહોમત આપણા સ્વરૂપને વિશાળ બનાવી આપણને આત્મશોધ તરફ વાળે છે. દરેક સાચી પ્રગતિ, અજ્ઞાતના ઉપયોગમાંથી–તેની શોધમાંથી-થાય છે.

આ કારણને લીધે દરેક યુગમાં પોતાના દોષો તરફ મનુષ્યનું વલણ વિરોધાભાસી હોય છે. ભાનપૂર્વક કરેલા દોષોથી સૌને માઠું લાગે છે પણ અણજાણ દોષોથી તો સૌ આકર્ષાય છે અને મુગ્ધ બને છે. અણજાણ દોષોમાં ઇચ્છિત અને જ્ઞાત ધ્યેયથીએ વધુ ઉન્નત પ્રગતિનું રહસ્ય રહેલું છે અને તે આપણને વધારે ઉંચી કક્ષાએ ચઢાવે છે. આ રીતે જાણીતા કાયદાભંગના નાનામાં નાના તહોમતથી દ્વંદ્વયુદ્ધ માટે તત્પર થતો મધ્યયુગનો શૂરવીર, યજ્ઞવેદીને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરીને નમ્રતાથી કહેતો: "સૌની સમક્ષ હું કબુલ કરૂં છું કે હું દોષિત છું અને આ દોષ મારા એકલાનો જ છે." બાઇબલમાં આવાં વિરોધાભાસી રસિક દૃષ્ટાંતોના દાખલા છે. એવું શું હતું કે નિનીવહમાં જોનાહની આસપાસ લોકોનાં ટોળાં ઉલટયાં, રાજા અને લોકો ઉત્સાહી બન્યા અને પેગંબરને પગલે શેરીઓ ભરી દીધી! તેમનું પરિવર્તન ન થાય તો નિનીવહનો નાશ થાય એટલા બધા ભયંકર પાપીઓ તરીકે પેગંબરે તેમને જાહેર કર્યા. જોર્ડન નદીને કિનારે જહોન બેપ્ટીસ્ટે* કયા શબ્દોથી લોકસમૂહને હાકલ મારી, અસાધારણ માનવ સાગરને ઉલટાવવા કઈ મોહક વાણી ઉચ્ચારી? તેમણે તેમને "સાપનાં સાપોલિયાં" કહ્યાં.

---

* ખ્રિસ્તી ધર્મના એક મહાન સંત.

જાતપર મુકાયેલું આ તહોમત સાંભળવા આવનાર ટોળા-બંધ સમૂહ એક આધ્યાત્મિક દર્શન છે અને એ રીતે તેઓ તેમાં સંમત થાય છે એટલું જ નહિ પરંતુ તહોમતને કબુલ પણ કરે છે. અભાનને પણ ભાનમાં લાવનાર આ તહોમતો કડક અને સતત છે. સમગ્ર આધ્યાત્મિક વિકાસ, બાહ્ય દોષોને પોતાની જાતમાં ધારણ કરનાર આત્મજ્ઞાનની સિદ્ધિમાં છે. બેશક, આજ રીતે શોધોની પરંપરાથી સંસ્કૃતિ આગળ ધપે છે.

બાળકના માનસિક જીવનને ભયંકર ઘર્ષણોમાંથી બચાવવું હોય અને તેને આજે મળે છે તેનાથી જુદોજ વર્તાવ આપવો હોય તો સર્વના આધારભૂત વડીલની સુધારણાના સૌથી વધારે મહત્વના કાર્યને પ્રથમ હાથ ધરવું જોઇએ. બાળક માટે પોતાથી બનતું બધું જ કરવા તૈયાર અને આત્મભોગ આપવા સુધી બાળકને ચાહવાનો દાવો કરનાર વડીલ કબુલ કરશે કે તે અણ-ઉકલ્યા કોયડામાં ગૂંચવાઇ ગયો છે. ઐચ્છિક રીતે અને ભાન-પૂર્વક, જ્ઞાતની પાર તેણે આ કોયડાનો ઉકેલ શોધ્યેજ છૂટકો છે.

બાળકમાં પણ અજ્ઞાત એવું ઘણુંએ છે. આજ સુધી બાળ-કના આત્માનો અમુક અંશ અજ્ઞાત છે તેને વડીલોએ ઓળખવો જ જોઇએ. બાળકમાંજ શોધ કરવાની જરૂર છે. તે આપણને અજ્ઞાતના જ્ઞાન તરફ દોરશે કારણકે માનસશાસ્ત્ર અને કેળવણીએ કરેલાં બાળ–નિરીક્ષણ અને અભ્યાસ છતાં પણ આપણે બાળકથી અપરિચિત છીએ. છુપા સોનાની ખબર મળતાંજ મનુષ્ય જેટલા ઉત્સાહ અને જોમથી અજાણ્યા પ્રદેશોની શોધખોળ કરે છે અને આ કીમતી ધાતુની શોધમાં પહાડો પણ ઉથલાવી નાંખે છે તેટલાજ ઉત્સાહ અને જોમથી વડીલે પણ બાળકના આત્મામાં છુપાઇ રહેલા આ અજ્ઞાત કંઈકને શોધવું જોઇએ. આ પ્રયાસમાં ન્યાત, જાત કે દેશનો ભેદભાવ રાખ્યા વિના દરેકે ભાગ લેવો જોઈએ; કારણકે આ પ્રયાસ માનવજાતિની નૈતિક પ્રગતિ કરનારાં અનિવાર્ય તત્વને બહાર લાવનાર બનશે.

બાળક કે યુવાનને ન સમજવાથી વડીલને તેની સાથે સતત વિરોધ થાય છે. વડીલનું બુદ્ધિપૂર્વકનું શિક્ષણ અથવા તેમના અપૂર્ણ સંસ્કારોની સંપૂર્ણતા આનો ઉપાય નથી; આ માટે તો તેમણે જુદી જ રીતે શરૂઆત કરવી જોઇએ. બાળકને યથાસ્થિત સમજતાં અટકાવનાર આજ સુધીના અજ્ઞાત દોષોને વડીલોએ પોતાની જાતમાંથી શોધી કાઢવા જોઇએ. આવા પ્રકારની તૈયારી અને તેને માટે આવશ્યક વલણ તેમનામાં ન હોય તો, તે આગળ વધી શકશે નહિ. આત્મજ્ઞાનનું કાર્ય માનીએ છીએ તેટલું અઘરૂં નથી કારણકે અણજાણે થએલા બધા દોષો પણ દરદ અને વેદના કરે છે; અને ઉપાયનો એક જ ઇશારો તાત્કાળિક ઉપચારની ખાસ જરૂર બતાવે છે. દાખલા તરીકે, સાંધામાંથી આંગળીનું હાડકું ઉતરી જાય કે તરત જ મનુષ્ય તેને ફરી ચઢાવરાવે છે કારણકે તે જાણે છે કે હાડકાને ચઢાવ્યા શિવાય તેનું દરદ મટશે નહિ અને તેનો હાથ કામ કરી શકશે નહિ. મનુષ્યને તેજ પ્રમાણે દોષ સમજાતાં જ એકદમ આત્મભાન વ્યવસ્થિત કરવાની જરૂર લાગે છે; લાંબો વખત સહન કરેલાં દરદો અને અશક્તિ હવે તેને અસહ્ય લાગે છે અને એક વખત આ આત્મદોષનું ભાન થયું કે બધું સરળ થઈ જાય છે. વધારે પડતો યશ ખાટયાની અને કાર્યક્ષેત્રની બહારનાં અને ગજા ઉપરાંતનાં કાર્યો કરવા હામ ભીડયાની ખાત્રી થતાં જ આપણી, તેમજ, બાળકોના આત્માની ભિન્ન ભિન્ન વિશિષ્ટતાઓ સમજવાનું શકય અને રસમય બનશે.

બાળક સાથેના વર્તનમાં વડીલ **અહંકેન્દ્રિત** છે. અભિમાની નહિ પરંતુ **અહંકેન્દ્રિત**. આથી બાળમાનસને લગતી દરેક વસ્તુને તે પોતાની જાતને જ લક્ષમાં રાખીને જુએ છે અને તેથી બાળકને ખોટી રીતે સમજે છે. આ દૃષ્ટિબિન્દુને લીધે તે માને છે કે બાળક **શૂન્યપ્રાણી** છે અને તેથી વડીલે પોતાના પ્રયત્નોથી તે શૂન્યતા પૂરવી જોઈએ; તે **જડ અને અસમર્થ** પ્રાણી છે તેથી વડીલે તેને માટે બધું કરવું જોઇએ; અને **આંતરિકમાર્ગ**-

સૂચન વિનાનું પ્રાણી છે તેથી વડીલે તેને બહારથી પગલે પગલે દોરવું જોઇએ. છેવટે, જાણે પોતે બાળકનો સૃષ્ટા ન હોય તેમ વડીલ વર્તે છે અને પોતાને જ લક્ષમાં રાખી તેજ દૃષ્ટિબિન્દુથી બાળકનાં કાર્યોના સારા ખોટાનો નિર્ણય કરે છે. સારૂ ખોટુ પારખવાની કસોટી વડીલ છે પોતે ભૂલ રહિત છે. બાળકનું અનુકરણીય કલ્યાણ પણ તે પોતે જ છે. બાળક વડીલની રીતોથી જરાએ બીજે માર્ગે જાય તો તે અનિષ્ટને તરતજ સુધારવું જોઈએ. બાળકના વ્યક્તિત્વનો અજાણપણે વિનાશ કરનારૂં આવું વલણ ધરાવવામાં વડીલ અત્યુત્સાહ, પ્રેમ, અને બલિદાનની ઈતિશ્રી માને છે.

પ્રકરણ ૨ જું

આધ્યાત્મિક ગર્ભ

પ્રાણીજીવનશાસ્ત્રીય પૂર્વ-લક્ષણ.

વુલ્ફે, સજીવન પ્રાણીઓના સર્જનની ક્રિયા અંડકોશના વિભાગીકરણની શોધ કરીને પ્રકાશમાં આણી તેમજ સાથોસાથ પૂર્વનિશ્ચિત ઘાટ મુજબ કાર્ય કરતી આંતરિક શક્તિઓના અસ્તિત્વની સાબિતી પણ સીધા નિરીક્ષણથી શક્ય બનાવી. ભવિષ્યના પ્રાણીની સંપૂર્ણ આકૃતિનું નાનું સ્વરૂપ અંડમાં છે એવી માન્યતા ધરાવતા લિબનીટ્ઝ અને સ્પોલાન્ઝી જેવાના કેટલાક તાત્વિક વિચારોને તેણે ફગાવી દીધા. ગર્ભાશયમાં એટલે કેવળ શરુઆતમાં, જો અનુકૂળ વાતાવરણ મળે તો વિકાસ–સાધક પ્રાણી, અલબત્ત અપૂર્ણ અને અનંતાંશમાં કયારનુંએ ઘડાએલું હતું. બીના દ્વિદળની વચમાં મૂળ અને પાન આપણે ઓળખી શકીએ છીએ અને તે બીને જમીનમાં રોપીએ તો નવા છોડ તરીકે વિકસે છે. છોડના બીના આ નિરીક્ષણમાંથી આ માન્યતા ઉદ્દ્ભવી. પ્રાણીઓ અને મનુષ્યોનો પણ આજ કાર્યક્રમ છે એમ તેમણે ધાર્યું.

એક સજીવ પ્રાણી ખરેખર કેવી રીતે ઘડાય છે તેનું નિરીક્ષણ કરવા નરી આંખે ન જોઇ શકાતા સાદા અંડકોશની પહેલી સ્થિતિ વુલ્ફે તેના શોધેલા સૂક્ષ્મદર્શકયંત્રથી (તેણે પહેલાં પક્ષીઓના ગર્ભનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું) જોઇ ત્યારે તેણે જાણ્યું કે તેમાં સહેજે પણ અસ્તિત્વ નહોતું. નર અને માદાના બે કોશના સંયોગથી જન્મતો અંડકોશ દરેક બીજા કોશની માફક પડ, વીર્ય, અને કોશનો જ બનેલો છે. તેના અત્યંત પ્રાથમિક સ્વરૂપમાં કોઇપણ પ્રકારના વિભાગ વિનાનો આ કેવળ સાદો કોશ છે. છોડ હો કે પ્રાણી હો, દરેક જીવંત પ્રાણી પ્રાથમિક, સાદા અને અવિભાગી કોશમાંથી જન્મે છે. બીમાં રહેલો છોડ અંડકોશમાંથી વિકાસ પામેલો ગર્ભ છે; ફળમાં જ તેણે તેની

પૂર્વાવસ્થાઓ પૂરી કરી છે અને તેમાંથી પાકેલું બી જમીન પર પડયું છે.

આ અંડકોશમાં પૂર્વનિશ્ચિત ઘાટ પ્રમાણે ઝડપથી વિભાગ પામવાનો અનુપમ ગુણ રહેલો છે પણ મૂળ કોશમાંતો આ ઘાટની બારીકમાં બારીક રેખાએ જણાતી નથી. પ્રાણીગર્ભનો સૌથી શરૂઆતનો વિકાસ, પહેલા કોશને બેમાં, આ બેને ચારમાં અને એ રીતે એક પોલા દડા જેવી મોરયુલા (morula) નામની આકૃતિ બનતા સુધી વહેંચાય છે; પછી આ મોરયુલાના (morula) એક છિદ્ર બાદ રાખી, બે વિભાગ થાય છે અને તેની એક જાતની પોલી બે દિવાલની બખોલ જેવી ગેસ્ટ્રયુલા(gastrula) બને છે. આમ વારંવાર થતા ગુણાકાર આંતરમિલન, અને વૈવિધ્યમાંથી અવયવો અને પેશીઓ એક સમગ્ર ઝૂંઝળારૂપે વિકસે છે. આ રીતે પોતાને સોંપાએલા કાર્યને સતત સ્મરણમાં રાખનાર અને પોતાને મળેલો છુપો હુકમ જાહેર ન થાય માટે કોઈપણ જાતનો લેખી પુરાવો ન રાખનાર નોકરની માફક આ સાદો, પારદર્શિય અને કોઈપણ જાતના વાસ્તવિક ઘાટ વિનાનો અંડકોશ તેના અંતરમાં રહેલા હુકમને પૂરેપૂરો તાબેદાર રહીને પોતાનું કાર્ય કરે જાય છે અને સ્વરૂપ ઘડે છે. કોશોની કેવળ અવિશ્રાંત ક્રિયાથીજ આ ઘાટ સમજી શકાય છે અને આપણે તો ફક્ત સંપૂર્ણ થએલું કાર્યજ જોઈએ છીએ. કાર્ય પૂર્ણ થયા પછી અસ્તિત્વમાં કાંઈ જ નથી.

સ્તન્ય પ્રાણીઓના અને એ રીતે મનુષ્યોના ગર્ભમાં પહેલો દેખાતો અવયવ, હૃદય અથવા જેમાંથી હૃદય બનવાનું છે તે છે. માતાના હૃદયના એક ધબકારાની સાથે બે ધબકારા લેતું નિયમિત તાલમાં ધબકતું આ હૃદય છે. આ ધબકારા સતત, અવિશ્રાંત ચાલુજ રહે છે કારણકે જીવનને આવશ્યક પોષણ આપનાર અને સચેતન તંતુઓને ઘડનાર પ્રાણદાતા પ્રેરક તેજ છે.

આ સઘળો શ્રમ છુપો છે અને આમ એકાંતમાં થતો હોવાથીજ અદ્ભૂત છે. શુન્યમાંથી થતા સર્જનનો આ ચમત્કાર

છે. આ શાણા, નાના, જીવંત કોશ કદી ભૂલો કરતા નથી અને પોતાનામાં દૂરોગામી ફેરફારોની શક્તિ ધરાવે છે. તેમાંના કેટલાક કુર્ચા કોશ, કેટલાક જ્ઞાનતંતુ કોશ, અને કેટલાક ત્વચાકોશ બને છે અને દરેક તંતુ પોતાનું ચોક્કસ સ્થાન શોધી લે છે. સર્જનનો આ ચમત્કાર પ્રબળપણે સાચવી રાખેલા વિશ્વના ગૂઢ ભેદોમાંનો એક ભેદ છે. કુદરત તેને અભેદ્ય પડદા અને ઢાંકણોથી ઢાંકી દે છે અને છેવટે, પરિપકવ અને સંપૂર્ણ પ્રાણી જગતમાં જન્મે છે ત્યારે એકલી પ્રકૃતિ જ એ ઢાંકણોને દૂર કરી શકે છે.

આ નવું જન્મેલું પ્રાણી કેવળ ભૌતિક દેહ નથી પણ પૂર્વનિશ્ચિત પ્રકારના ગુપ્ત માનસિક ક્રિયાઓવાળા અંડકોશ જેવું છે. આ નવું શરીર કેવળ તેના અવયવદ્વારા ક્રિયાવાન નથી પણ તેને બીજી ક્રિયાઓએ છે. કોશમાં ન રહી શકતી પણ કયારનાએ જન્મ પામેલા પ્રાણીના જીવંત શરીરમાં રહેલી પ્રેરણાઓ પણ તેનું કાર્ય છે. કોઇ પણ દશ્ય ચિન્હ વિના જેમ દરેક અંડકોશમાં ભાવી સેન્દ્રિય પ્રાણીનો ઘાટ હોય છે તેમ ગમે તે જાતિનું હોય તો પણ, દરેક નવા જન્મેલા પ્રાણીમાં વિશ્વધર્મ બજાવવા માટે તેના વાતાવરણમાં તેને અનુકૂળ રીતે ગોઠવી દે તેવી ક્રિયાઓનો, માનસિક પ્રેરણાનો ઘાટ હોય છે. ગમે તે પ્રાણી હો; એક જંતુમાં પણ આ હોય છે. મધમાખોને ગૂંચવણ ભર્યા સામાજિક બંધારણમાં દોરતી અદ્દભૂત પ્રેરણા તેના ઇંડામાંથી અગર તેના કોશમાંથી નહિ પણ મધમાખમાંથી જ શરૂ થાય છે. પક્ષીઓમાં ઉડવાની પ્રેરણા પણ તેમના જન્મ પછીજ આવે છે, તે પહેલાં તો નહિ જ. આગળ પણ આ રીતેજ છે. પ્રકૃતિએ છુપાવેલા અને અલગ રાખેલા ગર્ભજીવનના પહેલા તબક્કામાં, સ્વતંત્ર વાતાવરણને લક્ષમાં રાખતો માનસિક જીવનનો બીજો તબક્કો ગુપ્ત રીતે રહેલો છે. ખરેખર, જયારે નવું પ્રાણી ઘડાય છે ત્યારે તે, કાર્યો, ચારિત્ર્ય, શ્રમ, ટુંકામાં તેના બાહ્ય વાતાવરણ ઉપર કાર્ય કરતી ક્રિયાઓમાં પરિણમતી નિગૂઢ દોરવણી પોતાનામાં ધારણ કરતા આધ્યાત્મિક અંડ જેવું છે.

આ બાહ્ય વાતાવરણે શારીરિક અસ્તિત્વનાં સાધનો પુરાં પાડવાનાં છે એટલું જ નહિ પણ દરેક જન્મેલા પ્રાણીને તેને સોંપેલા ગૂઢ ધર્મ કાર્યમાં ઉત્તેજના આપવાની છે. આ સઘળા પ્રાણીઓને તેમના વાતાવરણે, કેવળ જીવવા માટેજ નહિ પણ જગતનું સંરક્ષણ અને સુસંવાદિતાનું આવશ્યક કાર્ય કરવાને બોલાવેલાં છે. દરેકે પોતપોતાની જાતિ પ્રમાણે કરવાનું છે. વિશ્વની રચનામાં બનતા આ માનસિક મહાકાર્યને અનુકૂળ આકાર દરેકના શરીરને મળેલોજ છે. જન્મતાની સાથે જ, પ્રાણીઓમાં રહેલી આવી ઉચ્ચ પ્રકારની ક્રિયાઓ આપણે જોઈએ છીએ. એક સ્તન્ય પ્રાણી શાન્ત છે કારણ કે તે ઘેટું છે; બીજું વિકરાળ છે કારણ કે તે સિંહ છે; એક જંતુ જરા પણ અટકયા વિના અચળ નિયમનથી કાર્ય કરેજ જાય છે કારણકે તે કીડી છે અને વળી એક બીજું કાંઈજ ન કરતાં એકાંતમાં ગાયાજ કરે છે કારણ કે તે તમરૂં છે.

આ રીતે નવું જન્મેલું બાળક શરીર તરીકે ક્રિયા કરનારૂં કેવળ શરીર નથી પરંતુ ગૂઢ માનસિક શક્તિઓવાળો એક આધ્યાત્મિક ગર્ભ છે. પોતાના માનસિક જીવનની ભવ્યતાને લીધે બીજાં બધાં પ્રાણીઓ કરતાં નિરાળું અને વિશિષ્ટ કેવળ મનુષ્ય પ્રાણીજ આવા માનસિક વિકાસના ઘાટ વિનાનું હોય એ માનવું મુર્ખાઈ ભરેલું છે.

મનુષ્ય પ્રાણીનો આત્મા આટલો બધો ભવ્ય રીતે ગુપ્ત હોવાથી, અમુક કાર્યથી તરતજ પ્રગટ થતી પ્રેરણાની માફક એકદમ નજરે પડતો નથી. પ્રાણીઓના જેવી ચોક્કસ અને નિશ્ચિત માર્ગદર્શક પ્રેરણાઓનો અભાવ, જાણે કે દરેક માનવવ્યક્તિએ તેમને, લગભગ, પોતાની જાતે જ ઘડવાની અને વિકસાવવાની હોય અને તેથી તેનું ભાવિ–દર્શન નજ થઇ શકે તેવી હોઈ, ખાસ પરિશ્રમ માગતા ક્રિયાસ્વાતંત્ર્યના ભંડોળની નિશાની છે. પોતાની જાતને ધીમે ધીમે ઘડતું બાળક પોતે જાતેજ સ્ફૂટ થતું જાય તેનાથી વિશેષ તેના આત્મામાં રહેલા રહસ્યનો ભેદ પામવો

અસંભવિત છે. અંડકોશના વિભાગીકરણ જેવી આ સ્થિતિમાં એક અદ્રશ્ય પૂર્વનિશ્ચિત ઘાટ શિવાય બીજું કાંઇ નથી. આ ઘાટને જાણવાનો કોઈ ઉપાય **નથી** અને અવયવોના વિગતવાર ધીરા સર્જનથીજ તે સ્ફૂટ થતો જાય છે. આથી **મનુષ્યના કુદરતી ઘાટને** કેવળ બાળકજ પ્રગટ કરી શકે પરંતુ શુન્ય-માંથી થતા સર્જનની નાજુકતાને લીધે કુદરતે શારીરિક ગર્ભને ઢાંકવા ગોઠવેલા ઢાંકણ અને કોશેટા જેવા રક્ષણ અને વાતા-વરણની બાળકના માનસિકજીવનને જરૂર છે.

નવું જન્મેલું બાળક

" પૃથ્વી ઉપર થરરાટી ભર્યો અવાજ સંભળાયો.
પૂર્વે કદીએ તે સંભળાયો નહોતો.
કદીએ જ્યાં થરરાટ થયો નહોતો તે ગળામાંથી તે આવ્યો.

" ઘોરતમ અંધકારમાં રહેતા એક મનુષ્ય વિશે તેમણે મને કહ્યું. ખાઇના ઉંડાણમાં હોય તેમ તેનાં નેત્રોએ ઝાંખામાં ઝાંખી પ્રકાશની રેખા પણ જોઇ નહોતી."

" નિરવતામાં રહેતા એક મનુષ્ય વિશે તેમણે મને કહ્યું. આછામાં આછોએ અવાજ કદી તેના કાનોમાં પહોંચ્યો નહોતો.

" હમેશાં જળમાં રહેતા એક મનુષ્ય પ્રાણી વિશે મેં સાંભળ્યું. અદ્‌ભૂત ગરમીવાળું તે જળ હતું. એકાએક તેને બરફ જેવા ઠંડા ઝરણામાં ડુબાવવામાં આવ્યું

" કદીએ શ્વાસોશ્વાસ લીધાં ન હતા તેવાં તે ફેફસાંઓ ઉઘડયાં. એકાએક હવાએ, શરૂઆતથીજ બંધ તેનાં ફેફસાંને ખોલ્યાં અને મનુષ્ય રડવા લાગ્યું.............

" પૃથ્વિ ઉપર એક ધ્રૂજતો અવાજ સંભળાયો.
પૂર્વે કદીએ તે સંભળાયો નહોતો. કદીએ જેમાં થરરાટી થઈ નહતી તે ગળામાંથી તે નીકળ્યો હતો.

" આરામ લીધેલું તે મનુષ્ય પ્રાણી હતું.

" આવા નિરવધિ આરામની કલ્પના કોણ કરી શકે ?

" ખાવાની મહેનત પણ તેને લેવાની ન હતી, તેવો તેનો આરામ હતો; કારણ કે તેને માટે બીજું કોઇ ખાતું હતું તેના સર્વ તંતુઓ ઢીલા હતા, કારણ કે તેના જીવનને આવશ્યક ગરમી બીજા તંતુઓથી તેને મળતી હતી. ઝેર અને જંતુઓથી તેનું રક્ષણ તેના અંતરના ઉંડામાં ઉંડા તંતુઓને પણ કરવાનું નહોતું; કારણકે તેને માટે બીજા તંતુઓ કામ કરતા હતા. શ્વાસોશ્વાસ લીધા વિના તેને પ્રાણવાયુ મળતો હતો. જીવન્ત પ્રાણીઓમાં તેનોજ આ એક અપૂર્વ હક હતો.

" તેના જન્મ પહેલાં ધબકી રહેલું હૃદયજ તેને મહેનત કરાવનાર હતું. હા, જયારે તેનું અસ્તિત્વ પણ નહોતું ત્યારે બીજા હૃદયના પ્રમાણમાં તેનું હૃદય બમણા ધબકારા મારતું હતું. તે મનુષ્ય પ્રાણીનું હૃદય હતું.

" અને હવે............તે બહાર આવે છે. સઘળો શ્રમ તે પોતાના ઉપર લે છે. અવાજથી અને પ્રકાશથી તેનાં ઉંડામાં ઉંડાં તંતુઓ પીડા પામી હેરાન થાય છે અને જેમ તે આગળ વધે છે તેમ મોટો ચિત્કાર નાંખે છે.

" શા માટે મને તેં તજી દીધો છે !"

" આ પ્રમાણે માનવી પોતાનામાં પહેલીજ વાર મરણ પામતા અને ઉર્ધ્વ માર્ગે જતા ઈસુ ખ્રીસ્તનું પ્રતિબિંબ જુએ છે."

નવું જન્મેલું બાળક કૂદરતી વાતાવરણમાં નહિ પણ મનુષ્ય જીવનના સંસ્કૃત વાતાવરણમાં આવે છે. સહેલાઈથી અનુકૂળ થઇ શકે અને માનવજીવનની બધી વિગતોમાં સઘળી મદદ મેળવી શકે એ આતુરતાથી પ્રકૃતિની ઉપરવટ

જઈ તેના ભોગે, "કુદરતથી પર" આ વાતાવરણ રચાયું છે; પણ જન્મ લઈ એક જીવનમાંથી બીજા જીવનમાં જતા અને અનુકૂળ થવા ભારેમાં ભારે પ્રયત્ન કરતા મનુષ્યને–બાળકને–મદદ કરવા માટે કયા વિધાતાએ સંસ્કૃતિ રચી છે!

જન્મનું અતિકઠિન સ્થિત્યંતર, નવા જન્મેલા બાળક માટે વૈજ્ઞાનિક ચિકિત્સા માગે છે કારણકે મનુષ્ય જીવનના બીજા કોઈ કાળમાં આવા ધમપછાડા, ઘર્ષણ અને તેથી થતી વેદના જણાતી નથી.

આ કઠણ માર્ગને સરળ કરવાની કોઈ પણ ગોઠવણ નથી. માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં સંસ્કૃત માનવીએ નવા જન્મેલા બાળકને મદદ કરવા શું શું કર્યું છે તેનું વર્ણન કરતું એક પૃષ્ટ સૌથી પહેલું અલગ રાખવું જોઇએ પણ આજે તો તે પૃષ્ટનો કાગળ તદ્દન કોરો છે.

આથી ઊલટું નવા જન્મેલા બાળક માટે સંસ્કૃતિએ ઘણો વિચાર કર્યો છે એમ ઘણા કહેશે.

કેવી રીતે વિચાર કર્યો છે?

જ્યારે તે જન્મે છે ત્યારે આપણી સઘળી સંભાળ માતા માટે જ હોય છે. માતાએ ઘણું સહન કર્યું છે.

ત્યારે શું બાળકે પણ સહન નથી કર્યું?

માતાની ખાસ કાળજીની જરૂર છે.

ત્યારે શું બાળકને ખાસ કાળજીની જરૂર નથી?

માતા થાકી ગઇ છે માટે તેનો ખંડ અંધકારમય અને નિરવ રાખ્યો છે.

ઓછામાં ઓછા પ્રકાશનું કિરણ કે ઝીણામાં ઝીણો અવાજ પણ પહોંચી શકયો નહોતો ત્યાંથી બાળક હમણાંજ આવ્યું છે તેથી અંધકાર અને શાંતિ તો તેને જોઈએ.

અગાધ આરામમાંથી આવેલા બાળકને હવે સઘળી ક્રિયાઓ એકાએક કરવાની છે.

આથી તદ્દન થાકેલું અને શક્તિહીન તો તે હોવું જોઇએ. એ વિરોધી વાતાવરણના કેવળ વિરોધમાંથીજ તેનો થાક નથી પણ પોતાના પ્રયત્નોથી જન્મવાની, શક્તિ નિચોવી લેતી મહેનત તેણે હમણાંજ સહન કરી છે. હાડકાંને કચરી નાંખે તેટલી હદ સુધી તેનું શરીર ચક્કીમાં દબાએલું હતું. અપાર આરામ અને જન્મવાના કલ્પનાતિત પ્રયત્નના તીવ્ર ફેરફારથી તે તદ્દન લોથ થઇ ગએલું છે.

કોઇક દૂર દૂરના પ્રદેશમાંથી, ઘાયલ થયેલા અને ઘસાઇ ગએલા મુસાફરની માફક તે આવી ઉભું છે. તેની આવી ભીડમાં તેને રાહત આપવા, તેનો સત્કાર કરવા આપણે શું કરીએ છીએ ?

નવું જન્મેલું બાળક જીવે છે કે નહિ તે જોવા પુરતીજ ડોકટર એક ઉપરટપકેની નજર નાંખે છે જાણે એમ કહેતા ન હોય “ તે જીવે છે, તેને એક બાજુએ મુકો, તેની ચિંતા આપણે હમણાં કરી શકીએ તેમ નથી.”

તેથી ઉલટું, માતાપિતા પ્રેમ અને આનંદથી તેને નિરખે છે અને કુદરતે આપેલી ભેટથી આનંદ પામતાં તેઓ આત્માભિમાનથી તેનો સત્કાર કરે છે.

“સુંદર બાળક ! આપણો લાલ !”

રાહ જોતાં સઘળાં તેનો સ્પર્શ કરવા, તેને વખાણવા, અને તેનાથી આનંદ મેળવવા અધીરાં બને છે. પોતાને એક દિવસ જોનાર અને ઓળખનાર કીકીઓને આતુરતાથી નીરખતો અને આનંદથી સ્મિત કરતો તેનો પિતા તેની આંખોનો રંગ જોવા ઈચ્છશે અને નવા પ્રાણીનાં પોપચાં ઉઘાડવાનો પ્રયત્ન કરશે.

જગત માટે દુઃખ સહન કરતા પુરૂષની-ઇસુખ્રીસ્તની-શુદ્ધ

અને અણઓળખાયેલી પહેલી મૂર્તિ—નવા જન્મેલા બાળકમાં કોઈ જોતું નથી.

કદીએ પ્રકાશ જોયા વિનાનાં નેત્રોવાળા,અપાર શાંતિમાં નિમગ્ન કાન તેમજ અત્યાર સુધી સ્પર્શ રહિત પણ હવે વેદનાભર્યા અવયવોવાળા, શુન્યમાંથી જગતમાં આવી પડેલા આ બાળક સાથે વડીલ કેવી રીતે વર્તે છે ?

તેના નાજુક શરીરને નક્કર પદાર્થો સાથે હેવાનિયતભરી રીતે સંસર્ગમાં મૂકે છે. તેની સુકુમારતાને ભૂલી વડીલના ભાવ-વિહોણા હાથ તેને પકડે છે.

ખરેખર, નવા જન્મેલા બાળકને નિષ્ઠુર રીતે પકડવામાં આવે છે. તેની સુકુમાર ચામડીને કઠોર હાથથી અને ખરબચડાં કપડાંથી રગડવામાં આવે છે.

અત્યંત કોમળ હોવાથી કુટુંબીજનો ભાગ્યેજ તેનો સ્પર્શ કરવાની હિંમત કરે છે તેની માતા અને સગાંવહાલાં તેને પકડતાં બીએ છે અને તેથી તેઓ તેને “નિષ્ણાત” હાથમાં મુકી નિશ્ચિંત બને છે. તેમના અંતરાત્માએ નિશ્ચિંત થઇ બેસવાનું આશ્રયસ્થાન શોધી કાઢયું છે. સ્પર્શના બીન-અનુભવી તે નાનકડા શરીર માટે તકેદારી અને રક્ષણની જરૂર કોઇને લાગતી નથી.

લોકો પુછે છે “અમારે શું કરવું જોઇએ! કોઇએ તો તેને સ્પર્શ કરવો જોઇએને!”

હા, પણ તેનો સ્પર્શ કરતા આ નિષ્ણાત હાથ આવા સુકુમાર પ્રાણીનો સ્પર્શ કરવાનું કયારે શીખ્યા! ફકત પડી ન જાય તેવી મજબુતીથી પકડી રાખવાની એક આવડત એ ખરબચડા હાથમાં છે. બાળક જન્મીને જીવતું રહ્યું છે એટલુંજ બસ છે એમ લોકો માને છે. તેના અસ્તિત્વનો પ્રયત્ન નિષ્ફળ

ન જવો જોઇએ એટલું જ તેઓ માગે છે. આ નાજુક પ્રાણીને સંભાળવાનો અભ્યાસ તેમણે કદી કર્યો નથી.

ડોકટર નિષ્ઠુર રીતે તેને પકડે છે અને નવું જન્મેલું બાળક નિરાશાભર્યા ચિત્કાર કરે છે. સઘળાં સંતોષથી હસે છે. તેમણે તેનો કંઠસ્વર સાંભળ્યો છે. રૂદન તેની ભાષા છે અને તેની આંખો ટોવા અને તેના ફેફસાં પહોળા કરવા તેને રોવાની જરૂર છે એમ માને છે.

નવા જન્મેલા બાળકને તરતજ કપડાં પહેરાવવામાં આવે છે.

એક વખત જાણે પ્લાસ્ટરમાં દબાવવામાં આવ્યું હોય તેમ તેને ખરબચડા કપડામાં વીંટાળવામાં આવતું અને તેનાં અવયવોને ઘાતકી રીતે બળથી લંબાવવામાં અને સ્થિર કરવામાં આવતા.

જન્મતાની સાથે તરતજ અથવા જીવનના પહેલા માસમાં બાળકને કપડાં પહેરાવવાનું આવશ્યક નથી.

નવા જન્મેલા બાળકના કપડાં વિશે વિચાર કરીએ તો કપડાં રાખવાના કબાટના કદમાં ધીરો ઘટાડો કરતી, નક્કર ટેકામાંથી મુલાયમ હલકા કપડામાં થતી ધીરી ઉત્ક્રાન્તિ આપણે જોઈએ છીએ. નવા જન્મેલા બાળકના કપડાં ખરેખર લગભગ નગ્નાવસ્થા જેવાંજ છે. એક પગલું આગળ જતાં તેને કેવળ નગ્ન રાખવામાં આવશે

સાચેજ, આજુબાજુની હવાથી અને નહિ કે કપડાંથી ગરમી આપી બાળકને નગ્ન રાખવામાં આવે તો તે સર્વોત્તમ છે. બહારની હવાને સહન કરવા તેનામાં પુરતી ગરમી નથી કારણકે અત્યારસુધી તે માતાના શરીરની ગરમીથી જીવ્યું છે. કપડાં તો ફકત બહાર વહી જતી તેના શરીરની ગરમીને સાચવવા પુરતાંજ છે. ઓરડો ગરમ હોય તો બાળકના શરીર અને હવાની ગરમી વચ્ચે કપડાં અંતરાય રૂપ છે. રૂંવાં

અથવા વાળવાળી ચામડીથી બચ્ચાં ઢંકાએલાં હોવા છતાં માતા તેને ગરમ રાખવા માટે પોતાના શરીરથી ઢાંકે છે એવું આપણે પ્રાણીઓમાં જોઇએ છીએ.

હવે, આ દલીલને આપણે આગળ લંબાવવી નથી. મારી સાથે વાતચીત કરી શકે તો અમેરિકનો પોતે નવા જન્મેલા બાળકની તેઓ કેટલી કાળજી લે છે તે મને કહેશે અને જર્મનો તથા અંગ્રેજો આશ્ચર્યથી મને પુછશે કે વૈદક શાસ્ત્ર અને માવજતની શાખા તેમના દેશમાં કેટલી આગળ વધી છે તેનાથી શું હું અણજાણ છું ! મારો જવાબ છે કે હું બધું જાણું છું અને આ દેશોમાંના કેટલાકમાં બાળઉછેરની છેલ્લામાં છેલ્લી સઘળી બિગતોનો અભ્યાસ કરવાને હું જાતે ત્યાં ગઇ છું અને તેમ છતાં મારે કહેવું પડે છે કે નવા જન્મેલા મનુષ્યના યોગ્ય સત્કાર માટે આવશ્યક અંતરાત્માની ખાનદાનીની ખામી છે.

ઘણુંએ કરવામાં આવ્યું છે તે સાચું છે પણ એક વખત સંપૂર્ણ અને આગળ વધી નજ શકે તેવા જણાતામાં ઉમેરો કરવો, એક વખત જેને આપણે જાણતા નહોતા તેને જાણવા શિવાય વિકાસ બીજું શું છે ?

બાળકને સમજવું જોઇએ એ રીતે જગતમાં કયાંઇ પણ સમજાયું નથી. બીજો એક મુદ્દો વિચારીએ. આપણે બાળકને ગમે તેટલું ચાહીએ તોપણ તેના આગમનની પહેલી જ ક્ષણે આપણી પોતાની જાતને તેનાથી બચાવવાની પ્રેરણા આપણામાં છે.

કેવળ આત્મરક્ષણની આ પ્રેરણા નથી પણ કેવળ નિરર્થક વસ્તુને પણ બાળકથી બચાવવા આપણને દોડાવનાર લોભની પ્રેરણા પણ છે. દાખલા તરીકે તેની કંગાલ નાની પથારી બગડવાની બીકે તેના શરીર અને પથારી વચ્ચે મીણકાપડ મુકી તેનું પીડાકારી પરિણામ તેના શરીરને ભોગવાવીએ છીએ.

તે પળથી વડીલનું મન એજ તાલમાં ચાલ્યે જાય છે. “બાળક મને બગાડે નહિ, મને પીડારૂપ થાય નહિ તેની સંભાળ

રાખો" બચાવ ! તેનાથી બચવાનોજ વિચાર સતત હોય છે.

o o o o o

ધીમે ધીમે મનુષ્ય જાત જેમ જેમ બાળકને વધારે સારી રીતે સમજતી થતી જશે તેમ તેની ઉછેરની રીતમાં ભારે સુધારો જોવામાં આવશે. નવા જન્મેલા બાળકનાં દુઃખને કમી કરનારી રીતોની શરૂઆત હમણાં જ વિએનામાં થઇ છે. જન્મતાની સાથે જ જે પથારીમાં તે પડે છે તેને ગરમ કરવામાં આવે છે. ચૂસી લે તેવી વસ્તુઓની બનેલી પથારીઓની શોધ થઇ છે અને આ પથારીઓ જેવી બગડે કે તરતજ ફેંકી દઇ શકાય છે. આ સાધનો પ્રસ્તાવના રૂપ છે. બાળક વિશે વડીલોના આત્મભાનની જાગૃતિના અત્યંત મહત્વના બનાવનું આ પહેલું ચિહ્ન છે.

બાળકને મૃત્યુ મુખમાંથી અથવા ચેપથી બચાવવા પોતાના શ્વાસોશ્વાસના જંતુઓ તેને નડે નહિ માટે મોંને બુરખાથી ઢાંકી પરિચારિકાઓ અર્વાચીન કલીનીકોમાં બાળકો પાસે જાય તેટલાથીજ તરતના જન્મેલા બાળકનો ઉછેર પુરો થતો નથી. જન્મ થતાની સાથે જ "બાળકની માનસિક માવજત"ના અને જગત સાથે તેના સુમેળ સાધવાના પ્રશ્નો તો છેજ. કલીનીકોમાં આ હેતુથી હજુ પ્રયોગો કરવાના છે અને નવા જન્મેલા બાળકો તરફના વલણમાં ફેરફાર થાય માટે કુટુંબોમાં પ્રચારકાર્ય કરવાનું છે.

સુખી કુટુંબોમાં લોકો હજુ પણ મોટાં પારણાં રાખવાનું અને બચ્ચાનાં કપડાં ઉપર સુંદર કિનારો મુકવાનું વિચારે છે. આવા મોજશોખોમાં બાળકના આંતર જીવનની સંપૂર્ણ બેદરકારી જણાય છે. આ સમૃદ્ધિનો ઉપયોગ આવાં હકદાર બાળકોના મોજ શોખ માટે નહિ પણ આરામનાં સાધનો માટે થવો જોઈએ.

સંપૂર્ણ શાંતિવાળો, શહેરના ઘોંઘાટથી સુરક્ષિત ઓરડો અને પ્રકાશ ઓછો વત્તો કરી શકાય તેવી કાચની બારીઓની દેવળોમાં હોય છે તેવી રચના બાળકને આરામપ્રદ છે. શસ્ત્ર-

ક્રિયાના ઓરડામાં કેટલાંક વર્ષોથી મળે છે તેવા ગરમ સમધારા હવામાનમાં બાળકને નગ્ન રાખી શકાય.

હાથથી ઓછામાં ઓછો સ્પર્શ કરવામાં આવે તેવી રીતે નગ્ન બાળકને લાવવા લઈ જવાનો પણ એક પ્રશ્ન છે. જન્મ પૂર્વેની સ્થિતિને મળતી આવતી ઢબથી આખા શરીરને એક સાથે ટેકાવતી પોચી ગાદીવાળી માંચીમાં ઉપાડવું જોઇએ. સંભાળભર્યા મહાવરાથી કાર્યકુશળ સ્વચ્છ હાથે ખુબ નાજુકાઇથી અને વિચારપૂર્વક આવા સાધનને પકડવું જોઇએ. ઉભામાંથી બાળકને આડું ફેરવવામાં ખાસ આવડતની જરૂર છે. પરિચારિકાઓ ઘણા લાંબા વખતથી જાણે છે કે એક માંદાને ઉપાડવામાં અને તેને આડી રીતે અને ધીમેથી લઇ જવામાં ખાસ કુશળતાની જરૂર છે. માંદા માણસોની હેરફેર પરિચારિકાના પાઠોમાંનો પહેલો પાઠ છે. કોઈ પણ માંદા માણસને હાથ પકડી કોઈ ખેંચતું નથી. તેના શરીર નીચે નાજુકાઇથી આધાર આપીને જ તેને ખસેડવામાં આવે છે અને એ રીતે તેને આડી સ્થિતિમાંથી ફેરવ્યા વિના ફેરવવામાં આવે છે.

નવું જન્મેલું બાળક પણ એક માંદું માણસ છે. તેની માતાની માફક તેણે પણ મૃત્યુની ઘાટી પસાર કરી છે. ભારે ભયમાંથી બચેલા બાળકને જીવતું જોવામાં થતો આનંદ અને સંતોષ એક નિરાંત છે. કેટલીક વખત બાળક લગભગ ગુંગળાઈ ગયું હોય છે. તેને કૃત્રિમ શ્વાસોશ્વાસ આપીને સચેત કરવું પડે છે. તેનું માથું ઘણી વખત 'હીમેટોમા' એટલે ચામડી નીચેના લોહીના વહી જવાથી બેડોળ બનેલું હોય છે. ખરેખર, આ રીતે તેને માંદા જેવું ગણવું જોઇએ છતાં નવા જન્મેલા બાળકને માંદા મનુષ્યોની સાથે ભેળભેળ ન કરવું જોઇએ. તેની જરૂરિઆતો માંદા માણસ જેવી નથી પણ શૂન્ય માંથી આવેલા છતાં સતેજ ઇન્દ્રિયોવાળા, પહેલી માનસિક અસરોના સાથી બનેલા, જગતને અનુકૂળ થવા અકલ્પનીય પ્રયત્ન

કરતા પ્રાણી જેવી છે. ગુંગળામણની ભયંકર સ્થિતિમાંથી લગભગ બચેલા એક નવા જન્મેલા બાળકને, નીચે જમીન પર મુકેલા એક ટબમાં ઝબોળાતું મેં જોયું છે; તેથી તેની આંખો ફાટી અને તેના હાથ પગ લંબાઈ ને જાણે પડવાનું તેને ભાન થયું હોય તેમ આંકડીથી ખેંચાયા. ભયનો આ તેનો પહેલો અનુભવ હતો.

માંદા અથવા નબળાંની દયા ખાઇએ છીએ તેવી નવા જન્મેલા બાળક માટે આપણી લાગણી ન હોવી જોઇએ પણ અનંતને સાન્ત સ્વરૂપ લેવાના રહસ્ય માટે–સર્જનના ચમત્કાર માટે–પૂજ્યભાવ હોવો જોઇએ.

આવા જન્મેલા બાળકને લેવા મુકવાની રીત અને તેને પ્રેરણા આપતી લાગણીની નાજુકતા, યજ્ઞવેદી પર "હોસ્ટ* "ને લઈ જતા લાવતા પાદરીનું સ્મરણ કરાવે છે. તેના હલન-ચલનની દરેક ઝીણામાં ઝીણી વિગતથી ટેવાઇ ગયેલા પવિત્ર હાથે કેટલી નાજુકાઈથી અને વિચારપૂર્વક તે 'હોસ્ટ'ને ઘડી ઉભો, ઘડી આડો ખસેડે છે. આવા હલનચલનનો જાણે એટલો વેગ છે કે વચમાં વચમાં રોકાવું પડે છે અને જાણે તે થાકી ગયો હોય તેમ વખતોવખત તેને નીચે મુકવો પડે છે. તે 'હોસ્ટ'ને ઉંચો કરતાં તે પૂજ્યભાવથી નમે છે. અહીં શાન્તિ છે. અંદર પ્રવેશતા પ્રકાશને રંગીન કાચથી આછો કરવામાં આવ્યો છે. સમસ્ત વાતાવરણ આશા અને ઉલ્લાસની લાગણીથી ભરપુર છે. આવું વાતાવરણ બાળક માટે ઉત્તમ છે.

....

લોકો કહે છે કે બાળકને ભાન નથી અને ભાનવિના દરદ

---

* ભગવાન ક્રાઇસ્ટના છેલ્લા ખાણામાં વાપરેલા બ્રેડના સાંકેતિક ચિહ્ન તરીકે હજુ પણ ખ્રિસ્તીધર્મના રોમન કેથોલીક સંપ્રદાયની ધર્મ-ક્રિયામાં પ્રસાદ તરીકે વપરાતા બ્રેડને " હોસ્ટ " કહેવામાં આવે છે.

કે આનંદ હોઇ શકે નહિ તેથી તેને માટેની આવી ઝીણવટ નિરર્થક છે. જીવન જોખમમાં હોય તેવા બેભાન, માંદા મોટાની કેટલી બધી કાળજી લેવામાં આવે છે ? માનવ જીવનની દરેક વયમાં અમુક માટે કાળજીની જરૂર છે માટેજ લાગણી રાખવામાં આવે છે અને વિજ્ઞાનનું ધ્યાન ખેંચવામાં આવે છે; અને નહિ કે તેને તેની જરૂરતું ભાન છે.

કોઈપણ બહાનું ચાલે તેમ નથી.

નવા જન્મેલા બાળક માટે આપણામાં ખરી લાગણી નથી. આપણા હિસાબે તે માનવી નથી. આપણે રચેલી દુનિયા તેને માટે છે અને તે તેને ચાલુ રાખે અને આપણા કરતાંએ સવાઈ બનાવે એવું માનવા છતાં પણ જયારે તે આપણી દુનિયામાં આવે છે ત્યારે તેનો કેવી રીતે સત્કાર કરવો તે આપણે જાણતાં નથી.

" તે દુનિયામાં આવ્યો અને દુનિયા તેણેજ બનાવી હતી છતાં દુનિયાએ તેને ઓળખ્યો નહિ. તે તેનાં સ્વજનોમાં આવ્યો પણ તેનાં સ્વજનોએજ તેને આવકાર આપ્યો નહિ."

કુદરતનો પાઠ.

પ્રેરણાના અચળ ડહાપણથી, ઉંચા પ્રકારનાં એટલે સ્તન્ય પ્રાણીઓ તેમનાં નવાં જન્મેલાં બચ્ચાંઓને જગતને અનુકૂળ થવાના નાજુક અને કઠણ કાળમાંથી પસાર થવાનું છે તે, ધ્યાનમાં લેવાનું ચૂકતાં નથી. નજીવી ગણાતી બિલાડીનો દાખલો લો. તે બચ્ચાંઓને રાખવા માટે કોઈ દૂરની અંધારી જગા શોધીને તેમાં તેમને જન્મતાંની સાથેજ સંતાડી દે છે અને કોઇને જોવા સુદ્ધાં દેતી નથી એટલી બધી અદેખી છે. થોડા સમય પછી તેઓ બહાર નીકળે છે અને ખુલ્લી રીતે તેની પાછળ જાય છે.

સ્વતંત્ર પરિસ્થિતિનાં સ્તન્ય પ્રાણીઓ તેમનાં નવાં

જન્મેલાંની કાળજીના તેથીએ વધારે આશ્ચર્યકારક સાબિતી આપે છે. તેમની મોટી સંખ્યા ઘણાં ટોળાઓમાં સાથેસાથેજ રહે છે પણ પ્રસવ કાળે નારીજાતિ ટોળાંને છોડીને એક ગુપ્ત જગા શોધી લે છે અને ત્યાં તે બચ્ચાંને જન્મ આપે છે એ ત્રણ અઠવાડિયાંથી માંડીને મહિનો કે તેથીએ વધારે તેમની જાતિને આવશ્યક લાગે તેટલો સમય, તે શાંતિ અને એકાન્તમાં તેમને રાખે છે. નવા પ્રાણીને મદદ કરતી તેની માતા તરતજ પરિચારિકા બને છે. ટોળામાં અસહ્ય અવાજ અને પ્રકાશમાં બચ્ચું જીવી શકે નહિ માટે તેને શાન્ત ગુપ્ત જગામાં રાખે છે. નાનું બચ્ચું સામાન્ય રીતે પોતાના પગ પર ઉભું રહી શકે છે અને ચાલી પણ શકે છે છતાંએ તેના નવા વાતાવરણને અનુકૂળ બની જાય અને તેની મહત્વની ક્રિયાઓ ઉપર કાબુ મેળવે ત્યાં સુધી માતા તેને બધાંથી અલગ રાખે છે; પછી તે તેને પોતાની જાતિના સમાજમાં–પોતાના ટોળામાં-લઇ જાય છે.

માતૃત્વની કાળજીનો આવો ઇતિહાસ ખરેખર ધ્યાનમાં લેવા જેવો છે. ઘોડા, જંગલી પાડા, ડુક્કર, શિયાળ અને વાઘ જેવી પ્રાણીઓની જુદી જુદી જાતિમાં પણ આ કાળજી વસ્તુતઃ એક સરખી છે.

જંગલી ભેંશ તેનાં બચ્ચાં સાથે કેટલાંએ અઠવાડિયાં ટોળાંથી અલગ રહે છે અને ઘણી મમતાથી તેમની સારવાર કરે છે. ઠંડી હોય ત્યારે તેના આગલા પગની વચમાં તેને રાખે છે. તે ગંદુ હોય ત્યારે તેને ચાટીને સ્વચ્છ બનાવે છે અને તે ધાવતું હોય ત્યારે દુધ સહેલાઇથી પી શકે માટે ત્રણ પગ ઉપર ઉભી રહે છે. પાછળથી તે તેને ટોળામાં લઇ જાય છે અને ચોપગાં પ્રાણીઓની નારીજાતિમાં આપણે જોઇએ છીએ તેવી ધીરજભરી સ્વસ્થતાથી તેને ધવરાવવાનું ચાલુ રાખે છે.

કેટલીક વખત પ્રસવ માટે માતા ફકત એકાંત સ્થળ શોધે છે એટલુંજ નહિ, પણ આવનાર બચ્ચાને માટે યોગ્ય

સ્થાન તૈયાર કરવા મહેનત કરે છે. દાખલા તરીકે, શિયાળવી દૂર શાન્ત સ્થળને બદલે રહેવા લાયક ગુફા જેવી ઝાડી શોધે છે. જો તેને કોઈ અનુકૂળ જગા ન મળે તો, તે ખાડો ખોદે છે અથવા ઝાડની બખોલમાં પથારી તૈયાર કરે છે અથવા ઘાડી ઝાડીમાં પોલાણ કરે છે. તેનાં બચ્ચાંઓ ધાવવાનું વધારે સરળ પડે માટે તેના આંચળની આજુબાજુનાં રૂંવાં કાઢી નાંખે છે અને તે રૂંવાં અને બીજી સુંવાળી ચીજો પાથરીને તેનું રહેઠાણ બનાવે છે. અહીં તેનાં બિડાએલી આંખો અને કાનવાળાં છ કે સાત બચ્ચાં જન્મે છે. તે તેમને સંતાડી રાખે છે અને તેમને છોડીને જાય છે.

આ સમયમાં સઘળી પશુ માતાઓ કાળજીથી તેમનાં બચ્ચાનું રક્ષણ કરે છે અને તેની પાસે કોઈ આવે તો તેના પર હુમલો કરે છે. પાળેલી અવસ્થાનાં પ્રાણીઓમાં આવી પ્રેરણા દબાઈ જાય છે અથવા ગુમ થાય છે. ડુક્કરી તેના બચ્ચાંને ઘણીવાર હજમ કરી જાય છે તે જાણીતી વાત છે; જ્યારે જંગલી ડુક્કરી કોમળમાં કોમળ માતાઓમાંની એક છે. પાંજરામાં અથવા પ્રાણી-સંગ્રહના બગીચામાં પૂરાયેલી વાઘણો અને સિંહણો પણ તેમનાં બચ્ચાંઓને કોઈક વાર મારી નાંખે છે. આ રીતે આપણે જોઈએ છીએ કે માર્ગદર્શક પ્રેરણાઓના આંતરિક આદેશને પ્રાણીઓ સ્વતંત્રતાથી અનુસરી શકે તેમ હોય તોજ, કુદરતની રક્ષણાત્મક અને વિધાતાકૃત શકિતઓ તેમનામાં કાર્ય કરી શકે છે.

આવી પ્રેરણાઓમાં આપણે સ્પષ્ટ અને સરળ વિચારણા આલેખી શકીએ છીએ. સ્તન્ય પ્રાણીઓનાં નવાં જન્મેલાં બચ્ચાંઓની, **બાહ્ય જગત સાથેના** તેમના **પહેલા સામનામાં** અમુક રીતે કાળજી રાખવીજ જોઈએ. દુનિયામાં પ્રાણીના જન્મવાના અપાર પ્રયત્ન પછી પહેલા આગમન વખતે આરામની જરૂર છે અને તેની સઘળી ક્રિયાઓ ઉપર તેને એક સામટું સ્વામીત્વ ધારણ કરવાના સૌથી પ્રથમ અત્યંત નાજુક સમયને બરાબર સમજી

લેવાની જરૂર છે. આ કાળ પછી તેની પ્રાથમિક બાલ્યાવસ્થાના સમયમાં, જીવનના પહેલા વર્ષમાં–સ્તનપાનના કાળમાં–જગતમાં તેમના જીવનનો પહેલો સમય શરૂ થાય છે.

પ્રાણીઓ તેમનાં નવાં જન્મેલાં બચ્ચાંઓને નિરાળાં કરી ફક્ત તેમનાં શરીરોનીજ કાળજી રાખતાં નથી. કુદરતે તેના નવા વાતાવરણની મુખ્ય શારીરિક મુશ્કેલીઓને દૂર કરવા માટે દૂધ અને માતાના શરીરની ગરમી પૂરી પાડી છે. નવા પ્રાણીના અત્યંત ઉંડાણમાંથી ઉઠતી અને તેની જાતિનાં બીજાં પ્રાણીને ઘડતી પ્રેરણાઓની માનસિક જાગૃતિની સ્ફુરણા માટે તેની માતા આ એકાંતમાં રાહ જોતી બેઠી છે. મોટા ઘોંઘાટ અથવા તેજસ્વી પ્રકાશથી સુરક્ષિત અભંગ શાંતિમય સ્થાનમાં આ જાગૃતિ થવી જોઇએ. તેનાં બચ્ચાંને સ્નેહથી મદદ કરતી, સ્વચ્છ કરતી અને પોષતી માતા આની રાહ જુએ છે અને તેના ટોળામાં પાછા લઈ જતા પહેલાં આ હેતુથી તેને તાલીમ આપે છે. આ દરમિયાન વછેરૂ તેના પગ પર લહેરથી કૂદતું થઈ ગયું હશે; તેની માતાને ઓળખતાં અને તેનું અનુસરણ કરતાં શીખી ગયું હશે અને ખાસ કરીને તેના ડગમગતા અને નાજુક શરીરમાં **ઘોડાના સ્વભાવને** પ્રગટ કરવાનો પૂરતો સમય મળ્યો હશે. તેની વંશ-પરંપરાનો સાક્ષાત્કાર તેને થવોજ જોઇએ. ખરેખર પૂરો વછેરો બને નહિ ત્યાં સુધી તેની માતા તેના બચ્ચાંને કોઇને જોવા દેશે નહિ. બિલાડી તેનાં બચ્ચાઓની આંખો ઉઘડે અને ચાલતાં શીખે, ટુંકમાં, તેઓ પુરી નાની બિલાડી થાય નહિ ત્યાં સુધી તેમને સંતાડી રાખશે.

આ જાગૃતિ, આ પરિપૂર્ણતા ઉપર પ્રકૃતિ પ્રબળ દેખરેખ રાખે છે તે સ્પષ્ટ છે. માત્ર શારીરિક દેખરેખ કરતાં માતાની કાળજીનું ધ્યેય વધારે ઉચ્ચ છે. પ્રીતિ અને કોમળ સંભાળથી તે ગુપ્ત રહેલી પ્રેરણાઓના જન્મની રાહ જુએ છે. આપણે –મનુષ્યોએ–પણ આ રીતે નવા જન્મેલા બાળકની નાજુક દેખરેખ રાખી મનુષ્યના આધ્યાત્મિક આગમનની રાહ જોવી જોઇએ.

અવતાર સિદ્ધિ.

નવા જન્મેલા બાળકનો વિચાર કરવામાં શું તેનું **માનસિક જીવન** વિચારવાનું છે ખરૂં ? જો પહેલેથીજ તે તેનામાં હોયતો જીવનના પહેલા અને ત્યાર પછીના વર્ષમાં પણ તેનો વિચાર કરવો જોઈએ. બાળકની સંભાળમાં આગળ ભરાએલું એક પગલું આ છે, કેવળ શારીરિક જીવન નહિ પણ તેના માનસિક જીવનને પણ ધ્યાનમાં લેવાનું છે અને તેથીજ જન્મતાંજ કેળવણી શરૂ થવી જોઈએ એવું વારંવાર ઉચ્ચારવામાં આવે છે.

બેશક, કેળવણી શબ્દ સીધા શિક્ષણના અર્થમાં સમજવાનો નથી; પણ બાળકના માનસશાસ્રીય વિકાસમાં મદદ કરવાના અર્થમાં છે. આજે ભાન અને અભાન વચ્ચેનો ભેદ જણાયો છે ત્યારે જન્મતાની સાથેજ બાળકમાં, ખરેખરૂં, માનસિક જીવન હોઈ શકે તે સમજાય તેવું છે. માનસિક આવેગો અને વાસ્તવિકતાથી ભરપૂર અભાનના અસ્તિત્વનો વિચાર આ યુગની લોકપ્રિય દલીલોમાંની એક છે. આજુબાજુના જગત સાથે સક્રિય સંબંધ જોડી આત્મભાનનો વિકાસ સાધવાની જરૂરિઆતવાળા માનસિક જીવન ધરાવતા બાળકને જોતાં તે દર્શન આપણને ભવ્ય લાગે છે. અંધકારમાં કેદ પૂરાયેલો, પ્રકાશમાં આવવાને પ્રયત્ન કરતો, જન્મ લેતો અને આવા ભવ્ય બનાવ માટે અયોગ્ય વાતાવરણમાં વૃદ્ધિ પામતો એક આત્મા આપણે જોઈએ છીએ. આ કઠિન કાર્યમાં નિમગ્ન આત્માની સમક્ષ આપણે ઉભા છીએ અને તેને શી રીતે મદદ કરવી તે જાણતા નથી. કદાચ આપણે તેને અંતરાયરૂપ પણ બનીએ.

ઘણા જ પ્રાથમિક અને સ્વતઃસિદ્ધ વિચારોને જ ધ્યાનમાં લેતાં જેમ નવા જન્મેલાં નાના સ્તન્ય પ્રાણીઓ એકાએક આંતરિક ઘટનાથી પોતાની જાતિનાં લક્ષણો બતાવે છે તેમ આપણને પણ બાળકમાં ફક્ત શારીરિક નહિ પણ માનસિક ક્રિયાઓનું નિયમન કરતી પ્રેરણાઓની ક્રિડાઓનું દર્શન થાય. બીજાં પ્રાણીઓનાં બચ્ચાંઓ કરતાં મનુષ્ય પ્રાણીની હલનચલનની શક્તિઓનો

વિકાસ, ખરેખર, ઘણો ધીમો છે. બાળકની જ્ઞાનેન્દ્રિયો જન્મથી જ ચપળ છે અને પ્રકાશ, અવાજ, અને સ્પર્શનું એકદમ ભાન થાય છે પણ તેનામાં હલનચલનની શક્તિ ઓછી હોય છે. તે ઉઠી શકતું નથી, ચાલી અગર બોલી શકતું નથી, અને બીજા કોઇ પ્રાણી કરતાં તે લાંબાં વખત સુધી લાચાર પડયું રહે છે. ભારે પ્રયત્ન પછી એક વર્ષને અંતે તે ચાલવા માંડે છે અને તે પણ ઘણા નિષ્ફળ પ્રયત્નોનો લાંબો કાળ વીત્યા પછી શરૂઆત કરે છે. બે વર્ષનું થાય છે ત્યારે જ તે બરાબર ચાલતાં શીખે છે. જેવું ગતિ વિશે તેવું જ ભાષા વિશે પણ છે. લાંબા વખત સુધી બાળક ઉચ્ચાર કરવાને અસમર્થ છે. છ મહિને તો તે બોલવાની શરૂઆત કરે છે. ચીસો પાડી શકે છતાં બોલી શકે નહિ તેવું શિથિલ તે પ્રાણી છે; જ્યારે બીજાં નવાં જન્મેલાં પ્રાણીઓમાં તેઓના વિશિષ્ટતાભર્યા ઉચ્ચારો કયારનાએ હોય છે. અવાજ આછો અને શોકાતુર હોવા છતાં કુરકુરિયાં બરાબર રીતે ભસે છે, બિલાડીનાં બચ્ચાં મિઆંઉં કરે છે, અને બકરાંનાં બચ્ચાં બેં બેં કરે છે. માનવજાતિનાં બાળકોની માફક ફક્ત ચીસો અને આંસુઓની નહિ પણ, એક શબ્દમાં કહીએ તો, તે સિવાયનાં બીજાં સઘળાં પ્રાણીઓમાં તેમની પોતાની ભાષા છે. કેવળ મનુષ્યનાં બાળકો સઘળા પ્રાણીઓમાં ફક્ત મુંગાં પ્રાણી છે.

મનુષ્યપ્રાણીમાં સમન્વય ભર્યા હલનચલનની આંતરિક અશકિત છે અથવા તેને ઉભા થતાં અગર ટટાર બેસતાં સ્નાયુઓની નબળાઇ અટકાવે છે એમ માનવું ભારે ભૂલ ભરેલું છે. નવા જન્મેલા બાળકોના અવયવોના ધક્કા અને સામનાથી તેમના સ્નાયુઓની શક્તિ સિદ્ધ થઇ છે. શરૂઆતથી થતી ધાવવાની અને ગળી જવાની ક્રિયાઓના કઠણ સમન્વય કરતાં વધારે સંપૂર્ણ બીજું કાંઇ હોઇ શકે નહિ. પ્રાણીઓનાં બચ્ચાંઓ કરતાં પ્રકૃતિ મનુષ્ય બાળકને બીજીજ રીતે ઘડે છે. પ્રેરણાના શાહી જુલમથી મુકત, હલનચલનના પ્રદેશને તે સ્વતંત્ર રાખે છે. પ્રેરણા અળગી થાય છે. મજબુત અને આજ્ઞાધિન સ્નાયુઓ નવા ક્રમની અને

મનુષ્ય આત્માની સેવામાં સહકારી થવા માટે ઇચ્છાશક્તિના હુકમની રાહ જુએ છે. તેઓએ કેવળ જાતિનાં લક્ષણો દર્શાવવાનાં નથી પરંતુ વ્યક્તિગત આત્માની વિશિષ્ટતાઓ પણ તેમણે બતાવવાની છે. જાતિની પ્રેરણાઓતો છેજ અને તેમનાં કેટલાંક મૂળભૂત લક્ષણો તેઓ લાદશે પણ ખરી. આપણે જાણીએ છીએ કે સઘળાં સ્વાભાવિક બાળકો સીધાં ચાલશે અને બોલશે, પણ દરેક બાળકના અકલ્પનીય વ્યક્તિગત ફેરફારનું પ્રાગટ્ય પણ એક કોયડો બને છે. દરેક પ્રાણીનું નાનું બચ્ચું તે પુરેપુરૂં મોટું થશે ત્યારે કેવું થશે, તે આપણે જાણીએ છીએ. જો હરણ હશે તો તે ઝડપથી દોડનારૂં થશે, હાથી હશે તો ભારેખમ અને ધીરેથી ચાલનાર થશે, વાઘ હશે તો મજબુત જડબાં સાથે વિકરાળ થશે અને સસલું હશે તો તે કુણાં અને તાજા છોડ પર જીવનારૂં થશે. તેઓની આવી વિશિષ્ટતાઓમાં કાંઇ ફેરફાર કે ક્રમભંગ થશે નહિ પરંતુ મનુષ્ય ગમે તે માટે શક્તિસંપન્ન છે. તેની દેખીતી જડતા વ્યક્તિત્વના આશ્ચર્યોની પૂર્વ તૈયારી છે. તેનો ચૂપ અવાજ એક દિવસ બોલશે પણ તે કઇ ભાષા બોલશે તે આપણે જાણતા નથી. તેની આજુબાજુથી પકડેલી ભાષા તે બોલશે અને મહાન પ્રયત્નથી તે અવાજ, સ્વર અને છેવટે શબ્દો રચશે. તેના વાતાવરણને યોગ્ય તેનાં સઘળાં કાર્યોનો તે મરજીઆત ઘડનારો થશે. તેના નવા જીવનનો તે સૃષ્ટા થશે.

હલનચલનની ઇન્દ્રિયોનું તેનું આ ચેતન આમ પોતાની વિશિષ્ટતાવાળી એક વ્યક્તિનો ક્રિયાત્મક **અવતાર** છે.

સામાન્ય રીતે માંસ કહીએ છીએ તે, શરીરશાસ્ત્રમાં મરજીઆત સ્નાયુઓ તરીકે ઓળખાતી હલનચલનની ઇન્દ્રિયોની એક સળંગ ગૂંચ છે. તેઓ તેના નામ પ્રમાણે ઇચ્છાશક્તિથી ગતિમય થઇ શકે છે. માનસિક જીવન સાથે આ ગતિ સંકળાયેલી છે તે આથી વધારે સારી રીતે બીજા કશાથી બતાવી શકાય તેમ નથી; પણ ઇચ્છાશક્તિ તેની ઇન્દ્રિયો વિના, તેના સાધનો વિના કાંઇ કરી શકે તેમ નથી.

પ્રાણીઓ, પછી તે ગમે તે જાતિનાં હોય, ઝીણામાં ઝીણા જંતુની જાતિનાં હોય તોપણ કેવળ તેમની પ્રેરણાઓ હલન-ચલનની ઇન્દ્રિયો વિના તેમનું આવિષ્કરણ કરી શકતી નથી. અતિશય ઉત્ક્રાન્તિ પામેલા માનવશરીરમાં સ્નાયુઓ અનંત રીતે ગુંચવાએલા છે અને તેઓ એટલા સંખ્યાબંધ છે કે માનવશસ્ત્રક્રિયાના વિદ્યાર્થીઓ કહે છે, "સઘળા સ્નાયુઓને યાદ રાખવા તેમને સાત વખત ભૂલી જવા જોઇએ." ક્રિયા કરતી વખતે તે સ્નાયુઓ ઘણાજ ગૂંચવણભર્યાં કાર્યો સાધવા સંયુક્ત થાય છે. કેટલાક આવેગ આપે છે, બીજાઓ અવરોધો કરે છે, કેટલાક કેવળ આગળ વધવાને શક્તિમાન છે અને બીજાઓ ફક્ત પાછળજ રહી શકે છે અને આ રીતે તેમનાં પરસ્પર વિરોધી કાર્યો હોવા છતાં, પરસ્પર વિરોધી નહિ પણ સુસંવાદી રીતે વર્તે છે. દરેક અવરોધ આવેગને સુધારે છે અને તેથી તે હંમેશાં તેની સાથેજ રહે છે. દરેક આગળ વધનારની સાથે એક પાછળ જનાર જોડાયેલો હોય છે. તેઓ સાચાં મંડળો છે, એક જ ગતિ માટે સંયુક્ત થએલા સમૂહ છે અને આ રીતે તેઓ એક નૃત્ય કરનારની માફક, પોતાના વાદ્યના ગજને બારીકમાં બારીક ગતિઓ આપતા વાયોલીનીસ્ટના હાથની જેમ ગતિમાં અનંત સૂક્ષ્મતાઓ ઉત્પન્ન કરવા શક્તિમાન છે. દરેક ગતિ પરસ્પર વિરોધોનું મંડળ છે, દરેક સૂક્ષ્મક્રિયા વિરોધીમંડળની સાથે સંયુક્ત થઇ એક સાથે કામ કરતી સ્નાયુઓની લગભગ એક સેના છે અને દરેકમાં તૈયારીના કાળને લીધેજ સંપૂર્ણતા પ્રાપ્ત થઇ છે.

જો આ તૈયારી સંપૂર્ણ રીતે કુદરતને ન સોંપતાં તેના સૌથી શ્રેષ્ટ નિયમન અને સર્જનના એક વિભાગને-વ્યક્તિગત શક્તિને-સોંપવામાં આવે તો તે કુદરત પર ઠોકી બેસાડેલી શક્તિ "પ્રકૃતિથી પર" શક્તિ છે. મનુષ્યમાં વિચારવા જેવું આ સૌથી પહેલું સત્ય છે. ટુંકમાં, જગતમાં આવિષ્કરણ માટે ક્રિયા કરવા એક ચૈતન્ય-દાતા માનવ આત્માએ અવતાર લેવો જોઇએ. માનવીનું પહેલું કર્તવ્ય, બાળકના જીવનનું પહેલું પ્રકરણ આ છે.

બાળકના માનસિક વિકાસને દોરતો વ્યક્તિગત અવતાર હોય તો, કોઈ પણ બાહ્ય આવિષ્કરણથી નિરાળું અને તે પૂર્વે હયાત, હલનચલનના એ જીવન પહેલાંનું એક માનસિક જીવન બાળકમાં હોવું જોઇએ. અચકાતું અને નાજુક, ઇન્દ્રિયોને તેઓના વાતાવરણને અનુકૂળ ગોઠવતું અને આવિષ્કરણના પ્રયત્નમાં સ્નાયુઓથી તરતજ કામ કરતું તે માનસ આત્મભાનના ઊમરા આગળ દર્શન દે છે. વ્યક્તિની અથવા તો આધ્યાત્મિક ગર્ભ અને તેના વાતાવરણની વચ્ચે એક પારસ્પરિક ક્રિડા રહેલી છે અને આ ક્રિડાથી વ્યક્તિ પોતાને ઘડે છે, પોતે સંપૂર્ણતા પામે છે. આ આદિકાળની રચનાત્મક ક્રિયા, શારીરિક ગર્ભમાં હૃદયને સ્થાને જણાતા અને ગર્ભ-શરીરના સઘળા ભાગને ખોરાક પૂરો પાડવા છતાં પોતાને માટે તો માતાની રક્તવાહિનીઓમાંથી, તેના સચેતન વાતાવરણમાંથી, વહી આવતો ખોરાક મેળવતા સ્નાયુઓની ક્રિયા સાથે સરખાવી શકાય. બાહ્ય વાતાવરણ સાથે મેળ સાધતા આ પ્રેરકશક્તિના કાર્યની આસપાસ માનસિક વ્યક્તિત્વ વિકાસ સાધે છે અને વ્યવસ્થિત થાય છે. બાળક તેના વાતાવરણને પચાવવા પ્રયત્ન કરે છે અને આવા પ્રયત્નોમાંથી જ તેના વ્યક્તિત્વનું ઉંડાણમાં રહેલું ઐકય તરી આવે છે. આ લંબાએલો અને ધીમો શ્રમ, તેનાથી પોતાના સાધનોનું સ્વામીત્વ મેળવતા આત્માનો અખંડ કાર્યક્રમ છે. રખેને હલન-ચલનને સ્થાને જડતા આવે અથવા તે એકજ પ્રકારનું અને યાન્ત્રિક બની જાય તે માટે પોતાના બળથીજ તેણે તેનું સ્વામીત્વ સતત જાળવી રાખવાનું છે. નિશ્ચિત પ્રેરણાની દોરવણીથી દૂર થયેલું હલનચલન ગોટાળામાં પડી તેમાંજ વિલય ન પામે માટે તેણે તેનો અધિકાર સતત વાપરવોજ જોઈએ. આથીજ સર્જન હમેશાં સિદ્ધિનો કાર્યક્રમ છે, નૂતન રચનાની શક્તિ છે, આધ્યાત્મિક અવતારનો અવિરત શ્રમ છે. આ પ્રમાણે ગર્ભની માફક માનવ–વ્યક્તિત્વ પણ તેના પોતાનામાંથીજ ઘડાય છે અને બાળક–મનુષ્યનો સૃષ્ટા–માનવીનો પિતા બને છે.

પ્રકરણ ૩જું

મનનું ઘડતર

શીઘ્ર-ચેતન-કાળ

આવિષ્કરણના અવયવોને સચેતન કર્યા પહેલાં ઘણા નાના બાળકનું ઇન્દ્રિયભાન, અદ્રશ્ય રહેલા મૂળભૂત માનસ-પટ તરફ વળે છે.

નાનામાં નાના બાળકમાં પણ માનસિક જીવન છે, એ વિચારમાં કંઈક ગૂઢ તત્વ રહેલું છે. ધર્મભાવનાથી બાળક જીસસના નાનકડા શરીરમાં એજ રીતે, ક્યારનોએ વિકાસ પામેલો અને ઇન્દ્રિયભાનવાળો છતાં મુંગો મનુષ્યનો આત્મા છુપાએલો છે, એવી આપણે કલ્પના કરીએ.

પણ આ કલ્પના સાચી નથી. તેનો અર્થ એ કે નવા જન્મેલા બાળકમાં સંપૂર્ણરીતે ઘડાયેલી ભાષા ક્યારનીએ રહેલી છે પણ ભાષાની પ્રેરક ઇન્દ્રિયો તેનું આવિષ્કરણ કરવા હજુ અશક્ત છે. તે તો કેવળ ભાષાની રચના માટેનું પૂર્વ વલણ છે. સમગ્ર માનસશાસ્ત્રીય ગ્રંથી જેનું બાહ્ય પ્રગટીકરણ ભાષા છે તેને વિશે પણ આવું જ કંઈક કહી શકાય. પોતાની આસપાસની દુનિયામાંથી માનસિક દુનિયા ઘડવાનું બળ આપતી ગુપ્તશકિત-સર્જનાત્મક વૃત્તિ-બાળકમાં રહેલી છે. આવી માનસિક સૃષ્ટિના ઘડતરમાં અંતરાયોને દૂર કરવા માટે ઝપાઝપીમાં અને માનસિક અસ્તિત્વ માટે વિગ્રહમાં તેણે ઉતરવું પડશે. આ સઘળું અજાણપણે થતું હોવા છતાં તદ્દન સત્ય છે અને તેની આ સાધનાની અંતિમ સિદ્ધિ અનિવાર્ય પરિણામોમાં આવવાની છે. જો કોઇ તેને મદદ કરે નહિ, તેના સત્કાર માટે વાતાવરણ રચે નહિ, તો તેના માનસિક જીવનની દૃષ્ટિએ તે પ્રાણી સતત ભયમાં છે. આ રીતે ધકકેલાયેલું નાનું બાળક જગતમાં અનાથ બાળક છે.

પોતાનો માનસશાસ્ત્રીય વિકાસ સાધતા, બાળક ચમત્કારિક કહી શકાય તેવી અદ્ભૂત વસ્તુઓ કરે છે અને ફક્ત ટેવને લીધેજ આપણે તેના બેદરકાર દ્રષ્ટા તરીકે ઊભા રહીએ છીએ. આવા ગૂંચવાડાભર્યા જગતમાં શૂન્યમાંથી આવેલું આવું એક બાળક શી રીતે તેનાથી પરિચિત થાય છે, એક વસ્તુથી બીજી વસ્તુ કઈ રીતે ઓળખી શકે છે અને કઇ અદ્ભૂત શક્તિથી ખાસ કરીને શિક્ષક વિના, કેવળ જીવીનેજ તેની વિગતવાર ચોકસાઈથી ભાષા શીખવામાં ફત્તેહમંદ થાય છે? સરળતા અને આનંદથી અવિશ્રાંત બાળક જીવે છે; પરંતુ પુખ્ત મનુષ્યને નવા વાતાવરણથી પરિચિત થવા ઘણી મદદની જરૂર પડે છે અને નવી ભાષા શીખવા માટે સખત મહેનત કરવી પડે છે; છતાં પણ તે બાલ્યાવસ્થામાં શીખેલી તેની માતૃભાષાની સંપૂર્ણતા કદીએ મેળવી શકતો નથી.

આવા વિકાસનો આધાર શાના ઉપર છે અને એક સજીવન પ્રાણી શી રીતે વૃદ્ધિ પામે છે એ પ્રશ્ન પૂછવાનું હવે સંભવિત છે.

વિકાસની—અંતરાત્માની વૃદ્ધિની—વાત બોલતાં આપણે બાહ્ય દૃષ્ટિએ સ્પષ્ટ જણાતા વિકાસની વાત કરીએ છીએ. પણ તેના આંતરિક યંત્ર સંબંધીતો ફક્ત હમણાંજ આપણે કંઇ જાણી શકયા છીએ. અર્વાચીન વિજ્ઞાને આ તપાસ બે રીતે સરળ કરી છે. બાળકની કાળજીમાં અપાર વ્યવહારિક અસર ઉત્પન્ન કરી તેમાં તાત્કાલિક અને વિશાળ રસ જાગૃત કરનાર, વિકાસ સાથે સંબંધ ધરાવતી એન્ડોક્રીન ગ્લેન્ડસની નવી શોધનો અભ્યાસ એક રીત છે અને બીજી રીત બાળકના માનસિક જીવન ઉપર ભારે પ્રકાશ પાડનાર **શીઘ્ર-ચેતન-કાળ** (Sensitive periods) નો અભ્યાસ છે.

ડચ વિજ્ઞાનવેત્તા હ્યુગો ડી વ્રીસે પ્રાણીઓના જીવનમાં શીઘ્ર-ચેતન-કાળનું અસ્તિત્વ શોધી કાઢયું છે પણ આપણી શાળાઓમાં અને કુટુંબોમાં કરેલા બાળજીવનના નિરીક્ષણથી

બાળકના શીઘ્ર–ચેતન–કાળની પહેલી શોધ આપણે કરી છે અને કેળવણીની દૃષ્ટિએ તેનો લાભ લેવાની પહેલ પણ આપણેજ કરી છે.

વિકાસની ક્રિયામાં પ્રાણીઓમાં જણાતા ખાસ ઇન્દ્રિયભાનને અનુસરતા આ કાળ છે. તેઓ ક્ષણજીવી છે અને નિશ્ચિત વિશિષ્ટતાની સિદ્ધિ માટે છે. એક વખત આ વિશિષ્ટતા ઉત્ક્રાંત થતાં તેને લગતું ઇન્દ્રિયભાન અદ્રશ્ય થાય છે આ પ્રમાણે વૃદ્ધિના એક મર્યાદિત સમય સુધી, એટલે કે તે વિશિષ્ટતા સાથે સંબંધ ધરાવતા શીઘ્ર–ચેતન-કાળ સુધી ચાલુ રહેતા ક્ષણજીવી ઇન્દ્રિયભાનના આવેગની મદદથી દરેક વિશિષ્ટતા સ્થિર થાય છે.

આ રીતે વૃદ્ધિ કંઈક અનિશ્ચિત, અનિવાર્ય, આંતરિક વારસો નથી, પણ નિશ્ચિત પ્રવૃત્તિઓ કરવાની ભૂખ જગવનાર, ક્ષણિક પ્રેરણાઓથી ચોક્કસ રૂપે દોરવાએલો શ્રમ છે અને આ પ્રેરણાઓ, પુખ્ત વયે, તેજ વ્યકિતમાં તેની બાલ્યાવસ્થા કરતાં દેખીતી ભિન્ન છે.

આ શીઘ્ર–ચેતન-કાળનો પહેલો અભ્યાસ જીવવિદ્યામાં **ડી વ્રીસે** કર્યો હતો જીવજંતુઓની જેમ, જે પ્રાણીઓ આકાર પરિવર્તનથી પુખ્તવયે પહોંચે છે. તેમનામાં ખાસ કરીને, આ કાળ સ્પષ્ટ જણાય છે દાખલા તરીકે પતંગિયાની ઇયળને લઇએ. તે ઘણાં કોમળ પાંદડાં ખાય છે છતાં ઝાડના થડ પાસેની ડાળીના સૌથી વધારે છુપાયેલા ડાળખામાં તેના ઇંડાં મૂકે છે. જે પળે ઇંડાંને છોડી ડાળખીમાં સંતાયેલી નાનકડી ઇયળ બહાર આવે છે. તે વખતે, તેને જરૂરનાં કુમળાં પાંદડાં પ્રકાશમાં રહેલી ડાળીની છેવટની ટોચ ઉપર છે એ કોણ બતાવે છે? અહીં ઇયળે પ્રકાશનું સબળ ભાન મેળવ્યું છે. પ્રકાશ તેને આકર્ષે છે, એક અનિવાર્ય અવાજથી તેને આમંત્રે છે, મુગ્ધ કરે છે, અને વિશેષ પ્રકાશવાન ઝાડની ટોચની ડાળે આડી અવળી થઇ પહોંચી

જાય છે, અને ભૂખથી વ્યાકુળ બનેલી ઇયળ તેને ખોરાક આપી શકે તેવી તાજી ફૂટેલી કુંપળોની વચમાં બેસી જાય છે.

વિચિત્ર વાત તો એ છે કે જ્યારે ઇયળ, તેની પહેલી કક્ષામાંથી પસાર થાય છે અને સંપૂર્ણ વૃદ્ધિ પામે છે ત્યારે તે બીજો ખોરાક ખાઇ શકે છે અને પ્રકાશનું આ ઇન્દ્રિયભાન ગુમાવે છે. જ્યાં નથી ઝાડ કે નથી પાંદડાં પણ ફક્ત ઇયળ અને પ્રકાશ હોય છે તે વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં આ વસ્તુ સાબિત થઇ છે. પ્રયોગ માટે જે કાળી પેટીમાં તેને પુરવામાં આવી છે તે પેટીના કાણામાંથી આવતા પ્રકાશના એકાદ કિરણ તરફ આડીઅવળી થઇને તે પહોંચી જાય છે. અમુક કાળ પછી પ્રકાશનાં કિરણો તરફ તે કેવળ બેદરકાર રહે છે. આ પ્રેરણા વધુ વખત કાર્યક્ષમ નથી. ઇયળ બીજા માર્ગે જાય છે. જીવનનાં બીજાં સાધનો શોધી લે છે.

આવાજ એક બીજા ક્રિયાત્મક ઇન્દ્રિયભાનથી, કોમળ છોડનો વિનાશ કરવાની, એક વખતની લોભી ઇયળ, એકાએક એક પ્રકારના અપવાસી ફકીરમાં રૂપાન્તર પામે છે. ચુસ્ત અપવાસી ઇયળ એક પ્રકારનો કોશેટો બાંધી તેમાં નિર્જીવની જેમ પડી રહે છે; અને આ શ્રમ અત્યંત એકાગ્ર અને અનિવાર્ય છે. આ પ્રમાણે દટાઇ ગયેલી ઇયળ, ચકચકતી પાંખોવાળું સૌન્દર્યમય પતંગિયું બનવાની છેલ્લી કક્ષાની તૈયારી કરે છે.

મધમાખના કીટમાં પણ આવો એક કાળ આવે છે. તેમાં સઘળી મધમાખો રાણી બની શકે છે; પણ મધમાખીઓનો સંઘ તેમનામાંથી એકને રાણી તરીકે પસંદ કરે છે; અને ફક્ત તેનેજ માટે કાર્યદક્ષ મધમાખો, જીવજંતુશાસ્ત્રવેત્તાઓ જેને ‘શાહીરસ’ કહે છે તેવો ખોરાકનો પદાર્થ તૈયાર કરે છે. અત્યંત લાલસાથી તે મધમાખ તે ખોરાક આરોગી જાય છે. આ પ્રમાણે અધિકાર પામેલી આ મધમાખી, તેની શાહી મિજબાનીઓથી લોકસંઘની રાણી બને છે. અમુક કાળ વહી ગયા પછી

જો મધમાખો બીજી ઓકીટને પસંદ કરી તેને સરસમાં સરસ શાહીરસ જમાડે તો પણ તે કદી રાણી બની શકશે નહિ. કડકડતી ભૂખનો કાળ વહી ગયો છે અને તેનું શરીર હવે તેવા વિકાસ માટે શક્તિસંપન્ન નથી.

માનવબાળકને લગતા પ્રશ્નોની ગૂંચનો ઉકેલ આપણે આ સત્યોથી કરી શકીએ. આશ્ચર્યજનક, હલમલાવી નાંખે તેવી પ્રવૃત્તિઓની ક્રિયા કરાવતો સચેતન આવેગ, અને અંધાપો તથા જડતા લાવતી બેદરકારી વચ્ચે મોટો ભેદ છે. પુણ્ત મનુષ્ય આ જુદીજુદી સ્થિતિઓ ઉપર અસર કરે તેવું કાંઈ પણ બહારથી કરી શકશે નહિ.

બાહ્ય જગત સાથે સંબંધમાં લાવતા આ શીઘ્ર–ચેતન–કાળમાં અસાધારણ તીવ્રતાથી બાળક સંખ્યાબંધ સિદ્ધિઓ મેળવે છે. પછી બધું સરળ છે, બધુંજ ઉત્તેજક અને જીવંત છે. દરેક પ્રયત્નમાં શક્તિનો વધારો છે. આમાંની કેટલીક માનસિક લાલસાઓ બુઝાઈ જતાં, બીજી જ્વાળાઓ પ્રજ્વલિત થાય છે અને એ રીતે આનંદ અને સરળતાના નામે ઓળખાતી સતત, પ્રાણપૂર્ણ સ્ફુરણાથી બાલ્યાવસ્થા એક જીતમાંથી બીજી જીતમાં વહ્યે જાય છે. દઝાડયા વિના જળતી આ મોહક જ્વાળાથી મનુષ્યની માનસિક સૃષ્ટિના સર્જનનું આ કાર્ય થાય છે.

આ પ્રમાણે બાળકની ભવ્ય ચેતનાશક્તિ, તેની માનસિક વૃદ્ધિમાં દેખાતા કુદરતી વિજયના ચમત્કારોને સ્પષ્ટ કરે છે.

આ રીતે "અવતાર" અને શીઘ્ર–ચેતન–કાળથી ઓળખાતા કાળને, ઘડાતા મનની આંતરિક ક્રિયાઓ ઉપર ઉઘડતા જાસુસી કાણાંની સાથે સરખાવી શકાય; જેમાંથી, જાણે કે, બાળકની માનસિક વૃદ્ધિનો નિર્ણય કરતી ઇન્દ્રિયોને કાર્ય કરતી જોઇ શકીએછીએ.

માનસિક વિકાસ આ રીતે અણધાર્યો સધાતો નથી અને બાહ્ય જગતની ઉત્તેજનામાંથી તે ઉદ્ભવતો નથી તે સ્પષ્ટ થશે.

અમુક વિશિષ્ટતાઓની પ્રાપ્તિ સાથે સંકળાયેલી ક્ષણજીવી પ્રેરણાઓ-ક્ષણિક ઇન્દ્રિયભાન-તેને દોરે છે બાહ્યજગતને લઇને જો કે, આ વિકાસ સધાય છે, છતાં તેનું રચનાત્મક મહત્વ કંઇજ નથી. જેમ શરીર ખાઈ, શ્વાસોશ્વાસ લઇ, બહારના વાતાવરણમાંથી ભૌતિક શરીરને આવશ્યક સાધનો મેળવે છે તેમ તે માનસિક જીવનને આવશ્યક ફક્ત જરૂરી સાધનો પૂરાં પાડે છે.

આ આંતરિક ઇન્દ્રિયભાન, ઘણા પાસાવાળા વાતાવરણમાંથી જરૂરી વસ્તુઓની અને વિકાસને અનુકૂળ પરિસ્થિતિની પસંદગી નક્કી કરે છે. બીજી વસ્તુઓ તરફ બેદરકારી રાખી કેવળ અમુકજ વસ્તુઓ તરફ બાળકનું ઇન્દ્રિયભાન કરાવી આ દોરવણી પોતાનું કાર્ય કરે છે. જ્યારે તેને અમુક વસ્તુનું ભાન થાય છે ત્યારે જાણે કે તેનામાંથી, બીજા કોઇને નહિ પણ ફક્ત તેનેજ પ્રકાશિત કરતો એક જાતનો પ્રકાશ આવતો હોય તેમ લાગે છે, અને આવીજ વસ્તુઓનું તેનું જગત બનેલું હોય છે. અમુક પરિસ્થિતિઓમાં પોતાની જાતને જોવાની અથવા અમુક તત્ત્વોને પોતામાં શોષી લેવાની કેવળ અત્યુગ્ર ઇચ્છાની આ વાત નથી. વૃદ્ધિ પામવા માટે આમાંથી લાભ લેવાની બાળકમાં ખાસ અપૂર્વ શક્તિ રહેલી છે; કારણકે તેના બાહ્ય વાતાવરણથી પરિચિત થવાની માનસશાસ્ત્રીય શક્તિઓ, આ શીઘ્ર-ચેતન-કાળમાં તે મેળવે છે અને તેના પ્રેરક અવયવોને તેઓની સઘળી અતિ-નિકટ અને નાજુક વિગતોમાં જીવંત બનાવવા શક્તિમાન થાય છે.

વૃદ્ધિના ચમત્કારો સાધતા આધ્યાત્મિક ગર્ભના ગહન કાળની ચાવી બાળકના અને તેના વાતાવરણ વચ્ચેના આ ઇન્દ્રિયસંબંધોમાં રહેલી છે.

અનાવિર્ભૂત મનમાંથી ઉઠતી તીવ્ર લાગણીઓની પરંપરા જેવી આ અદ્ભુત સર્જનાત્મક પ્રવૃત્તિને કલ્પીએ. તેઓજ બાહ્ય દુનિયાના સંસર્ગથી મનુષ્યની ચેતના ઘડે છે. ગૂંચવાડામાંથી શરૂ થઈ તેઓ ભિન્નતા મેળવે છે, પછી ભાષાની સિદ્ધિની જેમ,

પ્રવૃત્તિ સર્જે છે. શરૂઆતમાં, વાતાવરણના અવાજો, ગૂંચવાડા-ભર્યા, ગોટાળીયા અને અસ્પષ્ટ હોય છે; પછી, એકાએક તેઓ છૂટા, લોભાવનારા, મોહક, લખારા જેવા પણ સ્પષ્ટ, ભાષાના જુદાજુદા અવાજો જેવા સંભળાય છે; અને હજુ સુધી તો વિચારશૂન્ય મન જગતને ભરી દેતા એક જાતના સંગીતને સાંભળે છે; પછી સઘળા નહિ પણ જેમને પોતાનો ભાગ ભજવવાનો છે તેટલાજ બાળકના અત્યારસુધી ગુપ્ત રહેલા અને ફક્ત અનિયમિત રૂદન રૂપે જ કંપતા હતા તે જ્ઞાનતંતુઓ હાલી ઉઠે છે. તેઓ હવે કંપ ની રીતને બદલી નિયમિત ગતિમાં, શિસ્તબદ્ધ, વ્યવસ્થિત જાગૃત થયા છે, અને આ રીતે આધ્યાત્મિક ગર્ભની સુવ્યવસ્થા માટે એક નવો તાલ રચાય છે; પણ તે પોતે તો પોતાના વર્તમાનમાં એકાગ્રતાથી જીવે છે અને વર્તમાનમાંજ કેન્દ્રિત થાય છે. પોતાના ભાવિ ઘડતરની ભવ્યતા તો તેનાથી પણ અજ્ઞાતજ રહે છે.

ધીરે ધીરે કાન અવાજને પારખે છે અને જીભ પણ નવા હલનચલનથી ચેતનવંતી બને છે. અત્યાર સુધી તેને ભાગે ફક્ત ધાવવાનુંજ કાર્ય આવ્યું છે; હવે તેને આંતરિક સ્પંદનનું ભાન થવા માંડયું છે; અને અનિવાર્ય બળથી, જાણે કે ગળું, હોઠ, ગાલ શોધાતા હોય તેમ ખેંચાય છે. આ સ્પંદનો જીવન છે, પણ અત્યાર સુધીતો અકથનીય આનંદ શિવાય તેમણે બીજો હેતુ સાધ્યો નથી.

શીઘ્ર–ચેતન–કાળ કાર્યરત બન્યો છે. નિરાધાર આત્માઓમાં તેમને પ્રાણભરી સંજીવનિ પાતો દૈવી આદેશ ફૂંકાયો છે.

બાળકના જીવનનું આ આંતરિક નાટક પ્રેમનું નાટક છે. તેના સૌથી વિશાળ અર્થમાં પ્રેમ એકજ મહાન સત્ય છે. તે આત્માના ગુપ્ત વાસમાંથી ઉત્ક્રાન્તિ પામે છે અને વખતો વખત તેને સંપૂર્ણ રીતે ભરી દે છે. મનુષ્યને મહાન બનાવતી અને તેના સમગ્ર જીવનમાં તેની સાથી બનતી ઉન્નત વિશિષ્ટતાઓ આપ-

તી કદી ન ભૂસાતી રેખાઓ અંકિત કર્યા વિના આ અદ્ભુત પ્રવૃત્તિઓ વહી જતી નથી. નમ્ર મૌનમાં તેઓ કાર્ય કરે છે.

આથીજ બાળકની આંતરિક જરૂરિઆતોને સંપૂર્ણ અનુકૂળ બાહ્ય વાતાવરણની સ્થિતિ હોય ત્યાં સુધી સઘળું ચૂપચાપ અને અદ્રશ્ય રીતે બને છે. દાખલા તરીકે, જીવંતપણાની સઘળી ક્રિયાઓમાં કઠણમાં કઠણ અને લાંબામાં લાંબા શીઘ્ર–ચેતન–કાળની સાથેજ રહેતી ભાષાની પ્રવૃત્તિ તો હમેશાં ગુપ્ત રહે છે, કારણકે બાળક હમેશાં બોલતાં મનુષ્યોથી વીંટાયેલું છે, અને તેથી તેને ભાષાપ્રાપ્તિ માટે આવશ્યક તત્વો મળી રહે છે. ઘંટના જુદાજુદા નાદ આપણે પારખી શકીએ છીએ તે રીતે અવાજને ઓળખી શકે તેમ, બાળકને સીધા, ટુંકા, સ્પષ્ટ રીતે ઉચ્ચારાએલા શબ્દોથી બોલાવતાં તેનો દેખાઈ આવતો આનંદ અને તેનું સ્મિત તેના શીઘ્ર–ચેતન–કાળનું બાહ્ય દર્શન છે. હમેશાં એના એજ શબ્દો વાપરીને કોઈક સાંજે વડીલ હાલરડું ગાય છે ત્યારે આપણે તેને પરમાનંદની શાંતિમાં સ્વસ્થ થતું જોઇએ છીએ. આવા અત્યાનંદથી તેની સ્વપ્નની સૃષ્ટિ માટે તે સચેતન જગતને ત્યજી દે છે. આથી આપણે બાળકનું પ્રાણપૂર્ણ સ્મિત મેળવવા તેની પાસે લાડઘેલા શબ્દોથી વાતો કરીએ છીએ. મૃત્યને કાંઠે બેસી તાત્કાલિક આશ્વાસન માગનારની માફક બાળકો શબ્દો અને સંગીત માગે છે અને ઈચ્છે છે. આ જ્ઞાનને લઇનેજ અનાદિકાળથી સંધ્યા સમયે લોકો બાળકો પાસે દોડયાં જાય છે.

બાળકના સર્જનાત્મક ઈન્દ્રિયભાનની–શીઘ્ર–ચેતન–કાળની–ચોક્કસ સાબિતીઓ અહીંજ છે.

બીજી કેટલીક ઘણીજ સ્પષ્ટ જણાતી નકારાત્મક મહત્વની સાબિતીઓ પણ છે. કોઈક બાહ્ય પરિસ્થિતિ બાળકની આંતરિક ગૂઢક્રિયાનો વિરોધ કરે છે અને તેથી પ્રચંડ વિક્ષેપ અને કુરૂપતા લાવે છે; તેમજ સમગ્ર જીવન પર્યંત ટકે તેવી ખોડો પરિણમે છે ત્યારે તેમાં આ સાબિતીઓ આપણે

જોઇ શકીએ છીએ. જો બાળક તેના શીઘ્ર-ચેતન-કાળની દોરવણી પ્રમાણે કાર્યકર ન બની શકયું હોય તો, તેણે તેની સ્વાભાવિક વિજયની તક ગુમાવી છે એટલુંજ નહિ પણ તે હમેશને માટે તેનાથી વંચિત રહ્યું છે.

વાતાવરણમાંનુ કંઇક, બાળકની આંતરિક ક્રિયાને અટકાવે ત્યારે શિઘ્ર-ચેતન-કાળનું અસ્તિત્વ પ્રચંડ પ્રતિક્રિયાઓમાં દેખા દે છે. બાળકની આ નિરાશાને કારણ વિનાની માની આપણે તેને "તોફાનીપણું" અને મિજાજી સ્વભાવ ગણીએ છીએ. તોફાનીપણું, આંતરિક વિક્ષેપ, વણસંતોષાયેલી જરૂરિઆત, અને તંગ સ્થિતિનું સૂચક છે. પોતાનું સંરક્ષણ શોધતો બાળકનો આત્મા પોતાની આવશ્યકતા માટે પોકારી ઉઠે છે.

શારીરિક પ્રદેશમાં, પ્રમાણપુરઃસર નિદાન ન થઇ શકે તેવા કોઇપણ કારણ વિના, બાળકને સખત ચઢી આવતા તાવ સાથે સરખાવી શકાય તેવું, નિરર્થક અને વ્યગ્ર, ક્રિયાની અતિશયતા રૂપે "તોફાનીપણું" નજરે પડે છે. મોટા મનુષ્યને, સ્વાભાવિક તન્દુરસ્ત મનુષ્યને, ભાગ્યેજ અસર કરે તેવી નાની બેચેની, બાળકોમાં ઘણીવાર ભયંકર તાવ લાવે છે અને જેટલી ઝડપથી તે આવે છે તેટલીજ ઝડપથી ઉતરી જાય છે. તેજ રીતે માનસશાસ્ત્રીય ક્ષેત્રોમાં, બાળકના અસાધારણ ઇન્દ્રિયભાનને લગતા અતિસૂક્ષ્મ કારણોને લઇને આપણે પ્રચંડ વિક્ષેપો જોઇએ છીએ. આ પ્રતિક્રિયાઓ હમેશની જાણીતી છે, અને લગભગ જન્મથી જણાતો નાના બાળકનો મિજાજ મનુષ્ય સ્વભાવની અંતર્ગત વિકૃતિની સાબિતી રૂપે ગણાયો છે. ઠીક, જો ક્રિયાનો દરેકે દરેક વિક્ષેપ ક્રિયાજન્ય રોગ ગણાય તો જીવનની માનસિક બાજુને સ્પર્શ કરતી ખલેલો ને પણ ક્રિયાજન્ય દરદોજ ગણવાં જોઇએ. બાળકનું પ્રથમ "તોફાનીપણું" તેના આત્માની પ્રથમ બિમારી છે.

આ પ્રચંડ પ્રતિક્રિયાઓ ધ્યાનમાં લેવામાં આવી છે કારણકે નિદાનશાસ્ત્રને લગતી બાબતો હમેશાં પહેલું ધ્યાન ખેંચે છે. સ્વાસ્થ્ય નહિ પણ સ્વાસ્થ્ય-ભંગ પહેલો વિચારવા લાયક કોયડો છે. કુદરતની સ્પષ્ટમાં સ્પષ્ટ વસ્તુઓ તેના નિયમો નથી, પણ તેની વિકૃતિઓ છે. આ રીતે જીવનની સર્જનાત્મક ક્રિયાની અવ્યક્ત બાહ્ય નિશાનીઓ તરફ અથવા તેને પાછળથી નિભાવતી ક્રિયાઓ તરફ કોઈ ધ્યાન આપતું નથી. સર્જન અને સંરક્ષણની ક્રિયાઓ ગુપ્ત રહે છે. શરીરની ક્રિયાઓમાં આંતરિક ઇન્દ્રિયોનો યંત્રભાગ, ખરેખર, એક અદ્ભૂત વસ્તુ છે પણ કોઈ તેને જોતું નથી અથવા ધ્યાનમાં લેતું નથી. તેનાથી જીવંત રહેલ પ્રાણી પણ તેની ભવ્ય વ્યવસ્થાથી અજ્ઞાત છે. પ્રકૃતિ જણાવ્યા વિના કાર્ય કર્યા કરે છે અને આપણે આ સંયુક્ત શક્તિઓના સુસંવાદી સમતોલનને તંદુરસ્તી—સ્વાભાવિક્તા—કહીએ છીએ. તંદુરસ્તી! દરેક વિગત ઉપરનો તે વિજય છે. કારણ ઉપર કાર્યની જીત છે.

આપણે બિમારીની વિગતોના બાહ્ય કારણોની નોંધ લઇએ છીએ પણ તંદુરસ્તીના શ્રમભર્યા ચમત્કારો અવ્યક્ત, અજાણ્યાજ રહે છે. વૈદકશાસ્ત્રના ઇતિહાસમાં પુરાણ કાળથી દરદો જાણીતાં છે તે સત્ય છે. ઇતિહાસ-પૂર્વેના મનુષ્યોએ વાઢકાપની ચિકિત્સાનાં ચિહ્નો રાખેલાં છે; પરંતુ વૈદકશાસ્ત્રનાં મૂળતો ગ્રીસ અને મિસરની સંસ્કારિતા સુધીજ જાય છે અને અંતર્ગત ઇન્દ્રિયોની ક્રિયાઓની શોધતો તદ્દન તાજી છે. લોહીનું અભિસરણ સત્તરમા સૈકામાં શોધાયું; પરંતુ અંતર્ગત ઇન્દ્રિયોના અભ્યાસ માટે માનવશરીરનું વિચ્છેદન સોળસોમાં થયું. ચિકિત્સાશાસ્ત્રે એટલે દરદેજ શારીરશાસ્ત્રના રહસ્યોની શોધ તરફ અર્થાત્ સ્વાભાવિક ક્રિયાઓની શોધ તરફ આડકતરી રીતે આપણને દોર્યા છે.

આથી બાળકના ફક્ત માનસિક દરદોનો મનુષ્યને ખ્યાલ છે અને તેના આત્માની સ્વાભાવિક ક્રિયાઓથી તે પૂરેપૂરો

અજ્ઞાત છે તેમાં કાંઇ આશ્ચર્ય નથી; વિશેષ તો એટલા માટે નથી કે અંધકારમાં, ગૂઢ રીતે પ્રાગટયની શકયતા વિના કાર્ય કરતી આવી માનસિક ક્રિયાઓ અતિશય નાજુક છે.

વડીલોએ બાળમાનસનાં કેવળ દરદો જાણ્યાં છે, તેનું આરોગ્ય નહિ; હજુ સુધી શોધવાની બીજી સઘળી શક્તિઓની માફક તંદુરસ્ત માનસ પણ ગુપ્ત રહ્યું છે.

બાળકને, હજુ પણ, આપણે આપણાથી રહસ્યરૂપે રહેલી ગુપ્ત શક્તિઓમાં ગણીએ, અને ક્રિયાત્મક વિસંવાદિતા અને દરદના પાયા ઉપર તેનું માનસિક જીવન વિકસે છે એમ માનીએ તો અંધતા, નબળાઇ અને અટકેલા વિકાસના પરિણામે જગતમાં વિશાળ, કદરૂપી સંખ્યાજ વધવાનાં છે. આ એક કાલ્પનિક ચિત્ર નથી પણ અત્યારનુંજ નક્કર સત્ય છે. જીવનની શરૂઆતમાં નજીવાં કારણો ગંભીર વિકૃતિ કરી શકે છે. મનુષ્ય પોતાનાં કરતાં કોઇક બીજાજ પ્રકારના લાક્ષણિક રૂપે વૃદ્ધિ પામે છે અને મોટું થાય છે

આવશ્યક સંભાળ

બાળકના આવા પ્રયત્નોથી અણજાણ વડીલ તેને મદદ કરતું નથી અને તેથી દેખીતા માનસિક–જીવન વિનાના પ્રાણીએ કરેલા શૂન્યમાંથી થતા સર્જનના ચમત્કારને તે ઓળખી શકતું નથી.

આ માન્યતા, કેવળ તાત્કાલિક શારીરિક સંભાળ શિવાય બીજા કશાની જરૂર વિનાના ગણાતા, અત્યાર સુધી કેવળ વનસ્પતિ–સાદ્રશ્ય ન્હાનું શરીર મનાતા બાળકની સારવાર કરવાની નવી રીત માગે છે. આજે માનસના પ્રગટીકરણની રાહ જોવાનું આપણું વલણ હોવું જોઇએ. બાળકની સંભાળ માટે, કેવળ શું છે, તેનો વિચાર ન કરતાં શું થવાનું છે તેનો પણ વિચાર કરી લેવો જોઇએ. નવા જન્મેલા બાળકમાં પણ યથાર્થતાની ક્રિયાની **માનસિક** વાસ્તવિકતા તરફ વડીલોએ હવે વધુ વખત અંધ ન રહેવું જોઇએ. તેણે તેના શરૂઆતના

વિકાસોને અનુસરવા જોઇએ અને તેમને ઉત્તેજન આપવું જોઇએ. બાળકની જાતને ઘડવામાં તેણે મદદ કરવાની નથી; કારણકે તે કુદરતનું કાર્ય છે પણ તેના ઘડતર માટે આવશ્યક, છતાં તેની જરૂરિઆતો જાતે મેળવવા અસમર્થ હોવાથી, તે પૂરી પાડી તેના પ્રગટીકરણ માટે તેણે આદર દર્શાવવો જોઇએ. ટુંકામાં, જેમ શારિરીક ગર્ભ માટે માતાના વેશમાં કુદરતે અનુકૂળ વાતાવરણ પુરૂ પાડયું છે તેમ તેના માનસિક ગર્ભ માટે વડીલોએ વાતાવરણ —અનુકૂળ વાતાવરણ—પુરૂં પાડવાનું ચાલુ રાખવું જોઇએ.

માનસિક પ્રત્યુત્તર જણાવે તેવી પ્રેરક પ્રતિક્રિયાઓની આશામાં, તેનું ધ્યાન આકર્ષવાનો પ્રયત્ન કરવા બાળકને ઇન્દ્રિય–વિષયક ઉત્તેજના આપી, અમુક અર્વાચીન માનસશાસ્રીઓએ જે પ્રયત્નો કર્યા તેવા, પ્રાયોગિકમાનસશાસ્રમાં ગણાતા પ્રયોગોની પણ નાનામાં નાના બાળકના માનસિક જીવનના અસ્તિવની સાબિતી માટે જરૂર નથી.

અહીંઆં, પહેલાં જ્યારે ગતિના અવયવોનો માનસિક સમન્વય ક્યારનોએ સાધ્ય થઈ ગયો છે; અર્થાત જ્યારે ચેતનાની ક્રિયા અથવા ‘અવતાર’ તેના પૂર બહારમાં છે તે કક્ષા (જે જીવનના પહેલા વર્ષમાં ગણાય) વિના આ સત્ય સાબિત થઇ શકે તેમ નથી. માનસજ ગતિને સચેતન કરે છે માટે મરજીઆત ગતિની કોઈપણ ચેતના પહેલાં, ગર્ભની ગમે તેવી અપકવ સ્થિતિમાં પણ માનસિક જીવન બેશક હોવુંજ જોઇએ.

ચેતનાનું સૌથી પહેલું સ્વરૂપ લાગણીથી ઉત્પન્ન થાય છે. એથી લેવીને તેની માનસશાસ્રીય પ્રીલ્મોમાં બતાવ્યું છે તેમ બાળકને જે કાંઈ જોઇએ તે માટે, પહેલું તે તેના આખાએ શરીરને તે વસ્તુ ઉપર નાંખે છે; અને પછી ઘણા વખતે, તેની પ્રેરક ઈન્દ્રિયોના સમન્વયની પ્રગતિ થયા બાદ એક કાર્યથી બીજા કાર્યને તે અલગ પાડી શકે છે. દાખલા તરીકે, લેવાની વસ્તુ માટે હાથ લંબાવે છે.

બીજો દાખલો ચાર મહિનાના બાળકનો છે. તેને વક્તાની મુખમુદ્રા નીરખવાનું ગમે છે, અને તે હોઠની અનિશ્ચિત, અવાજ વિનાની ગતિથી પોતાને સમજાવે છે; પણ સૌથી વિશેષ તો તેની સામે દેખાતી રસમય ઘટનામાં સંપૂર્ણ રીતે તલ્લીન થએલા તેના ચહેરા ઉપરની ઉંડી એકાગ્રતાના દેખાવથી દર્શાવે છે. આમ છતાં કેવળ એક અક્ષર પણ તે છ મહિને ઉચ્ચારે છે. આ રીતે, સૌથી પહેલાના સ્ફુટ ઉચ્ચાર પહેલાં અવાજને સંગ્રહતો, ભાષાના અવયવોની ચેતનાની ગૂઢ તૈયારી કરતો, ભાનપૂર્વકનો રસ બાળકમાં હતો; અને ભાષા શરૂ કરે તે પહેલાં, ચેતના આપતી માનસિક વસ્તુ હતી. આવું ઇન્દ્રિય-ભાન નિરીક્ષણનો વિષય છે પણ પ્રયોગનો નથી. પ્રાયોગિક માનસશાસ્ત્રીઓએ પ્રયત્ન પૂર્વક કરેલા પ્રયોગો, બાળકની રચનાત્મક શક્તિઓને કસમયે બહાર ખેંચી બાલમાનસના ગૂઢ શ્રમને નુકશાન કરનાર બાહ્ય સંયોગોમાંના પણ હોય.

જીવજંતુઓના કુદરતી વાતાવરણમાં એકાએક પહોંચી તેઓમાં વિક્ષેપ ન પડે તેમ ગુપ્ત રહી ફાબરે તેઓનું નિરીક્ષણ કર્યું, તે રીતે બાળકના માનસિક જીવનનું અવલોકન કરવું જોઇએ. અાહી અવયવોની માફક ઇન્દ્રિયો બાહ્ય જગતના ચેતના પૂર્ણ સંસ્કારોને પકડવા અને સંગ્રહ કરવાનું શરૂ કરે છે, તે સમયથી આપણે શરૂ કરવું જોઇએ, કારણ કે તેજ પળથી તેના બાહ્ય વાતાવરણના હિસાબે સ્વયંસ્ફુરિત રીતે એક જીવન ઉત્ક્રાન્તિ પામે છે.

બાળકને મદદ કરવા માટે અવલોકનની અદ્ભૂત શક્તિઓ વિકસાવવાની અથવા તેનો અર્થ કાઢવાના સામર્થ્યની જરૂર નથી; તેથીએ વધારે સરળ કંઇક પૂરતું છે. બાળકના ગૂઢ મનને મદદ માટે તૈયાર મન આવશ્યક છે; પછી સામાન્ય બુદ્ધિ આપણને તેના અનુયાયી બનાવવા બસ છે.

સામાન્ય દાખલાથી વડીલે લેવાની સંભાળ, સાદી અને વ્યવહારૂ બન્ને છે તે સમજાવીશ. સામાન્ય વાતથી શરૂ કરીએ

તો બાળક ટટાર બેસી શકતું નથી માટે તેણે હમેશાં સપાટ સુઇ રહેવું પડે છે. આથી તેનો વાતાવરણ સાથેનો પહેલો ઇન્દ્રિય-વિષયક સંબંધ પૃથ્વી કરતાં આકાશ સાથે થાય છે, પરંતુ તેને બદલે આપણે તેની દ્રષ્ટિ આગળથી આકાશનું દ્રશ્ય દૂર કરી ઘણુંખરૂં સફેદ અને લીસી બાલગૃહની છત અથવા તેની બાબા-ગાડીના છત્ર સામું પડયા પડયા જોવાનું તેને માટે રચીએ છીએ. ભૂખ્યા આત્માને પોષવા પહેલા સંસ્કાર દ્રષ્ટીદ્વારા પડે છે; એ ભૂલી આ રીતે ઉલટો માર્ગ લઇએ છીએ.

બાળકને જોવા માટે કંઈક જોઇએ એવું માનનારાઓએ તેને વાતાવરણમાંથી જુદું પાડી, ભૂલભરેલી સ્થિતિમાંથી ખસેડી લેવાને બદલે, તેની નજર આગળ વસ્તુઓ મૂકવાનું વિચાર્યું. પ્રાયોગિક માનસશાસ્ત્રીઓની માફક, આ શુભેચ્છકોએ તેના પારણાની આગળ દડાની હાર અથવા બીજી રંગીન વસ્તુઓ લટ-કાવી. બાળક, વાતાવરણની છબીઓને પકડી લેવા અથવા પચાવી લેવા આતુર બની પોતાને કૃત્રિમ પ્રયત્નથી મરડી, કુદંકુદા કરતા લટકતા દડા અથવા રમકડાંઓને આંખોથી અનુસરે છે. ગતિ અને આકારમાં કઢંગી, બનાવટી લેટોથી આ કુરૂપકારી પ્રયત્ન, તેના ઉપર લાદવામાં આવ્યો છે. કેવળ તેના ઓરડાના વાતા-વરણને જોઇ શકે તેવી સહેજ ઢાળવાળી સપાટી પર, કયાંક ઉંચે બાળકને મૂકવામાં આવે તોએ બસ છે; પણ તેજ રીતે જ્યાં પાંદડાંનો ખખડાટ, ફુલો, અને દોડતાં તથા કૂદતાં પ્રાણીઓ તેને માટે ચેતનમય વિશ્વ–દ્રશ્ય બનાવી રહ્યાં હોય તેવા બાગમાં પણ તેને મૂકી શકાય.

બાળકની શોધખોળનાં દ્રશ્યો લાંબો વખત સુધી એનાં એજ રહે તે આવશ્યક છે. આ રીતે હમેશાં તેની તેજ વસ્તુઓ જોવાથી તે તેમને ઓળખતાં શીખે છે અને સાથે સાથે સજીવન પ્રાણી-ઓના, અને પવનથી હાલતી વસ્તુઓના હલનચલનના, એમ બન્ને ભેદને પારખતાં શીખે છે.

વ્યવસ્થાદ્વારા વાતાવરણનો પરિચય

ઘરની બહાર કદી નહિ નીકળેલા ફક્ત એક મહિનાના બાળકને ખોળામાં લઇને તેની આયા બેઠી હતી. ત્યાં તેના પિતા અને ઘરમાંજ રહેતા કાકા, બન્ને તેની આગળ એકી સાથે આવ્યા. બન્ને થોડે ઘણે અંશે સરખી ઉંચાઈ અને સરખી ઉમરના હતા. અત્યંત આશ્ચર્ય અને લગભગ ભયથી બાળક ચમકી ઉઠયું. બન્ને પુરૂષો તેની આગળ ઉભા; પણ છૂટાછૂટા. એક જમણી બાજુ અને બીજો ડાબી બાજુ. જણાઇ આવતી આતુરતાથી બાળક એકને નીરખી રહ્યું અને લાંબા વખત સુધી જોયા બાદ તે હસ્યું; પણ એકાએક તેનું આવિષ્કરણ ફરીથી ચિંતાતુર બન્યું, ચિંતા કરતાં વધારે ભયભિત બન્યું. એક ઝડપી ગતિથી તેણે બીજા તરફ તાકીને જોવા તેનું માથું ફેરવ્યું અને લાંબા વખત સુધી નિરખ્યા પછી વળી પાછું ફરીથી હસ્યું. બરાબર વીસ વખત તેણે તેનું માથું જમણી બાજુ અને ડાબી બાજુ ફેરવ્યા કર્યું, અને તેટલોજ વખત મુંઝવણમાંથી સ્મિત કરવાનું પુનરાવર્તન કર્યું. છેવટે તેના મનમાં પ્રકાશ પડયો અને તેને સમજાયું કે તે **બે** માણસો હતા. અત્યાર સુધીમાં ફક્ત આજ પુરૂષોને તેણે જોયા હતા. બન્નેએ તેની આગળ લાડ લડાવવાનું ધાંધલ કર્યું હતું, તેની સંભાળ લીધી હતી, અને સ્નેહાળ શબ્દોથી તેને બોલાવ્યું હતું. અને તેની આસપાસની ઘણી સ્રીઓ કરતાં આ બન્ને જુદાજ પ્રકારના પ્રાણી હતા; પણ બે પુરૂષને કદી એકી સાથે નહી જોએલા હોવાથી તેણે ફક્ત એકજ પુરૂષ છે તેવું માની લીધું હતું, તેથીજ ગોટાળામાંથી અત્યંત પરિશ્રમ બાદ તારવી કાઢેલું આ પ્રાણી, એકાએક, બેવડું થઇ ગયું, એ ભાનથી તેને ભય ઉત્પન્ન થયો હતો.

વ્યવસ્થાનો પ્રેમ નાના બાળકોની વિશિષ્ટતા છે. પહેલાં અસ્પષ્ટ જણાતી કોઇક વસ્તુ, દોઢ બે વર્ષનાં બાળકો સ્પષ્ટ જણાવે છે. તેમની આસપાસ તેમને વ્યવસ્થા જોઇએ છે. "મને મારા ઘર પર પ્રેમ છે, તે હમેશાં વ્યવસ્થિત રાખવું મને ગમે

છે." કહેનાર સારી ગૃહિણીના પ્રેમ સાથે આ વ્યવસ્થાના પ્રેમને સરખાવી શકાય નહિ. ગૃહિણી તો ફક્ત બોલ્યાજ કરે છે, પરંતુ નાનું બાળક તો અવ્યવસ્થામાં જીવીજ શકતું નથી. અવ્યવસ્થા તેને અકળાવે છે, તેને વ્યગ્ર કરે છે, અને તેના આ દરદને તે નિરાશામય રૂદનથી અથવા તેનાથી થતી બિમારીના ઉકળાટથી બતાવે છે. મોટાંઓ અને મોટાં બાળકોના લક્ષમાં પણ ન આવે તેવી અવ્યવસ્થાની ખબર, નાનાં બાળકોને, તરતજ પડે છે. તેના બાહ્ય વાતાવરણની વ્યવસ્થા, મોટા થતાં ચાલી જતી ઇન્દ્રિયભાનની અવસ્થાને સ્પષ્ટ અસર કરે છે. વિકાસ પામતા પ્રાણીઓને ઉચિત, મુદતી ઇન્દ્રિયભાનોમાંનું એક ઇન્દ્રિયભાન, જેને આપણે 'શીઘ્ર–ચેતન–કાળ' કહીએ છીએ તે, ચોક્કસ, આ છે. આવા સમયોમાંનો એક અત્યંત અગત્યનો અને ગૂઢ સમય આ છે. બાળકો પ્રકૃતિથીજ અવ્યવસ્થિત છે એવું દરેક માને છે; તેજ સમયે બહારની વ્યવસ્થા પરત્વે બાળકો 'શિઘ્ર–ચેતન–કાળ'માંથી પસાર થાય છે તેમ કહેવું અસાધારણ અને વધારા પડતું લાગે. પોતાની બુદ્ધિ પ્રમાણે બાળકને સ્વચ્છંદી ગણનાર, તેને ન સમજનાર, તેના કરતાં વધારે બળવાન વડીલની માલીકીના વાતાવરણમાં પોતાની પ્રકૃતિ બતાવવાની અશક્તિના સત્યમાં આ વિરોધનું કારણ રહેલું છે. ઘણીવાર આપણે બાળકને અકારણ એટલે સ્વચ્છંદીપણે, મરણીયાની માફક રડતાં શું નથી જોયું ? કોઈપણ રીતે છાનું ન રહેતું–રડતું–નાનું બાળક શું આપણે નથી જોયું ? હજી બાળકના આત્મામાં વડીલોથી ગુપ્ત રહેલાં રહસ્યો છે.

આ ગૂઢ જરૂરીઆતોના અસ્તિત્વ વિશે કેવળ એક માર્ગદર્શક શબ્દથી–એક સૂચનથી–વડીલ બાળ–આત્માનાં પ્રગટીકરણો જોઈ અને જાણી શકશે.

અમારી શાળામાં કંઇક અવ્યવસ્થિત હોય તો, તે, બે વર્ષના બાળકના ધ્યાનમાં આવે છે, અને તેને તે વ્યવસ્થિત કરે છે. નિયમિત રીતે બે વર્ષનાં બાળકો શાળામાં નહિ આવતાં

હોવાથી વારંવાર આવું બનતું નથી. જેમ અમારી શાળામાં વધારાની અનુપયોગી વસ્તુઓ કાઢી નાંખવામાં આવે છે, તેમ બાળકો પણ દરેક વસ્તુ યથાસ્થાને રાખવાની ટેવ પાડતાં શીખે એ જરૂરી છે. તે ઉપરાંત આવી વૃત્તિઓ પ્રગટ કરવા માટે બાળકોને સ્વતંત્રતા પણ હોવી જોઇએ.

પનામાની નહેર ખુલ્લી મુકાઇ તે વર્ષમાં **સાન્ફ્રન્સિસ્કો** પ્રદર્શનના મધ્ય મકાનના મુખ્ય ઓરડામાં ચાલતી ચારે બાજુ કાચવાળી અમારી શાળામાં જનતાના મોટા ભાગે આ ઘટનાનું અવલોકન કર્યું હતું. શાળા બંધ થયા પછી એ વર્ષનું એક બાળક બધી ખુરશીઓ દિવાલને અડાડીને તેમના રોજના સ્થાને ગોઠવતું, તેના કામ દરમિયાન કંઇક મનન કરતું દેખાતું. એક દિવસ એક મોટી ખુરશીને અઢેલીને તે ઉભું હતું; ત્યારે તે અનિશ્ચિત જણાયું, તે ચાલ્યું ગયું, વળી પાછું આવ્યું, અને બીજી ખુરશીઓથી તેને જરાક આઘી મૂકી. બેશક, મોટી ખુરશીની હમેશની જગા આ હતી.

બીજી વખત, ચારેક વર્ષના એક મોટા બાળકથી, બીજા વાસણમાં પાણી રેડતાં, અજાણપણે, જમીન પર થોડાંક ટીપાં ટપક્યાં. મોટા બાળકના ધ્યાન બહાર એક નાના બાળકે એક કપડાનો કકડો લીધો, જમીનપર બેઠું, અને ટીપાં પડતાં ગયાં તેમ તેમ લૂછતું ગયું. પાણીનાં ટીપાં ટપકતાં અટકી ગયાં ત્યારે તે નાના બાળકે પૂછયું, "હવે વધારે નથી?" મોટાએ આશ્ચર્યથી કહ્યું, "વધારે શું?"

જો વાતાવરણ રચાએલું ન હોય, અને બાળક મોટાંઓની વચમાં હોય તો શાન્તિથી પ્રગટ થતાં આ રસમય દર્શનો, દુઃખ, કોયડા, અને તોફાનીપણા રૂપે પરિણમે.

બાળકોની જરૂરીઆતોને પૂરી પાડવામાં આવતાં, આનંદ અને ઉત્સાહથી થતાં ભાવ પ્રદર્શન, નાના બાળકોના ઇન્દ્રિયભાનનાં સ્પષ્ટ ચિહ્નો તરીકે જોવા માટે વડીલે બાળમાનસશાસ્ત્રના આ

સ્વરૂપોનો અભ્યાસ કરવો જોઇએ; અને ખાસ એટલા માટે કે બાળકની વ્યવસ્થાનો શીઘ્ર-ચેતન-કાળ, જીવનના શરૂઆતના મહિનાઓમાંજ દર્શન દે છે. અમારા સિદ્ધાન્તો પ્રમાણે તૈયાર થયેલી આયાઓજ તેના દાખલાઓ આપી શકે. હું એક આયાનો દાખલો આપીશ. મકાનના ચોગાનમાં પાંચ મહિનાના એક બાળકને બાબાગાડીમાં ધીમે ધીમે ફેરવતાં, જૂની, ભૂખરી, દિવાલમાં ગોઠવેલી એક સફેદ આરસની તકતી જોતાં, બાળકે બતાવેલો ખાસ રસ અને આનંદ તેના ધ્યાનમાં આવ્યો. જો કે ચોગાન સુંદર ફુલોથી ભરપુર હતું, છતાંએ જ્યારે તેઓ તકતી પાસે આવતાં ત્યારે તે નાની છોકરી હમેશાં ઉશ્કેરાતી અને ખુશ થતી દેખાતી. તદ્દન નવા જન્મેલા આવા નાના બાળકને આવી વસ્તુ ભાગ્યેજ કાયમી આનંદ આપી શકે, તેમ લાગવા છતાં તે આયા રોજ ત્યાં બાબાગાડીને ઉભી રાખતી

બીજી બાજુએ અમુક અંતરાયો દ્વારા શીઘ્ર-ચેતન-કાળના અસ્તિત્વની પરખ વધારે સરળ છે. અકાળે પરિપકવ થતા ગુસ્સાના મોટી સંખ્યાના દાખલા આવા ઈન્દ્રિયભાનમાંથી કદાચ ઉદ્ભવે છે.

વાસ્તવિક જીવનમાંથી હું થોડા દાખલા આપીશ. એક નાનું કૌટુમ્બિક દ્રશ્ય છે. બાળક ફક્ત થોડા મહિનાનું હતું. તે બધી બાજુથી તેના વાતાવરણને દ્રષ્ટિમાં સમાવે તેવી ઉંચી ઢાળવાળી પથારીમાં સૂવાને ટેવાએલું હતું. શારીરિક આરોગ્યના સિદ્ધાન્ત પ્રમાણે તેનો ઓરડો બાલગૃહ જેવો સફેદ, ધોઇ શકાય તેવો નહોતો, પરંતુ માનસશાસ્ત્રની દ્રષ્ટિએ આરોગ્યપ્રદ હતો. આ ખંડમાં બારીઓના રંગીન કાચ, થોડો સુંદર સરસામાન, ફુલ અને બીજી વસ્તુઓની વચમાં, ઉપર છોડ મૂકેલું, પીળા ટેબલ ક્લોથવાળું ટેબલ હતું. એક વખત કોઈ મળવા આવ્યું અને પોતાની છત્રી ટેબલ પર મૂકી. નાનું બાળક ઉશ્કેરાવા લાગ્યું. છત્રીજ તેનું કારણ હતી; કારણકે એકીટસે તેને જોઇ રહ્યા બાદ તે રોવા લાગ્યું.

તેને છત્રી જોઇતી હતી એવો અર્થ થયો છત્રી તેની પાસે આણી, તેણે તે ધકકેલી દીધી. છત્રી ફરીથી ટેબલ ઉપર મૂકવામાં આવી અને આયાએ ધીરેથી તેને ટેબલ પાસે લઈ જઈ છત્રીની બાજુમાં સુવાડયું; પણ તે તો રડવા અને વધારે ધમપછાડા કરવા લાગ્યું. બાલમાનસથી અપરિચિત અદિક્ષિતે, અકાળે પરિપકવ, જન્મથી જણાતી, ગુસ્સાના આવેશ રૂપ આ પ્રતિક્રિયા ગણી હોત; પરંતુ આ માતાને બાલમાનસશાસ્ત્રનાં શરૂઆતનાં ચિહ્નોનું કંઈક જ્ઞાન હતું; તેથી તેણે ટેબલ ઉપરથી છત્રી લઈ ઓરડાની બહાર મૂકી. તરતજ બાળક શાંત થયું. આ ઉકળાટનું કારણ ટેબલ પર અસ્થાને મૂકાયેલી છત્રી હતી. હમેશ સ્મરણમાં રાખવા ઇચ્છતા તેના દ્રશ્યમાં આથી વિક્ષેપ પડયો હતો.

આ રહ્યો બીજો દાખલો. બાળક વધારે મોટું, આશરે દોઢ વર્ષનું હતું. આ દ્રશ્યમાં મેં પોતે સક્રિય ભાગ ભજવ્યો હતો.

એક વખત **નેપલ્સમાં નીરોના ગ્રોટોને** જોવા જતાં લોકોના ટોળામાં હું પણ હતી અમારી સાથે, બાળકવાળી એક યુવાન માતા હતી. ટેકરીમાં થઇને સીધો જતો ભોંયરાનો ઘણો લાંબો માર્ગ ચાલવા બાળક અશક્ત હતું. થોડા વખત પછી તે ખરેખરૂં થાકયું. તેની માતાએ તેને તેડી લીધું; પણ તેણે પોતાની શક્તિને વધારે માની લીધી હતી. તેને તાપ લાગ્યો. તેનો કોટ કાઢવા અને હાથ ઉપર મૂકવા તે ઉભી રહી. કોટની હેરાનગતિ સાથે તેણે બાળકને ફરી તેડયું; પરંતુ તે રડવા ને વધારે ને વધારે ચીસો પાડવા લાગ્યું. તેની માતાએ તેને શાન્ત પાડવા નિષ્ફળ પ્રયત્નો કર્યા. તે તદ્દન થાકી ગઈ હતી અને હવે ચીડાવા લાગી. બધાના જ્ઞાનતંતુઓ ઉપર પણ આ અવાજની અસર થવા લાગી, અને સ્વાભાવિક રીતે બીજાંઓએ તેને તેડવાની માગણી કરી. ધમપછાડા કરતું અને ચીસો પાડતું બાળક એક હાથમાંથી બીજા હાથમાં પસાર થયું. દરેકે તેની સાથે વાતો કરવા માંડી અને તેને ઠપકો આપ્યો; પણ તે તો ઉલટું વધારેને વધારે વિફર્યું.

બધાંને લાગ્યું કે, આખરે, તેની માતાએજ તેને તેડવું પડશે. હવે ખરેખર, તોફાનીની કક્ષાએ તે પહોંચી ગયું હતું. આ પરિસ્થિતિમાં બીજો કોઇ ઉપાય નહોતો. ભોમીઆએ તો એટલે સુધી કહ્યું, "બાઈ, આવા બાળકને તમારી સાથે એકલા મોકલવાનું તમારા પતિને કેમ સૂઝયું ? લાવો, બાળક મને આપો." તેણે તે બાળકને તેના હાથમાં સખત કડકાઈથી લઇ લીધું; આથી તો તેના ધમપછાડા, ખરેખર, અતિ ઉગ્ર બન્યા.

મેં બાળકના કોયડા અને તેની દરેક પ્રતિક્રિયાનું કાંઈ કારણ હોવું જોઇએ તેનો વિચાર કર્યો અને માતાની પાસે જઇ કહ્યું, "તમને તમારો કોટ પહેરાવવામાં મદદ કરૂં ?" તેણે આશ્ચર્યથી મારા સામે જોયું; કારણકે હજુ પણ તેને તાપ લાગતો હતો. ગૂંચવણમાં તેણે હા પાડી, અને તે પહેરાવવા દીધો. તુરતજ બાળક શાંત પડયું. તેનાં આંસુઓ અને ધમપછાડા બંધ થયા, અને તેણે કહ્યું, "મમી, કોટ," જાણે એમ ન કહેતું હોય, "હા, મમી, કોટ તો પહેરવા માટે છે." તે એમ કહેતું લાગતું હતું; "આખરે તું મને સમજી છું," અને હાથ લાંબા કરીને હસતું હસતું તે તેની માતા પાસે પાછું આવ્યું. પર્યટન પૂર્ણ શાંતિમાં પુરૂ થયું. કોટ પહેરવા માટે છે, નહિ કે ચીંથરાની માફક હાથ પર લટકાવવા માટે. માતાની આ અવ્યવસ્થાએ બાળકને વ્યાકુળ કરતી ખલેલ પહોંચાડી હતી.

અત્યંત પ્રકાશ પાડતા એક બીજા કૌટુમ્બિક દ્રશ્ય વખતે હું હાજર હતી. માંદી માતા સોફા ઉપર આડી પડી હતી. પરિચારિકાએ સોફા ઉપર બે તકીઆ મૂકયા હતા. એકત્રીસ મહિનાની તેની નાની બાળકી તેની પાસે ઉભી રહીને વાર્તા કહેવા માટે તેને આગ્રહ કરી રહી હતી. કઈ માતા આવી માગણીનો ઇન્કાર કરી શકે ? માંદી હોવા છતાં માતાએ વાર્તા શરૂ કરી. નાની બાળકી અત્યંત ધ્યાનથી સાંભળી રહી હતી; પરંતુ માતાની તબીયત એટલી બગડી કે તે ચાલુ રાખી શકી નહિ. તેને ઉઠવું પડયું અને બાજુના ઓરડામાંની પથારીમાં જવા મદદ

લેવી પડી. સોફાને પકડીને બાળક રોવા લાગ્યું. માતાની બિમારીના દુઃખથી અને ભય, દરેકને તેનું રૂદન સ્વાભાવિક લાગ્યું. તેઓએ તેને શાન્ત કરવાના પ્રયત્નો કર્યા, પણ જ્યારે સોફા ઉપરના બે તકીઆ પરિચારિકા બીજા ઓરડામાં લઈ જવા લાગી ત્યારે તે બાળક ચીસો પાડવા લાગ્યું, "તકીઆ નહિ, તકીઆ નહિ." જાણે કે, "કંઇક તો છેવટે તેના સ્થાનમાં રહેવા દો" એમ કહેતું હોય નહિ!

બાળકને તેની માતાની પથારી પાસે લાડથી અને આશ્વાસક શબ્દોથી લઇ જવામાં આવ્યું પોતે માંદી હોવા છતાં, માતાએ તેને શાંત પાડવા વાર્તા ચાલુ રાખી, પણ ડુસકાં ભરતું અને આંસુથી તરબોળ ચહેરાવાળું બાળક, "મમી, સોફા, મમી, સોફા," વારંવાર બોલવા લાગ્યું.

હવે તેને વાર્તામાં રસ નહોતો. તકીઆઓ અને તેની માતાએ તેમનું સ્થાન બદલ્યું હતું. એક ઓરડામાં વાર્તા શરૂ થઇ હતી અને બીજા ઓરડામાં તેનો અંત આવતો હતો. બાળકના મનમાં થતો વિરોધ નાટયદ્રશ્યાનુરૂપ હતો અને તેનું સમાધાન અશકય હતું.

આ દાખલાઓ વ્યવસ્થાની પ્રેરણાની ઉગ્રતા, અને એટલીજ આશ્ચર્યકારક બાળપ્રૌઢતા બતાવે છે. બાળકોના ત્રીજા વર્ષમાં વ્યવસ્થાની ભૂખ, તેના વિનિયોગોના ક્રિયાત્મક, શાંત કાળ સાથે એકરૂપ થઈ, શાંતિનું સ્વરૂપ ધારણ કરે છે. કોઈ વસ્તુ તેની જગાએ ન હોય તો બે વર્ષના બાળકનું ધ્યાન તેના તરફ ખેંચાય છે, અને તે, તેને, તેના સ્થાન ઉપર પાછી મૂકે છે. ખરેખર, અમારી શાળામાં અમારા ધ્યાનમાં આવતી આ એક સૌથી વધારે રસિક વસ્તુ છે. વડીલો અથવા મોટાં બાળકોના પણ ધ્યાનમાં ન આવતી, અવ્યવસ્થાની નાની વિગતો તેને અસર કરે છે. દાખલા તરીકે, જો એક સાબુ, સાબુ મૂકવાની ડબ્બીમાં મૂકવાને બદલે હાથ ધોવાની ઘોડી પર મૂકયો હોય, અથવા

એક ખુરશી વાંકી હોય અગર અસ્થાને હોય તો બે વર્ષના બાળકના ધ્યાનમાં તે તરત આવે છે અને તેને તેના નિયત સ્થાને મૂકવા જાય છે. અવ્યવસ્થાથી તેનામાં આવેશમય ઉત્તેજના અને ક્રિયાપ્રેરક ફરમાન આવે છે; પરંતુ વસ્તુઓને વ્યવસ્થિત રીતે મૂકવાથી, તેને મળતો સાચો આનંદ તેથીએ કંઇક વધારે છે. ત્રણ ચાર વર્ષનાં બાળકો પણ તેમની રમત અથવા તેમની પ્રવૃત્તિ પૂરી કર્યા બાદ દરેક વસ્તુને નિયત સ્થાને પાછી મૂકે છે અને આ કાર્ય બીજી પ્રવૃત્તિઓ જેટલુંજ સ્પષ્ટ, સ્વયંસ્ફુરિત અને આનંદદાયક હોય છે, તે અમે અમારી શાળામાં જોયું છે.

વ્યવસ્થા–એટલે પોતપોતાના નિયત સ્થાનેજ સઘળી વસ્તુઓ. તેનો અર્થ એ કે, બાળકની આસપાસનાં સાધનોની ગોઠવણીનું ભાન, અને દરેકે દરેક વસ્તુના નિયત સ્થાનનું સ્મરણ. આ રીતેજ બાળક તેના વાતાવરણથી પરિચિત થઈ શકે અને તેની બધી ઝીણી વિગતોને ધ્યાનમાં રાખી શકે. આંખો બંધ રાખીને પણ જ્યારે આપણે આપણો માર્ગ લઈ શકીએ અને જોઇતી વસ્તુઓને તરતજ મેળવી શકીએ, ત્યારેજ આપણા મનને વાતાવરણ સુગમ થયું છે એમ કહી શકાય. જીવનનાં સુખ અને શાન્તિને માટે આવું સ્થાન જરૂરી છે.

સ્પષ્ટ રીતે, બાળકોનો **વ્યવસ્થાનો પ્રેમ**, વડીલો તે શબ્દોનો અર્થ કરે છે તેના કરતાં કંઈક વધારે છે. અમુક ઉમરની તે પ્રાણદાયક જરૂર છે. આ વખતે અવ્યવસ્થા દુ:ખકર છે અને આત્માના ઉંડાણમાં ઘા માર્યા જેવી લાગે છે. બાળક તેથી કહી શકે, "મારી આસપાસ વ્યવસ્થા નથી ત્યાં સુધી હું **જીવી** શકીશ નહિ." ખરેખર, તેને માટે તો આ જીવન મરણની વાત છે. મોટાં માટે તો તે ફકત બાહ્ય આનંદનો પ્રશ્ન છે; વત્તે ઓછે અંશે બેદરકારીભર્યા આરામનો પ્રશ્ન છે; પરંતુ બાળક તો તેના વાતાવરણના તત્વોમાંથી તેની જાતને **ઘડે છે** અને આ આત્મ-

ઘડતર કોઇક અનિશ્ચિત સૂત્રથી સંપૂર્ણ થતું નથી, પણ ચોક્કસ અને નિશ્ચિત દોરવણીને અનુસરી થાય છે. જ્યાં તંદુરસ્તી અને બિમારી, જીવન અને મરણ ભાગ ભજવી રહ્યાં છે ત્યાં કુદરતનું માર્ગદર્શન, પ્રબળ શિસ્તથી તેનો કાર્યક્રમ અને સમયપત્રક ફરજીયાત કરે છે. પૃથ્વી પર રહેલાં પ્રાણીઓને આરામ લેવા માટે મેદાનની જેટલી જરૂર છે, માછલીને પાણીની જેટલી જરૂર છે, તેટલીજ નાના બાળકને આગળ વધવા માટે વ્યવસ્થાની જરૂર છે. બાળકનો આત્મા આગળ વિજયો મેળવી શકે તેવાં, વાતાવરણને પરિચિત કરાવતાં તત્વો, તેણે છેક નાની ઉમરમાં પ્રાપ્ત કરવાની જરૂર છે.

વ્યવસ્થાના આવેશની આ લાક્ષણિકતાઓ બાળકની રમતોમાં પ્રગટ થાય છે. જીનીવમાં પ્રો. કુલેપરેડનો હોદ્દો સંભાળતા સ્વીસ મનોવિજ્ઞાની પ્રો. પીઆજેટે પોતાના બાળકો પર રસિક પ્રયોગો કર્યા છે. આરામખુરશીની ગાદી નીચે તે અમુક વસ્તુ મૂકી દેતા; પછી, બાળકોને બહાર મોકલીને સામી પડેલી આરામ ખુરશીની ગાદી નીચે તે વસ્તુ ગોઠવી દેતા. તેના મૂળ-સ્થાને શોધવામાં નિષ્ફળ થવાથી બાળક તેને માટે વધુ પ્રયાસ કરશે, એ માન્યતાથી શોધને વધારે સરળ કરવા તેમણે તેના જેવીજ બીજી સંતાડવાની જગામાં તે મૂકી. "તે હવે અહીં નથી." એવું તેની બાળ–ભાષામાં બોલતાં બોલતાં બાળકે પહેલી ખુરશીની-ગાદી ખસેડવાનું કાર્ય કર્યા કર્યું. ધારેલી પ્રતિક્રિયા–અદ્રશ્ય વસ્તુની શોધ–થઈ નહિ. પ્રોફેસરે આ પ્રયોગ ફરીથી કર્યો; પણ આ વખતે તેમણે એ વસ્તુને બાળકના દેખતાં એક ખુરશીમાંથી બીજી ખુરશીમાં મૂકી, પરન્તુ બાળકે તો, "અહીં નથી" બોલી પહેલાંની માફક ક્રિયા કર્યા કરી. પ્રોફેસર, પોતાનું બાળક મૂર્ખ છે એવું અનુમાન કરવાની અણી ઉપર હતા અને અધિરાઇથી, "હું ત્યાં મૂકું છું તે તું જોતો નથી?" કહી બીજી ખુરશીની ગાદી લગભગ ઉંચી કરતા હતા ત્યાં પહેલી ખુરશી બતાવતાં બાળકે કહ્યું, "હા, પણ તે તો **અહીંજ** હોવી જોઇએને!"

કંઇ પણ શોધવાનો બાળકનો વિચાર હતોજ નહીં. શોધવાથી તેને લેવાદેવા નહોતી. તેની તેજ જગાએ તે વસ્તુ પાછી આવવી જોઇએ, તેની જ તેને પરવા હતી અને પ્રોફેસર પોતે જ રમત સમજ્યા નહોતા, એ અનુમાન કરવાનો કદાચ હવે તેનો વારો હતો. એક જગાએથી એક વસ્તુ લઇને તેની તેજ જગાએ તે પાછી મૂકવી તેજ શું રમત નહોતી! ગાદી નીચે દ્રષ્ટિ બહાર વસ્તુ મૂકવાનું તેના પિતાએ કહેલું, તેજ "સંતાડયું" ગણાય. પણ વસ્તુજ જો પાછી ત્યાં ન મૂકાય તો રમતની મઝા કયાં?

તદ્દન નાનાં બાળકો (બે થી ત્રણ વર્ષ વચ્ચેનાં) સાથે સંતાકુકડીની રમત રમતાં મને પણ ભારે આશ્ચર્યનો અનુભવ થયો. આવી રમતોમાં બાળકો હંમેશાં આતુર, આનંદી અને આશાવાદી હોય છે. આ બધાં પણ તેવાં જ હતાં, તેમની રમત આ હતી: બીજાં બધાંની હાજરીમાં એક બાળક લાંબા ટેબલ–કલોથથી ઢંકાયેલા ટેબલ નીચે સંતાઇ જતું; પછી બધાં બહાર જતાં, પછી પાછાં આવી ટેબલકલોથ ઉચું કરી, નીચે સંતાયેલા પોતાના ગોઠીયાને શોધી કાઢી, આનંદના પોકારો કરતાં. ફરીને ફરી આનું જ પુનરાવર્તન તેઓ કરતાં. દરેક કહેતું, "હવે મારો વારો," અને ટેબલકલોથ નીચે ભરાઇ જતું. બીજે સમયે મોટાં બાળકો સાથે એક નાના બાળકને રમતાં મેં જોયું. તેમણે તે નાના બાળકને સોફા પાછળ સંતાડયું, અને પાછા આવી જાણે તેને ન જોયું હોય તેમ ઢોંગ કરીને આમતેમ શોધવા લાગ્યાં. નાનું બાળક ત્યારે એકદમ બોલી ઉઠયું; "હું અહીં છું" જાણે એમ કહેતું ન હોય, "હું કયાં હતું તે શું તમે જોયું નહિ!"*

---

* આજ સત્ય વસ્તુનું એલીસ મેનેલ સુન્દર વર્ણન આપે છે. નાના બાળકો, તે કહે છે, "એક કે બે વર્ષ સુધી આશ્ચર્ય માટે આતુર હોતાં નથી." જો તમે કાંઈ સંતાડો અને તે વસ્તુને સંતાડતાં તેમણે તમને જોયાં ન હોય તો, તમને શોધી કાઢયાનો તેમનો આનંદ પ્રમાણમાં ઓછો છે, પણ તમે કયા કબાટમાં ભરાઇ બેઠાં છો, તે તેમને જોવા દો તો, તેઓ શોધની બુમો પાડતાં પાડતાં તમને શોધી કાઢશે. સંતાવાની જગાને બન્ને

એક દિવસ હું પોતે આવી રમતમાં જોડાઈ. બારણાની પાછળ સંતાયેલા તેમના સાથીને શોધી કાઢવાથી, તાળીઓ પાડતું, અને આનંદથી બૂમાબૂમ કરતું, બાળકોનું ટોળું મેં જોયું. "અમારી સાથે રમો ! તમે સંતાઇ જાઓ !" એવી આજીજી કરતાં તેઓ મારી આજુબાજુ વિંટળાઇ વળ્યાં. મેં રમવાનું કબુલ કર્યું. હું ક્યાં સંતાઇશ તે જાણવા, જાણે, ઇચ્છતાં ન હોય તેમ તે બધાં બહાર જતાં રહ્યાં. બારણાની પાછળ સંતાવાને બદલે કબાટની પાછળનો અંધારો ખૂણો મેં પસંદ કર્યો. પાછાં આવી બધાં મને બારણાંની પાછળ શોધવા દોડયાં, થોડીવાર મેં રાહ જોઇ. હવે તેઓ મને શોધશે નહિ, તેમ લાગવાથી હું મારી સંતાવાની જગાએથી બહાર આવી. બાળકો બધાં ઉદાસીન અને નિરાશ થઈ ગયાં હતાં, અને મને ઠપકો આપી પૂછવા લાગ્યાં, "અમારી સાથે તમે કેમ ન રમ્યાં ! તમે સંતાઇ કેમ ન ગયાં !"

રમતનો હેતુ આનંદ છે એ સત્ય હોય (અને ખરેખર, મૂર્ખાઇભરી લાગતી તેમની આ રમતના પુનરાવર્તનમાં આ બાળકોને સંપૂર્ણ આનંદ મળતો) તો અમુક ઉમરે જ્યાં વસ્તુ મૂકી હોય ત્યાંથીજ શોધી કાઢવામાં તેમને ખાસ આનંદ મળે છે, તે આપણે સ્વીકારવું જોઇએ. કોઇ વસ્તુ દ્રષ્ટિ બહાર મૂકવી એટલે

સારી રીતે જાણે તેટલું તે નાટક વધારે આનંદપ્રદ થાય છે. તેમની રમત માટે કલાનું રૂઢ સ્વરૂપ તેઓ રચે છે. જેમ બાળકો નાનાં તેમ તેમની દશ્યપરંપરા વધતી જાય છે. ધમણની માફક શ્વાસોશ્વાસ લેતાં બાળકોનાં હર્ષના પોકારોથી આખું ઘર ભરાઈ જાય છે, ત્યારે તે સઘળું ધાંધલ, તેઓને જ્યાં સંતાઈ રહેવાનું બતાવવામાં આવ્યું હોય ત્યાંથી શોધી આશ્ચર્ય પામવાના તેમના દેખાવમાંથી ઉત્પન્ન થયેલું હોય છે. કદીએ થકવે નહી તેવું હાસ્યપ્રધાન નાટક આ છે. આનું સૌન્દર્ય નહીં સમજનાર વડીલો ધ્યાનમાં રાખે કે આને બદલે તેઓ વધારે બુદ્ધિયુક્ત રમત ગોઠવવાનો પ્રયત્ન કરશે તો તેમને ખબર પડશે કે બાળકો પણ એક પ્રકારનું પ્રતિનિધાન કરી તેઓના કુદરતી પ્રબળ શોરબકોરને બદલે મન વિનાનું હાસ્ય કરી શકે છે.

તેમને મન સંતાડવું. જે વસ્તુ દ્રષ્ટિગોચર છે તેમાંજ કેવળ નહિ; પણ જે દ્રષ્ટિની બહાર છે તેમાં પણ ફરીને ફરી શોધવાથી વ્યવસ્થાનું ભાન થાય છે. તેઓ આથી કહી શકે કે "તમે જોઈ શકતા નથી, પણ તે કયાં છે તે હું જાણું છું. મારી આંખો બંધ કરીને પણ હું તેને શોધી શકું; તે કયાં મૂકાઈ છે તેની ખાત્રી આપી શકું."

નાનાં બાળકોને પ્રકૃતિ, આંતરિક ભાન પર રચાયેલી વ્યવસ્થાનું મૂળભૂત ઈન્દ્રિયભાન આપે છે. આ ઇન્દ્રિયભાન વસ્તુઓ વચ્ચે રહેલી ભિન્નતાનું નહિ પરંતુ વસ્તુઓના સંબંધમાં રહેલી ભિન્નતાનું ભાન કરાવે છે. આથી તે પરસ્પરાવલંબી વિભાગો સહિત સમગ્ર રૂપે વાતાવરણને જૂએ છે. આવા સમગ્ર ઓળખાએલા વાતાવરણમાંજ હેતુપુરઃસર પ્રવૃત્તિ કરવાનું અને પોતાની જાતને તેનાથી પરિચિત કરવાનું બાળક માટે સંભવિત છે. તેના વિના તેના સંબંધોનું દર્શન રચવાનો પાયો તેની પાસે નથી. સરસામાન હોવા છતાં તે મૂકવાને મકાન ન હોય તેવું આ છે. વ્યવસ્થિત સંબંધને જોડનાર ક્રમ વિના, બાહ્ય વસ્તુઓના ભંડોળનો શો ઉપયોગ થઇ શકે? મનુષ્ય કેવળ જૂદી જૂદી વસ્તુઓજ જાણે અને તેમનો પરસ્પર સંબંધ ન જાણે તો તે વસ્તુઓના અણઉકલ્યા ગોટાળામાંજ પડશે. મનુષ્યમાં જણાતી જગતમાં પોતાનો માર્ગ શોધી લેવાની, જગતથી પરિચિત થવાની, પ્રકૃતિની ભેટરૂપ શક્તિ બાળકના શ્રમને આભારી છે. ભૌગોલિક નકશાઓનો અભ્યાસ કરવા શિક્ષક જેમ વર્ગનો નકશો બાળકને પહેલો બતાવે છે તેમ શીઘ્ર–ચેતન–કાળમાં કુદરત વ્યવસ્થાનો પહેલો પાઠ આપે છે; અથવા એમ કહીએ કે આ પહેલો પાઠ આપી કુદરતે મનુષ્યને જગતથી પરિચિત થવા દિશાસૂચક હોકાયંત્ર આપ્યું છે. જે ભાષામાં અનંત વિકાસની શક્તિ છે, અને જે યુગોના યુગો સુધી મોટાંઓથી વિકસવાની છે, તે ભાષાને રચતા અવાજોની બરાબર પુનરૂક્તિ કરવાની શક્તિ કુદરતે બાળકોને આપી છે. મનુષ્યનું મન શુન્યમાંથી ફુટી નીકળતું નથી. બાળકે

શીઘ્ર-ચેતન-કાળમાં રચેલા પાયા ઉપર તે ઘડાયેલું છે.

આંતરિક જ્ઞાન-પ્રાપ્તિ

વ્યવસ્થામાટેનાં બાળકનાં ઇન્દ્રિયભાનનાં એક સામટાં બે સ્વરૂપો છે. બાહ્ય સ્વરૂપ, તેના વાતાવરણના વિભાગોની વચ્ચેના સંબંધોને લગતું છે. આંતરિક સ્વરૂપ, તેના શરીરના વિભાગોનું, તેની ગતિ અને સ્થિતિનું ભાન કરાવે છે. આ પાછલા સ્વરૂપને આપણે તેની આંતરિક જ્ઞાન-પ્રાપ્તિ કહીએ છીએ.

આ આંતરિક જ્ઞાન-પ્રાપ્તિ ભારે શોધખોળનો વિષય છે. પ્રાયોગિક માનસશાસ્ત્રીઓ બાળકને તેના જુદા જુદા અવયવોની સ્થિતિનું ભાન કરાવે તેવા સ્નાયુઓના જ્ઞાનનું વર્ણન કરે છે. એ જ્ઞાન ભાનપૂર્વકની ગતિના અનુભવ પર રચાયેલા શુદ્ધ યાન્ત્રિક સિદ્ધાન્તના પાયારૂપ ગણવામાં આવે છે. દાખલા તરીકે, આપણે આપણો હાથ કંઇક પકડવા લંબાવીએ તો આ ગતિને જાણીએ છીએ, સ્મરણમાં લઇએ છીએ, અને તેનું પુનરાવર્તન કરીએ છીએ.

તેથી ઉલટું, સ્વતંત્ર રીતે હલનચલન કરી શકે અને કોઈ પણ જાતના પ્રયોગો કરી શકે, તેનાથી લાંબા સમય પહેલાં, તેના શરીરની સ્થિતિને અંગે બાળકે ઘણાજ વિકસેલા શીઘ્ર-ચેતન-કાળના અસ્તિત્વની સાબિતી આપી છે; એટલે કે પ્રકૃતિ, શરીરની સ્થિતિ અને વલણ સંબંધી ખાસ ઇન્દ્રિયભાન તૈયાર કરે છે.

જુના સિદ્ધાન્તો જ્ઞાનતંતુઓના યન્ત્રવિભાગનો વિચાર કરતા, પરંતુ શીઘ્ર-ચેતન-કાળનો સંબંધ માનસશાસ્ત્રીય બનાવો, આધ્યાત્મિક પ્રકાશો અને આંતરજાગૃતિનો માર્ગ તૈયાર કરતાં સ્પંદનો સાથે છે. અનાસ્તિત્વમાંથી શરૂ કરી, આખરે બાળકનું માનસિક જગત ઘડનારાં, મૂળભૂત તત્ત્વોને અસ્તિત્વમાં લાવનાર તે શક્તિઓ છે. મૂળે તો, આ શક્તિઓ કુદરતી ભેટ તરીકે હોય છે અને ભાનપૂર્વકના પ્રયોગો તેમના વિકાસમાં કેવળ વધારો કરે છે.

જ્યારે બાળકના વાતાવરણની પરિસ્થિતિઓ, તેના સર્જનાત્મક વિજયોની શાન્ત ઉત્ક્રાન્તિમાં નડે છે, ત્યારે કેવળ અસ્તિત્વની નહિ, પણ આ શીઘ્ર–ચેતન–કાળની તીવ્રતાની નકારાત્મક સાબિતીઓ આપણને મળે છે. બાળક પછી તીવ્ર અને ઘણી વખત પ્રચંડ ખળભળાટનો ભોગ બને છે. સતત રૂદન અને ગુસ્સાના રૂપમાં આ દેખાય છે, એટલુંજ નહિ પરંતુ બિમારી તરીકે પણ જણાય છે; અને આ પ્રતિકૂળ પરિસ્થિતિઓ દૂર કરવામાં ન આવે તો, ઉપાયના સર્વ પ્રયત્નો નિષ્ફળ જાય છે. જે પળે આ મુશીબત દૂર કરવામાં આવે છે તેજ પળે, આ ગુસ્સો, આ બિમારી જતી રહે છે. અસ્વાભાવિક ઘટનાના કારણની આ સ્પષ્ટ સાબિતી છે.

એક અંગ્રેજ આયાએ મને એક રસિક દાખલો આપ્યો હતો. તે થોડાક દિવસ માટે રજા લેવાની હતી, અને તેથી તેની જગાએ તેણે તેટલીજ કુશળ બીજી આયાને બાળકની સંભાળ માટે મૂકી હતી. આ આયાને બાળકને નહરાવવાનો વખત થયો ત્યાં સુધી તો બધું કાર્ય બરાબર સરળ રીતે ચાલતું લાગ્યું, પણ ત્યારપછી બાળક હાથથી ગયું. તે ફક્ત ચીસો પાડવા લાગ્યું એટલુંજ નહિ, પરન્તુ આયાના હાથમાંથી છૂટા થવા માટે ધમપછાડા પણ કરવા લાગ્યું. આ દરમિયાન આયાએ બહુજ વધારે કાળજીથી તેના સ્નાનની તૈયારીઓ કરી પણ તે નિરર્થક નીવડી. ધીમે ધીમે બાળક આયાને ધિક્કારતું થઇ ગયું. તેની આગલી આયા આવતાં પાછું તે પૂરેપૂરૂં ડાહ્યું અને શાન્ત થઈ ગયું, અને તેને ન્હાવામાં લહેર પડતી લાગી. આ આયા અમારા સિદ્ધાન્તોથી કેળવાએલી હતી અને તેથી માનસશાસ્ત્રીય મુદ્દો શોધવામાં તેને રસ હતો. બાળપણનો કયો કોયડો આ ઘટનાને સ્પષ્ટ કરી શકશે તે શોધવાની તેને ચીવટ હતી. ઘણીજ ધીરજથી, આટલી નાની ઉમરે બાળકે ઉચ્ચારેલા અપૂર્ણ શબ્દોમાંથી તેણે અર્થ શોધવા માંડયો. તેણે બે વસ્તુઓ શોધી કાઢી. એક તો તે બાળકે પેલી આયાને ખરાબ ગણી હતી તે, અને બીજું શા માટે બાળકે તેને ખરાબ ગણી તે. આ આયા તેને

પહેલી આયાના કરતાં ઉલટી રીતે ન્હવરાવતી હતી. પરસ્પરની નોંધની સરખામણી કરતાં બન્ને આયાઓને જણાયું કે પહેલી આયા બાળકના માથા નીચે જમણો અને પગ નીચે ડાબો હાથ રાખતી; જ્યારે બીજી આયા એથી ઉલટુંજ બાળકના માથા નીચે ડાબો અને પગ નીચે જમણો હાથ રાખતી હતી. આથી ટબને છેડે બાળક જ્યાં પગ મૂકવાને ટેવાયું હતું ત્યાં તેને તેનું માથું મૂકાયેલું લાગ્યું.

એક વખત, હું એક દરદીની ચિકિત્સામાં સંડોવાઇ હતી. ડાકટર તરીકે મને સીધી બોલાવી નહોતી; પરન્તુ જે બન્યું તેની સાક્ષીભૂત હું હતી. એક કુટુમ્બ લાંબી મુસાફરીમાંથી તાજેતરમાં પાછું ફર્યું હતું. તેમનું એક બાળક ઘણુંજ નાનું હતું. તે મુસાફરીનો અતિશ્રમ સહન કરવા માટે અશક્ત હતું તેવો તેમનો તથા તેમના સગાંસંબંધીઓનો અભિપ્રાય હતો. તેની માતાએ તો કહ્યું કે આખીએ મુસાફરી દરમિયાન કંઈજ મુશ્કેલી પડી નહોતી. રાત્રે તેઓ સરસ હોટેલમાં રહેતાં, અને બાળક માટે ખોરાક અને જરૂરી ઘોડિયાં સુદ્ધાંની બધી વસ્તુઓની સગવડ તેમને માટે થતી. હવે તેઓ આરામદાયક સજેલા મકાનમાં રહેતાં. અહીં ઘોડિયું નહોતું. બાળક તેની માતા સાથે મોટા પલંગમાં સૂતું હતું. રાત્રે અસ્વાથ્ય અને અજીર્ણની બેચેનીથી દરદ શરૂ થયું. તેની ચીસો કબજીઆતના દરદને લીધે હશે માની, તેને રાત્રે આમ તેમ ચલાવ્યું. નિષ્ણાત ડાકટરોની સલાહ લેવામાં આવી. એકે તો પોષક તત્વોનો અત્યંત કાળજીથી બનાવેલો આધુનિક ખોરાક ફરમાવ્યો. સૂર્યસ્નાન, ખુલ્લી હવા, અને એવી બધીજ આધુનિક શારીરિક પદ્ધતિઓથી તેને જરાએ આરામ થયો નહિ. બાળકનું દરદ વધતું હતું. સમસ્ત કુટુંબની રાતો આ રીતે નિરાશાભર્યા જાગરણમાંજ પસાર થતી. છેવટે આંચકી પણ શરૂ થઇ. પથારીમાં હોય ત્યારે બાળક ભયંકર આંચકીઓથી ઉધુંચતું થઇ જતું. આવી આંચકી દિવસમાં બે ત્રણ વખત આવતી. ભાષાથી પોતાનું દરદ જણાવવા માટે બાળક

ઘણુંજ નાનું હતું. આથી તેનું ખરૂં દરદ જાણવામાં મોટામાં-મોટી ખોટ–ભાષાની મદદની-હતી બાળકોનાં જ્ઞાનતંતુઓનાં દરદોના સૌથી વધારે જાણીતા નિષ્ણાતોમાંના એકને સલાહ માટે બોલાવવાનું નક્કી થયું. અહીં હું વચ્ચે પડી. બાળક તંદુરસ્ત જણાતું હતું અને તેના માતા પિતાના કહેવા પ્રમાણે આખીએ મુસાફરી દરમિયાન તંદુરસ્ત અને આનંદી હતું; તેથી તેના આ ચિહ્નોનું કારણ બાળપણનો એક માનસશાસ્ત્રીય કોયડો હોય એ સંભવિત હતું. એકાએક, તે વખતે મને આંતરપ્રેરણા થઇ. મોટા પલંગમાં બાળક અકળાતું હતું. મેં બે આરામ ખુરશીઓ લીધી અને તેમને સામસામી ગોઠવી. આથી એક પ્રકારના પલંગ જેવું થયું અને તેના હાથાઓએ કઠેરાની ગરજ સારવાથી તે એક પારણા જેવું બન્યું. તેમાં મેં રજાઇ ગોઠવી અને તેના પર ચાદર પાથરી બોલ્યા વિના પલંગ પાસે તેને ઘસડી ગઇ. બાળકે તે તરફ જોયું, રડતું બંધ થઇ ગયું, અને પથારીના ખુણા સુધી આળોટતું આળોટતું આવી, આ તરત બનાવેલા પારણામાં તેણે પડતું મૂક્યું, અને "હાલા, હાલા" બોલતું તરતજ ઉંઘી ગયું. દરદનાં ચિહ્નો ફરી કદીએ દેખાયાં નહિ. તેનું ઘોડિયું કાઢી નાંખી તેને મોટાને માટે બનાવેલા પલંગમાં સુવાડયું, તે ત્રાસ-દાયક અવ્યવસ્થાના બનાવનો તે પોતાની રીતે વિરોધ કરતું હતું.

નાના ઘોડિયામાં તેનું આખું શરીર ઢંકાતું હતું અને તેના બધાં અવયવોને આધાર મળતો હતો, તેનું બાળકને સ્પષ્ટ ભાન હતું. મોટા પલંગમાં તેને એવો કોઇ આશ્રય મળતો નહોતો, તેથી તેના આંતરિક પરિચયમાં અવ્યવસ્થા પરિણમી. આટલા બધા ડાકટરના હાથમાં જઈ દરદ સહન કરવાનું કારણ પણ આ અવ્યવસ્થાજ હતી. શીઘ્ર–ચેતન–કાળની આવી શક્તિ છે. તેમાં સર્જનાત્મક પ્રકૃતિનું મહાન બળ છે.

આપણે જેમ વ્યવસ્થાને અનુભવીએ છીએ તેમ બાળક અનુભવતું નથી. આપણે અનેક પ્રકારોની અસરોથી સમૃદ્ધ

છીએ, અને તેથી તે તરફ બેદરકાર રહીએ છીએ; પરંતુ બાળક આવા પ્રકારની સમૃદ્ધિ વિનાનું છે. તે શૂન્યમાંથી આવે છે. તેનાં બધાં કાર્યો શૂન્યમાંથી શરૂ થાય છે. કેવળ સર્જનના શ્રમનેજ તે જાણે છે, અને તેના વારસો તરીકે આપણને બધું આપી જાય છે. તેની અતિશય પરસેવો નીતરતી મજૂરીથી સમૃદ્ધ બનેલા પુરૂષના બેભાન પુત્રો જેવા આપણે છીએ, અને તેણે સહન કરેલાં ઘર્ષણો અને મહેનત વિશે આપણને કાંઇપણ જ્ઞાન નથી. આપણે કૃતઘ્ન અને કેવળ લાગણીહીન છીએ; અને સમાજમાં આપણું સ્થાન નિશ્ચિત થયેલું છે, તથા આપણને જોઇતું સઘળું મળવાથી આપણે વડપણનું વલણ ધરાવીએ છીએ. બાળકે આપણે માટે બુદ્ધિ વિકસાવી, ઈચ્છા શક્તિ ઘડી, આપણા ઉપયોગ માટે સ્નાયુઓ જોશીલાં બનાવ્યા છે. તે સૌનો ઉપયોગ કરવાનુંજ આપણે માટે તો બસ છે. જગતમાં આપણે આપણો માર્ગ શોધી શકીએ છીએ કારણકે તેમ કરવાની શક્તિ તેણે આપણા ચરણે ધરી છે. આપણને આપણી જાતનું ભાન થાય છે, કારણ કે તેણે આવું ભાન તૈયાર કર્યું છે. આપણે સમૃદ્ધ છીએ, કારણ કે શૂન્યતામાંથી આપણા જીવનના સઘળા પાયાઓ રચનાર બાળકના આપણે વારસો છીએ. શૂન્યમાંથી શરૂઆતનું પગલું, તે પહેલા પગલાના અપાર પ્રયત્નો, આપણે માટે બાળકે કર્યા છે. સર્જનની કક્ષાએ બને છે તેમ જીવનના ઝરણાની અત્યંત નજીક હોવાથી તે ક્રિયા ખાતરજ ક્રિયા કરે છે અને તેનું ભાન પણ આપણને તે કરાવી શકતું નથી; અથવા આપણામાં તેનું સ્મરણ પણ જગાવી શકતું નથી.

ખીલતી બુદ્ધિ

બાળકની બુદ્ધિ, બહારથી ધીમે ધીમે ઘડાયેલું કંઈક નથી, એમ તેણે આપણને બતાવ્યું છે; છતાંયે યંત્રવાદી માનસશાસ્ત્રની આજસુધીની આવી માન્યતા હતી, અને તેથી તે શુદ્ધ વિજ્ઞાન અને કેળવણી બન્ને ઉપર, અને તે રીતે બાળકની સંભાળ ઉપર

હજીસુધી મોટા પ્રમાણમાં વ્યવહારિક અસર કરે છે. બાહ્ય વિષયોની-છાપ ભાનનાં બારણાં ઠોકે છે, અને બાહ્ય આવેગથી ધકકેલાઇને મોટે ભાગે બળજબરીથી અંદર ઘુસે છે. આખરે માનસિક કક્ષાએ તે એકઠાં થાય છે, અને ધીમે ધીમે નિયંત્રિત વ્યવસ્થા બનીને મગજને ઘડે છે, એમ આ પક્ષના માનસશાસ્ત્રીઓ પ્રતિપાદન કરે છે. માનસશાસ્ત્રીય દ્રષ્ટિએ બાળક કેવળ નિષ્ક્રિય, તેના વાતાવરણને સ્વાધીન, અને તેથી મોટાંના સંપૂર્ણ કાબુમાં છે, એવી તેમની પૂર્વમાન્યતા છે. આ વિચાર તેમના બીજા સામાન્ય સ્વીકૃત સિદ્ધાન્ત,—માનસિક દ્રષ્ટિએ બાળક ફક્ત નિષ્ક્રિયજ નથી પરંતુ જુના કેળવણીકારો કહેતા તેમ, ખાલી વાસણની માફક તેને ભરવાનું અને ઘડવાનું છે—તેનાથી પરિપૂર્ણ થાય છે.

અમારા અનુભવો અમને મગજના ઘડતરમાં વાતાવરણનું મહત્વ જરાએ ઉતરતું ગણવા દેતા નથી. અમે અમારા શિક્ષણ-શાસ્ત્રમાં વાતાવરણને અત્યંત મહત્વનું ગણી તેને અમારી પદ્ધતિનું કેન્દ્ર બનાવ્યું છે, અને પહેલાંની કોઇ પણ કેળવણીની પદ્ધતિ કરતાં અમે બાળકના ઇન્દ્રિયજીવન ઉપર વધારે મૂળભૂત અને પદ્ધતિસરનું ધ્યાન આપીએ છીએ. બાળક નિષ્ક્રિય છે એ જૂની માન્યતા અને સત્ય હકીકત વચ્ચે બહુજ બારિક તફાવત છે. બાળકના આંતરિક ઇન્દ્રિયભાનના અસ્તિત્વમાં આ તફાવત રહેલો છે. લગભગ પાંચ વર્ષની ઉમરનો લાંબો શીઘ્ર- ચેતન—કાળ છે. આ સમય બાળકને તેના વાતાવરણની છબી ગ્રહણ કરવાની, ખરેખરી, અદ્‌ભૂત શક્તિ આપે છે. ઇન્દ્રિયો દ્વારા આ છબિઓનો સક્રિય સમાવેશ કરનાર બાળક એક નિરીક્ષક છે; અને દર્પણની માફક છબિઓને તે ગ્રહણ કરે છે, તે કહેવા કરતાં આ ઘણું જુદું છે. નિરીક્ષકના અર્થમાં કેટલીક છબિઓને છોડી, અમુક જ છબિઓની આ પ્રમાણે પસંદગી કરવા ખાસ રૂચિ અને લાગણીથી દોરાયેલા એક આંતરિક આવેગનો સમાવેશ થાય છે. કોઇ પણ મનુષ્ય, તેની સઘળી વિગતમાં કોઇ વસ્તુ જોઇ શકતો નથી, પણ તેની લાગણી અને રૂચિથી દોરાઇ, દરેક, કેવળ, એક

વિભાગજ જોઈ શકે છે, એમ કહી વિલીયમ જેમ્સ આજ વિચાર સ્પષ્ટ કરે છે. જુદાં જુદાં માણુસો એક જ વસ્તુનાં જુદાં જુદાં વર્ણુનો આજ કારણુથી આપે છે. જેમ્સ આનો એક રમૂજી દાખલો આપે છે. તમે મનગમતો સૂટ પહેરીને રસ્તે જતાં, સારાં કપડાં પહેરેલાં બીજાં માણુસો તરફ એટલી હદ સુધી ધ્યાન આપો છો કે તમે પોતે જ, કદાચ, કચરાઈ જવાનું જોખમ ખેડો છો.

તેના વાતાવરણુને રચતી છબિઓના અનંત મિશ્રણુમાંથી કઈ અભિરૂચિ નાનાં બાળકોને પસંદગી કરવા તરફ દોરે છે, તે સવાલ અહીં ઉભો થાય છે. જેમ્સના કહેવા પ્રમાણે બાહ્ય કારણોના રસથી બાળકને અસર થશે નહિ, તે સ્વતઃ સિદ્ધ છે; કારણુ કે હજુસુધી તેને તેનો અનુભવ નથી. બાળક શૂન્યમાંથી શરૂ કરે છે. પોતાનીજ શક્તિઓથી આગળ ધપતું તે સક્રિય પ્રાણી છે. આપણે મૂળ મુદ્દો જોઈએ. શીઘ્ર–ચેતન–કાળની આંતરિક ક્રિયાઓ બુદ્ધિરૂપી ધરીની આસપાસ થાય છે. આવી બુદ્ધિમત્તા કુદરતી સર્જનાત્મક ક્રિયા તરીકે ગણાવી જોઈએ. તે ધીરે ધીરે કળીરૂપ બને છે; વિકાસ પામે છે, અને તેના વાતાવરણુમાંથી ગ્રહણુ કરેલી છબિઓમાંથી વાસ્તવિક સ્વરૂપ ધારણુ કરે છે.

આદિકાળની શક્તિ, અનિવાર્ય બળ અહીં છે. બુદ્ધિની સેવામાં છબિઓ એકદમ અમુક ઘાટમાં ગોઠવાઈ જાય છે. આવી છબિઓને, બાળક પહેલું તેની બુદ્ધિની સેવામાં સમાવી લે છે. તેની તેને ભૂખ છે, અને તે ભૂખ સદાય અતૃપ્ત છે. બાળકનો સ્પષ્ટ આનંદ, પ્રકાશ, રંગ અને અવાજમાં હોઈ તેનાથી તે આકર્ષાય છે, તે જાણીતું છે; પણુ કેવળ શુદ્ધ બીજ રૂપે રહેલી બુદ્ધિની આંતરિક વાસ્તવિકતા આપણે સાબિત કરવા માગીએ છીએ. નાનકડા બાળકની આવી માનસિક કક્ષાને શી રીતે મદદ કરવી અને માન આપવું તેના પર ભાર મુકવાની જરૂર નથી. બાળક શૂન્યમાંથી શરૂ કરે છે. પ્રાણીઓમાં મનુષ્યને શ્રેષ્ટ

સ્થાન આપનાર મોટામાં મોટી મૂલ્યવાન ભેટ–બુદ્ધિ–તે લાવે છે. તેના નાના પગ તેના શરીરને આગળ ધકેલે તે પહેલાં ક્યારનુંએ તે, આ માર્ગે આગળ વધ્યું છે.

દલીલ કરતાં દાખલો વિશેષ જ્ઞાન આપે છે. તેથી ૫૧મા પાનાં પર કયારનોએ નોંધેલો ચાર અઠવાડિયાના બાળકનો ઘણો અર્થસૂચક દાખલો હું ફરીથી યાદ કરીશ.

કોઈ બીજા વાતાવરણમાં જન્મથી સક્રિય બનતા માનસિક વ્યાપારનો, લાગતાં વળગતાં મોટાંઓને વિચાર જ ન હોય ત્યાં આ પ્રસંગ જાણબહાર બની ગયો હોત અને તે બે પુરૂષોએ આત્મભાનની વાસ્તવિકતા માટે પ્રયત્ન કરવાનું સૌથી કઠણ પગલું લેવામાં આપેલી અપાર મદદથી તે બાળક વંચિત રહ્યું હોત. વધારે મોટાં બાળકોના દાખલાઓ હું અહીં ઉમેરીશ. જમીન પર બેસીને એક સાત માસનું બાળક તકીઆ સાથે રમતું હતું. તકીઆ પર બાળકોનાં ચિત્રો અને ફુલોની છાપ હતી. અત્યંત આનંદથી આ બાળક તકીઆ પરનાં બાળકોનાં ચિત્રોને બચીઓ કરતું અને ફુલો સુઘતું. તેની સંભાળ રાખતા અજ્ઞાન નોકરે માની લીધું કે આ બાળકને બચીઓ કરવાની અને સુંઘવાની રમત રમવી ગમતી હતી. તેણે એકદમ ઘણી જાતની વસ્તુઓ લાવીને કહ્યું, "આ સુંઘ, આને બચી કર." આ રીતે તેણે, પ્રતિમાઓ ઓળખી, તેમને સ્મરણમાં જડી, આનંદ અને શાન્તિમાં આંતરિક શ્રમ કરતા, મન ગમતા ઘાટ ઘડી રહેલા આ બાળકના નાનકડા મનને ગૂંચવાડામાં નાંખી દીધું. મોટાના મનના દુર્બોધને લીધે બાળકની આંતરિક વ્યવસ્થાનો ગૂઢ શ્રમ આ રીતે ભુસાઈ ગયો.

આ બધું શાને માટે થાય છે તે સમજ્યા વિના જ્યારે મોટાંઓ નાનાં બાળકો પર એકાએક તૂટી પડે છે, અને તેમને ઉચાં નીચાં કરે છે, વળી તેમને ખુશ કરવાનો અને બીજે માર્ગે દોરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેઓ પણ આ પ્રમાણે બાળકોના

આંતરિક શ્રમમાં વિક્ષેપ પાડે છે. રમતમાં ને રમતમાં બાળકનો હાથ લઇ બચી કરે, અથવા તો તેનામાં ચાલતી માનસિક ક્રિયાઓને ધ્યાનમાં લીધા વિના ઉંઘાડવાનો પ્રયત્ન કરે તોપણ આવું જ બને છે. જેમ સાગર, રેતી ઉપર ફરી વળી રેતીના બાંધેલા કિલ્લાઓને ઘસડી જાય છે અને તે કિલ્લાઓને ફરી વારંવાર બાંધવા પડે છે, તેમ આ અતિગૂઢ શ્રમથી અણજાણ વડીલ બાળકના મૂળભૂત ઘાટને ભૂંસી નાંખે છે. બાળકે પોતાનામાં સમાવેલી છબિઓને વધારેમાં વધારે સ્પષ્ટતાથી જાળવી રાખવાનું આ વખતે ઘણું જ અગત્યનું છે, કારણકે એકબીજાથી ભિન્ન ભિન્ન કરેલા સંસ્કારોની સ્પષ્ટતા અને તેજસ્વિતામાંથી જ વ્યકિતત્વ, મનનું ઘડતર ઘડી શકે છે.

બાળકના પહેલા વર્ષમાં કૃત્રિમ ખોરાક આપવામાં નિપૂણ, પ્રખ્યાત બાળકોના ડાકટરને એક અત્યંત રસિક અનુભવ થયો. તેણે એક વિશાળ દરદીગૃહ ઉઘાડયું હતું, અને સંશોધનથી ખોરાકમાં પણ વ્યક્તિગત ગોઠવણનો વિચાર કરવો જોઇએ એમ તેને જણાયું. આથી નક્કી થયું કે અમુક ઉમ્મરનાં બાળકો માટે દૂધની ઘણી બનાવટોમાંથી અમુક એકજ, "આ બાળક માટે સારી છે." એવી ભલામણ કરી શકાય નહિ; કારણકે એક બાળક માટે એક ખોરાક સારો હોય, છતાં બીજા બાળક માટે તેજ ખોરાક ખરાબ હોય વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેમજ સૌંદર્યની દૃષ્ટિએ પણ તેનું દરદીગૃહ બધી રીતે સંપૂર્ણ હતું. છ મહિનાનાં બાળકો થતાં સુધી બાળકોની તંદુરસ્તીનાં પરિણામો અદ્ભૂત હતાં, પણ ત્યાર બાદ સઘળાં માંદાં પડવાં લાગ્યાં. આ એક કોયડો હતો; કારણકે શરૂઆતના છ માસ પછી કૃત્રિમ ખોરાક આપવાનું વધારે સરળ છે. પોતાનાં બાળકોને ધાવણ ન આપી શકતી, અને દરદીગૃહમાંથી મળેલી સલાહ પ્રમાણે જ કૃત્રિમ ખોરાક લેવાની જરૂર વાળી, ગરીબ માતાઓ માટે, હવે, તેણે તેના દરદીગૃહ સાથે એક શસ્ત્રક્રિયાગૃહ જોડયું. આ બાળકો દરદીગૃહનાં બાળકોથી તદ્દન ઉલટાં છ માસ પછી તો માંદાં પડયાં જ નહિ. કોઇક

માનસિક તત્વ આ બનાવને સમજાવી શકશે, એવું ઘણા પ્રયોગોને અંતે પ્રોફેસરને લાગ્યું. ત્યાર બાદ છ માસની ઉપરનાં બાળકો **માનસિક ખોરાકની ખામીને લીધે** કંટાળી હેરાન થતાં હતાં, એવું તે નોંધી શકયા. તેમણે પછી બાળકોને આનંદ આપવાનું શરૂ કર્યું. તેમના જીવનનો ક્રમ બદલ્યો અને ફક્ત દરદીગૃહની એકલી અગાશીમાંજ ફરવા ન જાય તેની ખાસ કાળજી રાખી. પરિણામે બાળકોએ તેમની તંદુરસ્તી પાછી મેળવી.

પહેલા વર્ષમાં પોતાના વાતાવરણમાંથી મેળવેલી બાળકોની ઇન્દ્રિયગ્રાહ્ય છાપોની પકડ અત્યંત સ્પષ્ટ હોવાથી, તેઓ, તેમના મકાનમાં દોરેલા યથાદર્શનચિત્રલેખનના ચિત્રોને ઓળખી શકે છે, એવું ઘણા પ્રયોગોમાં ખાત્રીથી બતાવવામાં આવ્યું છે. પણ આ ઉપરાંત હવે કહી શકીએ કે આ અસરોનો કાળ વીતી ગયો છે અને તેમાં હવે જીવન્ત રસ રહ્યો નથી.

જીવનના બીજા વર્ષની શરૂઆતમાં, શીઘ્ર–ચેતન–કાળમાં, દેખાવડી વસ્તુઓ અને પ્રકાશિત રંગોના ખાસ આકર્ષણથી બાળકો ખેંચાતાં, તેમ હવે ખેંચાતાં નથી; પણ આપણા ધ્યાનમાં પણ ન આવે તેવી બારિક વસ્તુઓથી તેઓ હવે આકર્ષાય છે. જાણે, અદૃશ્ય હોય એવી અથવા આત્મભાનના કિનારાને સ્પર્શી રહેલી વસ્તુઓમાં તેમને રસ છે.

પહેલ વહેલું આ ઇન્દ્રિયભાન પંદર મહિનાની નાની છોકરીમાં મારા ધ્યાનમાં આવ્યું. નાનાં બાળકોમાં ભાગ્યે જ જોવામાં આવે છે તેવી સાધારણ રીતે મોટેથી હસતી મેં તેને જોઈ. તે એકલી બહાર ગઈ હતી અને પથ્થર જડેલી પગથી પર બેઠી હતી તેની નજીક લગભગ ગરમ પ્રદેશના સૂર્યથી ખીલતાં, ભવ્ય જીરેનીયમ ફુલનો કયારો હતો પણ તે તેના તરફ જોતી નહોતી. તેની આંખો કાંઈ જોવાનું ન હતું ત્યાં જમીન પર ઢળેલી હતી. બાળપણનો બીજો એકાદ કોયડો અહીં હતો. હું છાનીમાની ગઇ અને તે જયાં જોઇ રહી હતી ત્યાં જોયું;

પરન્તુ મને ત્યાં કાંઇ દેખાયું નહિ. તેણે મને, તેના ભાગ્યા-તૂટ્યા શબ્દોમાં સમજાવ્યું, "પેલું કંઇક ઝીણું ઝીણું હાલે છે." તેના બતાવવાથી પથ્થરના રંગનું લગભગ ન દેખી શકાય તેવું તદ્દન ઝીણું જીવડું ઝડપથી હાલતું હતું, તે મેં જોયું. આવું નાનું પ્રાણી અસ્તિત્વમાં હોય છે, હાલીચાલી શકે છે, અને દોડી શકે છે, તેની તે બાળકીને નવાઇ લાગી. નાનાં બાળકોમાં જણાતા અસાધારણ, ઘોંઘાટભર્યા આનંદથી આશ્ચર્યે તેને ભરી દીધી. તે યુવાનની માફક સાચું હાસ્ય કરતી હતી અને તેનો આનંદ, સૂર્ય, પ્રકાશ, ફુલો અથવા રંગોમાંથી ઉદ્ભવેલો નહોતો.

લગભગ, તે જ ઉમરના બીજા બાળકનો પણ મને આજ પ્રકારનો અનુભવ થયો. તેની માતાએ રંગીન પત્તાંનો મોટો સંગ્રહ તેને આપ્યો હતો, અને આ બાળકી તે સંગ્રહ મને બતાવવા આતુર હતી.

તે બોલી, "ભપમ્, ભપમ્." મોટર માટે આ તેનો શબ્દ હતો, અને હું સમજી કે તે મને મોટરનું ચિત્ર બતાવવા ઇચ્છતી હતી. તેની પાસે પાર વિનાનાં ચિત્રો હતાં. સ્પષ્ટ રીતે, તેની માતાએ આનંદ અને શિક્ષણનો મેળ સાધ્યો હતો. વિદેશી પ્રાણીઓનાં એટલે, જીરાફ, સિંહ, રીંછ, વાંદરાં, પક્ષી અને નાનાં નાનાં બાળકોને રસ ઉપજાવે તેવાં પાળવામાં આવતાં પ્રાણીઓનાં—ઘેટાં, બિલાડીઓ, ગધેડાં, ઘોડા, ગાયો,—અને જનાવરો, મકાનો, અને લોકસમૂહ બતાવતાં કુદરતી દશ્યોનાં ચિત્રો હતાં, પરંતુ આશ્ચર્ય તો એ હતું કે આટલા બધા સમૃદ્ધ સંગ્રહમાં મોટરનું એકે ચિત્ર નહોતું.

મેં કહ્યું, 'મને મોટર દેખાતી નથી." બાળકે ચિત્રના જથ્થામાંથી શોધી એક ચિત્ર બહાર કાઢયું અને મને ઉત્સાહથી કહ્યું, "આ રહ્યું." ચિત્રમાં શિકારનું દશ્ય હતું, પરંતુ તેમાં મુખ્ય વસ્તુ, એક બહુજ સુંદર શિકારી કૂતરો હતો. જરા વધારે

દૂર, યથાદર્શનચિત્રલેખનમાં ખભા ઉપર બંદૂકવાળો એક શિકારી હતો. દૂર દૂર એક ખુણામાં એક નાનું ઝુંપડું હતું. ત્યાં રસ્તો બતાવતી એક વાંકીચૂંકી લીટી હતી. આ લીટી પર એક કાળું ટપકું હતું. બાળકે તે ટપકા સામું જોયું, અને મને બતાવી કહ્યું, " ભપમ્, ભપમ્ " અને, સાચે જ, લગભગ અદૃશ્ય લાગતી, નાના પ્રમાણમાં હોવા છતાં, આ ટપકું મોટર હતી, તે જોઇ શકાતું હતું. તેને મોટર તરીકે ઓળખવી મુશ્કેલ હતી. મોટર આટલી ઝીણી બતાવી શકાય તેથી જ આ ચિત્ર બાળકને રસપ્રદ અને મને બતાવવા યોગ્ય લાગ્યું.

બીજાં પત્તાંઓમાંનાં સુંદર અને શિક્ષણ આપતાં ચિત્રો, કદાચ, કોઇએ તે બાળકને બતાવ્યાં નહિ હોય તેમ મને લાગ્યું. જીરાફનું માથું અને ડોક બતાવતું એક ચિત્ર મેં પસંદ કર્યું, અને હું સમજાવવા લાગી, "જો, કેવી વિચિત્ર ડોક, કેટલું લાંબું...." બાળકે ગંભિરતાથી કહ્યું, " હં. " (જીરાફ) આગળ ચલાવવાની મારી હિંમત ચાલી નહિ.

જીવનના બીજા વર્ષમાં, બાળકના વાતાવરણની વસ્તુઓને સંપૂર્ણપણે સમજવા માટે કુદરત ક્રમિક કક્ષાઓથી મનને દોરે છે, એમ મને લાગ્યું. મારા પોતાના અનુભવોમાંથી હું થોડા દાખલા ટાંકીશ. મોટાં માણસો માટેની એક સુંદર ચોપડી વીસ મહિનાના નાના છોકરાને બતાવવાની મારી ઇચ્છા થઇ. ગસ્તેવ દોરેએ ચિત્રાંકિત કરેલી બાયબલની તે નકલ હતી. તેમાં, તેણે, અહીં તહીં જુના, જાણીતા ચિત્રકારોમાંથી, મનુષ્યાકૃતિઓ જેવી કે, રાફેલનું " રૂપાંતર " વિગેરેનું અનુકરણ કર્યું હતું. બાળકોને પોતાની પાસે બોલાવતા જીસસનું ચિત્ર મેં પસંદ કર્યું અને તેને સમજાવવા લાગી.

" જીસસના જ હાથમાં એક બાળક છે, બીજાએ તેનું માથું જીસસને અઢેલ્યું છે, અને તેઓ બધાં તેમના તરફ જોઇ રહ્યાં છે અને તેમને ચહાય છે........

બાળકના ચહેરા પર જરાએ રસ જણાયો નહિ. મેં તે ન જોયું હોય તેમ ડોળ કરી પાનું ઉથલાવ્યું. અને ચોપડીમાં બીજું ચિત્ર શોધવા માંડયું. એકાએક બાળક બોલી ઉઠયું.

"ઉંઘે છે."

મારામાં, બાળમાનસના રહસ્યનું અકળામણ કરાવતું ભાન, આ શબ્દોએ જગાવ્યું.

"કોણ ઉંઘે છે?"

"જીસસ" બાળકે જોરશથી જવાબ આપ્યો. "જીસસ ઉંઘે છે." અને પાનાં પાછાં ઉથલાવવા માટે મને ઈશારો કર્યો. ક્રાઇસ્ટની આકૃતિ ઉંચે હતી; જાણેકે, ઉંઘતી આંખો ઉપર તેમનાં પોપચાં નીચાં ઢાળેલાં હોય તેમ તે બાળક તરફ જોતા હતા. કોઇ મોટાએ લક્ષમાં ન લીધી હોત તેવી વિગત તરફ બાળકનું ધ્યાન ખેંચાયું હતું.

મેં મારી સમજુતી ચાલુ રાખી, અને રાફેલના "રૂપાન્તર" માંથી લીધેલા એક ચિત્ર આગળ અટકી અને બોલી "જો, જીસસ પૃથ્વીથી કેટલા ઊંચા છે. લોકોમાં કેટલો બધો ભય છે, પેલા બાળકની આંખો કેવી આડીઅવળી થઇ છે, અને પેલી સ્ત્રી તેના હાથ લંબાવે છે." મને ભાન થયું કે મારી સમજુતી ખરેખર, બાળકને યોગ્ય નહોતી; અને મેં ચિત્રની સારી પસંદગી કરી નહોતી; પણ હવે મારો રસ, તેની પાસેથી કોયડા રૂપે પ્રત્યુત્તર કઢાવવામાં, અને આવા અનેક વસ્તુઓથી ઉભરાતા ચિત્રમાં મોટાં શું જુએ છે, અને આવું તદ્દન નાનું બાળક શું જુએ છે, તે બન્નેની, લગભગ, તૂલના કરવામાં હતો; પણ આ વખતે તેણે, ફક્ત, "હું" એવો બેપરવા બતાવતો અવાજ કર્યો. જાણેકે, કહેતું ન હોય કે ચાલુ રાખો, અને તેના નાના ચહેરા પર રસ બતાવતું એકે ચિહ્ન નહોતું. હું પાનું ફેરવવાની તૈયારીમાં હતી ત્યાં સસલાના આકાર જેવા ગળામાં પહેરેલા ગોળ

નાના ચકતાને તે અડકયું. પછી તેણે કહ્યું, "સસું." મેં વિચાર્યું, "તેના ગળાના ચકતાથી તે વ્યગ્ર બન્યું છે." પણ તેણે મને આગ્રહથી પાનું પાછું ફેરવવાનું બતાવ્યું. મેં જોયું તો ત્યાં, બેશક, "રૂપાન્તર"ના ચિત્રમાં એક બાજુ એક નાનું સસલું હતું. કોઇએ કદીએ તેને નીરખ્યું છે?

ફક્ત બહુ ભભકાભરી વસ્તુઓ, પ્રકાશિત રંગો, મોટા અવાજો વગેરેનુંજ ભાન બાળકને થાય છે, એવું મોટાંઓ માને છે. આવી પ્રચંડ ઉત્તેજના તેનું ધ્યાન દોરે છે, તે સત્ય છે. ગાતા લોકો, ઘંટના નાદ, ફરકતા વાવટા, અથવા ઝળકતા દીવાઓથી બાળકોને આકર્ષાતાં આપણે સૌએ જોયાં છે; પરંતુ આવાં બહારનાં પ્રચંડ આકર્ષણો ફક્ત પ્રાસંગિક છે. તેઓ ધ્યાનને વ્યગ્ર બનાવે છે, તેને ધક્કો મારી જાગૃત કરે છે, અને ઇન્દ્રિયોને ઉત્તેજીત કરનાર ઉપર તે ફેલાવે છે. મુકાબલો સરખો નથી, છતાં જો પુસ્તકમાં નિમગ્ન હોઈએ, અને બારી નીચે એકાએક વાજાં સાંભળીએ તો આપણે પણ વાંચતાં ઉઠીને જોવા જઈએ છીએ. શાંતિમાં વાંચતા એક મનુષ્યની એકાગ્રતા જેણે ન જોઈ હોય, અને તેને ફક્ત વાજું સાંભળવા ઉઠીને જતોજ જોયો હોય તો તે, બીજા કંઈ કરતાં મનુષ્યો અવાજથી વધુ ઉત્તેજના પામે છે એમ કહે. આપણે પણ બાળકોની તૂલના આ રીતે જ કરીએ છીએ. સબળ બાહ્ય ઉત્તેજન તેમનું ધ્યાન ખેંચે છે, એ વસ્તુ આકસ્મિક છે, અને ઓચિંતી જ બને છે. બાળમાનસના ઉંડા ઘડાતા આંતરિક જીવનના ભાગ સાથે તેને કાંઇ સંબંધ નથી. ભાગ્યે જ નજરે પડતી બારીક વસ્તુઓ તરફ બાળકોને એકાગ્ર થયેલાં જોતાં આ આંતરિક ક્રિયાનું પ્રગટીકરણ આપણી નજરે પડે છે. વસ્તુઓની લઘુતાનું નિરીક્ષણ કરનાર, વસ્તુઓમાં પોતામાંજ ભારે રસ લે છે, અને તેમને ઇન્દ્રિયોના સંસ્કાર તરીકે નહિ પણ "પ્રેમની ચેતના" ના આવિષ્કરણ તરીકે ગણે છે.

બધા વાસ્તવિક હેતુઓ માટે બાળકનો આત્મા મોટાંઓથી ગુપ્ત છે, અને તે તેમને કોયડા રૂપ લાગે છે; કારણકે સ્વત:

શક્તિમાન માનસિક શક્તિની નહિ પણ માત્ર પ્રતિક્રિયાની વાસ્તવિક નિર્બળતાની દ્રષ્ટિએ તેઓ તેનો નિર્ણય કરે છે. દરેક પ્રગટીકરણની પાછળ સમજી શકાય તેવું કારણ રહેલું છે, એમ આપણે માનવું જોઈએ. જેની પાછળ તેનો હેતુ—તેના અસ્તિત્વનું કારણ—ન હોય તેવી કોઇ ઘટના નથી. દરેક ગૂંચવાડાભરી પ્રતિક્રિયાને—દરેક કઠીન સ્વરૂપને—તોફાનીપણું માની લેવું ઘણું જ સહેલું છે. આ તોફાનીપણાને નિશ્ચિત ઉકેલવાના કોયડા જેટલું, નિરાકરણ કરવાના પ્રશ્ન જેટલું મહત્વ આપવું જોઇએ. બેશક, આ કઠણ છે, છતાં તેટલું જ રસભર્યું છે. મોટાંઓને ભાગે આવેલું આ એક નવું અને ઉંચા પ્રકારનું સર્વોપરી દૃષ્ટિબિન્દુ છે. આથી વડીલ બાળક સાથેના સંબંધમાં, વારંવાર બનેલો, અંધ અધિકારી અથવા જુલ્મી ન્યાયાધીશ ન બનતાં એક અભ્યાસી બને છે.

દિવાનખાનાના એક ખુણામાં અર્વાચીન વિચારો ધરાવતી સ્રીઓનું એક ટોળું આજ પ્રશ્નની ચર્ચા કરતું હતું. ગૃહિણીનો દોઢેક વર્ષનો નાનો પુત્ર તેમની નજીક એકલો એકલો શાંતિથી રમતો હતો. સિદ્ધાન્ત પરથી વાસ્તવિક વસ્તુઓ તરફ વાત વળી, અને નાનાં બાળકો માટેનાં પુસ્તકોની ચર્ચા થઈ. યુવાન માતાએ કહ્યું, “ બેવકુફીભર્યા ચિત્રોવાળી મૂર્ખાઇભરી ચોપડીઓ છે. ” મારી પાસે, હાલમાં, Little Black Sambo નામનું એક પુસ્તક છે. **સામ્બો** એક નાનો સીદ્દી છોકરો છે. તેના માતપિતાએ તેના જન્મ દિવસે, તેને સર્વ પ્રકારની વસ્તુઓ—છત્રી, જોડા, પાટલુન, મોજાં, અને રંગીન બંડી આપ્યાં છે. તેમણે તેને માટે સુંદર ખાવાનું બનાવ્યું છે. દરમિયાન **સામ્બો**, તેનાં નવાં કપડાંનું પ્રદર્શન કરવાની ઇચ્છાથી તે પહેરે છે અને ઘરની બહાર જાય છે; પછી ત્યાં તે અનેક જાતનાં જંગલી પ્રાણીઓને મળે છે. તેઓ તેને બીવરાવે છે, અને તેમને શાંત કરવા **સામ્બો** એક પછી એક પોતાનાં કપડાં આપી દે છે. એ રીતે જીરાફ છત્રી લે છે, વાઘ જોડા, વગેરે વગેરે, આખરે બિચારો નાનો **સામ્બો** વસ્રહીન રોતો રોતો ઘેર જાય છે. તેનાં માતપિતા તેને માફી આપે છે;

અને છેલ્લા ચિત્રમાં જોઈએ છીએ તેમ એક ભવ્ય મિજબાનીમાં સઘળાંનો સુખભર્યો અંત આવે છે.

વારા ફરતી તે પુસ્તક બધાંના હાથમાં મુકાયું. એકાએક નાના બાળકનો અવાજ સંભળાયો, "ના, લલે છે."

દરેકને આશ્ચર્ય થયું. સંભવ છે કે આ પણ એક બાળપણનો કોયડો હોય. બાળક બોલ્યું હતું. તે જોશભરી રીતે તેનું રહસ્ય પ્રતિપાદન કર્યે જતું હતું.

"ના, લલે છે."

તેની માતાએ કહ્યું, "તેની પાસે થોડા દિવસ રહેલી આયાનું નામ લોલા છે." પણ તે બાળક તો "લલે છે, લલે છે," બોલતું ચીસો પાડવા લાગ્યું. તેમની દ્રષ્ટિએ તેનો આ ગુસ્સો અર્થહીન આવેશ હતો; પછી તેમાંનાં કોઈએ તેને પુસ્તક આપ્યું, અને તેણે બધાંમાંથી છેલ્લા ચિત્ર તરફ આંગળી કરી. તે ચિત્ર ચોપડીના લખાણમાંનું નહોતું; પણ પાછળના પુંઠા ઉપર તે નાના સીદીને આંસુ સારતું બતાવતું હતું. સઘળાં એકદમ સમજ્યાં, "લલે છે." શબ્દથી તે તેની બાળભાષામાં "રડે છે" એટલે રૂવે છે એમ કહેતું હતું. વસ્તુ આ હતી. પુસ્તકનો અંત સુખી મિજબાની ન હતી પણ રોતા, નાના, કાળા **સા**મ્બોનું પાછળના પુંઠા પરનું ચિત્ર હતું. આ ચિત્ર ત્યાં હતું તેવું કોઇના ધ્યાનમાં નહોતું. તે બાળકની માતાએ, "સઘળાંનો સુખી અંત આવે છે" એમ કહ્યું તેનો આ નાનો બાળક તર્કભરી રીતે વિરોધ કરતો હતો. તેને માટે તો રડતા **સા**મ્બોથી પુસ્તકનો અંત આવતો હતો, તે સ્પષ્ટ હતું; અને તેની માતાના કરતાં વધારે ધ્યાનથી તેણે તે પુસ્તક નિહાળ્યું હતું. આ તેનું છેલ્લું ચિત્ર હતું એ નિર્ણય કરવામાં તે ચોક્કસ મૌલિક હતું, પરંતુ એક શબ્દ બોલવાને પણ જ્યારે તે ભાગ્યેજ શક્તિમાન હતું ત્યારે બધી લાંબી વાતચીતોનો સઘળો સાર તે સમજી શક્યું હતું એ સૌથી વધારે આશ્ચર્યકારક હતું.

બાળક અને મોટાંઓનાં બે જુદાં જુદાં વ્યક્તિત્વ છે, એ સ્પષ્ટ છે. સૌથી ઓછામાં ઓછામાંથી, ધીરે ધીરે, સૌથી વધારેમાં વધારેમાં પરિણમતી આ વસ્તુ નથી.

આપણે જે જોઇએ છીએ તેનું એકીકરણ કરીએ છીએ, તેથી વસ્તુઓની ઝીણામાં ઝીણી વીગતોને તેના સત્ય સ્વરૂપમાં જોનાર બાળકોને મન આપણે ઉતરતાં પ્રાણીઓ, વસ્તુને કેમ જોવી તે ન જાણનાર, અશક્તિમાન મનુષ્યો છીએ. કદાચ, તેમના વિચાર પ્રમાણે આપણામાં ચોકસાઇનું ભાન નથી, અને તેથી રસમય વસ્તુઓ આગળથી બેદરકારી અને બેભાનપણે આપણે ચાલ્યાં જઇએ છીએ. તેઓ તેમના વિચારો દર્શાવી શકતાં હોય તો તેમની માનસિક દુનિયાના ઉંડાણમાં તેમને આપણા ઉપર વિશ્વાસ નથી તેમ સ્પષ્ટ કહે. તેમની વસ્તુઓ જોવાની રીત આપણી રીત કરતાં નિરાળી છે, તેથી આપણને બાળકમાં વિશ્વાસ નથી. મોટાંઓ અને બાળક, આથી જ એક બીજાંને સમજતાં નથી.

★

પ્રકરણ ૪

વડીલો ક્યાં નડે છે

નિદ્રાનો પ્રશ્ન

પોતાની મેળે કામ કરવાની સ્થિતિએ પહોંચતાં જ, વડીલ અને બાળક વચ્ચે ઘર્ષણ શરૂ થાય છે.

બાળકને તેની શરૂઆતમાં જોતાં તથા સાંભળતાં અર્થાત ઇન્દ્રિયોદ્વારા દુનિયાં ઉપર જીત મેળવતાં, કોઇપણ પૂરેપૂરી રીતે અટકાવી શકે નહિ. તેના તિવ્ર માનસિક જીવનના અસ્તિત્વનું વડીલને જ્ઞાન હોવાથી, તેઓ, તેના મનમાં ચાલતી શાંત ગ્રહણની ક્રિયા સરળ બને માટે બાળકના વાતાવરણની પરિસ્થિતિઓને વધારે વાસ્તવિક બનાવવા તત્પર હોય છે; છતાં બાળક જ્યારે સક્રિય બને છે, ચાલે છે, વસ્તુઓને સ્પર્શ કરે છે ત્યારે આ પરિસ્થિતિ બદલાઇ જાય છે. બાળકને ગમે તેટલું ચહાવા છતાં વડીલોમાં તેનાથી પોતાનું રક્ષણ કરવાની અનિવાર્ય પ્રેરણા થાય છે. પોતાની વસ્તુઓને ગંદી કરશે, બગાડી નાંખશે એવી, માલીકીના ભાનવાળી, અણસમજુ પ્રાણીના વિક્ષેપની તેઓના અભાનમાં થતી ભયની લાગણી છે.

બાળકની હાજરી વડીલને અત્યંત આનંદદાયક છે અને સંપૂર્ણ આત્મ–સમર્પણ કરી હરેક પ્રકારનો ભોગ આપવા પોતે તત્પર છે એ માન્યતાવાળા તેમના પ્રેમ સાથે તેમનાજ ગૂંચવણ-ભર્યા, આતુર, આત્મરક્ષણના વલણને ઘર્ષણ થાય છે. આ બન્ને માનસશાસ્ત્રીય કક્ષાઓ, વડીલોની અને બાળકોની, એટલી બધી નીરાળી છે કે આવશ્યક સમાધાન કર્યા વિના બન્નેને સાથે રહેવું, લગભગ, અશક્ય બને છે. પોતાના કુટુંબની મધ્યમાં રહેલા બાળક સાથે કેવી રીતે વર્તવું એ ગંભીર કોયડો અહીં રહેલો છે.

કેવળ સામાજીક લઘુતાની સ્થિતિમાં હોવાથી આ સમાધાન બાળકના સંપૂર્ણ ગેરલાભમાં હોય એ સહેજમાં સમજાય તેવું

છે. જેમને ફક્ત પોતાના પ્રેમ અને ઉદાર આત્મ–સમર્પણનુંજ ભાન છે, પણ પોતાના રક્ષણાત્મક વલણનું ભાન નથી, તેવા વડીલના અધિકારમાં બાળકના અગવડભર્યાં કાર્યો ઉપર દબાણ અનિવાર્ય બને છે. ફ્રોઈડે કહેલું બનાવટી સ્વરૂપ આવાં ઘર્ષણોમાંથીજ ઉદ્દભવે છે. અનાવિર્ભૂત મનમાં રહેલી આત્મસંરક્ષણની પ્રેરણા બીજા સ્વરૂપે ભાનપૂર્વક દર્શન દે છે. પોતાને મનગમતી વસ્તુઓનું બાળકથી રક્ષણ કરવાને આતુર વડીલનું માલીકીનું ભાન "સારી ટેવોના શિક્ષણ માટે બાળકને તાલિમ આપવાની ફરજ"માં એકાએક પલટાય છે અને તેના પોતાના આરામમાં ખલેલ કરતો નાના તોફાનીનો ભય "તેની તંદુરસ્તિના ભલા માટે વધારે આરામની જરૂર"નું સ્વરૂપ લે છે.

વચમાં વચમાં પોતાના બાળકને પ્રેમથી ગાઢ આલિંગન અને હેતભરી બચીઓથી નવરાવી દેતી, એક શ્રમજીવી, સરળ માતા પોતાના બાળકને થપ્પડ મારી, ધમકાવી, ગાળો દઈ અને દરવાજા બહાર શેરીમાં હાંકી કહાડી ખુલ્લી રીતે પોતાનો બચાવ કરે છે.

વધારે સંસ્કારી સમાજમાં લાગણીનાં અમૂક સ્વરૂપો જેવાં કે પ્રેમ, બલિદાન, ફરજ, બાહ્ય કાર્યોમાં સંયમ, વગેરે હોય જ એમ માની લેવામાં આવે છે; ત્યાં આવી પ્રેરણાઓ કૃત્રિમ રૂપ લે છે. બાળકોને બહાર લઇ જતી અને લાંબો વખત ઊંઘાડી દેતી આયાઓને પોતાનાં બાળકો સોંપીને મૂક્ત થવામાં સામાન્ય વર્ગની માતાઓ કરતાં ઉપલા વર્ગની માતાઓ વધારે તત્પર હોય છે.

ઉપલા વર્ગની માતાઓની, તેમણે પોતે જ નોકરીમાં રાખેલી આયાઓ પ્રત્યેની ધીરજ, ભલાઇ અને આજ્ઞાધીનતામાં, ખરેખર, એક એવી ગર્ભિત સમજ છે કે, જ્યાં સુધી અંતરાય રૂપ બાળકને આયાઓ માબાપથી અને તેમની મીલ્કતથી દૂર રાખે

ત્યાં સુધી તેઓ તેમનું ગમે તેવું વર્તન સહન કરશે અને તેનું ગમે તેવું કાર્ય પણ માફ કરશે.

આ પ્રમાણે બાળક કેદમાંથી નિરાધાર શરીરમાં હજુ તો ભાગ્યે જ બહાર આવે છે, અને સ્વેચ્છાથી હલનચલન કરતા અવયવોને–પ્રવૃત્તિનાં અદ્ભૂત સાધનોને–ચેતન આપતા વ્યક્તિત્વના વિજયમાં આનંદ પામે છે ત્યાં તો દુનિયામાં તેના પ્રવેશને અટકાવતાં રાક્ષસોનાં બળવાન જૂથનો તેને ભેટો થાય છે. આ પરિસ્થિતિ આપણને મોઝીઝની સરદારી નીચેના યાહુદી લોકોની માફક ગુલામીમાંથી મૂક્તિ શોધતા, અને અજ્ઞાત પ્રતિકૂળ પ્રદેશોમાં આગળ વધતા અસલી લોકોની હીઝરતની પરિસ્થિતિ યાદ આપે છે. જંગલના વેરાનને વટાવીને, છેવટે, તેઓ, જ્યારે શાંત જીવન ગાળવા જંગલના ફળદ્રુપ પ્રદેશોમાં આવ્યા ત્યારે તેમને ત્યાં પણ સત્કાર નહિ પરંતુ યુદ્ધ મળ્યું હતું.

સ્થાપિત વાતાવરણના માલીકો, હુમલાખોરો સામે પોતાનું રક્ષણ કરે એ માનવ–પ્રકૃતિ છે. પરસ્પર વિરોધી મનુષ્યોમાં બહુ જ સ્પષ્ટ અને તીવ્ર રીતે આ દેખાય છે; પણ આ દર્શનનું મૂળ કારણ તો ગુપ્ત રહેલું હોય છે; અને તેનો, અત્યાર સુધી અદૃશ્ય થયેલો પહેલો પ્રાદુર્ભાવ, વડીલોની દુનિયાં જ્યારે નવી પ્રજાના હુમલાઓ સામે શાંતિ અને મીલ્કતનો બચાવ કરે છે ત્યારે દેખાય છે; પરંતુ બળવાખોરોની આગેકૂચ અટકતી નથી. તેઓ મરણીઆ થઇ લડે છે; કારણકે તેમને તો તેમની હયાતી માટે લઢવાનું છે.

બાળકની નિર્દોષતા અને માબાપના પ્રેમની વચ્ચે આવું અનાવિર્ભૂત મનમાં થતું બનાવટી ઘર્ષણ ચાલુ થાય છે.

. . . . . .

વડીલો પોતાને બહુજ ફાવતી રીતે કહે છે, "બાળકે આમતેમ દોડવું નહિ, અમારી વસ્તુઓને સ્પર્શ કરવો નહિ, બોલવું અથવા બૂમો પાડવી નહિ, અને લાંબા વખત સુધી પડી રહેવું,

જોઈએ, ખાવું તથા ઊંઘવું જોઇએ; અથવા લાગણીહીન, પરાયા કુટુંબોના મનુષ્યોમાં "તેના ભલા માટે" તેને ધકેલી દેવાનો નિર્ણય થવો જોઇએ." નિષ્ક્રિયતાના બળથી વડીલ સ્હેલામાં સ્હેલો માર્ગ લે છે, અને બાળકને ઊંઘાડી દે છે.

બાળકોને ઊંઘવાની જરૂર છે તેની કોણ ના પાડશે? પણ બાળક જો આટલું ચપળ અને નિરીક્ષણ કરવા સમર્થ હોય તો તે ઘણેભાગે ઊંઘણશી નજ હોય. તેને સ્વાભાવિક ઊંઘની જરૂર છે, અને તે તેને મળે તે જોવાનું, બેશક, આપણું કામ છે; પણ આપણે સ્વાભાવિક ઊંઘ અને ઉત્તેજિત ઊંઘનો ભેદ પાડવો જોઇએ. આપણે જાણીએ છીએ કે એક મજબૂત મનવાળો મનુષ્ય બીજા નબળા મનવાળા મનુષ્ય પર તેનું સૂચન લાદી શકે છે; અને તે સૂચનનું પહેલું પગલું દરદીને ઊંઘાડી દેવાનું છે. આ રીતે વડીલ, બેશક, બેભાનપણે સૂચનદ્વારા બાળકને ઊંઘાડી દે છે.

અબુધ માતાઓ ખુલ્લી રીતે તેમનાં બાળકોને બાળાગોળી આપે છે. ખેડૂત સ્ત્રીઓ તેમનાં બાળકોને લાંબો સમય ઊંઘાડવા ખસખસના છોડનો અમુક પ્રકારનો ઉકાળો જાણે છે. આ શિવાય પણ આપણે કહી શકીએ કે મોટાંઓ—સંસ્કારી વા સંસ્કારહીન, બાળસંભાળમાં નિષ્ણાત આયાઓ પણ—આ જીવંત પ્રાણીઓને કુદરત જાગૃત રાખે છે છતાં ઊંઘી જવાની સજા ફરમાવે છે. કેવળ થોડા મહીનાનાં બાળકોને જ નહિ પણ બે, ત્રણ કે ચાર વર્ષનાં મોટાં બાળકોને પણ તેમની જરૂર કરતાં વધારે ઊંઘવાની ફરજ પાડે છે. સામાન્ય વર્ગનાં—ગરીબનાં—આળકોને આ પાછળની હકીકત લાગુ પડતી નથી. આ વર્ગનાં બાળકો તેમનો આખોએ દિવસ પોળોમાં રમવામાં ગાળે છે; આથી તેઓ તેમની માતાઓને હેરાન કરતાં નથી, અને તેથીજ તેઓ આ ભયમાંથી બચી જાય છે. ઉચ્ચ સામાજિક કોટિનાં બાળકો કરતાં સામાન્ય વર્ગનાં બાળકો **ઓછાં ભીરૂ** હોય છે, એ જાણીતું છે; છતાં લોકો ખોરાક અને ખુલ્લી હવાની માફક બાળકની તન્દુરસ્તી માટે "લાંબી ઊંઘ"

આવશ્યક હોવાનો આગ્રહ રાખે છે. તેઓ બાળકના ભાજીપાલા જેમ વૃદ્ધિ પામતા જીવનનોજ ફક્ત વિચાર કરે છે. એક નાના સાત વર્ષના બાળકે એક વખતે મને ખાનગીમાં કહ્યું કે તેને હમેશાં, રાત પડયા પહેલાં, ઊંઘાડી દેવાથી તેણે કદી તારાઓ જોયા નહોતા. તેણે ઉમેર્યું, "ફક્ત એક રાત પણ પર્વતની ટોચ ઉપર જઇ મને ભોંયપર સૂતાં સૂતાં તારા જોવાનું બહુ ગમે." તેમનાં બાળકોને વહેલાં ઉંઘી જવાની ટેવ પાડવાથી તેઓ સાંજે પૂરેપૂરી સ્વતંત્રતાથી બહાર જવા છૂટાં રહે છે એવી ઘણાં માબાપોની બડાશ છે.

એકવાર આમ તેમ દોડતું થતાં બાળકનો પલંગ એકદમ કંઈક વિલક્ષણ પ્રકારનો બનાવવામાં આવે છે. ફક્ત આરામથી સૂઇ શકાય તેવા મોટાના સાદા પલંગ જેવો, અથવા તો અમુક પ્રકારના સુંદર ઘાટવાળા સુંવાળા પારણા જેવો પણ તે નથી. બાળકનો આ પલંગ માનસિક અસ્તિત્વ માટે વિગ્રહ મચાવતા પ્રાણી માટે તૈયાર કરેલું ઘાતકી કેદખાનું છે. બાળક તેમાં કેદી છે. તેને પરાણે પૂરવામાં આવે છે. એ લોઢાનું પાંજરૂ પૂરેપૂરૂં વાસ્તવિક અને સાંકેતિક છે. વડીલે પોતાના લાભ માટે રચેલી, બાળકને વધારે ને વધારે અવરોધક થતી, તેની સ્વતંત્રતાને ઓછો ને ઓછો અવકાશ આપતી સંસ્કૃતિનો બાળક કેદી છે, બાળકની ચારે બાજુ ફક્ત કેદખાનાંઓ અને નરી પોકળતાજ છે.

બાળકનો નાનો પલંગ, મોટાંઓ જરાએ વળ્યા વિના બાળકને લઈ મૂકી શકે, તેમ જ એકલું હોય ત્યારે કદાચ રડે પણ તેની જાતને જરાએ ઇજા ન કરી શકે, એવી ખાત્રીવાળું ઉંચા પાયાનું એક જાતનું પાંજરૂં છે. જરાએ પ્રકાશ કે સૂર્યોદયનાં કિરણોનું અજવાળું પણ તેને ઉઠાડે નહિ માટે તેનો ઓરડો અંધારો રાખે છે. તેનાં માતાપિતા છૂટાં રહી શકે માટે બાળકે સંધ્યાકાળે વહેલાં ઊંઘી જવું જોઈએ અને મોડી રાતે સૂતેલાં વડીલોની આવશ્યક ઊંઘમાં ખલેલ ન પડે માટે સવારમાં મોડા સુધી ઊંઘવું જોઇએ.

બાળકના માનસશાસ્ત્રીય વિકાસને મદદરૂપ, પહેલી રીતોમાંની એક, તેના પલંગમાં, અને કૃત્રિમ લાંબી ઊંઘના દબાણના રિવાજમાં સુધારો કરવાની છે. બાળકને જ્યારે ઊંઘ આવે ત્યારે ઊંઘવાનો, ઊંઘ પૂરી થયે જાગવાનો, અને તેને ગમે ત્યારે ઉઠવાનો હક હોવો જોઇએ. અમે તેથી સલાહ આપીએ છીએ—અને ઘણાં કુટુંબોએ અમારી આ સલાહ માન્ય કરી છે—કે બાળકના જૂના પલંગને કાઢી નાંખવો જોઇએ અને તેને બદલે બાળકને ફાવે ત્યારે ચડી ઉતરી શકે તેવી નીચી પથારીવાળો પલંગ રાખવો જોઇએ. આ સાદા નાનકડા સુધારાથી અણઉકલી જણાતી ઘણી મુશ્કેલીઓનું નિરાકરણ થશે. લગભગ જમીન પરની નાની નીચી પથારી બાળકના માનસિક જીવનમાં મદદ કરતા સઘળા સુધારાની માફક કરકસરવાળી છે, કારણકે બાળકને તેની આસપાસ સાદી વસ્તુઓની જરૂર છે; છતાં તેને બદલે તેને માટે જે થોડી વસ્તુઓ છે તે નુકશાન કરે તેવી ગૂંચવાડાભરી છે. ઘણાં કુટુંબોમાં જમીન પર મોટી સુંવાળી શેત્રંજી પર નાની પથારી પાથરીને આ સુધારો અમલમાં મૂકાયો છે, અને પરિણામે બાળકો પોતેજ સૂઈ જાય છે, આનંદથી નમસ્કાર કરે છે, અને સવારમાં કોઈને પણ જગાડ્યા વિના પોતાની મેળે ઉઠે છે. બાળકના જીવનને વ્યવસ્થિત કરવાની આશાએ વડીલોએ કેવી ગંભીર ભૂલ કરી છે, બાળકનું ભલું કરવાની આતુરતાથી તેની જરૂરિયાતોનો, ખરેખર, કેવો વિરોધ કર્યો છે, અને સહેજમાં કાબુમાં લઈ શકાય તેવી રક્ષણાત્મક પ્રેરણાઓથી અણજાણે કેવા દોરાયા છે તેનાં ઘણાં દ્રષ્ટાંતો છે.

આનો ફલિતાર્થ એ છે કે વડીલે બાળકોની જરૂરિયાતો સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ; અને સાચે સાચું અનુકૂળ વાતાવરણ રચીને જેટલી બને તેટલી તે જરૂરિયાતો પૂરી પાડવી જોઇએ. બાળકના **જીવનને સહાય** આપવા વિચારતા કેળવણીના નવા યુગનો પ્રારંભ આમ હોઈ શકે. બાળક નાનું હોય ત્યારે તેને તેડીને લઇ જવું જોઇએ, અને મોટું થાય ત્યારે ફક્ત વડીલનુંજ અનુકરણ અને આજ્ઞાપાલન કરવું જોઇએ, એ વિચારનો હવે

આપણે અંત લાવવો જોઈએ. બાળજીવનને વધારે બુદ્ધિપૂર્વકનું બનાવવાના કોઈપણ પ્રયત્નમાં આ માન્યતા દુસ્તર અંતરાય છે બાળક પછીનું બીજું સ્થાન વડીલનું છે, બાળકોને સમજવા વડીલે સઘળા પ્રયત્નો કરવાના છે, અને તેણે તેના જીવન–વિકાસમાં ટેકો અને મદદ કરવાની છે, તે વડીલે સ્વીકારવું જ જોઇએ. માતા અને શિક્ષકનું ધ્યેય આ હોવું જોઇએ. વધારે બળવાન વ્યક્તિત્વવાળા વડીલે જો બાળકના વ્યક્તિત્વના વિકાસને મદદ કરવી હોય તો, બાળક નબળું હોવાથી, વડીલે પોતાના પ્રબળ વ્યક્તિત્વથી પોતાની જાત પર અંકુશ મૂકવો જોઇએ, અને બાળક પાસેથી માર્ગદર્શન લઈ, તેને સમજીને અનુસરી શકે તો તેથી મગરૂર થવું જોઇએ.

ચાલવામાં આનંદ

પોતાની સંભાળમાં મૂકાયેલા અપકવ પ્રાણીની જરૂરિયાતોને અને આવશ્યકતાઓને અનુકૂળ થવાનું અને પોતાની કામ કરવાની પ્રણાલીનો ત્યાગ કરવાનું વડીલનું કર્તવ્ય છે.

ઉચ્ચ કોટિનાં પ્રાણીઓ પ્રેરણાથી આવું કંઇક કરે છે અને તેમનાં બચ્ચાંની સ્થિતિને અનુકૂળ તેઓ થાય છે. હાથીના બચ્ચાંને તેની માતા જ્યારે હાથીના ટોળામાં લાવે છે ત્યારે ત્યાં બનતા બનાવ કરતાં વધારે રસમય બીજું કાંઇ નથી. ગંજાવર પ્રાણીઓનું મોટું ટોળું નાનાં બચ્ચાંની ચાલે ચાલે છે, ધીરાં પગલાં ભરે છે, અને જ્યારે આ નાનું બચ્ચું થાકે છે અને અટકે છે ત્યારે આખુંયે ટોળું અટકે છે.

બાળકો માટેની આવા આત્મભોગની ભાવના સંસ્કારિતાના કેટલાંક સ્વરૂપોમાં દાખલ થઈ છે. એક વખત, મેં આશરે દોઢ વર્ષના તેના નાના છોકરાને ફરવા લઈ જતા જાપાની પિતાનું નિરીક્ષણ કર્યું, અને તેમની પાછળ પાછળ ગઇ. બાળકે એકાએક તેના પિતાનો પગ પકડયો. રમત માટે પસંદ કરેલા પગની આસપાસ બાળક ગોળ ગોળ ફરી શકે માટે તેનો પિતા સ્થિર

ઉભો રહ્યો. તેનો ચહેરો ગંભીર અને સ્વાભાવિક હતો. આમાં તેણે અસાધારણ કાંઈજ કર્યું નહોતું. તે બાળકને ફક્ત ફરવા લઇ જતો હતો.

બાળકને સમતોલન આપી શકે માટે જૂદા જૂદા પ્રકારની એકીકરણ પામેલી હલનચલનની ક્રિયાઓને દ્રઢીભૂત કરવાની તેના શરીરને જરૂર છે, તે સમયે, ચાલવાની મહત્વની ક્રિયાના મહાવરા માટે બાળકને આ રીતે બહાર ફરવા લઇ જવું જોઇએ; બે પગ પર ટટાર ચાલવાની ફક્ત મનુષ્ય પ્રાણીઓનીજ અપાર મુશીબતને આપણે ધ્યાનમાં લેવી જોઇએ.

બીજાં સ્તન્ય પ્રાણીઓના જેવા અવયવોનું શરીર હોવા છતાં મનુષ્યોનેજ ચારને બદલે બે પગ પર જ ચાલવાનું છે. વાંદરાઓને પણ ચાલતી વખત જમીન પર ટેકો દેવા લાંબા હાથ છે. કેવળ એકલા મનુષ્યોનેજ ટેકો દઇને ચાલવાને બદલે બે અવયવો પર સમતોલન રાખીને ચાલવાનું છે. બીજાં પ્રાણીઓ, ચાલતી વખતે પોતાના શરીરને કાયમ બે ટેકા મળે માટે બે પગ સાથે ઉપાડે છે. પણ મનુષ્ય ચાલે છે ત્યારે તેનું વજન પહેલાં એક પગ અને પછી બીજા પગ પર મૂકે છે. કુદરતે આ મુશીબતને ફક્ત બે રીતે દૂર કરી છે. જેમાંની એક રીત પ્રેરણા છે અને બીજી ઐચ્છિક, વ્યક્તિગત પ્રયત્ન છે.

બાળક, તેની ટટાર ચાલવાની શક્તિનો વિકાસ, રાહ જોવાથી નહિ પણ ચાલવાથીજ સાધી શકે છે. કુટુંબે અત્યાનંદથી સત્કારેલું આ પહેલું પગલું, ખરેખર, બાળપ્રકૃતિની જીત છે; અને તે પહેલા વર્ષમાંથી બીજા વર્ષ–પ્રવેશનું સૂચન કરે છે. નિષ્ક્રિય, નિરાધાર મનુષ્યને બદલે, લગભગ, સક્રિય મનુષ્યનો આ જન્મ છે, અને ખાસ કરીને, બાળકને માટે તો એક નવા જીવનની શરૂઆત છે. નૂતન ક્રિયાનો પ્રાદુર્ભાવ, સ્વાભાવિક કસોટીઓમાંનો મુખ્ય એક છે, છતાં મહાવરો જ મહત્વનો છે. સમતોલનની

પ્રાપ્તિ અને સ્થિર પગલાં, મહાવરાનું અને એ રીતે વ્યક્તિગત પ્રયત્નનું પરિણામ છે. આપણે જાણીએ છીએ કે બાળક સતત પ્રોત્સાહન અને હિંમતથી ચાલવાનું શરૂ કરે છે. તે નિર્ભય છે, સાહસિક છે, જોખમને ગણકાર્યા વિના, વિજય માટે જાતને ફેંકનાર સૈનિક જેવું છે, અને આથી જ વડીલ તેને સંરક્ષક અંકુશોથી ઘેરી લે છે; પણ તે બધા, તેને માટે તો અંતરાયોજ છે. ક્યારનાએ પગ મજબુત થયા છતાં વડીલ, તેને પાંજરામાં પૂરી રાખે છે અને પટા બાંધીને બાબાગાડીમાં ફરવા લઈ જાય છે.

મોટાના પગલાં કરતાં બાળકનું પગલું નાનું છે, અને મોટાંની લાંબે ચાલવાની શક્તિ કરતાં બાળકની લાંબે ચાલવાની શક્તિ ઓછી છે. મોટું પોતાની ચાલ બદલતું નથી. આ મોટું, પછી તે બાળ-ઉછેરમાંજ પોતાનું સ્વાર્પણ કરનાર નિષ્ણાત આયા હોય, તોપણ તે, બાળકની ચાલને અનુકૂળ થતું નથી; પણ બાળકેજ તેની ચાલને અનુકૂળ થવું પડે છે. કોઈ સરસ ફળને, જાણે કે, બજારમાં લઈ જતી હોય તેમ બાળક સહિત બાબાગાડીને ધકકેલતી આ આયા પોતાની ચાલે ચાલી જાય છે, અને નિર્ણિત જગાએ-પછી કદાચ તે સુંદર બગીચો પણ હોય-પહોંચે છે ત્યારે બેસે છે, અને તેની ચોકી કરતી નજર આગળજ તેને બહાર રમવા નીકળવા દે છે. આ બધામાં, કોઈ પણ સંભવિત બાહ્ય ભયથી રક્ષણ કરવું જોઈએ તેવા, કેવળ બાળકના શરીરનોજ-ભાજીપાલાની માફક વધતા જતા જીવનનો જ-વિચાર કરવામાં આવે છે; પણ તેના માનસિક જીવનની આવશ્યક અને રચનાત્મક જરૂરિયાતોને લક્ષમાં લેવામાં આવતી નથી.

દોઢથી બે વર્ષના ગાળાનું બાળક, ખરેખર, એકાદ માઈલ ચાલી શકે, અને મુશ્કેલીભરી લાગતી જગાઓ જેવી કે સીધું ચઢાણ, નીસરણી વિગેરેને પણ વટાવી દે; પણ આપણા ધ્યેય કરતાં તદ્દન જુદા જ ધ્યેયથી તે ચાલે છે. મોટું પણ પોતાના બાહ્ય ધ્યેયને પહોંચવા ચાલે છે અને સીધું તે તરફજ જાય

છે. આ ઉપરાંત મોટામાં ચાલવાની તાલબદ્ધ ગતિ છે, અને તેથી યાન્ત્રિકપણે તે ચાલ્યું જાય છે; જ્યારે નાનું બાળક શક્તિઓનો વિકાસ સાધવા ચાલે છે, પોતાની જાતને ઘડે છે. તે ધીમે ધીમે જાય છે. તેની ચાલમાં નથી તાલબદ્ધ ગતિ કે નથી ધ્યેય, પણ તેની આજુબાજુની વસ્તુઓ તેને લલચાવે છે, અને આગળ જવાને પ્રેરે છે. જો મોટાંએ બાળકને મદદરૂપ થવું હોય તો તેમણે પોતાની તાલબદ્ધ ગતિનો અને ધ્યેયનો ત્યાગ કરવો જોઈએ.

નેપલ્સમાં હું એક યુવાન કુટુંબને ઓળખતી હતી. તેમનું નાનામાં નાનું બાળક અરાઢ મહીનાનું હતું. ઉનાળામાં દરિયે પહોંચવા ટેકરીની નીચેના ઢોળાવવાળા રસ્તા પર લગભગ એક માઈલ ચાલવું પડતું. કોઈ પણ વાહન ત્યાં જઈ શકે તેમ નહોતું. જુવાન માબાપની મરજી બાળકને સાથે લઈ જવાની હતી; પણ તેને ઉપાડી લેવાનું થકવી નાંખે તેવું હતું. બાળકે પોતે જ આખે રસ્તે ચાલવાની ખાત્રી આપી તેમની મુશ્કેલી દૂર કરી. વારે ઘડીયે આ બાળક ફૂલ જોવા, મેદાનના ઘાસમાં બેસવા કે કોઈ જનાવરને જોવા ઉભું રહેતું. એક વખત તો તે એક ગધેડાને ચરતું જોવા આશરે પા કલાક ઉભું રહ્યું. આ રીતે આ લાંબા મુશ્કેલીભર્યા રસ્તે આ બાળક રોજ આવતું ને જતું, અને છતાં કદીયે શ્રમથી અતિશય થાકયું નહોતું.

મેં સ્પેનમાં બે થી ત્રણ વર્ષની ઉમરનાં બે બાળકોને એક માઇલથી પણ વધારે ફરવા જતાં જોયાં છે, અને બીજાં બાળકોને તદ્દન સાંકડાં પગથિયાવાળા સીધા દાદરની ચઢ ઉતર કરવામાં એકથીયે વધારે કલાક ગાળતાં પણ જોયાં છે.

દાદર વિશે બોલતાં ચિંતાતુર માતાઓના બાળકના "તોફાનીપણા"ના આરોપનું કારણ અહીં હોવાનું પણ મને યાદ આવે છે. એક વખત એક સ્ત્રીએ મને તાજેતરમાંજ ચાલતાં શીખેલી તેની નાની છોકરીના ગુસ્સાના આવેશનું કારણ પૂછયું.

દાદરનાં પગથિયાં જોતાંજ તે ચીસ પાડતી, અને ઉપર નીચે લઈ જવા જ્યારે તેને તેડતાં ત્યારે તો, તે, જાણે કે, એક નાની ચંડિકા બનતી. દાદર પર ચઢતાં ઉતરતાં તરફડિયાં મારવાનું અને રડવાનું બાળકને કાંઈ કારણ નહોતું, તેથી તેની માતાને તો આ ફક્ત દૈવી ઘટના લાગી; પણ બાળકને તો **પોતાની મેળે જ** ચઢવું ઉતરવું હતું. ખેતરમાં ચાલવાથી હાથને કાંઈ પકડવાનું ન મળે અને ઘાસમાં પગ પેસી જાય, એટલે ત્યાં ચાલવા કરતાં હાથે ઝાલી શકાય તેવી નાની નાની ભમરીઓ અને પગથિયાં વાળા દાદર પર ચઢવું ઉતરવું બાળકના મનને બહુ લલચાવનાર હતું; પણ મોટાના હાથમાં ઉચકાયા વિના અથવા બાબાગાડીમાં પૂરાયા વિના હરફર કરવાની છૂટ તેને ફક્ત ખેતરમાં જ મળતી.

બાળકને ચાલવું અને દોડવું કેટલું ગમે છે; તેમજ ખુલ્લી જગામાં લપસવાનું પાટિયું, ચઢ ઉતર કરતાં, બેસતાં, ઉઠતાં અને લપસતાં બાળકોથી હમેશાં કેટલું ભરપૂર હોય છે તે જોવું સહેલું છે. વિકટ માર્ગમાં આમતેમ ભટકી રસ્તો શોધી કાઢવાની, ભયથી અલગ રહેવાની, દોડવાની અને ચાલતા વાહન પર ટીંગાવા સુદ્ધાંની રસ્તામાં રખડતા, નાના તોફાની છોકરાની શક્તિ, ઉચ્ચ વર્ગના બીકણ અને પરિણામે આળસુ બાળકની નિષ્ક્રિયતાથી જુદા જ પ્રકારની બીજરૂપે રહેલી શક્તિ છે. એ બે પ્રકારના બાળકોમાંથી એકે પ્રકારના બાળકને તેના વિકાસમાં **મદદ મળી નથી.** વડીલના પ્રતિકૂળ અને જોખમભર્યા વાતાવરણમાં એકે, બાળકને રખડતું મૂક્યું છે; ત્યારે એના ભયંકર વાતાવરણથી બચાવવા બીજાએ તેને દાબી દીધું છે, અને સંરક્ષક અંતરાયોની વાડથી ઘેરી લીધું છે.

પોતાનામાં રહેલા માનવીને ઘડવા તરફડિયાં મારતું બાળક, પેગંબરો જેને માટે કહેતા કે તેને માથું મૂકવા અગર પગ ઠારવા કોઈ સ્થાન નહોતું તેવા તારણહાર જેવું છે.

હાથ અને મગજ

શરીરશાસ્ત્ર, જેને બાળકના સ્વાભાવિક વિકાસની નિશાનીઓના માર્ગસ્થંભ ગણેછે તેનો સંબંધ હલનચલન સાથે છે, તે નોંધવું રસભર્યું છે. ચાલવાની અને ભાષાની તે શરૂઆત છે. વિજ્ઞાને, તેટલા માટે, આ બે પ્રેરક ક્રિયાઓને માનવીનું ભવિષ્ય વાંચવાના જન્માક્ષર જેવી માની છે; કારણ કે આ બે ગૂંચવાડાભર્યાં દર્શનો, ખરેખર, ભાવિ મનુષ્યના વ્યક્તિત્વે પોતાના આવિષ્કરણ અને પ્રવૃત્તિના સાધનો પર મેળવેલી પહેલવહેલી જીત બતાવે છે. ખાસ કરીને, ભાષા મનુષ્યની વિશિષ્ટતા છે, કારણ કે તે વિચાર દર્શાવે છે; જ્યારે ચાલવાનું કાર્ય સઘળા પ્રાણીઓમાં સર્વસામાન્ય છે. પોતાની મેળે હલનચલન કરી શકે છે માટે પ્રાણી વનસ્પતિથી જૂદુ પડે છે; અને આ ગતિ, જ્યારે અમુક અવયવોજ કરે છે ત્યારે ચાલવાનું કાર્ય મૂળભૂત વિશિષ્ટતા બને છે. મનુષ્યમાં સમસ્ત પૃથ્વી ઉપર હુમલો કરવાની અને ગમે તે સ્થાનમાં હરી ફરી શકવાની મહાન તાકાત હોવા છતાં તેની ચાલવાની ક્રિયા બૌદ્ધિક પ્રાણી તરીકેની જાતીય વિશિષ્ટ ગતિ નથી; પણ એથી ઉલટું, એક વિચારને ક્રિયામાં મૂકવા માટે મનની સેવામાં થતી, અને મનની સાથે સંબંધ ધરાવતી, હાથની હલનચલનની ક્રિયા સાચી " પ્રેરક વિશિષ્ટતા " છે.

ઇતિહાસ પૂર્વેના યુગોમાં હથિયાર તરીકે વાપરેલા પથ્થરોના ટૂકડાની હયાતિમાંથી મનુષ્યના અસ્તિત્વની પહેલી જાણ થાય છે, એ આપણે જાણીએ છીએ. સજીવન પ્રાણીઓની જીવનશાસ્ત્રની કથામાં આ વિશિષ્ટતા નવો ચાસ પાડે છે; જ્યારે ભાષા–હવામાં ઉડી જતો અવાજ–મનુષ્યના હાથે પથ્થર ઉપર કોઈક સ્વરૂપે કોતરાય છે ત્યારે તે માનવીના ભૂતકાળના દસ્તાવેજ તરીકે ગણાય છે. શરીરના સમતોલનશાસ્ત્રમાં અને ચાલવાની ક્રિયામાં, હાથની મુક્તિની–કેવળ ગતિના કાર્યને બદલે બીજા કાર્યોમાં ઉત્તમાંગના સમર્પણની–ખાસ વિશિષ્ટતા છે; અને તેથી

તેઓ મનના અમલી અવયવો બને છે. જીવન્ત પ્રાણીઓની ઉત્ક્રાન્તિમાં મનુષ્ય, આ રીતે, તેની ગતિઓથી તેના માનસના ક્રિયાત્મક ઐક્યને પ્રગટ કરી નવુંજ સ્થાન મેળવે છે.

મનને કેવળ પ્રગટ થવા દેતો, એટલુંજ નહી પણ તેને વાતાવરણુ સાથેના સંબંધમાં ઉતારતો હાથ, નાજુક અને ગુંચવણુભરી રચના વાળો છે. આપણે કહી શકીએ કે, વિશ્વની મહાન રંગભૂમિ ઉપર તેની ધર્મભાવનાને પરિપૂર્ણ કરતો મનુષ્ય, હાથથી, તેના વાતાવરણનો કબજો લે છે, અને તેનું મન દોરે તેમ તેનો ફેરફાર કરે છે.

બાળકના માનસશાસ્ત્રીય વિકાસનો નિર્ણય કરતી વખતે, કાર્ય કરવા ઈચ્છતા હાથની પ્રવૃત્તિનું દર્શન, અને ભાષાનું દર્શન, આ બે મનોપ્રેરિત સ્વરૂપોમાંથી કોનું દર્શન પહેલું થયું તે જોવું ન્યાયસંગત છે.

મનુષ્યજાતિના ખાસ પોતાનાજ મનનાં આ બે પ્રેરક દર્શનોને અનાવિર્ભૂત પ્રેરણાથી મનુષ્યે હમેશાં જોડાયેલાં ગણ્યાં છે; અને તેનું મહત્વ વડીલના સામાજિક જીવનના ફક્ત અમુક જ સંકેતોમાં સ્વીકાર્યું છે. દાખલા તરીકે, એક પુરૂષ અને સ્ત્રી પરણે ત્યારે અમુક શબ્દો ઉચ્ચારે અને હસ્તમેળાપ કરે. પરણવાની સંમતિ આપવી એટલે "શબ્દ ઉચ્ચારવો." સ્ત્રીને પરણવાની માગણી કરવી એટલે "તેનો હાથ માગવો." પ્રતિજ્ઞામાં આ શબ્દ બોલાય છે અને આવો અભિનય થાય છે. મનુષ્યના વ્યક્તિત્વનું આવિષ્કરણ થાય છે તેવી કોઇપણ વિધીમાં હાથ તેનો ભાગ ભજવે છે. બધી જવાબદારીમાંથી પોતાનો હાથ ઉઠાવી લેવા પાઇલેટ, તેના "હાથ ધોઇ નાંખે છે." એ વિધિ–શબ્દો ઉચ્ચારે છે, અને તેજ સમયે લોક–સમૂહની આગળ ખરેખર હાથ ધૂએ છે. કેથોલીક પાદરી, પ્રાર્થના વખતે, પવિત્ર ધર્મક્રિયાના સૌથી અગત્યના ભાગપર આવતાં પહેલાં જાહેર કરે છે કે તે તેના હાથ ધોશે. "હું મ્હારા હાથ નિર્દોષ વચ્ચે

ધોઇશ," અને એક ન્હાની કુંડીમાં હાથ ધૂએ છે પણ ખરા; જો કે યજ્ઞવેદી પર જતા પહેલાં તેમણે તેમના હાથ ધોયા હતા, એટલુંજ નહી પણ હાથ પવિત્ર પણ કર્યા હતા.

આ સઘળું, મનુષ્ય જાતના અનાવિર્ભૂતમાં અંદર રહેલા "વ્યક્તિત્વ" ને પ્રગટ કરવા હાથ કેટલો ઉપયોગી છે, તે બતાવે છે. બાળકમાં, મનુષ્ય સુલભ આ હલનચલનના વિકાસ કરતાં વધારે પવિત્ર અને અદ્‌ભૂત બીજું કંઇ શું આપણે કલ્પી શકીએ ખરા ! આથી વધારે ગંભીર અભિલાષા બીજા કશાથી ઉદ્‌ભવી શકે નહિ. વસ્તુઓ પકડવા માટે પહેલીજ વખત લંબાવેલા આ હાથે, જાતને ઓળખવા માટે વ્યક્તિત્વના પ્રયત્ન–સૂચક હલનચલનની ઉત્તેજનાએ, વડીલ–નિરીક્ષકમાં આશ્ચર્ય અને પૂજ્યભાવ ભરી દેવો જોઇએ. આથી ઉલટું, કિંમત વિનાની, નજીવી, નજીકની વસ્તુઓ તરફ બાળક તેના બચુકડા હાથ લંબાવે છે ત્યારે મનુષ્ય ભય પામે છે, અને બાળકથી આ વસ્તુઓનું રક્ષણ કરવા તત્પર થાય છે. "સીધો બેસ, ચૂપ રહે," એમ વારંવાર કહી તેને દબડાવે છે, અને આ ચિંતામાં, અનાવિર્ભૂતના છાયાભર્યા ઉંડાણમાં, બીજા મનુષ્યોની સહાયથી, તેમના આરામ અને મિલ્કતને ભયમાં મૂકનાર આ સત્તા સામે, જાણે કે, છૂપી રીતે લડવાના મોરચા માંડે છે.

બાળક જોઈ શકે અથવા સાંભળી શકે, અર્થાત, તેના માનસિક તંતુઓ રચવાને આવશ્યક તત્વો તેના વાતાવરણમાંથી સંગ્રહી શકે તે પહેલાં એ તત્વો અસ્તિત્વમાં હોવાં જોઇએ, એમ સૌ કોઈ માને છે. કોઈક કાર્ય માટે હાથનો ઉપયોગ કરવા જ્યારે બાળકે રચનાત્મક રીતે હલનચલન કરવાનું છે ત્યારે તે પકડી શકે માટે તેની પાસે બાહ્ય વસ્તુઓ હોવી જોઇએ અર્થાત વાતાવરણમાં "પ્રવૃત્તિના હેતુઓ" હોવા જરૂરી છે; છતાં ઘરમાં આ જરૂરિયાતોનો વિચાર કરવામાં આવ્યો નથી. આજુબાજુની બધી વસ્તુઓ મોટાંની છે, અને તેમના ઉપયોગ માટે બનાવેલી

છે. બાળકને તેની મનાઈ છે, તેનો નિષેધ છે. બાળવિકાસના આ જીવન્ત પ્રશ્નનો ઉત્તર, "ખબરદાર અડયો તો!" એ હુકમ છે. નિષેધ કરેલી આ વસ્તુઓને જો બાળક અડકે તો વડીલ તેને ધમકાવે છે અને શિક્ષા કરે છે. જો તે કોઈક વસ્તુ ઉપાડી લેવામાં સફળ થાય તો, હાંકી કાઢવામાં આવે તે પહેલાં કેવળ અપૂર્ણ છતાં પોષણ મેળવવા ખૂણામાં જઈ ખેંચી લાવેલી વસ્તુને ચૂસતા, ભૂખ્યા નાના ગલુડિયાં જેવું તે લાગે છે.

બાળકનું હલનચલન આકસ્મિક નથી. અંદરથી હુકમ કરતા તેના વ્યક્તિત્વથી દોરાઈ વ્યવસ્થિત હલનચલન માટે તે જરૂરી સંગઠન રચે છે. સતત એકબીજા સાથે જોડાતા અનુભવોથી વ્યવસ્થા અને સંગઠન રચતું તેનું વ્યક્તિત્વ તેના આંતરિક માનસનું અને તેના અવિષ્કરણના અવયવોનું ઐકય સાધે છે; તેથી સ્વયંસ્ફૂર્તિથી કામ કરતું બાળક, તેની પ્રવૃત્તિની પસંદગી અને ક્રિયા જાતે જ કરે, એ મહત્વનું છે. આવા રચનાત્મક હલનચલનમાં ખાસ વિશિષ્ટતા છે; અવ્યવસ્થા અથવા તો આકસ્મિક આવેગોનું તે પરિણામ નથી. નિરર્થક દોડધામ, કૂદકા, અથવા હેતુ વિના વસ્તુઓની પકડ, અવ્યવસ્થા અથવા વિનાશ કરવા માટેનું રમણભમણ નથી. બીજાંઓને કરતાં જોયેલાં કાર્યો કરવાની ભૂખ આ રચનાત્મક હલનચલનમાં છે. વડીલોને વસ્તુઓ પકડતાં અથવા કંઈક કરતાં બાળકોએ જોયાં છે, તે પ્રમાણે કાર્યો કરવાનો પ્રયત્ન કરતું બાળક હમેશાં તેમનું અનુકરણ કરે છે; તેથી આ પ્રવૃત્તિઓ જુદી જુદી ઘરગથ્થુ અથવા સામાજિક રૂઢ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી છે. બાળકને વાશીદું વાળવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, પાણી પીવું, અથવા જાતે ન્હાવું, જાતે કપડાં પહેરવાં, અને જાતે વાળ હોળવા ગમે છે. આ વિશ્વવ્યાપી સત્ય હોવાથી તેને અનુકરણ કહેવામાં આવે છે. કરતાં જોએલાં કાર્યો બાળક કરે છે, પણ બાળકના અનુકરણમાં અને વાંદરાના સીધા અનુકરણમાં તફાવત છે. સમજણ પર ઘડાયેલી માનસિક રચનામાંથી બાળકની રચનાત્મક ગતિઓ

ઉદ્ભવે છે. તેની શક્તિઓને નિયમમાં રાખનાર તેનું માનસિક જીવન તેણે કરેલાં હલનચલનની પહેલાં હમેશાં અસ્તિત્વમાં હોય છે. બાળક કંઈક કરવા ઇચ્છે છે ત્યારે પહેલેથી તે શું છે, તે, તે જાણે છે. તે જાણે છે, એટલે તેણે જે કરતાં જોયું છે, તેવું કંઇક તે કરવા માગે છે. ભાષાના વિકાસ માટે પણ આપણે આવું જ કહી શકીયે. બાળક તેની આસપાસ જે ભાષા સાંભળે છે તેને પોતાનામાં ઉતારે છે. તેનો બોલેલો શબ્દ, સાંભળીને શીખેલો અને સ્મરણમાં રાખેલો શબ્દ છે. પળ પળની જરૂરિયાત પ્રમાણે તે તેનો ઉપયોગ કરે છે. તેણે સાભળેલા શબ્દનું જ્ઞાન અને ઉપયોગ, પોપટની બોલીને અનુકરણ કહીયે તે અર્થમાં અનુકરણ નથી. આ તાત્કાલિક અનુકરણ નથી પણ નિરીક્ષણ કરી સંગ્રહ કરેલું પ્રાપ્ત-જ્ઞાન છે. ભાષા તરીકે તેની પુનરૂક્તિ જૂદું જ કાર્ય કરે છે. આ ભેદ ઘણો અગત્યનો છે; કારણ કે તે એક રીતે વડીલ અને બાળક વચ્ચેના પરસ્પર સંબંધ પર પ્રકાશ પાડે છે, અને બીજી રીતે તે આપણને બાળકોની પ્રવૃત્તિઓનું વધારે નજીકનું ભાન કરાવે છે.

સહેતુક પ્રવૃત્તિઓ

મોટાંઓને કરતાં જોયાં હોય તેવાં, સ્પષ્ટ, ન્યાયસંગત હેતુ-પૂર્વકનાં કાર્ય બાળક કરી શકે તે પહેલાં, મોટાંઓને ઘણીવાર ન સમજાય તેવી કોઇ સાધના માટે, વસ્તુઓનો ઉપયોગ કરીને પોતાનો હેતુ સાધવાનું કાર્ય બાળક શરૂ કરે છે. દોઢથી ત્રણ વર્ષનાં બાળકોમાં ઘણીવાર આવું બને છે. દાખલા તરીકે, એક વખત, એક દોઢેક વર્ષના બાળકે વ્યવસ્થિત ગોઠવેલી ઇસ્ત્રીબંધ નેપકીનોની થોકડી જોઇ. તેણે એક ગડી વાળેલો નેપકીન લીધો, અને ગડી ઉકલી જાય નહી માટે તેનો હાથ તેની નીચે રાખ્યો. પછીથી ઓરડાના સામેના ખૂણામાં અત્યંત કાળજીથી લઇ જઇ, "એક" બોલી જમીન ઉપર મૂકયો. તે પાછો ફરી એક ખૂણેથી બીજે ખૂણે તેજ પ્રમાણે ગયો. તેને કોઇ ખાસ માર્ગદર્શક

ઇન્દ્રિય દોરતી હતી તેનું આ સૂચન હતું. તેણે એજ પ્રમાણે બીજો નેપકીન લીધો; તેજ માર્ગે તે લઇ ગયો, અને "એક" બોલીને પહેલા નેપકીન પર મૂકયો. આખી થોકડી પૂરી થઇ ત્યાં સુધી તેણે આ પ્રમાણે કર્યા કર્યું. બરાબર એજ રીતે તે બધા નેપકીનોને તેની મૂળ જગાએ પાછો લઇ ગયો. નોકરડીએ મૂકી હતી તેવીજ રીતે, જો કે, તે નેપકીનોની થોકડી મૂકાઇ નહોતી; છતાં બધા નેપકીનો ઠીક ઠીક સારી રીતે ગડી વાળેલા હતા; અને થોકડીની ગોઠવણમાં ખામી હતી, છતાં તે અવ્યવસ્થિત તો નજ કહેવાય. આ લંબાણ ક્રિયા દરમિયાન બાળકને સુભાગ્યે કુટુંબમાંનું કોઇ પણ ત્યાં હાજર નહોતું. "ઉભો રહે, નીચે મૂક"ની બૂમથી બાળક પર તૂટી પડતાં વડીલોને નાનાં બાળકો કેટલીએ વખત જુએ છે. વસ્તુઓને ન અડવાનું શીખવવા માટે તેમના ન્હાનકડા અત્યંત પૂજવાલાયક હાથ ઉપર કેટલી બધી વખત થપ્પડો પણ પડે છે.

બાળકને આનંદ આપતી બીજી "પ્રાથમિક" ક્રિયા શીશીઓના દટ્ટા કાઢઘાલ કરવાની છે. ખાસ કરીને સેન્ટની શીશીના ત્રણ પાસાવાળા મેઘધનુષ્યના રંગોનું પ્રતિબિંબ પાડતા કાચના દટ્ટાઓ તેમને આનંદ આપે છે. શીશીઓના દટ્ટા કાઢઘાલ કરવાની રમત તેમની પ્રાથમિક, મનગમતી રમતોમાંની એક છે. બીજી, મોટા શાહીના ખડિયાનું ટોપચું અથવા તો મોટી પેટીનું ઢાંકણું ઉંચું કરવાની વા કબાટનું બારણું ઉઘાડ વાસ કરવાની રમત છે; અને કહેવાની જરૂર નથી કે મુખ્યત્વે આ નિષેધ કરેલી અતિશય લલચાવનારી વસ્તુઓ માટે વડીલો અને બાળકો વચ્ચે વારંવાર ઝઘડો જામે છે; કારણ કે એ વસ્તુઓ મમીના શણગારમાંની વા પપાના લખવાના મેજમાંની, અથવા તો દિવાનખાનાના કાચ રચીલામાંની હોય છે. આનું પરિણામ, ઘણીવાર "તોફાનીપણું" છે; પણ બાળકને તેજ શીશી અથવા તેજ ખડિયો જોઇતો નથી. આવા પ્રકારના હલનચલનનો મહાવરો પાડવા **તેને માટે ખાસ બનાવેલી વસ્તુઓથી** તેને સંતોષ થશે.

આ અને આવાં બીજાં કાર્યો ન્યાયસંગત હેતુ વિનાનાં પ્રાથમિક કાર્યો છે, અને તેમને શ્રમજીવી મનુષ્યના પહેલા લથડતા પગલા તરીકે ગણી શકાય. તદન નાના બાળકના ઉપયોગ માટે વિશ્વવ્યાપી સફળતા પામેલા દટ્ટાપેટી જેવાં સાધનોમાં અમે આ પ્રાથમિક સમયને ધ્યાનમાં રાખ્યો છે.

બાળકને સ્વતંત્ર પ્રવૃત્તિ કરવા દેવાનો વિચાર સમજવો સહેલો છે, પણ તેને અમલમાં મૂકતી વખતે મનુષ્યના મગજમાં ઉંડા ઉતરેલા ગૂંચવાડાભર્યા અંતરાયો નડે છે. ઘણીયે વાર વડીલો ઇચ્છેછે કે બાળકો સ્વતંત્રપણે વસ્તુઓને અડે અને ખસેડે, છતાં તે ઇચ્છાનો અમલ કરતી વખતે તેઓ તેમના અનિશ્ચિત આવેગોની સામે થઇ શકતાં નથી, અને છેવટે તે આવેગો તેમના પર કાબુ મેળવે છે. ન્યુયોર્કની એક યુવાન માતા આ વિચારોમાં સંમત હતી, અને તેથી તેને તે વિચારો તેના અઢી વર્ષના સુંદર ન્હાના પુત્ર માટે અમલમાં મૂકવાની ઇચ્છા થઇ. એક દિવસે તેણે પોતાના બાળકને કારણ વિના છલોછલ ભરેલા પાણીના જગને સૂવાના ઓરડામાંથી દિવાનખાનામાં લઇ જતાં જોયો. દરેકે દરેક પગલે તે કેટલો બધો પ્રયત્ન કરતો હતો, અને કેટલો તંગ હતો, તે તેની નજરમાં આવ્યું. આખોએ વખત તે વારંવાર "ધ્યાન રાખ, ધ્યાન રાખજે," એમ પોતાના મનને કહ્યા કરતો. જગ ભારે હતો અને એક ક્ષણ એવી આવી કે તેની મા તેને મદદ કર્યા વિના રહી શકી નહી. તેણે બાળક પાસેથી જગ લઈ લીધો, અને જ્યાં તેની ઈચ્છા હતી ત્યાં મૂકયો. બાળક સ્વમાનથી ઘવાયેલો, અશ્રુસારતો ઉભો રહ્યો. મા ને પણ, પોતે, તેનું મન દુભવ્યું હતું, એ વિચારે અત્યંત દુ:ખ થયું. બાળક કોઈક આંતરિક જરૂરથી જ આ પ્રવૃત્તિ માટે પ્રેરાયો હતો તેવું જાણવા છતાં, તેણે પોતાના મનને મનાવ્યું કે એક ક્ષણમાંજ પોતે કરી શકે તેવી આ પ્રવૃત્તિમાં બાળકને આટલો બધો સમય કેમ ગાળવા દેવાય; અને આટલો બધો શ્રમ પણ તેને કેમ લેવા દેવાય. મનને આમ મનાવી આ માતાએ પોતાનો બચાવ શોધી લીધો.

એક રોગી પોતાના રોગના ઉપાય માટે ડાકટરની સલાહ લે, તેમ તેણે મારી સલાહ લેતાં મને કહ્યું, "હું જાણું છું, 'મેં ખોટું કર્યું છે.' "

બાળકથી વસ્તુઓનું રક્ષણ કરવાની પ્રેરણાનો—બાળક પરત્વેની લગભગ લોભની પેલી વૃત્તિનો,—પ્રશ્નની બીજી બાજુનો, મેં વિચાર કર્યો. મેં તેને પૂછ્યું, "કવચિત જ મળતાં ચીનાઈ વાસણો, જેવાં કે બહુજ મોંઘા પ્યાલાઓ તમારી પાસે છે? જો હોય તો તેમાંનો એકાદ નાનો હલકો પ્યાલો તેને લઇ જવા દો અને પછી, શું થાય છે, તે જુઓ.!" તેણે મ્હારી સલાહ માની, અને ત્યાર બાદ મને કહ્યું કે તેનું નાનું બાળક દરેક પગલે અટકીને અત્યંત કાળજીપૂર્વક, બરાબર ધ્યાનથી, પ્યાલાઓને નિર્ણિત સ્થાને ભાગ્યા તોડયા વિના સહિસલામત લઇ ગયું હતું. માતા બે પ્રકારની લાગણીઓમાં—બાળકને પ્રવૃત્તિ કરતું જોવાના આનંદમાં અને પ્યાલાની ચિંતામાં—અટવાઇ ગઇ હતી. આ બે પ્રકારની લાગણીઓ એક બીજાનું સમતોલન કરતી હતી; અને તેથીજ, તેનાથી, આટલા વેગથી બાળકને આકર્ષી રહેલી, અને તેની માનસિક તંદુરસ્તી માટે આવશ્યક પ્રવૃત્તિ કરવા દેવાનું બની શકયું.

બીજા એક પ્રસંગે દોઢેક વર્ષની એક છોકરીને લુછણું આપ્યું. નીચે બેસીને તેણે કેટલીક ચકચકિત વસ્તુઓને આ લુછણાથી સાફ કરી, ત્યારે તેને ઘણો આનંદ થતો દેખાયો; પરંતુ તેની માતાના મનમાં અમુક અવરોધો હોવાથી, તેણે, પોતે શીખેલા આરોગ્યના સિદ્ધાંતોની વિરોધી અને નિરર્થક જણાતી આવી પ્રવૃત્તિ બાળકને કરવા દીધી નહીં.

પ્રવૃત્તિની પ્રેરણાના પહેલા આવિર્ભાવોથી તેનું મહત્વ સમજનાર વડીલ અતિશય વિહ્વળ બને છે. તેને લાગે છે કે તેણે અપાર ત્યાગ કરવો જોઇશે, પોતાના વ્યક્તિત્વનો નાશ કરવો જોઇશે, તેના વાતાવરણને તાબે થવું જોઇશે અને તેમ બનવું, તેના

હાલના સામાજીક જીવન સાથે અસંગત છે. બાળક વડીલના વાત્તાવરણમાં ચોક્કસ સમાજ—અવરોધક પ્રાણી છે; પણ આજ સુધી થયું છે તેમ તેને જકડી લેવાથી, મુંગુ થવાની શિક્ષા ફરમાવ્યાથી તેની વૃદ્ધિને દાબી દેવા જેવું થાય છે.

બાળકમાં ઉદ્ભવતા ઉચ્ચ પ્રકારના આવિર્ભાવોને અનુકૂળ વાતાવરણ રચવામાં આ ઘર્ષણનો ઉકેલ છે. જ્યારે તે તેનો પહેલો શબ્દ બોલે છે ત્યારે કંઈજ તૈયારી કરવાની જરૂર હોતી નથી. ઘરમાં બધાં તેની કાલી ભાષાને આવકારદાયક અવાજ તરીકે સાંભળે છે; પરંતુ તેના નાનકડા હાથ કાર્ય માટે, મનગમતી વસ્તુઓના સ્વરૂપમાં "પ્રવૃત્તિના હેતુઓ" માગે છે. તે મળતાં, જણાઇ આવતા પ્રયત્નથી કાર્ય કરતાં, અને કેટલીક વખત તો તેના ગજા ઉપરાંતનાં કાર્યો કરતાં પણ બાળકને આપણે જોઇશું. મારી પાસે, મોટો ગ્રામ્ય પાંઉ લઈ જતી એક નાની અંગ્રેજ છોકરીની છબી છે. આ પાઉં એટલો બધો મોટો છે કે તેનું વજન તેના હાથ ઉપર ઉપાડી શકાતું નથી, તેથી તેણે, તેને, તેના પોતાના શરીર ઉપર ટેકવ્યો છે; આથી એટલા નીચા વળી તેને ચાલવું પડે છે કે આગળ ક્યાં પગલું માંડવું, તે પણ તે જોઇ શકતી નથી. આપણે, છબીમાં ફક્ત તેના તરફ નજર રાખતા કુતરાની આતુરતાજ જોઇએ છીએ. તે એટલો બધો તંગ લાગે છે કે, જાણે, હમણાં જ તે તેને મદદ કરવા દોડશે; તેની આગળ થોડે દૂર મોટા માણસો છે; ત્યાં દોડી આવીને બાળકીના હાથમાંથી પાઉં લઈ લેવાની તેમની વૃત્તિ દબાવવાનું અતિ મુશ્કેલ છે.

કેટલીક વખત આપણે, આપણને નવાઇ લાગે તેવી વધારે પડતી બુદ્ધિ અને ગતિની ચોકસાઇ બાળકમાં જોઇએ છીએ; પરંતુ જો તેમને માટેજ વાતાવરણ રચાય તો ગૂંચવાડાભર્યા સામાજિક કાર્યોને પણ તેઓ તેમની બાળ દુનિયામાં લઇ જશે. એક વખત, બે વર્ષના એક નાના બાળકે તેના જેવડાજ બીજાં બાળકો માટે જમવાનું ટેબલ તૈયાર કર્યું, તેમને બહુજ ગંભીર-

તાથી પીરસ્યું અને ઘરના માલીકની માફક તેમનો સત્કાર કર્યો. મારા ઉપર બાળકની આ પ્રવૃત્તિની બહુજ અસર થઈ હતી, તે મને યાદ છે. આ મહાન કાર્ય કરતાં કરતાં તેની માતાએ તેના જન્મ દિવસ નિમિત્તે કેક ઉપર મૂકેલી બે સળગતી મીણબત્તિઓની સ્પષ્ટ અસર તેના ઉપર થઈ; કારણકે વસ્તુઓના મહત્વનો છબરડો વાળતો બાળક મહેમાનોને કહ્યા કરતો હતો, "મારી પાસે બે વર્ષ છે અને બે મીણબત્તિઓ છે."

. . . . . .

બાળકની ક્રિયામાં વડીલને, જો પ્રવૃત્તિના મહત્વની સમજ ન હોય, અને તેની ક્રિયામાં પ્રેરણાના પહેલા આવિષ્કરણનું ભાન ન હોય, તો તે બાળકને ક્રિયા કરતું અટકાવે છે. હમેશાં સંરક્ષક વૃત્તિનુંજ આ પરિણામ છે એવું નથી; બીજાં કારણો પણ હોય છે. એક તો વડીલ ક્રિયાના બાહ્ય હેતુનેજ જુએ છે, અને તેના માનસિક ઘડતર પ્રમાણે નિશ્ચિત કરેલી તેની અમુક જ કાર્યપ્રણાલી છે. સૌથી સીધી રીતે, અને તેથી જેટલા બને તેટલા ઓછા સમયમાં પોતાના હેતુઓ સિદ્ધ કરવાને વડીલોનો પ્રયત્ન, તેને મન એક જાતનો સ્વાભાવિક નિયમ છે. સાચે જ, તેણે તેને "ઓછામાં ઓછા પ્રયત્નના નિયમ" (The law of least effort) તરીકે ઘડી કાઢયો છે. તદ્દન નિરર્થક કાર્યમાં મહાન પ્રયત્ન કરતા, અથવા વડીલ એક જ ક્ષણમાં સારી રીતે કરી શકે તેવા કાર્ય માટે મથામણ કરતા બાળકને જોતાંજ, વડીલ આ અકળાવતા દેખાવનો અંત લાવવા બાળકને મદદ કરવા લલચાય છે. નાના બાળકનો નજીવી બાબતો માટેનો આવો ઉત્સાહ તેને વધારે પડતો અને મૂર્ખાઈભર્યો લાગે છે, અને તેથી ચીડાય છે. બાળકના ખ્યાલમાં આવે કે આ ટેબલ કલોથ રોજ પથરાય છે તેવું પથરાયું નથી, તો તે ટેબલ કલોથ, તેને યાદ હોય તેમ, પાથરવા પ્રયત્ન કરે છે. જ્યારે તે બરાબર પાથરે છે ત્યારે તેની આ ક્રિયામાં, ધીમી હોવા છતાં તેની બધીજ શક્તિ અને ઉત્સાહ રેડાયેલાં હોય છે; કારણ કે યાદ રાખવું, તે

તેના મનનું મુખ્ય કાર્ય છે, અને જોયેલી રીતે કોઈ પણ વસ્તુને યથાસ્થિત ગોઠવવામાં વિકાસને અનુકૂળ તેની સર્વોત્તમ જીત છે; પણ તેના આ પ્રયત્નને લક્ષમાં લેનાર કોઇ વડીલ તેની પાસે ન હોય ત્યારે જ તે આ ક્રિયા કરી શકે છે.

જો કોઈ બાળક જાતે વાળ હોળવાનો પ્રયત્ન કરે તો વડીલને આ અદ્ભૂત પ્રયત્ન જોઇ અત્યાનંદ થવાને બદલે તેને પોતાના જીવનના નિયમો ઉપરજ સીધો હુમલો થતો લાગે છે. વડીલ જાણે છે કે બાળક સારા તેમજ ઝડપથી વાળ હોળી શકશે નહિ, તેથી ધાર્યું કામ થશે નહિ; અને પોતે ઝડપથી અને સારી રીતે સરસ વાળ હોળી શકશે. જ્યારે પોતાના વ્યક્તિત્વને ઘડતી આવી એકાદ ક્રિયા બાળક આનંદથી કરતું હોય છે, ત્યારે અત્યંત બળવાન, અવિરોધ્ય, હાથમાંથી કાંસકો ઝુંટવી લેતી, વાળ હોળી આપીશ કહેતી, લગભગ છત જેટલી ઉંચી, વડીલની મોટી આકૃતિ તે પોતાની સામે જુએ છે. નાના બાળકને મુશ્કેલીથી કપડાં પહેરતાં વા બૂટ પહેરતાં, કોઇ વડીલ જુએ, તો પણ તે આમ જ કરે છે. બાળકના દરેક પ્રયત્નમાં ડખલ કરે છે. બાળક જરૂર વિનાનાં કાર્યો કરવાનો પ્રયત્ન કરે છે એટલાથીજ નહિ, પણ તેના કાર્યની જુદી તાલબદ્ધતાથી—તેના હલનચલનની જૂદા પ્રકારની રીતથી-વડીલ ચીડાય છે. ઝટ બોલી નંખાય તેવા જૂના વિચાર અથવા સમજી શકાય તેવા નવા વિચાર જેવી તાલબદ્ધતા નથી. લગભગ શરીરની આકૃતિની માફક, દરેક વ્યક્તિમાં, હલન-ચલનની તાલબદ્ધતા જૂદીજ આંતરિક વિશિષ્ટતા છે; અને જો આ તાલબદ્ધતા બીજી સરખીતાલબદ્ધતાઓ સાથે સુસંગત ન હોય તો આ જૂદા પ્રકારની તાલબદ્ધતા સાથે તે મુશ્કેલી વિના મેળ સાધી શકે નહિ. દાખલા તરીકે, આપણે જો કોઇ પક્ષાઘાતવાળા મનુષ્ય પાસે હોઇએ, અને તેની સાથે ચાલવાનું હોય, તો આપણને અત્યંત અસ્વસ્થતા લાગે છે; તેમજ જ્યારે આપણે, તેને પ્યાલાના પ્રવાહી પદાર્થને, રખે, ઢળી જશે, એ બીકે ધીમેથી તેના હોઠ આગળ લઇ જતાં જોઇએ છીએ ત્યારે તેની આવી

જુદાજ પ્રકારની તાલબદ્ધતાનું ઘર્ષણ આપણને જરૂર અસ્વસ્થ બનાવે છે; અને તેથી તેમાંથી બચવા તેની તાલબદ્ધતાને સ્થાને આપણે આપણી તાલબદ્ધતા મૂકીને તેને મદદ કરીએ છીએ. બાળકની સાથે વડીલ પણ આવું જ કંઇક કરે છે. પોતાને પજવનાર નિરૂપદ્રવી માખીને જેમ વડીલ જરાએ અચકચા વિના દૂર કરે છે તેમ અભાનમય સંરક્ષણ વૃત્તિથી, તે, બાળકને ધીમું, આડુઅવળું હલનચલન કરતાં અટકાવવાનો પ્રયત્ન કરે છે.

એથી ઉલટું, જ્યારે બાળકનું હલનચલન ઝડપી અને ઉતાવળી ગતિવાળું હોય છે ત્યારે વડીલ તે સહન કરી શકે છે. આવા પ્રસંગે બાળકે તેના વાતાવરણમાં કરેલી અવ્યવસ્થા અને ગડબડાટ સહન કરી લેવા તે તૈયાર હોય છે. અહીંયાં વડીલ "ધીરજનું હથિયાર ધારણ કરે છે," કારણ કે આવા પ્રસંગોમાં કેટલુંક સ્પષ્ટ અને પ્રગટ હોય છે, અને વડીલની ઇચ્છાશક્તિ હમેશાં પોતાનાં ભાનપૂર્વક કરાએલાં કાર્યોને અંકુશમાં રાખી શકે છે, પણ જ્યારે બાળકનાં હલનચલન ધીમાં હોય છે ત્યારે વડીલ પોતાની જાતને તેને **સ્થાને** મૂકયા વિના રહી શકતું નથી. આ પ્રમાણે સૌથી વધારે મહત્વની માનસિક જરૂરિયાતોમાં બાળકને મદદ કરવાને બદલે, બાળકે જાતેજ કરવા ઇચ્છેલાં બધાં કાર્યોમાં પોતાને મૂકે છે, અને એ રીતે તે મદદને બદલે તેની પ્રવૃત્તિના સઘળા માર્ગોને અવરોધે છે અને તેની પ્રાણપૂર્ણ ઉત્ક્રાન્તિમાં મ્હોટામાં મોટી આડખીલી બને છે. બાળકને કોઈ નવરાવે, કપડાં પહેરાવે, અથવા તો વાળ હોળે તે ગમતું નથી, તેથી તેવા " તોફાની " ની નિરાશાભરી ચીસો, મનુષ્ય–વિગ્રહના સૌથી શરૂઆતના નાટકના પ્રવેશો છે.

બાળકને કરેલી **નિરર્થક મદદ** સઘળાં **દબાણોનું** પ્રથમ મૂળ છે, અને એ રીતે બાળકને વધારેમાં વધારે ભયંકર નુકશાન વડીલ કરે છે એવું કદીયે કોઇએ ધાર્યું હશે?

બાળકોના નર્કની સચોટ કલ્પના જાપાની માનસે કરી છે.

તેમની માન્યતા પ્રમાણે, બાળકો ઉપર બીજા જગતના રાક્ષસો સતત ત્રાસ વર્તાવે છે, તેથી, તેમાંથી તેમનો બચાવ કરવા, તેમને મદદ કરવા, તેમની અંત્યેષ્ટી ક્રિયાના ભાગ તરીકે તેઓ બાળકોની કબરમાં ન્હાના પથ્થરો અથવા પથ્થરો જેવી વસ્તુઓનો ઢગલો મૂકે છે. જ્યારે બાળક કંઈક બાંધે છે ત્યારે રાક્ષસ તેને તોડી પાડે છે અને તેનો નાશ કરે છે. આવે વખતે તેનાં માબાપે ભક્તિભરી સંભાળથી મૂકેલા આ ન્હાના પથ્થરો તેને ફરી બાંધવામાં મદદ કરશે. અહીં અનાવિર્ભાવનું સૌથી વધારેમાં વધારે અસરકારક બીજા જીવન સુધી પહોંચતું આરોપણ છે.

વડીલનું પ્રતિસૂચન

બાળકોનાં કાર્યોને બદલે, વડીલનાં પોતાનાં કાર્યોનું પ્રતિનિધાન, કેવળ બાળકને બદલે કાર્ય કરવાનું સ્વરૂપ લે છે; એટલુંજ નહીં, પણ તે બાળકની ઇચ્છાશક્તિને બદલે તેની પોતાની ઈચ્છાશક્તિ મૂકી દે છે. આવી રીતે બાળકની ઇચ્છાશક્તિમાં પોતાની ઇચ્છાશક્તિને ઘુસાડી દેવાથી, બાળક કાર્ય કરતું નથી, પરંતુ બાળકદ્વારા વડીલજ કાર્ય કરે છે.

શાર્કોટે તેની પ્રખ્યાત માનસરોગશાસ્ત્રની સંસ્થામાં હીસ્ટીરિયાના રોગથી પીડાતા મનુષ્યોમાં પ્રતિસૂચનદ્વારા તેના વ્યક્તિત્વનું પ્રતિનિધાન કરી બતાવ્યું, ત્યારે ભારે સનસનાટી થઈ. મનુષ્ય તેનાં પોતાનાં કાર્યોનો સ્વામી છે, એ અડગ મનાતી માન્યતાની મૂળભૂત કલ્પનાને તેના પ્રયોગોએ હચમચાવી નાંખી. પ્રયોગોદ્વારા સિદ્ધ કરવું સંભવિત હતું કે એક વિધેયમાં પ્રતિસૂચન એટલી હદ સુધી ઠોકી બેસાડાય કે જેથી તેનું વ્યકિતત્વ દબાઇ જાય અને તેને સ્થાને વિધાયકનું વ્યક્તિત્વ સ્થપાય. જો કે થોડા પ્રયોગોમાં જ, અને પ્રાયોગિક શાળામાંજ આ સત્યો સાબીત થયાં હતાં છતાં તેનાથી સંશોધન અને શોધખોળનો નવો પ્રદેશ ઉઘડયો. આ બનાવે અનાવિર્ભૂત અને ઉન્નતમાર્ગે જતી માનસિક અવસ્થાઓના તથા બેવડા વ્યકિતત્વના

અભ્યાસ તરફ અને છેવટે માનસપૃથ્થક્કરણશાસ્ત્રથી અભાનના પ્રદેશની શોધખોળ તરફ સંશોધકોને વાળ્યા.

જ્યારે આત્મભાનનું ઘડતર થતું હોય, અને બાહ્યવસ્તુઓ તરફનું ઇન્દ્રિયભાન સર્જનાત્મક અવસ્થામાં હોય ત્યારે જીવનનો અમુક સમય—બાલ્યાવસ્થા—પ્રતિસૂચન માટે અસાધારણ રીતે તૈયાર હોય છે; તે સમયે, માર્મિક રીતે સરકાવી દેતો હોય, અને બાળકની ઇચ્છાશક્તિનો સર્વોત્તમ ગુણ—તેની દ્રવતા—ને સચેતન કરતો હોય તેમ, વડીલ તેનું પોતાનું વ્યક્તિત્વ બાળકમાં ધીમે ધીમે દાખલ કરી દે છે.

અમે અમારી શાળામાં જોયું છે કે જો બાળકને, કોઇપણ કાર્ય કેમ કરવું તે બતાવતાં ભૂલેચૂકે પણ અમે વધારે પડતો ઉત્સાહ બતાવી દેતાં, અને વધારે પડતી શક્તિથી, અથવા વધારે પડતી ચોકસાઇથી હલનચલન કરી બેસતાં, તો બાળકની તેના વ્યક્તિત્વ પ્રમાણે કાર્ય કરવાની, અને નિર્ણય કરવાની શક્તિને ઠારી દેતાં. પરિણામે, જાણે કે, બાળકના સત્તાવાહી વ્યક્તિત્વથી નિરાળી; અને બ્હારના અને વધારે પ્રબળ વ્યક્તિત્વમાંથી મળેલા હુકમ મુજબની ગતિ ઉત્પન્ન થાય છે. આ હુકમની સહજ હીલચાલમાં, બાળકોના નાજુક અવયવોમાંથી તેનું વ્યક્તિત્વ છીનવી લેવાની, લગભગ, ચોરી લેવાની, ભયંકર શક્તિ રહેલી છે. વડીલ ઇચ્છાપૂર્વક પ્રતિસૂચન કરે છે, એમ પણ નથી; પરંતુ જાણ બહાર, ઇચ્છા વિના અને મહાપ્રશ્નના અસ્તિત્વના ભાન વિના પણ તેમ કરે છે.

હું થોડાક દાખલા આપીશ. એક વખત મેં જાતે બે એક વર્ષના એક છોકરાને સફેદ ચાદર પર બુટની જોડ મૂકતાં જોયો. મારી ક્રિયાના પરિણામનો કંઇ વિચાર કર્યા વિના, આવેગથી મેં બુટ લીધા અને જમીન પર ખૂણામાં મૂકતાં કહ્યું, “તે ગંદાં છે.” અને બુટ મુકેલી જગાને મારા હાથે સાફ કરી. આ પછી તે જ્યારે જ્યારે બુટ જુએ ત્યારે તેને બીજી જગાએ મૂકવા દોડે, અને

કહે, "ગંદાં." પછી તેની નજીકમાં ખુટ ન હોય તોપણ પથારી પર તેનો હાથ ફેરવે. જાણે કે ચાદરને સાફ કરતું ન હોય!

એક બીજો દાખલો. એક વખત, એક કુટુંબમાં એક પાર્સલ આવ્યું. આથી માને બહુજ આનંદ થયો. તેણે પાર્સલ છોડયું, તેમાંથી એક રુમાલ નીકળ્યો તરતજ માએ આ રૂમાલ ન્હાની છોકરીને આપી દીધો; પછી વાંસળી નીકળી. માએ આ વાંસળી વગાડવા હોઠે મૂકી અને બાળકને આનંદથી કહ્યું, "સંગીત." ત્યાર પછી આ છોકરીને રુમાલ મળતાં તરતજ વિહ્વળ બની "સંગીત" બોલતી.

બાળકમાં, વડીલની પ્રતિક્રિયા ઉત્પન્ન કરવા જેટલી ઇચ્છા પૂરેપૂરી ઉગ્ર નથી હોતી ત્યારે તેનાં કાર્યોમાં ક્રિયારોધક તત્વો ધીમે ધીમે દાખલ થઇ જવાનો સંભવ છે. સભ્ય, સંયમી મનુષ્યોમાં અને ખાસ કરીને શિષ્ટ આયાઓમાં આવું બને છે, એનો સંપૂર્ણ ખ્યાલ આપતો એક દાખલો આ છે. દાદીમાના ઘરમાં, તેમની ચારેક વર્ષની પૌત્રી તેમની સાથે એકલી રહેતી હતી. આ ન્હાની છોકરીને એક વખત પાણીનો જોસ જોવા કુવારાની ચકલી ઉઘાડવાનું મન થયું, પણ ચકલી ઉઘાડવા ગઈ ત્યાં તો તરતજ તેણે તેનો હાથ પાછો ખેંચી લીધો. દાદીમાએ ચકલી ઉઘાડવા તેને ઘણુંએ પ્રોત્સાહન આપ્યું પણ તે એકની બે ન થઇ. તેણે કહ્યું, "ના, આયા ના પાડે છે."

દાદીમાએ કહ્યું, આ આપણું ઘર છે, અને હું તને સંપૂર્ણ છૂટ આપું છું, કહી તેને સમજાવી. તેણે સંતોષભર્યું અને તેથીએ વધારે કુવારો છોડવાની આતુરતાવાળું આનંદમય સ્મિત કર્યું, અને જો કે કુવારો છોડવા તેણે તેનો હાથ લંબાવ્યો તોપણ તરતજ છેલ્લી ક્ષણે તે પાછો ખેંચાયો. ગેરહાજર આયાના હુકમના આજ્ઞાપાલનનું ભાન એટલું બધું બળવાન હતું કે તદ્દન નજીકના સગાનો વ્હાલભર્યો આગ્રહ પણ તે દૂર રહેલા બળને હઠાવી શકયો નહી.

તેવોજ બીજો દાખલો, એક સાતેક વર્ષના સ્હેજ વધારે મ્હોટા છોકરાનો હતો. તે બેઠો હતો ત્યાંથી થોડેક દૂર કંઇક આકર્ષક વસ્તુ હતી. તે લઇ આવવાનું તેને મન થયું પણ ડામાડોળ ઈચ્છાની ઉપરવટ ન થઇ શકવાથી પાછો આવી બેસી ગયો. અંદરથી હુકમ કરતો આ "સ્વામી" કોણ હતો તે કોઈ જાણતું નહોતું, કારણ કે બાળકના સ્મરણમાં તેની રેખા સુદ્ધાં પણ હવે રહી નહોતી. આપણે કહી શકીએ કે, બાળકની પ્રતિસૂચન સ્વીકારવાની નિખાલસતા, જેને આપણે "વાતાવરણનો પ્રેમ" કહી આંતરિક ઇંન્દ્રિયભાનની વિશિષ્ટતાના નામે ઓળખીએ છીએ, તે બાળકોની રચનાત્મક માનસશાસ્ત્રીય ક્રિયાઓમાંની એક ક્રિયાનો અતિરેક છે. બાળક આતુરતાથી વસ્તુઓનું નિરીક્ષણ કરે છે, અને તેનાથી આકર્ષાય છે પણ સૌથી વિશેષ તે વડીલોનાં કાર્યોથી ખેંચાય છે, અને તે કાર્યોને જાણવા અને તેનું પુનરાવર્તન કરવા ઈચ્છે છે. અહીં હવે વડીલોને શિરે એક જાતનું ધર્મકાર્ય કરવાનું રહે છે. આ ધર્મકાર્ય બાળકોનાં બાલસદૃશકાર્યોને પ્રેરણા આપવાનું, અને તેઓ યથાયોગ્ય રીતે વર્તી શકે તેવું જ્ઞાન, અને તેમની પોતાની ગતિઓનું માર્ગદર્શન, જેમાંથી તેઓ મેળવી શકે તેવા એક ખુલ્લા પુસ્તક બનવાનું છે. આમ કરવા માટે વડીલે હમેશાં શાંત રહેવું જોઇએ, અને નીરખી રહેલા બાળકને તેમના કાર્યોની સઘળી વિગત સ્પષ્ટતાથી મળે તે રીતે **ધીમેથી** કામ કરવું જોઇએ. જો વડીલ તેની હમેશની ઉતાવળી, શક્તિસમ્પન્ન તાલબદ્ધતાથી હાંકે રાખે તો બાળકને પ્રોત્સાહન આપવાને બદલે તેનું પોતાનું વ્યક્તિત્વ તે બાળકમાં કોરે અને પ્રતિસૂચનથી પોતેજ બાળકનું પ્રતિનિધાન બને.

ઇન્દ્રિયોને આકર્ષી શકે તેવી નિર્જીવ વસ્તુઓ પણ બાહ્યાકર્ષણ કરતા લોહચુંબકની માફક બાળકના ધ્યાનને બળજબરીથી ખેંચી સૂચનની શક્તિ જગવી શકે. આ વાતને સ્પષ્ટ કરવા પ્રો. લેવીને કરેલા અને તેની માનસશાસ્ત્રીય ફીલ્મોથી લેખચિત્રિત થયેલા એક રસમય પ્રયોગને હું ટાંકીશ. એક જ પ્રકારનાં

સાધનોથી, અમારી શાળાનાં વિકૃત અને સ્વાભાવિક બાળકોના (સરખી વય અને વાતાવરણવાળાં બાળકો પસંદ કરવાની કાળજી રાખીને) જૂદા જૂદા વર્તનની નોંધ લેવાની તેની ઇચ્છા હતી.

આ ફીલ્મમાં એક લાંબુ, જૂદાં જૂદાં સાધનોવાળું ટેબલ દેખાય છે. જેમાંનાં કેટલાંક સાધનો અમારાં પણ છે. બાળકોનો એક સમૂહ અંદર આવે છે. તેમની સમક્ષ મૂકેલાં સાધનોથી તેઓ એકદમ આકર્ષાય છે, અને તેમનામાં રસ ઉત્પન્ન થાય છે. તેઓ આનંદી અને સ્મિતભર્યા છે અને આટલાં બધાં સાધનોની વચમાં પોતાને જોશ જણાય છે. દરેક કોઈ સાધન લઇને કામ કરવા મંડી જાય છે; પછી તેને નીચે મૂકી બીજું પસંદ કરે છે, અને એ પ્રમાણે એક પછી એક પ્રયોગ ચાલુ રાખે છે. આ એક દ્રશ્ય છે.

હવે બીજું. બાળકોનો બીજો સમૂહ અંદર આવે છે. તેઓ હળવે ચાલે છે, અટકે છે, આજુબાજુ નજર ફેરવે છે. આ બધાં સાધનોમાંથી તેઓ એક સાધન તરફ જાય છે, થોડો વખત તેને વીંટાઈને ઉભાં રહે છે. અને પછી નિષ્ક્રિય હોય તેમ સ્થિર ઉભાં રહેલાં લાગે છે. આ બીજું દ્રશ્ય.

બાળકોના આ બે પ્રકારના સમૂહોમાંથી કયો સમૂહ વિકૃત બાળકોનો અને કયો સ્વાભાવિકનો ? દરેક સાધન પર જતાં, ઝડપથી ચાલતાં, ચેતનવંતાં જણાતાં સુખી, બાળકો વિકૃત છે. જાહેર જનતાની દ્રષ્ટિએ તેઓ બુદ્ધિશાળી દેખાય છે, કારણકે ચેતનવંતાં, આનંદી, એક સાધનથી બીજા સાધન પર જતાં બાળકો બુદ્ધિશાળી છે એમ સૌ કોઇ માને છે.

તેથી ઉલટું લાંબા વખત સુધી સ્થિર ઉભાં રહીને શાન્તિથી આમ તેમ ફરતાં, અને પછીથી જાણે કે વિચાર કરતાં ન હોય તેમ એક સાધનને પસંદ કરતાં બાળકો સ્વાભાવિક છે. આ રીતે શાન્ત, સંયમી, માપસરની ગતિવાળો વિચારશીલ સ્વભાવ સ્વાભાવિકતાનું લક્ષણ છે.

સામાન્ય સ્થાપિત વિચારો સાથે બન્ને ચિત્રોથી જણાતા પ્રયોગનું ઘર્ષણ થતું લાગે છે; કારણકે સામાન્ય વાતાવરણમાં બુદ્ધિશાળી બાળકો પ્રીલ્મમાંનાં વિકૃત બાળકો માફક વર્તે છે. ધીમું, વિચારમગ્ન, સ્વાભાવિક બાળક નવોજ પ્રકાર છે, અને તે, એકદમ, તેની સંયમિત ગતિઓને તેના વ્યક્તિત્વથી નિયંત્રિત અને બુદ્ધિથી શાસિત બતાવે છે. બાહ્યવસ્તુઓમાંથી મળેલાં સૂચન ઉપર આવાં બાળકો સ્વામીત્વ મેળવે છે, અને તેવી વસ્તુઓનો સ્વતંત્રરીતે ઉપયોગ કરે છે. આ રીતે ઘણું હલનચલન નહી પણ પોતાનું સ્વામિત્વ અગત્યની વસ્તુ છે. કોઈ પણ વ્યક્તિને માટે ગમે તેમ અને ગમે તે રીતે ફાવે તેમ ફરવું તે અગત્યનું નથી પણ તેના પ્રેરક અવયવો પર પ્રભુત્વ મેળવવું તે અગત્યનું છે. કેવળ બાહ્યવસ્તુઓના આકર્ષણની સત્તાથી નહી, પણ તેના પોતાના વ્યક્તિત્વની દોરવણીથી હલનચલનની શક્તિ, બાળકને ફક્ત એકજ વસ્તુ ઉપર એકાગ્ર થવા દોરે છે, અને આ આંતરિક પ્રારંભની ઘટના છે.

આવી નાજુક અને ચેતનગ્રાહી ગતિ ખરેખર સ્વાભાવિક અવસ્થા છે. જેને આપણે આંતરિક શિસ્તનો નિયમ કહીયે છીયે તેનો આ સારાંશ છે, બાહ્ય કાર્યોમાંનું શિસ્ત નિયમનની આસપાસ પાસા પાડેલી આંતરિક શિસ્તનું આવિષ્કરણ છે. જ્યારે આમ નથી બનતું ત્યારે હલનચલન વ્યક્તિત્વના કાબુની બ્હાર જાય છે, બાહ્ય ઈચ્છાની સત્તાથી દબાઇ જાય છે, અને સઢવિનાના વહાણની માફક બાહ્યવસ્તુઓની દયા પર તેને રહેવું પડે છે. બાહ્ય ઈચ્છા માટે શિસ્તમય પ્રવૃત્તિ કરવાનું અઘરું છે, કારણકે આવી પ્રવૃત્તિ માટેની ગોઠવણ નથી, અને પછી આપણે કહીયે છીએ કે વ્યક્તિત્વ ભાંગી પડયું છે. તેની પોતાની પ્રકૃતિ પ્રમાણે વિકાસની તક ગુમાવેલા બાળકને, રણમાં ઉતરેલા, અને એકાએક પવનથી ખેંચાઈ જતા તેના બલુનને જોતા ઉભા રહેલા માણુસ સાથે સરખાવી શકાય. તેને દોરવા આ માણુસ કાંઇ કરી શકતો નથી, અને તેની જગા લે તેવું બીજું કાંઇ તેની નજીકમાં નથી. બાળક અને વડીલ વચ્ચેના

વિગ્રહમાં ખરી રીતે વિકાસ પામેલા મનુષ્યનું આ ચિત્ર છે. કુદરતનાં તત્વોની દયાપર છોડી દીધેલાં તેનાં આવિષ્કરણનાં સાધનોથી દૂર અને અણુવિકસ્યું અંધકારમય તેનું મન છે.

હલનચલનનું મહત્વ

સ્પષ્ટ છે કે વડીલને બાળકની પ્રવૃત્તિના મહત્વનું પુરૂ ભાન નહી હોવાથી આવી અંતરાયરુપ જણાતી પ્રવૃત્તિને સાચેજ તેણે અટકાવી દીધી છે.

ભાવી–મનુષ્યના ઘડતરમાં, પ્રવૃત્તિના આ સર્વશ્રેષ્ઠ મહત્વની નોંધ લેવાનું, વિજ્ઞાનવેત્તાઓ અને શિક્ષકો કેમ ભૂલ્યા તે પણ સમજાતું નથી. " પ્રાણી " શબ્દમાંજ પ્રાણવાનનો અર્થ રહેલો છે; એટલે પ્રાણીઓ અને વનસ્પતિ વચ્ચેનો ભેદજ એ છે કે વનસ્પતિ સ્થિર છે, અને પ્રાણીઓ ગતિવાન છે. ત્યારે બાળકની પ્રવૃત્તિઓને કદીએ દાબી દેવાનો વિચાર કઈ રીતે ઈષ્ટ ગણાયો હશે ?

વડીલોએ કરેલાં બાળકનાં વખાણનાં જૂદાં જૂદાં સ્વરૂપ, તેમના આ વલણનો અનાવિર્ભૂત સ્વીકાર બતાવે છે. બાળકને "ન્હાનું ફુલ"–હમેશાં સ્થિર–કહેવામાં આવે છે, અથવા તો "ન્હાનો દેવદૂત" એટલે હલનચલન કરતું, ના, ઉડતું એક પ્રાણી. પણ મનુષ્યની દુનિયામાં નહી, કોઇ બીજીજ દુનિયામાં.

આ સઘળું, ફ્રોઈડે વર્ણવેલી, મનુષ્ય જાતિના અનાવિર્ભૂતમાં રહેલી એકાંગી અંધતાની,–માનસશાસ્ત્રીય "સ્કોટોમાની"–સાંકડી હદની પાર, દૂર દૂર વિસ્તરતી મનુષ્ય આત્માની ગૂઢ અંધતા બતાવે છે.

અજ્ઞાતને શોધવાની પદ્ધતિસર રીતો વાળું વિજ્ઞાન પણ જો આ અંધાપાને વ્યક્ત કર્યા વિના મનુષ્ય જીવનની સૌથી વધારે બળવાન સાબિતીઓને વટાવી ગયું છે તો જરૂર આ અંધાપો અતિશય ઉંડો છે.

મનના ઘડતરમાં ઇન્દ્રિયોના મહત્વ વિષે સૌ એકમત છે. બ્હેરાં મુંગાંનું અથવા અંધ બાળકનું મન તેના વિકાસમાં અસાધારણ મુશીબતો વેઠે છે, તેની કોઈને પણ શંકા નથી; કારણ કે દ્રષ્ટિ અને શ્રવણ મનનાં બારણાં છે. તેઓ બૌદ્ધિક ઇન્દ્રિયો તરીકે ઓળખાય છે. આંતરિક પરિસ્થિતિઓ એક સરખી હોય તો, સર્વ ઇન્દ્રિયોના ઉપભોગ કરનાર મનુષ્યની બુદ્ધિ કરતાં બ્હેરાં મૂંગાની અને અંધની બુદ્ધિ જરૂર ઉતરતી જ છે, એ બાબતમાં પણ સૌ એક મત છે. જો કે શારીરિક દર્દ કરતાં તદ્દન જૂદા જ પ્રકારની, અને સંપુર્ણ તન્દુરસ્તીની સાથે સુસંગત હોવા છતાંયે આંધળાં બ્હેરાંની આ વેદનાઓ સર્વને સુવિદિત છે. કૃત્રિમ રીતે બાળકોની દ્રષ્ટિ અને શ્રવણ ખુંચવી લેવાથી તેઓ બૌદ્ધિક સંસ્કારિતા, અને સામાજીક નીતિનું વધારે સારૂં ઐક્ય સાધી શકશે એવું મુર્ખાઈભર્યું માનનાર કોઈ નહી હોય? અથવા તો, સંસ્કારિતાના વિકાસ માટે આપણે આંધળાં બ્હેરાં તરફ દ્રષ્ટિ નાંખવી જોઈએ એવું પણ, કોઇ કદીએ વિચારી શકે નહી.

પણ મનુષ્યના નૈતિક અને બૌદ્ધિક ઘડતર માટે હલનચલનનું મહત્વ એટલું જ અથવા એથીયે વધારે છે તે વિચાર સ્વીકારાવવો કઠણ છે. મનુષ્ય, તેની ગત્યાત્મક ઇન્દ્રિયો તરફ બેદરકાર રહીને પોતાનું ઘડતર ઘડે તો તેનો રૂંધાયેલો વિકાસ થશે, અને બૌદ્ધિક ઇન્દ્રિયોમાંના એકાદના અભાવથી ઉદ્ભવની લઘુતાની સ્થિતિ કરતાં પણ વધારે ગંભીર સ્થિતિમાં હમેશાં રહેશે.

પોતાના સ્થુળ શરીરના કેદી બનેલા મનુષ્યની વેદના, બ્હેરા અને આંધળા મનુષ્યની વેદના કરતાં વધારે કરૂણ, અને વધારે સુચક દ્રશ્ય છે. અંધમાં અને બ્હેરામાં વિકાસનાં બાહ્ય સાધનો તરીકે કાર્ય કરનારાં વાતાવરણનાં તત્વોની જ ખોટ છે. મનુષ્ય આત્મામાં, અમુક હદ સુધી એક ઇન્દ્રિયની તીવ્રતા બીજી ઇન્દ્રિયની ખોટને પુરી પાડે તેવી અનુકૂળતાની ભારે શક્તિઓ

રહેલી છે; પણ હલનચલન તો મનુષ્યના વ્યક્તિત્વનોજ એક ભાગ છે અને તેથી તેનું સ્થાન કોઇ પણ લઈ શકે નહી. હલન ચલન વિનાનો મનુષ્ય તેના અસ્તિત્વમાં ઘવાયલો છે, અને તેના જીવનમાંથી બાતલ થયેલો છે.

. . . . . .

લોકો જ્યારે સ્નાયુઓની વાત કરે છે ત્યારે તરતજ તેમનો ખ્યાલ યંત્રરચનાનો, ખરેખર, યંત્રની યંત્રરચનાનો હોય છે. પદાર્થ અને યંત્રરચનાઓના ખ્યાલથી જૂદો આપણો આત્માનો ખ્યાલ છે; પણ તેનાથીએ ઘણોજ જુદો આ ખ્યાલ છે.

મનુષ્યની બૌદ્ધિક ઉત્ક્રાન્તિમાં અને મનના વિકાસમાં, કહે-વાતી બૌદ્ધિક ઇન્દ્રિયોને અપાતા મહત્વ કરતાં હલનચલનને વધારે મહત્વ આપવું તે સ્વીકૃત વિચારોની અવગણના કરવા જેવું છે.

પરંતુ આંખ અને કાનમાં યન્ત્ર રચનાઓ છે, આંખમાં જણાતા સર્વશ્રેષ્ટ સજીવન કેમેરા કરતાં વધારે સંપુર્ણ કાંઇ પણ હોઇ શકે નહી, અને કાન, ઢોલ સુદ્ધાં, ઝાઝ બેન્ડ સાથે સઘળાં તંતુ–વાદ્યોનો સમૂહ છે. પણ જ્યારે બુદ્ધિના ઘડતરમાં આ ભવ્ય વાદ્યોના મહત્વ વિષે આપણે બોલીએ છીએ ત્યારે આપણે તેમને યન્ત્ર રચનાઓ તરીકે વિચારતા નથી પણ જે વ્યકિતત્વ તેનો ઉપયોગ કરે છે તેનો વિચાર કરીએ છીએ. આ અદ્ભુત પ્રાણવાન વાદ્યો દ્વારા, વ્યક્તિત્વ જગત સાથે સંબંધમાં આવે છે, અને માનસશાસ્ત્રીય જરૂરિયાતો પ્રમાણે તેમનો ઉપયોગ કરે છે. પ્રકૃતિનાં સૌન્દર્યનાં દર્શન, સૂર્યોદય, સૂર્યાસ્ત, કલાના નમૂનાઓ, બાહ્યજગતની મંજુલ અસરો, મનુષ્યનો સ્વર, અથવા સંગીત, આ સઘળા અનેક પ્રકારના અને સતત પડતા સંસ્કારો, આંતરિક વ્યક્તિત્વને, માન-સિક જીવનનો આનંદ, અને તે આનંદને સાચવી રાખવાનો આવશ્યક ખોરાક પૂરો પાડે છે.

વ્યક્તિત્વ, સાચુ પ્રતીનિધિ, એકજ લવાદ, અને ઇન્દ્રિય

અસરોનું ગ્રાહક છે. જોવાને અને ભોગવવાને વ્યક્તિત્વ ન હોય તો જ્ઞાનેન્દ્રિયોની યન્ત્ર રચના શા કામની ? દ્રષ્ટિ અને શ્રવણ મહત્વનું નથી પણ દ્રષ્ટિ અને શ્રવણદ્વારા વ્યક્તિત્વ પોતાનું સ્વરૂપ ઘડે, વૃદ્ધિ પામે, ઉપભોગ કરે, અને પોતાને ટકાવી રાખે તે મહત્વનું છે.

હવે આપણે, આનો અને હલનચલનના આ દૃશ્યનો વિચાર કરીએ. બેશક, ગતિને અવયવો છે; જો કે, તેઓ કાનના પડદા અને આંખના પારદર્શી કાચ જેવા અક્કડ અને અચળ નથી. હવે મનુષ્યના જીવનનો મૂળભૂત અને એ રીતે કેળવણીનો કુટ–પ્રશ્ન એ છે કે વ્યક્તિત્વે, ભૌતિક વસ્તુઓ અને વનસ્પતિ-સાદૃશ્ય જીવનની ક્રિયાઓ કરતાં કંઈક વધારે ઉચ્ચતરથી–જે ઘણુંખરૂં પ્રેરણા છે પણ મનુષ્યમાં ખુલ્લી રીતે બુદ્ધિમાં ઢંકાયેલો સર્જનાત્મક આત્મા છે—તેનાથી, તેનાં કાર્યો દોરવાય માટે, તેનાં ગતિનાં સાધનોનું પ્રભુત્વ મેળવવા, અને તેને ચેતનમય બનાવવા શક્તિમાન થવું જોઇએ.

જો વ્યકિતત્વ આ જરૂરી સ્થિતિ પ્રાપ્ત ન કરે તો તેની એકતાના ભુકકા ઉડી જશે; અને જાણે, પોતાનાથી ચેતનમય થતા શરીરથી વિખુટી પડેલી પ્રેરણા જગત ઉપર આમતેમ ભટકતી હોય તેમ જણાશે.

"પ્રેમની ચેતના"

નિયમાનુસાર પૂર્ણતા પામતો અને પ્રાણીઓમાં સંવાદિતા લાવતો જીવનનો સઘળો શ્રમ પ્રેમ-સ્વરૂપે અસ્મિતા પ્રાપ્ત કરે છે.

સૂર્યના પ્રકાશથી જેમ ગ્રહો પ્રતિબિંબિત થાય છે તેમ, તે પ્રેરક આવેગ નથી પણ પ્રેરક આવેગનું પ્રતિબિંબ છે. જીવનની સર્જનાત્મક ભૂખ, પ્રેરણા પ્રેરક છે. પ્રાણીનું સર્જન કરતાં એ પ્રેમનું ભાન કરાવે છે અને તેથી પ્રેમ બાળકની ચેતનાને ભરી દે છે. પ્રેમ દ્વારાજ બાળકનું આત્મભાન તેનામાં આવે છે.

સમગ્ર શીઘ્ર—ચેતન—કાળમાં બાળકને વસ્તુઓ સાથે જોડનાર અનિવાર્ય ભૂખને આપણે વાતાવરણના પ્રેમરૂપે જોઇએ છીએ. સામાન્ય રીતે સમજાય છે તેવો આવેશમય, લાગણીરૂપ આ પ્રેમ નથી, પણ પ્રેમ કરતાં કરતાં જોતો, એકીકરણ કરતો, અને જાતને ઘડતો, ચેતનામય પ્રેમ છે. હા, બાળકની આસપાસના સઘળાનું નિરીક્ષણ કરવા દોરનાર આ આંતરિક ભોમિયાને ડેન્ટેના શબ્દોમાં " પ્રેમની ચેતના " તરીકે જરૂર વર્ણવી શકાય.

ખરેખર, આવા પ્રકારનો પ્રેમજ બાળકના વાતાવરણની વસ્તુઓનું આવું અતિ તિવ્ર અને કાળજીભર્યું નિરીક્ષણ કરવાની તેને શક્તિ આપે છે; જ્યારે નિષ્પ્રાણ બનેલા આપણે તેના ઉપર નજર નાખ્યા વિનાજ પસાર થઇએ છીએ બીજાઓ જોઈ શકતા નથી તે જોવાને બાળકને શક્તિમાન બનાવતું, અને બીજાઓ પકડી શકતા નથી તેવી વીગતોનો સંગ્રહ કરતું, અને જાણે, ગુપ્ત રહેલા અને કેવળ પ્રેમજ જેને શોધી શકે તેવા ખાસ ગુણોની કદર કરતું ઇન્દ્રિયભાન શું પ્રેમની વિશિષ્ટતા નથી? બાળકની બુદ્ધિ બેદરકારીથી નહિ પણ પ્રેમથીજ એકીકરણ કરે છે, અને તેથીજ તે અદ્રશ્ય વસ્તુ જોઇ શકે છે, આ ચપળ, વેગવાન, ઝીણવટભરી, સતત પ્રેમ – નિમગ્નતા બાળકની વિશિષ્ટતા છે.

વડીલોને, તે, જીવનની વિપુલતા, ચેતન અને આનંદ રૂપે દેખાય છે, આ બધું બાલ્યાવસ્થાની વિશિષ્ટતા તરીકે ઓળખાય છે, પણ તેની પાછળ રહેલા પ્રેમનો અર્થાત સર્જનના સાથી નૈતિક સૌન્દર્યનો, અને આધ્યાત્મિક શક્તિનો હજુ સ્વીકાર થયો નથી.

બાળકનો પ્રેમ હજુ સારા ખોટાથી પર છે. તે ચાહે છે; કારણકે તે લે છે, કારણકે પ્રકૃતિ તેને તેમ કરવા હુકમ કરે છે, અને જે કાંઇ તે લે છે તેને પોતાના જીવનનો ભાગ બનાવવા, તેના પોતાના જીવનને સર્જવા પોતામાં સમાવી દે છે.

બાળકના વાતાવરણમાં, વડીલ પોતે બાળકના ખાસ પ્રેમની વસ્તુ છે. તેની પાસેથી બાળક ભૌતિક વસ્તુઓ અને મદદ મેળવે છે. તેનીજ પાસેથી, અતિશય પ્રેમથી તે, તેવી આત્મ–સજાવટ માટે જરૂરી સઘળું લે છે. આધ્યાત્મિક ઝરામાંથી ફૂટતા હોય તેમ, બાળકને તેની પોતાની ભાષા ઘડવાને શક્તિ આપનાર અને માર્ગદર્શક થનાર શબ્દપ્રવાહ વડીલના હોઠમાંથી ઝરે છે માટે તે પૂજ્ય છે. આત્મામાંથી તીરની માફક છૂટેલા વડીલના શબ્દો, બાળક માટે પારલૌકિક ઉત્તેજના છે, વડીલ શૂન્યમાંથી આવેલા બાળકને, પોતાનાં કાર્યોથી મનુષ્ય હલનચલન કેમ કરે છે તે બતાવે છે. તેનું અનુકરણ કરવું, એટલે જીવનમાં પ્રવેશ કરવો. પ્રતિસૂચનનું બળ ધારણ કરતા તેમના શબ્દો, બાળકને વિંટાઈ વળે છે અને મુગ્ધ કરે છે; તેથી તેનું પોતાનું વ્યક્તિત્વ અદ્રશ્ય થાય અને તેને બદલે વડીલ જીવન મેળવે અને કાર્ય કરે એટલી બધી હદ સુધી બાળક વડીલ તરફ ગ્રાહી બને છે. ચાદર ઉપર જોડા મૂકનાર બાળકનો બનાવ આજ્ઞાપાલનને પ્રતિસૂચનની હદ સુધી ખેંચી ગયાનો બનાવ છે. ટાંકણાથી પથ્થર ઉપર કોરાએલા શબ્દોની માફક, વડીલોનાં વચનો બાળકોના મનમાં કોરાએલાં રહે છે. પાર્સલ મેળવનાર માતાએ કહેલો "સંગીત" શબ્દ આનો બીજો દાખલો છે, આથી વડીલે, બાળક આગળ બોલતાં પહેલાં, પોતાના શબ્દો માપીને અને તોળીને બોલવા જોઈએ, કારણકે તેની પાસેથી જે કાંઇ મળે તે મેળવી લેવા બાળક ભૂખ્યું છે. પ્રેમનું તે સંગ્રાહક છે.

તેના આત્માના મૂળમાંથીજ બાળક વડીલનું આજ્ઞાપાલન કરવાની વૃત્તિવાળું છે, છતાં અનિવાર્ય નિયમો અને કાયદાથી સર્જન કરવા આગ્રહ કરતા આંતરિક આવેગના આદેશની સામે થવા જ્યારે વડીલ તેને કહે છે ત્યારે બાળક માટે આજ્ઞાપાલન અશક્ય બને છે. દાંત ફૂટતા હોય ત્યારે કોઇ તેને ફૂટતા અટકવાનું કહે તેના જેવું તે છે. તેને ન સમજતા વડીલના પ્રેમ અને તેની પોતાની સર્જનાત્મક ભૂખ વચ્ચેના ચેતનાપૂર્ણ

ઘર્ષણના આવિષ્કરણમાં બાળકનું તોફાનીપણું અને આજ્ઞા–ઉલ્લંઘન રહેલું છે. આજ્ઞાપાલનને બદલે જ્યારે વડીલની સામે બાળક મિજાજ કરે છે ત્યારે, તેણે, તેનું કારણ હમેશાં આવું ઘર્ષણ અને બાળકની વૃદ્ધિ માટે આવશ્યક પ્રાણપૂરક કાર્યનો તેનો બચાવ છે તેમ માનવું જોઇએ.

બાળક આપણને ચાહે છે અને આજ્ઞાપાલન કરવા ઇચ્છે છે એ આપણે સમજવું જોઈએ. બીજા કશા કરતાં બાળક વડીલને વિશેષ ચાહે છે; પણ લોકો બાળક માટેના વડીલના પ્રેમનીજ વાતો કરે છે. ફક્ત માબાપ માટે નહિ પરંતુ શિક્ષકો માટે પણ આમજ કહેવામાં આવે છે. શિક્ષકો બાળકોને ચહાય છે. તેની માતાને, તેના પિતાને, તેના શિક્ષકને, સઘળા મનુષ્યોને, પ્રાણીઓને, ફૂલોને બધાંને ચહાતા બાળકને શીખવવું જોઇએ, એમ પણ કહેવામાં આવે છે.

ત્યારે તેને કોણ શીખવશે? પ્રેમની કળામાં તેનો ગુરૂ કોણ બનશે! પોતાની મીલ્કત અને પોતાની જાતને તેનાથી બચાવવા ઇચ્છનારાઓ અને તેના સઘળાં ચિન્હોને તોફાનીપણું માનનારાઓ? આ બધા તેને પ્રેમ કરવાનું શીખવી શકશે નહિ, એ સ્પષ્ટ છે; કારણકે જેને આપણે "પ્રેમની ચેતના" કહી છે, તે સંવેદન હવે તેમનામાં રહ્યુંજ નથી.

આથી ઉલ્ટું, બાળક વડીલને ચહાય છે, હમેશ તેને પાસે રહેવા કહે છે, અને, "મારા સામું જુઓ, મ્હારી પાસે રહો." એમ કહી ધ્યાન ખેંચવામાં આનંદ માને છે.

સાંજે બાળક સુવા જાય છે ત્યારે પોતાના પ્રિયજનને તે બોલાવે છે, અને તેનાથી દૂર ન થવાની વિનતિ કરે છે. આપણે જમવા જઇએ છીએ, ત્યારે નાના ધાવતા બાળકને ખાવાનું નથી છતાં આપણી સાથે આવવાનું, પાસે રહી આપણું નિરીક્ષણ કરવાનું તેને ગમે છે. વડીલ આ ગૂઢ પ્રેમને નિરખ્યા

વિના ચાલી જાય છે. આવું પ્રેમી બાળક વધશે અને તેનો પ્રેમ વિલય પામશે; પણ તેના જેવું ચહાનાર કદીએ કયાં મળશે? સુવા જતાં, "હું જીવું ત્યાં સુધી મારી પાસે રહો" એ હાર્દિક શબ્દોથી આપણને કોણ બોલાવશે? મોટું થયા પછી બાળક બેદરકારીભરી રીતે 'નમસ્કાર' કહેશે. પોતે કંઈજ ન ખાય છતાં આપણને ખાતા જોઈ રહેવા બીજું કોણ આતુર હશે? વહી જતા આ પ્રેમથી આપણે બચવા માગીએ છીએ; પણ તેના જેવો પ્રેમ કદી કયાંઇ પણ મળવાનો નથી. આપણા ગોટાળામાં આપણે, "મને વખત નથી, દૂર થા. મારે ઘણું કરવાનું છે." કહીએ છીએ, અને "બાળકને સારૂં શીખવવું જોઈએ, નહિ તો તે આપણને તેના ગુલામ બનાવશે." એવું મનમાં વિચારીએ છીએ. આપણી અનુકૂળતા જાળવવા, અને જે કાંઈ કરવા માગતા હોઈએ તે કરવા આપણે તેનાથી છૂટા થવા માગીએ છીએ.

સવારમાં બાળક તેના ઊંઘતા માતાપિતાને જગાડવા જાય છે માટે તે ભયંકર તોફાની છે. સામાજીક સ્થિતિ અનુકૂળ હોય ત્યાં આયા બીજું કાંઇ ન કરતાં તેને અટકાવશે તો ખરીજ. માતાપિતાની પ્રભાતની નિદ્રાની ચોકિયાત આયા છે.

તેમ છતાં, જાગૃત થાય કે તરતજ માતાપિતા પાસે દોડી જવાનો આગ્રહ પ્રેમ સિવાય બાળકને બીજું કોણ કરાવે છે? બીજાં પવિત્ર પ્રાણીઓની માફક, શકય હોય ત્યાં, વ્હેલું, સૂર્યોદય થતાં બાળક પથારીમાંથી ઉઠે છે. જાણે, "પવિત્રતાથી જીવતાં શીખો. પ્રકાશ થયો. પ્રભાત થયું." કહેતું તે તેના ઊંઘતા માતાપિતા પાસે જાય છે. તે તેમની પાસે ગુરૂ તરીકે જતું નથી પણ પોતાના પ્રિયજનોને જોવા જાય છે, ઓરડા હજુ અંધારા છે, નિદ્રાધીનોને પ્રભાતનો પ્રકાશ ખલેલ ન કરે માટે પડદા નાંખેલા છે. અંધકારના ભયથી ધડકતે હૃદયે, પડતું આખડતું બાળક ત્યાં જાય છે, બધા ઉપર જીત મેળવી ધીમેથી આવી તેમને સ્પર્શે

છે. માતાપિતા તેને ઠપકો આપે છે, "સવારમાં આવી મને જગાડીશ નહિ એવું મેં તને નહોતું કહ્યું !"

બાળક કહે છે, "મેં તમને જગાડયાં નહોતાં. ફક્ત જરા અડકર્યું જ હતું. મારે તમને ફક્ત બોકીજ લેવી હતી."

જાણે એમ કહેતું હોય નહિ, "મારે તમારા શરીરને નહિ પણ તમારા આત્માને જગાવવો હતો."

આપણે માટે બાળકને પ્રેમ ઘણોજ અર્થસૂચક છે. તેના માતાપિતા તેમની આખીયે જીંદગી ઉંઘે છે. દરેક વાત પર ઊંઘી જવાનું તેમનું વલણ છે, અને તેથી કોઈ નવા પ્રાણીએ તેમને સતેજ કરી તેમની લાંબા કાળથી ગુમાવેલી, શક્તિને તાજી અને જીવંત શક્તિથી ટકાવવાનુ જરૂરી છે, જૂદી રીતે જીવતા પ્રાણીને દરેક સવારે આવી તેમને આ કહેવું આવશ્યક છે, "વિસ્મરણ થયેલું બીજું જીવન છે, વધારે સારી રીતે જીવતાં શીખો."

વધારે સારી રીતે જીવવું. પ્રેમનો સ્પર્શ અનુભવવો.

ઉન્નત થવામાં મદદ કરનાર બાળક વિના મનુષ્યની પડતી થશે. વડીલ ધીમે ધીમે પણ જાગ્રત નહિ થાય તો તેની આસપાસ એક કઠણ પડ રચાશે અને તેને નિષ્પ્રાણ કરી દેશે. આથી જીવનમાં મળેલાં સુધરવાનાં સાધનોનો ઉપયોગ નહિ કરનાર પતિતોને ક્રાઇસ્ટ કહેશે તે "છેવટના ચૂકાદાના શબ્દો યાદ કરવાનું મન થાય છે. તે કહેશે," મારી પાસેથી હટી જાઓ, ઓ શાપિતો,........હું અજાણ્યો હતો; તમે મને અંદર લીધો નહિ. નગ્ન હતો તેને ઢાંકયો નહિ. માંદો અને કેદમાં હતો છતાં તમે મને મળ્યાં નહિ.

તેઓ જવાબ આપે છે, "ભગવન્! અમે તમને ભૂખ્યા, તરસ્યા, અજાણ્યા, નગ્ન, દુઃખી અથવા તો કેદમાં કયારે જોયા અને તમારી સંભાળ ન રાખી ?"

" ભલે, તથાસ્તુ, જ્યાં સુધી તમે આવાં બધાંમાંથી એકેયને માટે કાંઈ નથી કર્યું ત્યાં સુધી તમે મારે માટે પણ કાંઈ જ કર્યું નથી."

ધર્મપુસ્તક બાઇબલના આબેહુબ વર્ણનમાંથી જણાય છે કે આપણે દરેક ગરીબ મનુષ્ય, દરેક કેદી અને દરેક પીડિતમાં છુપાઇ રહેલા ક્રાઇસ્ટને મદદ કરવી જોઇએ. આ અદ્ભૂત દૃશ્યનો અર્થ બાળકને લગાડીએ તો બાળકના સ્વરૂપમાં ક્રાઈસ્ટ સઘળા મનુષ્યોને મદદ કરવા જાય છે તે આપણે જોઇ શકીએ.

" હું તમને ચહાતો હતો. પ્રભાતમાં હું તમને ઉઠાડવા આવ્યો અને તમે મને હાંકી કાઢયો."

"ભગવન્! સવારે અમને જગાડવા અમારે ઘેર કદીએ તમે કયારે આવ્યા હતા? અને અમે તમને કયારે હાંકી કાઢયા?

" તમારે ત્યાં જન્મેલું બાળક હું હતો, તમને બોલાવવા આવેલું બાળક હું હતો. પોતાને તજી ન દેવાની વિનતિ કરી રહેલું બાળક હું હતો."

કેવા મૂર્ખા છીએ આપણે! તે ક્રાઈસ્ટ હતો. આપણને જાગૃત કરવા અને પ્રેમ કેમ કરવો તે શીખવવા આવનાર બાળક રૂપે સાક્ષાત પ્રભુ હતા; અને આપણે તો તેમાં બાળકનું તોફાનીપણું જ જોયું. આથી જ આપણાં હૃદય આજે ભાગીને ભુક્કો થયાં છે.

ભાગ ૨

નવી કેળવણી

પ્રકરણ ૧

શિક્ષકનું કાર્ય

સાચા બાળકની શોધ

બાળકના નાજુક પ્રાદુર્ભાવો દ્રષ્ટિગોચર થયા વિનાજ વહી જાય અને વડીલ અણજાણે તેના ઘાટને ચુંથી નાંખે અથવા તેના વિકાસને અટકાવી દે તેવું માનસિક જીવન બાળકમાં છે એ ચોંકાવનારી સત્ય હકીકત આપણે સમજી લેવી જોઇએ.

વડીલનું વાતાવરણ, બાળક માટે પ્રાણપોષક વાતાવરણ નથી. ઉલટું, તે, બાળકને આત્મરક્ષણના સર્જન તરફ દોરતું, અનુકૂળ થવાના બેડોળ પ્રયત્નો કરાવતું વા વડીલના સૂચનોનું ભોગ બનાવતું વિઘ્નોનું જૂથ છે. બાલમાનસશાસ્ત્રમાં આ રીતે જણાતા તેના બાહ્યસ્વરૂપનો વિચાર કરવામાં આવ્યો છે અને એમાંથીજ કેળવણીના પાયા રૂપ તેની વિશિષ્ટતાઓની વ્યાખ્યા પણ બાંધવામાં આવી છે. બાલમાનસશાસ્ત્રને, આ રીતે, તેના મૂળમાંથીજ ફરીથી **રચવું જોઇએ.** બાળકની દરેક આશ્ચર્યકારક પ્રતિક્રિયાની પાછળ ઉકેલવા જેવો એક કોયડો હોય છેજ. તોફાનીપણાના દરેક સ્વરૂપને અસંગત વાતાવરણ સાથેની ઉપર ઉપરની રક્ષણાત્મક અથડામણ ન ગણતાં, તેને, પ્રાગટ્ય શોધતી, ઉન્નત, આવશ્યક વિશિષ્ટતાનું દર્શન કરાવનાર કોઇ અંગત, ઉંડા કારણનું બાહ્ય આવિષ્કરણ સમજવું જોઈએ. બાહ્ય જગતમાં પોતાનું દર્શન કરાવવા પોતાના ગૂઢ, ગુપ્ત સ્થાનમાંથી બહાર આવતા બાળકના આત્માને, જાણે કે કોઇ તોફાન અટકાવતું હોય તેવું તે છે.

પોતાના જીવનને વાસ્તવિક બનાવવા સતત પ્રયત્ન કરતા, આ ગૂઢ આત્માને ઢાંકી દેતા સઘળા **બીજાજી** કલહો, વિગ્રહો, વિકૃતિઓ, તેના **વ્યક્તિત્વનું** દર્શન કરાવતાં નથી. તેઓ તો કેવળ તેની **વિશિષ્ટતાઓનો સરવાળો** છે; પણ જો બાળક–

આધ્યાત્મિક ગર્ભ–તેના માનસિક વિકાસમાં રચનાત્મક ઘાટ અનુસરતું હોય તો તે સઘળાંની પાછળ તેનું વ્યક્તિત્વ હોવું જોઇએ. અહીં એક ગુપ્ત મનુષ્ય, એક ગુપ્ત બાળક, એક દટાએલું સચેતન પ્રાણી છે અને તેને **મુક્ત** કરવુંજ જોઇએ. તૂર્ત હાથમાં લેવાનું કેળવણીનું પહેલું કર્તવ્ય આ છે. અહીંઆં મૂક્તિ એટલે જ્ઞાન અથવા અજ્ઞાતની સાચી શોધ.

માનસપૃથક્કરણશાસ્ત્રની શોધમાં અને અજ્ઞાત બાળકના આ માનસશાસ્ત્રમાં અગત્યનો ભેદ હોય તો તે આ છે. વડીલના અનાવિર્ભૂત મનમાં રહેલું રહસ્ય તેના પોતાનાથીજ દબાએલું કંઇક છે. આખાયે જીવનમાં તેણે રચેલા સંકેતો અને બનાવટી સ્વરૂપોથી, આંટીઘુંટીવાળા અને વિરોધી પરિચયોથી ગુંચવાએલ પોતાના કોકડાને ઉકેલવાની મહેનત વડીલે જાતેજ કરવી જોઈએ જ્યારે બાળકની ગૂઢતાતો સહજજ તેના વાતાવરણથી ઢંકાએલ છે. બાળક પોતે સ્વતંત્ર રીતે દર્શન આપી શકે માટે આપણે વાતાવરણનેજ હાથમાં લેવું જોઇએ. બાળકના સર્જન અને વિકાસનો આ સમય છે, અને આપણું કામ તો કેવળ દ્વાર ઉઘાડવાનુંજ છે. શકયતામાંથી વાસ્તવીકતામાં અને અનસ્તિત્વ માંથી અસ્તિત્વમાં આવતાં તેણે કરેલું સર્જન, સાચેજ, શૂન્યમાંથી આવતું હોવાથી તે પળે તે ગૂંચવણભર્યું હોઈ શકે નહી, અને જ્યાં શક્તિજ હજી તો વિસ્તૃત થાય છે ત્યાં તેના પ્રાદુર્ભાવમાં મુશ્કેલી હોઇ શકે નહી. આમ જીવનની આ પળને અનુકૂળ સ્વતંત્ર વાતાવરણ રચવાથી બાલમાનસનું નૈસર્ગિક પ્રગટીકરણ અને તેમાંથી તેનું રહસ્ય–દર્શન સ્વયંસ્ફુરિત થવુંજ જોઇએ

આ સિદ્ધાંત વિના કેળવણીના પ્રયત્નો અણઉકેલી ભૂલભૂલામણીમાં વધારે ને વધારે ગૂંચવાતાજ જશે.

. . . . . .

નૂતન કેળવણીનું ધ્યેય અહીં છે. સૌથી પહેલાં બાળકને શોધી કહાડવું અને પછી તેની મૂક્તિ સાધવી. આમાં જ–કેવળ

અસ્તિત્વ પામવામાંજ—અસ્તિત્વનો પહેલો કોયડો છે. બાળવિકાસમાંથી પુખ્ત મનુષ્યની સ્થિતિ પર્યંતના સમગ્ર કાળમાં તેને કેવી રીતે મદદ કરી શકાય, તે પ્રશ્નને છણતું એક આગળનું પ્રકરણ છે; છતાં આ બન્ને પ્રકરણોમાં મૂળભૂત તો વાતાવરણ છે. અંતરાયોને ઓછામાં ઓછા કરી વિકાસ પામતા પ્રાણીની વિસ્તૃતતા તેણે સરળ બનાવવી જોઈએ, અને બાળકની શક્તિઓમાંથી ઉત્પન્ન થતી પ્રવૃત્તિઓને આવશ્યક સાધનો પૂરાં પાડી તેમને વિકસાવવાનો પૂરો અવકાશ આપવો જોઇએ. વડીલ પોતે જ બાળકના વાતાવરણનો ભાગ છે. બાળકને નડતરરૂપ ન થવું હોય, અને તેની વૃદ્ધિ અને વિકાસને આવશ્યક તેની પ્રવૃત્તિઓમાં પોતાને બાળકના સ્થાને બેસી ન જવું હોય તો, વડીલે જાતે બાળકની આવશ્યકતાઓને અનુકૂળ થવુંજ જોઇએ.

આધ્યાત્મિક તૈયારી

કેવળ અભ્યાસથી, સંસ્કારી મનુષ્ય થવાથી શિક્ષક પોતાના કાર્ય માટે લાયક બનશે, એ કલ્પના કાઢી નાંખવી જોઇએ. સૌથી પહેલાં તેણે નૈતિક પ્રકારનું અમુક વલણ પોતાનામાં કેળવવું જ જોઇએ

આખાએ પ્રશ્નનું મૂળ બિન્દુ બાળકને તે કેવી રીતે વિચારે છે, તેમાં રહેલું છે, અને તેનો આધાર બાલસ્વભાવના તથા શિક્ષણ તેમજ સુધારણાની રીતોના કેવળ સૈધાન્તિક જ્ઞાન* જેવા બાહ્ય તત્વો ઉપર રહેતો નથી.

શિક્ષકે **અંતરમાંથી** તયાર થવું જોઇએ, એ વાત ઉપર અમે ભાર મૂકીએ છીએ. બાળક સાથેના વર્તાવમાં અંતરાયરૂપ થતી અમુક ચોક્કસ ખામીઓ શોધવા તેણે પદ્ધતિસર પોતાની જાતની તપાસ કરવી જોઇએ. આપણી આંખની પાછળ શું છે તે જોવા અને કહેવા જેમ બીજાની જરૂર પડે છે તેમ પોતાના આત્માની અંગભૂત બનેલી ખામીઓને શોધવા, મદદ અને સલાહની જરૂર છે.

પોતાની આંતરિક તૈયારી માટે આ અર્થમાં શિક્ષકે "દિક્ષીત' થવું જોઇએ. બાળકનાં ખરાબ વલણોનું, તેનાં અનિચ્છનીય કાર્યોને સુધારવાની રીતનું, અથવા મૂળભૂત પાપના અવશેષથી તેના આત્માને થનાર ભયનું ભૂત ક્યારનુંએ શિક્ષકના મગજ ઉપર ચઢી બેઠેલું હોય છે.

તેને બદલે તેણે પોતાની ખામીઓ, અને પોતાનામાં સારાં ન ગણાય તેવાં વલણોની શોધથી શરૂઆત કરવી જોઇએ. તેણે પોતાની આંખના મહાન દોષોને પ્રથમ દૂર કરવા જોઇએ, પછી તે બાળકની આંખનો બારીક દોષ જોઈ તેને દૂર કરી શકશે. આ આંતરિક તૈયારી કંઇક ખાસ તૈયારી છે. ધાર્મિક મંડળોના સભ્યોની માફક સંપૂર્ણતાની સામાન્ય શોધ જેવી આ તૈયારી નથી. શિક્ષક થવા માટે દરેક નિર્બળતામાંથી મૂક્ત થઈ "સંપૂર્ણ" થવાની જરૂર નથી. પોતાના આંતરિક જીવનની સંપૂર્ણતા માટે સતત મથનારાઓમાં પણ, બાળકને ઓળખવામાં અંતરાયભૂત પોતાની ખામીઓનું અજ્ઞાન સંભવિત છે; તેથી નાના બાળકના શિક્ષક થવા માટે તાલીમ, માર્ગદર્શન અને શિક્ષણ જરૂરી છે.

ખેતરમાં ઉગતા નકામા ઘાસની માફક ફેલાતી અસદ્ વૃત્તિઓ આપણામાં છે. (મૂળ પાપ) આ વૃત્તિઓ ઘણી છે. પ્રાચીન કાળથી સાત પ્રાણહારક પાપોના નામથી ઓળખાતી આ વૃત્તિઓના સાત વિભાગ છે.

સઘળાં પ્રાણઘાતક પાપ આપણને બાળકથી અલગ પાડવા માગે છે; કારણ કે આપણી સરખામણીમાં બાળક વધારે પવિત્ર છે; એટલુંજ નહિ પણઆપણે—વડીલો,—ઘણુખરૂ, જોઈ શકતા નથી પણ શ્રદ્ધાથી માનવા જોઇએ, તેવા ગૂઢ ગુણો તેનામાં રહેલા છે. તે ગુણો વિશે જીસસ પણ, સઘળા ધર્મગુરૂઓએ તેમના શબ્દોની નોંધ લીધી તેવી સ્પષ્ટ અને સતત વાણીમાં બોલ્યા છે :

"તમે પલટો નહિ અને નાના બાળકો જેવા થાઓ નહિ ત્યાં સુધી સ્વર્ગના મહારાજ્યમાં તમે પ્રવેશી શકશો નહિ."

જીસસે બાળકને જોયું તે દ્રષ્ટીએ તેને જોવા શક્તિમાન થવાનું શિક્ષકોએ શોધી લેવું જોઇએ. આ પ્રમાણે વ્યાખ્યા કરેલા અને હદ બાંધેલા આ પ્રયત્નનો આપણે વિચાર કરવાનો છે. બાળકને ઓળખવામાં નડતા અંતરાયોને દૂર ફેંકી દેનાર પુરૂષ સાચો શિક્ષક છે; કેવળ વધારે સારા થવાનો સતત પ્રયત્ન કરનાર પુરૂષ શિક્ષક નથી. શારીરિક અવયવને નબળું પાડનાર અમુક ભયંકર, ચોક્કસ દર્દ જેમ ડૅાકટર બતાવે છે, તેમ અમારી સલાહ શિક્ષકોને પોતાના આંતરિક સ્વભાવમાં તેમણે કરવા જોઈતા સુધારા બતાવવામાં છે.

કેટલીક સીધી **મદદ** આ છે.

આપણામાં ઉદ્દ્ભવતો અને બાળકને ઓળખવામાં અંતરાયરૂપ થતો પહેલો શત્રુ–પાપ–ક્રોધ છે.

કોઇ પ્રાણઘાતક પાપ એકલું કાર્ય કરતું નથી પણ હમેશાં તે બીજાની સાથે જોડાએલું અથવા સાથમાં હોય છે, (પાપના પહેલા પ્રગટીકરણમાં જેમ આદમ ઇવની સાથે તરતજ જોડાયો હતો તેમ) તે રીતે ક્રોધ વધારે ખાનદાન દેખાતા છતાં તેથી વધારે કાતિલ પાપ–મદને–આમંત્રે છે, અને તેની સાથે મળી જાય છે.

સાત પ્રાણઘાતક પાપ તરીકે વિભાગ પાડેલી દુષ્ટ વૃત્તિઓ બે રીતે સુધારી શકાય છે. એક રીત અંતર્ગત છે: એક વખત વ્યક્તિ પોતાની ખામીઓ સ્પષ્ટ રીતે જુએ છે ત્યારે સ્વેચ્છાથી, હરેક પ્રયત્ને, **પ્રભુ પ્ર**સાદથી તેમની સામે લઢવા અને તેમને ફેંકી દેવા તત્પર થાય છે.

બીજી રીત સામાજીક સુધારણાની છે અને બાહ્ય વાતાવરણમાં તે જણાય છે. આપણી દુષ્ટ વૃત્તિઓના બાહ્ય પ્રગટીકરણ

સામે બાહ્ય સ્વરૂપોથી વિરોધ કરી તેને વધતા અટકાવી દેનાર પ્રતિરોધો તરીકે તેની વ્યાખ્યા કરી શકાય.

બાહ્ય સ્વરૂપોની આ વિરોધી અસરોનો પ્રભાવ ઘણો છે. આપણામાં રહેલી નૈતિક ખામીના અસ્તિત્વનું તે સૂચન કરે છે, અને ઘણી વખત આ બાહ્ય સૂચન આપણને આત્મ–નિરીક્ષણ કરવા દોરે છે, અને તે રીતે તે આપણને આપણી આંતરિક શુદ્ધિ માટે બળપૂર્વક અને આતુરતાથી કાર્ય કરવા પ્રેરે છે.

સાત પ્રાણઘાતક પાપનો વિચાર કરીએ. બીજા લોકોના આપણા વિશેના અભિપ્રાયથી આપણો મદ, આપણી પરિસ્થિતિઓથી આપણી ધનતૃષ્ણા, બળવાનની પ્રતિક્રિયાથી ક્રોધ, જીવન માટે કામ કરવાની જરૂરીઆતથી પ્રમાદ, સામાજીક રૂઢીથી વિષયલંપટતા, જરૂરીઆત કરતાં વધુ મેળવવાની મર્યાદિત શક્યતાથી લોભ, પ્રતિષ્ટાના દેખાવને જાળવી રાખવાની આવશ્યકતાથી દ્વેષ કમી થાય છે. બેશક, પોતાની ખામીઓ સુધારવાની વ્યક્તિની ઇચ્છા–શક્તિ આ સઘળાંને મદદરૂપ થાય છે, પણ સાનને બરાબર ઠેકાણે લાવનાર આ બાહ્ય તત્વો, નિરંતરની ચેતવણીઓ છે.

ટુંકમાં, આપણો સામાજીક દાબ, આપણા નૈતિક સમતોલનને જાળવવામાં મજબુત પાયારૂપ છે.

સામાજીક પ્રતિરોધથી કરાએલાં કાર્યોમાં આપણને પ્રભુના આજ્ઞાપાલનથી કરવામાં આવતા કાર્યો જેટલી પવિત્રતા લાગતી નથી; તેથી ઉલટુ સમજાએલી ભૂલોની ઐચ્છિક સુધારણાની આવશ્યકતા આપણો આત્મા નમ્રપણે સ્વિકારી લે છે પણ બીજાના દબાણને તાબે થવાની માનહાનિની સ્થિતિને અનુકૂળ થવાનું અઘરૂ લાગે છે. બીજાથી થએલા આવા દબાણનો સ્વિકાર આપણને આ ભૂલ કરતાં પણ વધારે માનભંગ કરનાર લાગે છે. જ્યારે આપણી જાતને કાબુમાં રાખવાની જરૂરીઆત હોય છે; જ્યારે આપણે બીજું કાંઈ પણ કરી શકીએ એમ નથી હોતું ત્યારે આપણી

સામાજીક પ્રતિષ્ઠા ટકાવવા, અનિવાર્યને સ્વીકારી લેવાનો દેખાવ કરવા એક પ્રેરણા આપણને આગ્રહ કરે છે. અલભ્યને "મને ગમતું નથી," કહેવાની રીત એક સર્વસામાન્ય નૈતિક છેતરપીંડી છે.

આ પ્રતિરોધ સામે આપણે આ રીતે એક સાધારણ જૂઠાણું મૂકીએ છીએ; પણ એનો અર્થ એટલો જ કે તે પ્રતિરોધનો આપણે સામનો કરીએ છીએ, અને નહીં કે આપણે આપણી સંપૂર્ણતા સાધવાનો માર્ગ લઈએ છીએ.

બધા વિગ્રહોમાં બને છે તેમ પરિણામે આપણને વ્યવસ્થિત રચનાની આવશ્યક્તા સ્પષ્ટ જણાય છે. વ્યક્તિગત વૃત્તિઓ સમૂહગત વૃત્તિઓનો આશરો લે છે.

એકજ પ્રકારની ખામીવાળા મનુષ્યો પ્રેરણાથીજ સમૂહદ્વારા વિજય મેળવવા દોરાય છે. તેમના મહાન દુર્ગુણોનો વિરોધ કરનાર સમૂહોની સામે, જાણે કે, તેઓ કિલ્લાઓ બાંધતા હોય છે.

કોઈ પણ, દાખલા તરીકે, હિમ્મતથી કહેશે નહિ કે ધનિકો લોભી અને પ્રમાદી હોવાથી ધનની સરખી વહેંચણી તેમને નારાજ કરશે; પણ કહેવામાં આવશે કે આવી ધનની વહેંચણી બધાંને લાભદાયક છે અને સામાજીક વિકાસ માટે જરૂરી છે. આપણે પછી કેટલાક ધનિકોને પણ જાહેર કરતાં સાંભળીશું કે સમાજના હિતને માટે તેઓ પણ તેમાં સંમત છે. જેમ લઢાઇમાં ખાઇઓ માટે ખોદેલા અથવા પ્રાણહારક સાધનોથી ભરપૂર જમીનના ટુકડાને પુષ્પવનનું રૂપ આપવામાં આવે છે તેમ ઉન્નત અને આવશ્યક ફરજોના નામે આપણા પાપોને ઢાંકવાની પ્રેરણાપ્રેરિત વૃત્તિઓ આપણામાં છે.

આપણી ખામીઓનો વિરોધ કરનારાં બાહ્ય બળો જેટલાં વધારે નબળાં, તેટલા પ્રમાણમાં, આપણને આપણા બચાવની યુક્તિઓને બનાવટી પડદાથી ઢાંકવાનો વધારે સમય અને શાંતિ મળે છે.

આ વિચારો કરતાં સ્પષ્ટ લાગે છે કે આપણે ધારીએ છીએ તેના કરતાં આપણા દુર્ગુણોનો મોહ આપણામાં વધારે છે. આપણી પોતાની જાતથી પણ અજાણપણે છુપાવવાનું શીખવીને અસુર કેટલી સ્હેલાઇથી આપણા અંતરમાં પ્રવેશ કરી શકે છે તે અહીં આપણે જોઈ શકીશું.

આ રીતે આપણે આપણા જીવનનો નહિ પણ આપણાં પ્રાણઘાતક પાપોનો બચાવ કરીએ છીએ. "જરૂરીઆત," "ફરજ," "સામાન્ય હિત," વગેરે વગેરે નામના વાઘા પહેરવા આપણે તૈયાર જ બેઠા છીએ અને તેથી તેનાથી છૂટવાનું આપણે માટે દરરોજ વધારે ને વધારે કઠણ થતું જાય છે.

આમ શિક્ષકે અથવા બાળકને કેળવણી આપવા ઇચ્છતા હરકોઇએ બાળક આગળ દાંભિક થવાની ભૂલભરી સ્થિતિમાંથી પોતાની જાતને વિશુદ્ધ કરવી જોઇએ. પ્રચલિત ખામીની સ્પષ્ટ વ્યાખ્યા આપવી જોઇએ. અહીં આપણે એક પાપ નહિ પણ પરસ્પર નિકટ સંબંધ ધરાવતાં બે પ્રાણઘાતક પાપોના મિશ્રણ-મદ અને ક્રોધ–વિષે બોલીએ છીએ.

ક્રોધ, ખરેખર, મુખ્ય પાપ છે. તેને આનંદપ્રદ સ્વરૂપ આપવા મદ અનુસરે છે. મદ, મોટાના વ્યક્તિત્વને આનંદદાયક અને માનનીય લાગતા ઝભ્ભાઓની પરંપરાથી ઢાંકે છે.

ક્રોધ, બીજાના બળવાન અને નિશ્ચિત પ્રતિરોધથી દબાય તેવું પાપ છે, બીજાઓ પાસે સ્વિકારતા મુશ્કેલ લાગે તેવો પ્રાદુર્ભાવ ક્રોધનો છે, અને તેથીજ કોઈ બળવાન સામે આવતાં ક્રોધને કેદી તરીકે પૂરી રાખવામાં આવે છે. ઝડપથી પાછા પડવાની ફરજ લાગતાં માનહાનિ થવાની પરિસ્થિતિમાં પોતાને મૂકાએલો જોઇ મનુષ્ય ક્રોધ કરતાં શરમાય છે.

પોતાની જાતનો બચાવ કરવા અગર સમજવાને અશક્ત, તેમજ, કહેવામાં આવે તે સઘળું માનનાર બાળકો જેવાં મનુષ્યોને

મળવામાં આપણને સાચી રાહત મળે છે. બાળકો આપણા દોષો જલદી ભૂલી જાય છે, એટલુંજ નહિ પરંતુ આપણે તેમના ઉપર કરેલા બધા દોષારોપણથી તેઓ પોતાની જાતને ગુનેહગાર પણ માની લે છે. તેઓ સંત ફ્રાન્સીસના પવિત્ર શિષ્ય જેવા છે, એક પૂજારીએ તેને દંભી કહેતાં તે કથન સાચુ માની પોતાની જાતને દંભી સમજી તે રડી પડયો હતો.

બાળકના જીવન ઉપર આવી પરિસ્થિતિની કેટલી ગંભીર અસર થાય તેનો વિચાર શિક્ષક કરે. અન્યાયને ઓળખવામાં બાળકની કેવળ બુદ્ધિ નિષ્ફળ જાય છે પણ તેનો આત્મા તેને અનુભવે છે અને તેનાથી તે દબાય છે અથવા વિકૃત બને છે. અજાણ બચાવના આવિષ્કરણ રૂપે પછી બાલિશ પ્રતિક્રિયાઓ દેખાય છે. બ્હીકણપણું, જૂઠ, તરંગો દેખીતા કારણ વિના વારંવાર રડવું, અનિદ્રા, દરેક પ્રકારનો વધુ પડતો ભય, અને આવી બીજી અપ્રસિદ્ધ ક્રિયાઓ, જેઓની બુદ્ધિ મોટાં સાથેનો સંબંધ સમજી શકી નથી તેવાં નાનાં બાળકમાં અજાણપણે થતી બચાવની સ્થિતિઓ બતાવે છે.

પણ ગુસ્સાનો અર્થ હમેશાં શારીરિક હિંસા નથી.

આ શબ્દથી–ગુસ્સાથી–સમજાતો, કઢંગો પૂરાણો આવેગ ગૂંચવાડાભર્યા પ્રાદુર્ભાવો જગવે. પરિપકવ મનુષ્ય વધારે માનસ-શાસ્ત્રીય રીતે પોતાના પાપની આંતરિક સ્થિતિઓને છુપાવે છે અને ગૂંચવણો પેદા કરે છે.

ખરૂં કહીએ તો ગુસ્સો તેના સાદા સ્વરૂપમાં બાળકના ખુલ્લા પ્રતિરોધની પ્રતિક્રિયારૂપે બ્હાર આવે છે; પણ બાળ-આત્માના વધારે છુપા આવિષ્કરણોની હાજરીમાં, ગુસ્સો અને મદ સંયુક્ત થઈ, તે બન્નેનો ભેગો સમગ્ર ગૂંચવાડો જુલ્મ તરીકે ઓળખાતું નિશ્ચિત, શાંત અને માનનીય સ્વરૂપ ધારણ કરે છે.

સ્વીકૃત અધિકારના અભેદ્ય કિલ્લામાં સુરક્ષિત જુલ્મી વ્યક્તિનો અવિવાદાત્મક જુલ્મ અહીં છે. વડીલ જ સાચા છે કારણ કે તે કેવળ વડીલ છે. એની શંકા કરવી એટલે સ્થાપિત અને પવિત્ર શાહીપદ ઉપર હુમલો કરવા જેવું છે. પુરાણા સમાજમાં જુલ્મગારને પ્રભુનો પ્રતિનિધિ માનવામાં આવતો, પણ વડીલ, બાળકને મન તો પ્રભુ પોતે જ છે, તેમાં શંકાને સ્થાનજ નથી. કોઈ પણ આનો વાંધો ઉઠાવે તો તે બાળક છે, અને બાળક તો મુંગું છે. તે તો બધે અનુકૂળ થાય છે, બધું માને છે, અને બધાંની માફી આપે છે. હાથ બાંધ્યા હોય ત્યારે તે સામો ઘા કરતું નથી, અને ગુસ્સે થયેલા વડીલને ગુસ્સે થવા જેવું શું કર્યું છે તે પણ પૂછવાનું ભૂલી ખુશીથી તેની માફી માગે છે.

આમ છતાં પ્રસંગોપાત બાળક પોતાના બચાવ માટે પ્રવૃત્ત થાય છે; પણ તે પ્રવૃત્તિ મોટાની ક્રિયાના જવાબ રૂપે ભાગ્યેજ સીધી અને ઇરાદાપૂર્વક હોય છે. કાં તો તે તેના માનસિક જીવનના પ્રાણરક્ષક બચાવ માટે હોય વા દબાએલા આત્માની અણજાણ પ્રતિક્રિયા રૂપે હોય.

બાળક મોટું થતું જાય છે ત્યારેજ તેની પ્રતિક્રિયાઓ કેવળ સીધા જુલ્મની સામે થવાનું શરૂ કરે છે; પછી વડીલ, પોતેજ ખરૂં છે તે બતાવવા કારણો શોધી કાઢે છે, અને તે કારણોના બનાવટી સ્વરૂપમાં દ્રઢતાથી પોતાની જાતને છુપાવી, કરેલો જુલ્મ તેણે તેના જ સારા માટે કર્યો છે તેવું બાળકને ઠસાવવામાં પણ કેટલીક વખત તે સફળ થાય છે.

" માન " કેવળ એકતરફી છે; નબળું બળવાનને માન આપે છે તેમ.

વડીલનું બાળકને " હડધુત કરવું " કાયદાપુરઃસરનું ગણાય છે. તે બાળકનો ન્યાય કરી શકે છે અથવા તેનું ખરાબ બોલી શકે છે, અને તેની લાગણીઓ દુખાય તેટલી હદ સુધી તે ખુલ્લી રીતે તેમ કરે છે.

બાળકની જરૂરીઆતોને વડીલ, મનસ્વિ રીતે નિયમન કરે છે વા દબાવી દે છે. બાળકના પોકારને સહન કરી લેવામાં આવતાં, તે પોકારને ભયંકર આજ્ઞા–ઉલ્લંઘન ગણવામાં આવે છે.

વિના પ્રશ્ને પ્રજાએ માત્ર તેના કરો ભરી દેવાના હોય તેવી પૌરાણિક પ્રથા પર રચાએલી રાજ્યવ્યવસ્થા જેવું આ એક સ્વરૂપ છે. તેમના રાજાની ભલાઇથી તેમને દરેક લાભ મળતો હતો તેવું માનનારા લોકો પણ હતા. એજ રીતે બાલ–પ્રજા, બધા માટે વડીલને આભારી છે, એમ માને છે અથવા વડીલ પોતે પણ એમજ માને છે. સર્જનહાર તરીકેની વડીલની બનાવટી રચના વ્યવસ્થિત છે. પોતે જેવો છે તેવું જ સર્જન તે બાળકમાં કરી રહ્યો છે, તેમ તે અહંકારથી માને છે. વડીલ જ બાળકને બુદ્ધિવાન, ડાહ્યું અને ધાર્મિક બનાવે છે; તેજ તેને પરમાત્મા, માનવી અને વાતાવરણ સાથેના વ્યવહાર માટેનાં જરૂરી સાધનો પણ પૂરાં પાડે છે. થકવી નાંખે તેવું આ કામ છે, એમ તે માને છે. જુલ્મગારનું આ આત્મ–સમર્પણ તેના જુલ્મને પરિપૂર્ણ કરે છે. પોતાની પ્રજાનું પોતે બલિદાન આપ્યું છે તેવું કબુલ કરનાર જુલ્મગાર કયાં છે ?

શિક્ષકે આત્મ–પરીક્ષણ કરવું જોઇએ અને તેનાં જુલ્મનાં પાપોમાંથી મુક્ત થવું જોઈએ. અમારી પદ્ધતિ શિક્ષક પાસે આ વસ્તુ માગે છે. તેના હૃદય ઉપર અજાણે જામી પડેલી મદ અને ક્રોધની પુરાણી ગૂંચને તેણે તોડી ફેંકી દેવી જોઇએ. ક્રોધને, મદને ફેંકી દઇ તેણે નમ્ર બનવું જોઇએ. આ સૌથી પહેલું કરવાનું છે, પછી તે ઉદારતાના નવાં વસ્રો સજે. આ પ્રકારનાં માનસિક વલણો તેણે સંપાદન કરવાનાં છે. સમતોલપણાનું આ મધ્યબિન્દુ છે. તેના વિના આગળ વધવું અશક્ય છે. આ તેની "તાલિમ" છે, આ તેનું મંડાણ છે, અને આજ તેનું ધ્યેય છે.

બાળકનાં બધાંજ કાર્યોમાં તેણે સંમત થવું વા તેનો ન્યાય કરવાનું છોડી દેવું અથવા તેની બુદ્ધિ અને લાગણીઓ વિકસાવવા

માટે કંઈજ નથી કરવું એ અમારા કહેવાનો અર્થ નથી; એથી ઉલટુંજ અમારૂં કહેવું છે. શિક્ષકનું ધ્યેય બાળકને કેળવવાનું છે, તેના સાચા શિક્ષક બનવાનું છે, તે તેણે કદી ભૂલવું જોઇએ નહીં.

યજ્ઞવેદી ઉપર જતાં પુજારીએ જેમ પ્રથમ **શુદ્ધિની પ્રાર્થના** બોલવી પડે છે તેમ આપણા હૃદયોમાં જડ ઘાલી બેઠેલા પૂર્વ-ગ્રહોને ઉખેડી નાંખવાનું, નિરભિમાની થવાનું કાર્ય સૌથી પહેલું છે.

આ એકજ માર્ગ છે, બીજો એક પણ માર્ગ નથી.

કેળવણી આપી શકે, તેવી મદદ બાળકને ન આપવી એમ અમારૂં કહેવું નથી; પરંતુ ભારપૂર્વક કહીએ છીએ કે વડીલ તરીકે બાળકને સમજવામાં અંતરાયરૂપ થતી આપણી આંતરિક સ્થિતિમાં સદંતર ફેરફાર થવોજ જોઇએ.

પ્રકરણ ૨

અમારી પોતાની પદ્ધતિ

તે કેવી રીતે શરૂ થઇ

વાતાવરણના પ્રશ્નને અમે કેન્દ્રસ્થ મહત્વ આપીએ છીએ, તેજ અમારી પોતાની પદ્ધતિની વિશિષ્ટતા છે. ઘણો રસ અને વાદવિવાદ ઉત્પન્ન કરનાર બીજો સુધારો શિક્ષકનું સ્થાન છે. રખેને પોતે બાળકને કામ કરતાં અટકાવી અડચણ રૂપ બને, તે ભયથી પોતાની ક્રિયાઓ અને અધિકારને આઘો મૂકનાર અમારો શિક્ષક નિષ્ક્રિય છે. તે બાળકને પોતાની મેળે પ્રગતિ સાધતું જોઇ ખુશી થાય છે, અને કોઈપણ પ્રકારનો યશલોભ રાખતો નથી. **સંત જોન બેપ્ટીસ્ટના** શબ્દો તે પોતાની જાતને લાગુ પાડે છે: "તેણે વધવું જોઇએ, પણ મારે ઘટવું જોઇએ." બીજી કોઇ પણ પદ્ધતિમાં નથી તેટલી હદનું બાળકના વ્યક્તિત્વનું માન અમારો બીજો વિશિષ્ટ સિદ્ધાંત છે.

શરૂઆતમાં **કાસા-દ-બામ્બિની** અર્થાત્ કુટુંબનો વિચાર ચાલુ રાખી અમે બાલગૃહો કહેતા, તે અમારી ખાસ શાળાઓમાં આ ત્રણ મુખ્ય મુદ્દાઓનો વિકાસ સાધવામાં આવ્યો હતો. જેઓ આ કેળવણીની પદ્ધતિને અનુસર્યા છે તેઓ જાણે છે કે બાળકો અને વડીલનો કાર્યપ્રદેશ ઉલ્ટાસુલટી થઈ જવાથી, તેમજ શિક્ષક આટલું બધું ઓછું શિક્ષણ આપવાનું કામ કરે છે તેથી, બાળકને ક્રિયાના મધ્યમાં રાખી તેને તેની ગતિ અને પ્રવૃત્તિ પસંદ કરવામાં સ્વતંત્ર રાખે છે, અને બાળક પોતે પોતાની જાતે શીખે છે, તે સઘળાથી ભારે ચર્ચા ઉભી થઈ હતી. જ્યાં આ વસ્તુ કાલ્પનિક મનોસૃષ્ટિ ન ગણાઈ ત્યાં અતિશયોક્તિ તો ગણાઈ જ છે; છતાં બાળકના કદના પ્રમાણમાં વસ્તુઓનું વાતાવરણ હોવું જોઈએ તે અમારી કલ્પનાનો સારો સત્કાર થયો છે. સ્વચ્છ, પુષ્પોથી શણગારાએલી નાની બારીઓવાળા નાના ખંડો, નાનાં ટેબલ, નાની આરામખુરશીઓ, સુન્દર પડદાઓ, બાળકનો હાથ પહોંચી

શકે અને જેમાંથી તેઓ વસ્તુઓ લઇ મૂકી શકે તેવાં કબાટો, આ સઘળું બાલજીવનમાં સાચો વ્યાવહારિક સુધારો લાગ્યો. હું માનું છું કે બાલગૃહોનો મોટો ભાગ આ બાહ્ય નિર્ણાયક લક્ષણને ખૂબ અગત્યનું ગણે છે.

આજે લાંબી શોધખોળ અને પ્રયોગ પછી અમને ફરી પાછો એ પ્રશ્ન હાથ લેવાનું અને ખાસ કરીને અમારી પદ્ધતિ કેવી રીતે ઉત્પન્ન થઈ, તે સમજાવવાનું જરૂરનું લાગે છે.

બાળકના ગુપ્ત સ્વભાવના અસ્તિત્વનો વિચાર બાળકોના નિરીક્ષણમાંથી ગોઠવી કાઢયો અને આવી આંતરપ્રેરણામાંથી ખાસ શાળા અને ખાસ કેળવણીની પદ્ધતિનો વિચાર ઉત્પન્ન થયો, એ માનવામાં મોટી ભૂલ થાય તેમ છે. જેનું જ્ઞાનજ નથી તેનું નિરીક્ષણ અશકય છે; અને કોઈને માટે પણ, એકાએક ઝાંખી આંતરપ્રેરણાથી કલ્પના કરવી કે બાળકમાં બે પ્રકૃતિઓ રહેલી છે, અને, “હવે હું પ્રયોગદ્વારા તેમને સાબિત કરવાનો પ્રયત્ન કરીશ,” એમ કહેવું શકય નથી. કોઈ પણ નૂતને તેની પોતાની શક્તિથી બહાર નીકળી આવી ભાવિના જોરે ઉછળી મનને અથડાવું જોઇએ. આવું ભાન થનાર માણસના પોતાના કરતાં, તે સત્ય ઉપર વધારે અવિશ્વાસ રાખનાર બીજું કોઈ હોતું નથી બીજાની માફક તે પણ નૂતન સત્યને હડસેલી મૂકે છે; છેવટે તે સત્ય જોઈ શકાય, ઓળખાય, અને આતુરતાથી સત્કારાય તે માટે તેણે વારંવાર દ્રષ્ટી સમક્ષ પડવુંજ જોઇએ. આતુર જોનાર, ત્યારે જ તે નવા પ્રકાશને સત્કારે છે, સંગ્રહે છે, તેનાથી ઉત્સાહિત થાય છે, અને તેના પોતાના સર્જનને બીજાઓ માને તે માટે પોતાનું જીવન સમર્પણ કરે છે. આ વખતે, તે બાઇબલ-માંના એક કિંમતી મોતી જોતાં પોતાની પાસેનું સઘળું વેચી તેને ખરીદ કરી લેનાર માણસની જેમ સ્વીકારવાની છેવટની હદ સુધી પહોંચી ગયો હોય છે. કંઈ પણ નવું જોવામાં અને આપણી જાતને તેની ખાત્રી કરી આપવામાં ભારે મુશ્કેલી છે; કારણકે

નૂતનની સામે આપણી સમજણના દરવાજા બંધ કરેલા છે. આપણું મગજ ઉમરાવના સત્કાર–ખંડ જેવું છે. પ્રમાણપત્રો સિવાય મનુષ્યોને તેમાં પ્રવેશ કરવાની મનાઈ છે. કોઇ એક પ્રથમના જાણકારે ઓળખાવ્યા પછી જ તેમાં દાખલ થવાનું મળે છે. આપણે જ્ઞાતમાંથી અજ્ઞાત તરફ જઇએ છીએ. જે કાંઈ **નવીન** છે, તેણે બંધ દરવાજા તોડી નાખી માર્ગ ખુલ્લો કરવોજ જોઇએ, અથવા વિરામના સમયમાં અર્ધ ઉઘાડા દરવાજામાંથી, તેજ પળે દાખલ થઈ જવું જોઇએ. નૂતનતા ત્યારે આશ્ચર્ય—ક્રાંતિ—ઉત્પન્ન કરે છે. મરણ પામેલા, ચામડી કહાડી નાંખેલા દેડકાના પગના આંચકા વોલ્ટાએ અવિશ્વાસથી જોયા હશે; તેમ છતાં તેણે તે વાતની નોંધ લીધી અને વીજળીને અલગ પાડી. કેટલીક વખત અત્યંત નજીવી વસ્તુ અનંત દ્રષ્ટિમર્યાદા ઉઘાડે છે; કારણકે માનવી, પ્રકૃતિથીજ શોધક અને શોધખોળ કરનાર છે. શરૂઆતની નજીવી સત્ય હકીકત વિના પ્રગતિ સંભવિત નથી.

ભૌતિક અને વૈદકશાસ્ત્રમાં નવું સત્ય શી રીતે શોધાય છે તેના ચોક્કસ વિચારો છે. અસ્તિત્વમાં ન હોય એટલે અકલ્પનીય હોય તેવા, પૂર્વે અજાણ્યા સત્યની મૂળભૂત શોધને નવો બનાવ કહે છે. આ સત્ય હમેશાં પરલક્ષી હોય છે અને તેથી પ્રેરણાત્મક જ્ઞાન પર તેનો આધાર નથી. કોઈ પણ નવા સત્યનું અસ્તિત્વ સાબિત કરવાનું હોય છે ત્યારે તેના પોતાનાજ અસ્તિત્વને એટલે કે, તેને સંપૂર્ણ રીતે અલગ પાડીને કેવળ તેના અસ્તિત્વને સાબિત કરવું જોઈએ. પછી બીજી ભૂમિકા આવે છે. તેમાં નવા સત્યની પુનરુત્પત્તિ કરી તેને ચિરસ્થાયી બનાવવા, તેનું દર્શન કરાવતી પરિસ્થિતિઓનો અભ્યાસ કરવાનો હોય છે. જ્યારે આ મૂળભૂત કોયડો ઉકલી જાય, ત્યારે જ તે સત્યનો અભ્યાસ સંભવિત છે. અહીં શોધખોળની શરૂઆત થાય છે, અને નવે રસ્તે નવી વસ્તુઓ શોધીને શોધકો સાચી શોધો કરે છે. આ વસ્તુ બીજી છે. જેના અસ્તિત્વની ખબરજ નથી, એવા કંઈકની શોધ કોઇ પણ કરી શકે નહિ. શોધખોળ

બંધ બારણે થવી જોઇએ. તેમાં કશાકની ઝાંખી છે. એક ઘટનાનું પુનરુત્પાદન, ટકાવ અને સ્વામીત્વ પ્રાપ્ત થઇ તે છાયાની જેમ અદ્રશ્ય ન થતાં કેવળ સત્ય, વહીવટી મિલ્કત અને એ રીતે કિંમતી વસ્તુ બને તેવો કાર્યસાધક થતો અભ્યાસનો એક પ્રકાર છે.

આ રીતે નવું **બાલગૃહ** નિર્ણિત પ્રયોગ અથવા વૈજ્ઞાનિક શોધખોળ માટેનું વ્યવસ્થિત સ્થાન ન હતું. તે સ્વીકૃત થયાં પહેલાં નજરે પડતા "અજ્ઞાત"ના તેમજ નિરવધી દ્રષ્ટિમર્યાદાને ખુલ્લી કરવા શક્તિમાન એક નજીવા સત્યના સઘળાં સ્વરૂપોવાળી, મૂળભૂત શોધનો દાખલો પૂરો પાડે છે.

જૂના કાગળોમાંથી હાથ આવેલું, ઘણા સમય પહેલાનું આ વિષયનું એક લખાણ દસ્તાવેજની દ્રષ્ટિએ રસભર્યું થશે.

" તમે કોણ છો ? "

ત્રણથી છ વર્ષનાં નાનાં સ્વાભાવિક બાળકો માટે પહેલી શાળા ઇ. સ. ૧૯૦૬ ના જાન્યુઆરી માસની છઠ્ઠી તારીખે ઉઘાડવામાં આવી હતી. મારી પદ્ધતિઓ પ્રમાણે તે હતી, એમ કહી શકું નહિ, કારણકે હજી તેઓનું અસ્તિત્વજ નહોતું, પણ આ શાળામાં મારી પદ્ધતિ ટૂંક સમયમાં અસ્તિત્વમાં આવવાની હતી. મારી સંભાળ નીચે મૂકાયેલાં અભણ માબાપોનાં, લગભગ બધાં બાળકોમાંના, ઘણાખરાં તો રોતાં, રીતભાતમાં ભડકતાં, તોછડાં, કંગાલિયત ભર્યાં, આશરે પચાસ બાળકો સિવાય તે દિવસે ત્યાં બીજું કંઇ પણ નજરે પડે તેમ ન હતું.

" નિસરણી ઉપર રખડે નહિ, દિવાલો ગંદી કરે નહિ અથવા અવ્યવસ્થા ઊભી કરે નહિ, તેટલા માટે શ્રમજીવીઓના મકાનોમાં રહેતાં મજૂરોનાં નાનાં બાળકોને એકઠાં કરવાની મૂળ યોજના હતી. આ હેતુ ધ્યાનમાં રાખીને મકાનમાંજ એક ઓરડી

રાખવામાં આવી હતી. 'ભવિષ્યમાં નિવડે' એવી આ શાળાને હાથમાં લેવાનું મને કહેવામાં આવ્યું.

"એક દિવસ સમગ્ર જગત આ 'ભવ્ય' કાર્યની વાતો કરશે તેમ તેને ખુલ્લું મૂકતાં મેં કોઈક વિચિત્ર લાગણીવશ થઇ ભાર દઇને જાહેર કર્યું.

"તેજ દિવસે, તે મહોત્સવના પ્રસંગે દેવળોમાં વંચાયેલા ધર્મશાસ્ત્રોના, મેં ઉચ્ચારેલા શબ્દો મને શુભ શુકન અને ભવિષ્યવાણી લાગ્યા. 'જુઓ, પૃથ્વી અંધકારથી ઢંકાઈ જશે........ પણ પ્રભુ તમારા ઉપર અવતરશે અને મૂર્તિપૂજકો તારા પ્રકાશમાં પગલાં ભરશે.' હાજર રહેલાં સઘળાં સ્તબ્ધ બની ગયાં, અને ગરીબ બાળકોની સંસ્થાને આટલું બધું મહત્વ મેં શા માટે આપ્યું તે પરસ્પર પૂછવા લાગ્યાં.

"બી નો સારો સંગ્રહ કર્યા બાદ વાવવા માટે જેને ફળદ્રૂપ ખેતર મળ્યું હોય તેવી એક ખેડૂત સ્ત્રીમાં થતી લાગણી જેવી લાગણીથી મેં કામ કરવાનું શરૂ કર્યું; પણ મારી ભૂલ હતી. મારા ખેતરનાં માટીનાં પોડાં મેં ભાગ્યેજ ફેરવ્યાં હશે એટલામાં તો ઘઉંને બદલે મને સોનું મળ્યું. તે પોડાંમાં કિંમતી ખજાનો છુપાયેલો હતો. મેં માન્યું હતું તેવી ખેડૂત સ્ત્રી હું ન હતી; પણ હું તો છૂપા ખજાનાને ઉઘાડવાની ચાવી હાથમાં હોવા છતાં એનાથી અણજાણ મૂર્ખ અલાદ્દીન જેવી હતી.

"સાચું કહું તો આ સ્વાભાવિક બાળકો ઉપરના મારા કામથી મને આશ્ચર્યોની પરંપરા થઇ. આ અદ્‌ભૂત પરીકથા કદાચ કહેવા જેવી છે.

"વિકૃત બાળકોને શિક્ષણ આપવામાં આટલી બધી ફતેહ આપનાર પદ્ધતિઓ, સ્વાભાવિક બાળકોના સારા વિકાસની ખરેખરી ચાવી થાય, એમ માનવું તર્કશુદ્ધ હતું. વિકૃત બુદ્ધિને સીધી કરવામાં અને નબળાં મનને મજબૂત કરવા માટે ઉપયોગમાં

લીધેલા ઉપાયોની ફતેહ આપનારાં સાધનોમાં, સ્વાભાવિક માનસને મજબૂત અને સીધા કરવાની સરસ મદદ કરતા, મનના ઉત્તમ આરોગ્યના સિદ્ધાન્તો હતા. આ સઘળામાં આશ્ચર્યજનક કાંઇ ન હતું, અને સમતોલવાળાં અને ડાહ્યાં મનને માન્ય કરાવે તેવો, તેમાંથી તરી આવેલો કેળવણીનો સિદ્ધાન્ત અચૂક અને વિજ્ઞાન સિદ્ધ હોવા છતાં શરૂઆતનાં અણધાર્યાં પરિણામોએ મને સ્તબ્ધ અને વારંવાર શંકાશીલ બનાવી હતી એ સત્ય ટળતું નથી.

“ સ્વાભાવિક બાળકોને આપેલાં સાધનોએ, વિકૃત બાળકોને જેવી અસર કરી હતી તેવી અસર ન કરી. પછાત બાળકોમાં આ સાધનો રસોત્પાદન કરવા માટે મને ઉપયોગી હતાં અને બાળકોને તેના પર કામ કરવા સમજાવવા માટે મારી સઘળી શક્તિનો ઉપયોગ કરવો પડયો હતો. આ સાધનોએ ખરેખર વિકૃત બાળકોનું માનસિક આરોગ્ય સુધાર્યું, અને કંઇક શીખવ્યું પણ અહીંઆં તો તેથી ઉંધુંજ બન્યું. બાળક સાધનોથી આકર્ષાયું, તેનું ધ્યાન તેના પર સ્થિર થયું, અને આરામ લીધા વિના આશ્ચર્યકારક એકાગ્રતામાં તલ્લીન થઇ કાર્ય કરેજ ગયું. આવું કાર્ય કર્યા **પછી** તે સંતાષી, આરામપૂર્ણ અને સુખી જણાયું. હા, તેમના શાન્ત નાના ચહેરા ઉપર, સ્વયંસ્ફૂરિત કાર્ય–સિદ્ધિના સંતોષથી તેજસ્વી બાલ–સુલભ નિર્દોષ આંખોમાં આરામ વાંચી શકાતો હતો. આ સાધનો જાણે કે, ઘડિયાળની ચાવી જેવાં હતાં. પળ ભર ચાવી આપ્યા પછી ઘડિયાળ આપોઆપ ચાલે છે, પણ અહીંઆં બાળક કાર્ય કર્યા પછી પહેલાં કરતાં વધારે મજબૂત અને વધારે માનસિક તંદુરસ્ત હતું. આખું કાર્ય, ખરેજ, માનસિક શક્તિવર્ધક દવા હતી.

“ આ એક ભ્રમ નહોતો એવી મારી જાતને ખાત્રી કરાવતાં મને વાર લાગી. આ સત્યને સાબિત કરતા દરેક નવા અનુભવ પછી મેં મારી જાતને કહ્યું, ‘હજુ હું નહિ માનું, બીજી વખત હું તે માનીશ.’ આ રીતે લાંબો વખત હું શંકાશીલ

રહી, છતાંયે તેજ વખતે હું ઊંડાણુમાં થરથરાટી અને કંપ અનુભવતી હતી. બાળકોએ પોતાની મેળે શું શું કર્યું હતું તે શિક્ષિકા જ્યારે કહેવા આવતી ત્યારે મેં તેને કેટલીએ વાર શું ધમકાવી નહોતી? હું કડકાઇથી જવાબ આપતી, ‘મને અસર કરનારી કેવળ એક વસ્તુ, સત્યજ છે.’ ખોટું લગાડયા વિના અને ઘણીવાર આંસુ સારતી શિક્ષિકા મને જવાબ આપતી, તે યાદ છે, ‘તમે સાચાં છો. આવા બનાવો જોતાં, પવિત્ર દેવદૂતોજ બાળકોને પ્રેરણા આપતા હશે એમ મને લાગે છે.’

“એક દિવસે અતિશય લાગણીથી મેં મારા હ્રદયને શ્રદ્ધાની ટોચે લઇ જવા માટે પ્રોત્સાહન આપવાની હિંમત કરી અને મારી જાતનેજ ઉદ્દેશતી હું પૂજ્ય ભાવે બાળકો સમક્ષ ઊભી રહી, ‘તમે કોણ છો ત્યારે! ક્રાઇસ્ટના હાથમાં ખેલતાં અને જેમને ઉદ્દેશી દિવ્યવાણી કહેવામાં આવી હતી તેજ બાળકોને શું હું અહીંઆં ભેટી રહી ન હતી?........સ્વર્ગના સામ્રાજ્યમાં તમારી સાથે પ્રવેશ કરવા હું તમને અનુસરીશ.’

“આમ શ્રદ્ધાની મશાલ હાથમાં ધારણ કરી હું મારા માર્ગે પડી.”

પહેલાં બાળકો

આ રીતે ભાવિએ મને તેમની પાસે દોરી. તેઓ આંસુ ભર્યાં, ભય પામેલાં બાળકો હતાં. જેમને બોલતાં કરવાનું અશકય હતું, તેવાં શરમાળ તેઓ હતાં. પોતાના જીવનમાં કદી કાંઈ પણ જોયું ન હોય તેવી વિહ્વળ આંખોના અને ભાવવિહિન તેમના ચહેરા હતા તેઓના મનને ઉત્તેજીત કરે તેવા કોઇ પણ સાધન અને કાળજી વિના ભાગ્યા તૂટયા અંધકારમય ઝુંપડાંઓમાં ઉછરેલાં, ગરીબ તજાએલાં આ બાળકો હતાં. ખરાબ ખોરાકથી થયેલી તેમની હેરાનગતિ કોઈ પણ જોઇ શકે તેમ હતું. ખોરાક, ખુલ્લી હવામાં જીવન, અને સૂર્યના પ્રકાશની તેમને તાત્કાલિક જરૂરીઆત

હતી તેવો નિર્ણય કરવા માટે કોઇને ડાકટર થવાની જરૂર નહતી. તેઓ બંધ ફુલો જેવાં પણ કળીની તાજગી વિનાના, સીલબંધ કવચોમાં છૂપાએલા આત્માઓ હતા.

સમગ્ર જગતમાં પ્રકાશ ફેલાવનાર આવું ઓજસ જેમના આત્મામાંથી પ્રગટ થયું તે નવા બાળકોનું સ્વરૂપ ઘડનાર, અથવા આવું અસાધારણ રૂપાંતર પામવા બાળકોને શક્તિમાન બનાવનાર, શરૂઆતના સંયોગોનું જ્ઞાન જરૂર રસમય થાય.

"બાળકોના આત્માની મુક્તિ"ને શકય બનાવનાર આ સંયોગો જરૂર ખાસ અનુકૂળ હશે. દબાણ કરનાર બધા અંતરાયો દૂર થયા હશે; પણ આવા અંતરાયો શેમાં રહેલા હશે તે કોણ કહી શકે? દટાયેલા આત્માને બહાર લાવનાર અને પ્રફુલ્લિત કરનાર આવશ્યક અથવા અનુકૂળ સંયોગો કયા હશે? આવા ઉન્નત ધ્યેયને સાધવા ઘણાએ સંજોગો કેવળ વિરોધી પણ લાગ્યા હશે.

આપણે આ બાળકોના કૌટુમ્બિક સંયોગોથી શરૂ કરીએ. તેઓ સમાજના હલકામાં હલકા થરમાંથી આવ્યાં હતાં; કારણકે તેમના પિતાઓ નિયમિત નોકરો ન હતા પણ રોજીંદી હંગામી મજૂરી કરનાર છૂટા કારીગરો હતા, અને તેથી તેઓ તેમના બાળકોની સંભાળ લઇ શકે તેમ નહોતા. લગભગ બધા જ અભણ હતા.

કોઇ પણ જાતના ભવિષ્યના વધારાની શકયતા વિનાની આ જગા માટે યોગ્ય શિક્ષિકા મળવી મુશ્કેલ લાગતાં, વત્તા ઓછા પણ વાલી તરીકે એક દરવાનની દીકરીને રોકી લેવાનો પહેલો વિચાર હતો. પાછળથી એક વધારે શિક્ષિત કન્યાને રાખી લીધી. આ બાળાએ, એક વખત શિક્ષક થવા માટે અભ્યાસ કરવાની શરૂઆત કરી હતી, પણ આ વખતે તે કારખાનામાં કારીગર તરીકે કામ કરતી, અને તેથી તેનામાં શિક્ષિકાની લાંબી

લાંબી આશાઓ નહોતી તેમજ તૈયારી પણ નહોતી, તેમજ કોઇ પણ કાર્યકર્તા શિક્ષકમાં જણાતા અનિવાર્ય દુરાગ્રહો પણ ન હતા. આ નવી સંસ્થા વિલક્ષણ સ્થિતિમાં હતી. તે સાચી ધર્માદા સંસ્થા પણ ન હતી. મકાનના નિભાવ માટે આડકતરા સાધન તરીકે ગણાતી આ નિશાળ, મકાન બાંધનારા મંડળથી સ્થપાએલી સંસ્થા હતી. દીવાલો આખી રહે અને ચાલીનું સમારકામ ઓછું કરવાની જરૂર પડે માટે બાળકોને ત્યાં ભેગાં કરવામાં આવ્યાં હતાં. આથી અમે શાળાના ખોરાકની ગોઠવણ, વૈદ્યકીય સારવાર, અથવા કેળવણીના આદર્શવાળી નિશાળ જેવાં લોક કલ્યાણનાં કામ પણ લઇ શકીએ તેમ ન હતું. કોઇ સામાન્ય ઑફિસ માટે આવશ્યક ગણાય તેટલુંજ ખર્ચ, લાકડાનું સાહિત્ય અને વધારાનો સરંજામ આપવામાં આવતો હતો. આથીજ, મેજો ખરીદવાને બદલે અમે અમારી શાળાનું સાહિત્ય નવું બનાવી શક્યાં.

બાલગૃહ આ રીતે સાચી શાળા ન હતી પણ માપવાના મીટરની માફક, શરૂઆતનું મીંડા ઉપર મુકાએલું કાર્ય હતું.

આ રીતે બાળકોને માટે અથવા શિક્ષકને માટે મેજ અગર શાળા માટેનો જરૂરી સામાન મેળવવાનું અસંભવિત હતું. અને ઑફિસ માટે અથવા ઘર માટે તૈયાર કરવામાં આવતું હોય તેવું ખાસ સાહિત્ય બનાવવામાં આવ્યું હતું. મંદ બુદ્ધિવાળાં બાળકોની સંસ્થામાં વાપરેલાં સચોટ, શાસ્ત્રીય રીતે બનાવેલાં સાધનો મારી પાસે હતાં. આમ શાળાનો સરસામાન ગણાય તેવું તેમાં કાંઇ પણ નહોતું.

શરૂઆતના આ **બાલગૃહોમાં**, આજે આવી સંસ્થાઓમાં આનંદી અને સુંદર "વાતાવરણ" હોયજ એમ માની લેવામાં આવે છે તેમાંનું કાંઇ તેમાં નહોતું, એમ માનવું જોઇએ. એકદમ નજરે પડે તેવા સામાનમાં, શિક્ષકનું એક મજબૂત મેજ, અને બધી જાતની વસ્તુઓ મૂકવા માટે એક મોટું, ચાવીઓથી

વસાતા જબ્બર બારણાવાળું કબાટ હતું. આ કબાટની ચાવીઓ શિક્ષિકા પાસે રહેતી. બાળકો માટે બનાવેલાં મેજ, મજબૂતી અને ટકાઉપણાની દ્રષ્ટિએ બનાવવામાં આવ્યાં હતાં. ત્રણ બાળકો સાથે બેસી શકે તેટલાં તે લાંબા હતા, અને નિશાળની પાટલીઓની માફક એકબીજાની પાછળ ગોઠવવામાં આવ્યાં હતાં. દરેક બાળકને માટે રાખવામાં આવેલી તદ્દન નાની બેઠક અને તદ્દન સાદી નાની આરામ ખુરશી, એજ એક નવીનતા હતી. આંગણું તૈયાર કરેલું છતાં તેમાં ફક્ત ઝાડ અને લૅાન હતી અને અમારી શાળાનું ભવિષ્યનું વિશિષ્ટ અંગ થનાર ફૂલોની પણ તેમાં ખોટ હતી. આવા સંયોગોમાં કોઈપણ મહત્વના પ્રયોગો કરવાનું પ્રલોભન ભાગ્યેજ થાય પણ ઇન્દ્રિયોની પદ્ધતિસર કેળવણીનો પ્રયત્ન, મંદ બુદ્ધિવાળાં અને સ્વાભાવિક બાળકોની પ્રતિક્રિયાઓના શકય તફાવતની નોંધ, અને એ બધાં ઉપરાંત નાંનાં સ્વાભાવિક બાળકો અને મંદ બુદ્ધિવાળાં મોટાં બાળકોની પ્રતિક્રિયાઓનો પરસ્પર સંબંધ શોધી કાઢવાનું રસિક થઈ પડે એમ મને લાગ્યું. આ જાતના સંશોધનને મેં અતિ મહત્વ આપ્યું ન હતું. શિક્ષિકા ઉપર મેં કોઈ જાતનો પ્રતિબંધ મુકયો ન હતો અને તેને કોઈ ખાસ ફરજ સોંપી ન હતી. ફક્ત મેં તેને થોડાંક ઇન્દ્રિયવિકાસનાં સાધનોનો ઉપયોગ કરતાં શીખવ્યું હતું. તેને આ સહેલું અને રસમય લાગ્યું; પણ મેં તેના પોતાના સ્વતંત્ર આરંભકાર્યને અટકાવ્યું ન હતું.

થોડા સમય પછી મેં જોયું કે તેણે, ખરેખર, પોતાની મરજીથી સૌથી સારી વર્તણુકવાળા બાળકને તેના મત પ્રમાણે ઇનામ આપવા માટે ઉપયોગી થાય તેવાં કેટલાંક નવાં સાધનો,—ચળકતાં કાગળમાં વીંટેલાં બીલ્લાં,—બનાવ્યાં હતા. એક અથવા બીજા બાળકને, ઘણીવાર, પોતાની સ્વેચ્છાથી છાતી ઉપર લટકાવેલા આ નિર્દોષ ચન્દ્રક સાથે મેં જોયું છે. જોકે આ બાળકોમાં ઘણાંખરી નાની બાલિકાઓ હતી અને તેમાંની સૌથી મોટી ફક્ત પાંચ વર્ષની હતી છતાં તે સઘળાંને લશ્કરી સલામ આપતાં શિખવવાનું પણ

તેણે માથે લીધું હતું. આથી તેને સંતોષ થતો હોય તેમ લાગ્યું. પણ મને તો આ સઘળી વસ્તુ જેટલી નાદાન તેટલી બીનઅગત્યની લાગી.

આ રીતે અમારૂં શાંત અને નિરાળું જીવન શરૂ થયું, અને લાંબા વખત સુધી અમારા અસ્તિત્વની કોઇને માહિતી ન હતી.

તેમણે મને શું બતાવ્યું

આ સમયના મુખ્ય બનાવોની ફક્ત ટુંક નોંધ આપવા ઇચ્છું છું. "એક દિવસ એવું બન્યું......"થી શરૂ થતી અને પછીથી ગંભીર ગ્રંથ રૂપ બનતી આ નોંધ બાળકની વાર્તાઓમાં વધારે સારી રીતે ગણી શકાય તેવા અતિશય ઝીણા પ્રસંગો ઉપર બોલવા જેવી થશે. આ વિષયમાં મારી પોતાની ક્રિયાઓ શાસ્ત્રીય દ્રષ્ટિએ કોઈ પણ તેને ગંભીર ગણે નહિ એટલી સાદી અને ખરેખર નજીવી હતી; છતાં આવું પદ્ધતિસર વર્ણન માનસિક નિરીક્ષણ અથવા વધારે સારી રીતે માનસિક શોધોનો એક ગ્રંથ બનશે.

"પ્રવૃત્તિનું પુનરાવર્તન"

દટ્ટાપેટીમાં નક્કર, ક્રમિક ડટ્ટા કાઢઘાલ કરવાની રમત રમતી, નાની ત્રણ વર્ષની બાળકીની પ્રવૃત્તિના સૌથી પહેલા બનાવે મારૂં ધ્યાન ખેંચ્યું. (શીશીના બુચની માફક કાણાંઓમાં તે દટ્ટાઓને નાખવામાં ને બહાર કાઢવામાં આવે છે. તેઓ જુદા જુદા કદના ચઢતા ઉતરતા ક્રમમાં હોય છે અને દરેકને પોતાનું ખાસ સ્થાન હોય છે.) અત્યંત કાળજીભર્યા રસથી આ રમતનું વારંવાર પુનરાવર્તન કરતા આવા નાનકડા બાળકને જોઈ મને આશ્ચર્ય થયું. ઝડપ કે કૌશલ્યમાં તેનો કાંઇ વિકાસ થતો જણાતો નહતો. તેની એક જાતની સનાતન ગતિ હતી. વસ્તુઓને માપવાની મારી ટેવને લીધે તેણે કેટલાં પુનરાવર્તનો કર્યાં તેની મેં ગણત્રી

કરી. મેં પછી ઘોંઘાટ કરી તે વિચિત્ર એકાગ્રતાની છેલ્લી હદ જોઇ લેવાનું નક્કી કર્યું, અને શિક્ષિકાને બીજાં બાળકોને આમ તેમ ફેરવવાનું અને ગવરાવવાનું સૂચવ્યું. તેણે તેમ કર્યું પણ ખરૂં પણ આ બાળકીએ તો પળભર પણ તેનું કામ બંધ ન કર્યું. તેની સાથે તેની આરામ ખુરશીને મેં ધીરેથી ઉપાડી અને એક નાના ટેબલ ઉપર મુકી. તેણે દટ્ટાપેટી પકડી લીધી અને તેને ઘુંટણ ઉપર મૂકી તેનું કામ ચાલુ રાખ્યું. તેણે તે રમત બેંતાલીસ વખત ફરીને ફરી કરી હતી. સ્વપ્નમાંથી આવતી હોય તેમ તે અટકી અને અત્યંત સુખી હોય તેમ સ્મિત કર્યું. તેની આંખો તેજસ્વી બની અને તેણે આમતેમ જોયું.

તેને અડચણ કરવામાં નિષ્ફળ ગયેલી અમારી જુદી જુદી ક્રિયાઓ તેણે ધ્યાનમાં લીધી જ નહતી, તેમ જણાયું. હવે કોઈ દેખીતા કારણ વિના તેનું કામ પૂરૂં થયું હતું. શું પૂરૂં થયું હતું અને શામાટે ?

બાળકના મનના અણખેડયા ઊંડાણમાં આ પહેલું ડોકિયું હતું. એક વસ્તુથી બીજી વસ્તુ ઉપર ઊડતા ધ્યાનની આ ઉમ્મર હતી, છતાં બહારની ઉત્તેજનાનો સ્પર્શ પણ ન થાય તેવું તેનું વ્યક્તિત્વ એકાગ્રતામાં તલ્લીન થયું હતું. ચોક્કસ રીતે બનાવેલાં વૈજ્ઞાનિક રીતનાં ક્રમિક સાધને, તેના હાથની તાલબદ્ધ ગતિને જગવી, એકાગ્રતા સાથે જોડી દીધી હતી.

ઘણા પ્રસંગોએ આવા જ બનાવો બન્યા હતા અને દરેક વખત, બાળકો, આરામ લીધેલાં, ચેતનવંતાં અને કોઈ મહાન આનંદના અનુભવવાળાં જણાતાં હતાં.

બાહ્ય જગત સાથેના અભાન સુધી પહોંચતા આવા એકાગ્રતાના દાખલાઓ સામાન્ય ન હતા છતાં ખરી રીતે સઘળાંમાં એક સર્વસામાન્ય વર્તન, જેટલું તેઓ કરતાં તેમાં ખરી રીતે નિયમ રૂપ બનેલી બાલક્રિયાની ખાસ વિશિષ્ટતા, જેને મેં પાછળથી "રમતની પુનરાવૃત્તિ"નું નામ આપ્યું તે તો હતી જ.

કામ કરતા એ નાનકડા ગંદા હાથને જોતાં, એક દિવસ તેમને એક સારૂં કામ–તેઓના હાથ કેમ ધોવા–તે શીખવવાનું, મેં વિચાર્યું એક વખત હાથ ચોખ્ખા હોવા છતાં તેઓ તેમને ધોયા કરતાં હતાં, તે મેં ધ્યાનથી જોયું. તેઓ શાળામાંથી બહાર આવ્યાં અને હાથ ધોવા લાગ્યાં. માતાઓમાંની કેટલીકે મને કહ્યું કે સવારમાં તેઓનાં બાળકો ઘરની બહાર નીકળી ગયાં હતાં અને ધોવાના ઘાટ ઉપર તેમના હાથ ધોતાં જણાયાં હતાં. તેઓના ચોખ્ખા હાથ દરેકને બતાવવામાં તેઓ એટલે સુધી અભિમાન લેતાં કે તેમને એક વખત ભૂલથી ભિખારી માની લેવામાં આવ્યાં હતાં. કોઇ પણ બહારના હેતુ વિના તેઓએ વારંવાર તે ક્રિયાની પુનરાવૃત્તિ કર્યા જ કરી. સ્વચ્છ હાથને ધોયે જવા તે એક આંતરિક જરૂરિયાત હતી. તેજ વસ્તુ બીજા ઘણા પ્રસંગોએ બની. એક પ્રવૃત્તિ ચોક્કસ રીતે બધી વિગત સાથે શિખવવામાં આવતી, તો, તે વીગતો તે પ્રવૃત્તિના અનંત પુનરાવર્તનની ઉત્તેજના રૂપ બનતી.

તેઓની વ્યવસ્થાની લાગણી

એક ઘણા જ સાદા બનાવમાંથી પહેલી જ વખત એક બીજી વિગત બહાર આવી. તેમને માટે બનાવવામાં આવેલાં સાધનો બાળકો વાપરતાં પણ તેમની વહેંચણી અને તેની જગાએ તેમને પાછા મૂકવાનું કામ શિક્ષિકા કરતી. આ કામ કરવા તે ઊઠતી ત્યારે બાળકો ઊભાં થઇ તેની આસપાસ ટોળે વળતાં. તે તેમને તેમની જગા ઉપર પાછાં બેસાડી દેતી, પણ તેઓ હમેશાં ફરીથી આવતાં. ઘણી વખત આ પ્રમાણે બન્યું અને તેણે માની લીધું કે બાળકો આજ્ઞાભંગ કરતાં હતાં. તેમનું નિરીક્ષણ કરતાં મને લાગ્યું કે તે વિવિધ સાધનોને પાછાં તેમની જગાએ મૂકવાનું કામ તેઓ જાતે કરવા માગતાં હતાં; અને મેં તેમને તેમ કરવાની છૂટ આપી. આ રીતે તેમને માટે એક નવું જીવન શરૂ થયું. વસ્તુઓને સ્વચ્છ રીતે મૂકવી અને અવ્યવસ્થિત થઈ હોય તેને

વ્યવસ્થિત કરવાનું ઉલ્લાસભર્યું કાર્ય શરૂ થયું. બાળકના હાથમાંથી કાચનો પ્યાલો પડી જતો તો તેના કડકા ઉપાડી લેવાને બીજાં બાળકો દોડી આવતાં અને જમીનને લૂછી સાફ કરતાં. એક દિવસ જુદી જુદી જાતના રંગોની એંશી તખતીઓવાળી એક પેટી શિક્ષિકાથી પડી ગઈ. તેની ગૂંચવણ મને યાદ છે; કારણ કે આટલી બધી જાતના રંગોને પારખી દરેકને સ્થાને ગોઠવવાનું કઠણ હતું; પણ તરત જ બાળકો તેની પાસે દોડયાં અને અમારા મોટા આશ્ચર્ય વચ્ચે તેમણે માપસરની બધી તખતીઓને ઝડપથી બરાબર યોગ્ય સ્થાને ગોઠવી દીધી, અને એ રીતે અમારામાં ન હતું તેવું આશ્ચર્યજનક રંગનું ઇન્દ્રિયભાન તેમણે અમને બતાવ્યું.

" સ્વતંત્ર પસંદગી "

એક દિવસ શિક્ષિકા જરા મોડી આવી. કબાટને તાળુ દેવાનું તે ભૂલી ગઇ હતી, અને ઘણાં બાળકોને તેણે કબાટ ઉઘાડી તેની આસપાસ ઊભેલાં જોયા. તેમાંનાં કેટલાંક સાધનો લેતાં હતાં અને દૂર મૂકતાં હતાં. શિક્ષિકાએ નક્કી કર્યું કે આમાં ચૌર્યવૃત્તિ હતી. આ રીતે ચોરી કરી પોતાની શાળા અને શિક્ષક માટે માનનો અભાવ બતાવતાં બાળકો સામે તરતજ કડક હાથે કામ લેવું જોઈએ, ખરું શું અને ખોટું શું તેનો ભેદ તેમને શિખવવો જોઇએ, તેમ તેણે મને કહ્યું. આથી ઉલટું, મને લાગ્યું કે બાળકોએ વિવિધ વસ્તુઓ ઓળખી હતી, અને હવે તેમાંથી તેઓ પસંદ કરી શકે તેમ હતું, એવો તે બનાવનો અર્થ હતો; અને ખરેખર સાચુ તેજ હતું. એક આનંદમય, રસિક પ્રવૃત્તિનું સ્વરૂપ ખડું થયું. બાળકોની પોતાની ખાસ પસંદગી હતી અને તેઓનું કામ તેઓ જાતેજ પસંદ કરતાં. આમ કરવાનું બની શકે માટે નીચાં, સુંદર કબાટ બનાવ્યાં, અને તેમાં બાળકો પોતાની આંતરિક જરૂરિયાત પ્રમાણે સાધનો લઈ મૂકી શકે તે રીતે ગોઠવી તેમનેજ તે કબાટો સોંપી દીધાં. આમ **"સ્વતંત્ર પસંદગીના સિદ્ધાંત"**ની સાથે **"પ્રવૃત્તિની પુનરાવૃત્તિ"** ભળી.

તેમણે રમકડાં કદી પસંદ કર્યાં નહિ

શાળામાં, જો કે, કેટલાંક સાચાં આશ્ચર્યકારક રમકડાં હતાં છતાં બાળકોએ તેમને કદી પસંદ કર્યાં નહિ; આથી મને પોતાને એટલું આશ્ચર્ય થયું કે તેમાં વચ્ચે પડીને આવાં રમકડાંથી કેમ રમવું, ડોલીની કાચની વસ્તુને કેમ પકડવી, નાની ડોલીના રસોડામાં અગ્નિ કેમ સળગાવવો, અને તેની પાસે તે સુંદર ડોલીને કેમ બેસાડવી તે મેં બતાવ્યું. બાળકોએ થોડો વખત તેમાં રસ બતાવ્યો પણ પછી ચાલ્યાં ગયાં, અને ત્યાર પછી આવાં રમકડાં તેમની સ્વયંસ્ફૂરિત પસંદગીથી તેમણે કદીએ લીધાં નહિ. કાંઈક વધારે સારું મળવાના અભાવે બાળકના જીવનમાં રમતનું સ્થાન ઉતરતું પણ છે, છતાં નકામી રમતો કરતાં બીજી ઉચ્ચ પ્રકારની વસ્તુઓ બાળકના મનમાં ઉન્નત સ્થાન લઇ બેઠી છે, એમ મને લાગ્યું. આપણે માટે પણ આવુંજ કહી શકાય. આપણા ફૂરસદના વખતમાં શેતરંજ કે બ્રીજ રમવું આનંદજનક છે પણ જો આખા જીવનમાં એ સિવાય બીજું કાંઇ કરવા દેવામાં આવે નહિ તો તેમાં આનંદ રહે નહિ. કોઈ પણ ઉન્નત અને તાત્કાલિક કામ કરવાનું આવતાં બ્રીજ ભૂલી જવાય છે. બાળક આગળ તો ઉન્નત અને સાચાં તાત્કાલિક કાર્યો હમેશાં પડેલાંજ છે. સહેજ નીચેની કક્ષામાંથી ઉપરની કક્ષામાં જવાનું કાર્ય કરવા દરેકે દરેક વહી જતી પળ તેને માટે અમૂલ્ય છે. બાળક સતત વૃદ્ધિ પામતું છે. તેના વિકાસના સાધનોનું સઘળું કાર્ય તેને મુગ્ધ કરે છે અને નિરર્થક કાર્યોને ભૂલાવી દે છે. સ્વતંત્ર પસંદગીના સિદ્ધાન્તે બાળકનાં વલણો અને તેની માનસિક જરૂરિયાતોનું નિરીક્ષણ કરવાનું શક્ય બનાવ્યું. બાળકો માટે તૈયાર કરેલાં બધાં વૈજ્ઞાનિક સાધનોને નહિ પણ તેમાંનાં કેટલાંકનેજ તેઓ પસંદ કરતાં હતાં, એ શોધ આ નિરીક્ષણનું પહેલું રસભર્યું પરિણામ હતું. તેઓ વત્તી ઓછી પણ તેની તેજ વસ્તુઓ પસંદ કરતાં હતાં. બીજી વસ્તુઓનું સ્થાન બીજું હતું. કેટલીક વસ્તુઓ ભૂલાઇ જવાતાં તેના ઉપર ધૂળ પણ ચઢી ગઇ હતી. હું બધાં સાધન તેમની આગળ મૂકતી. શિક્ષિકા પણ

તેમનો ઉપયોગ સમજાવી તેમજ કરતી, તે મેં જોયું પણ પોતાની સ્વયંસ્ફૂર્તિથી બાળકોએ તેમાંનાં કેટલાંકને કદી પણ પસંદ કર્યાં નહિ. આથી હું સમજી કે બાળકના વાતાવરણમાં, વ્યવસ્થિત હોવા ઉપરાંત **બધુ માપસરનું જોઇએ**; અને ગુંચવાડો અને નિરર્થક સંગ્રહના અભાવમાંથીજ રસ અને એકાગ્રતા જાગે છે.

ઈનામ અને શિક્ષા

શાળામાં આવતાં એક દિવસે મેં એક બાળકને ખંડના મધ્યમાં, એકલું, નિષ્ક્રિય, આરામ ખુરશીમાં બેઠેલું જોયું. તેની છાતી ઉપર સારી ચાલચલગત માટે શિક્ષકે તૈયાર કરેલો ઇનામનો ભપકાદાર બીલ્લો લગાવેલો હતો. શિક્ષિકાએ કહ્યું કે એ બાળકને શિક્ષા કરવામાં આવી હતી, અને થોડીજ મિનિટો પહેલાં તેણે બીજા બાળકની છાતીએ બીલ્લો લગાવીને તેને ઈનામ આપ્યું હતું. બીજા બાળકે, પેલા શિક્ષા કરેલા બાળકની પાસેથી પસાર થતાં એ બીલ્લો, જાણેકે, તદ્દન નકામો, અને કામ કરનારની વચમાં નડતર રૂપ હોય તેમ પેલા બાળકને આપી દીધો હતો. શિક્ષા પામેલું બાળક બેદરકારીથી પોતાને મળેલા બિલ્લા તરફ, અને તેને થયેલી શિક્ષાની દેખીતી અસર વિના શાંતિથી આમતેમ જોતું હતું. ઇનામ અને શિક્ષાની નિરર્થકતા બતાવવા આ પૂરતું હતું. અમારે બાળકોનું હજુ વધારે નિરીક્ષણ કરવું હતું. અસંખ્ય પ્રયોગોને અંતે માલમ પડયું કે બાળકોને શિક્ષા અગર ઇનામની કાંઇજ અસર ન હતી. તેમને ઈનામ આપતાં અને શિક્ષા કરતાં અમને શરમ લાગવા માંડી. ત્યારબાદ છેવટે અમે ઇનામ અને શિક્ષાને તિલાંજલિ આપી. ઇનામની વારંવાર ના પાડવામાં આવતી હતી તેથી અમને ઘણું આશ્ચર્ય થતું. શિક્ષા પામેલા બાળકને પોતાનો બીલ્લો આપી દેનાર બાળકે, બીલ્લાનો શિક્ષા તરીકે નહિ પણ તેનો સારામાં સારો ઉપયોગ બતાવી, ટૂંકમાં અમને ઘણું સમજાવી દીધું હતું. તે પહેલાં પણ નાનામાં નાની પ્રતિક્રિયા થયા વિના બાળકોની છાતીએ એ બીલ્લાને લટકતો મેં જોયો હતો. અહીંઆં પૂર્વે

અસ્તિત્વ ન હતી તેવી આત્મભાનની જાગૃતિ, ગૌરવના નાજુક ભાનનું દર્શન જણાતું હતું.

શાંતિની રમત

આંગણામાંથી તેની માતાના હાથમાંથી લીધેલા એક ચાર મહિનાના બાળકને મારા હાથમાં લઇ હું વર્ગમાં દાખલ થઈ. લોકોના રિવાજ મુજબ નાનું બાળક ચારે બાજુ કપડાંથી વીંટાએલું હતું. તેનો ચહેરો ભરાવદાર અને રતાશવાળો હતો. તે રોતું ન હતું. તે નાના બાળકની **શાંતિ** મને નવાઇ ભરી લાગી અને મારી સાથે બાળકો પણ તે અનુભવે તો સારૂં, એમ મને લાગ્યું. મેં કહ્યું, "જુઓ, બાળક અવાજ કરતું નથી." અને હસતાં કહ્યું, "જુઓ, તેના પગ તે કેવા શાંત રાખે છે....તમારામાંથી કોઈ પણ તે રીતે સ્થિર રાખી શકશે નહિ." (બેબીના પગ કેવી રીતે કપડાથી બાંધેલા હતા તે હું બતાવતી હતી.) મને જોઇ રહેલાં બાળકોને મેં અસામાન્ય તંગ સ્થિતિમાં જોયાં. બધાંએ તેમના પગ ગતિહીન કર્યા હતા. મારા શબ્દને ઝીલી લેવા તે સઘળાં તૈયાર લાગ્યાં અને હું જે કહેતી હતી તેની ભારે અસર થતી હતી. મેં આગળ ચલાવ્યું, "તેનો શ્વાસોશ્વાસ કેટલો મૃદુ છે. અવાજ કર્યા વિના તમારામાંનું કોઇ પણ તેવા શ્વાસોશ્વાસ લઇ શકશે નહિ." આશ્ચર્યચકિત અને ગતિહીન બાળકો નિસ્પંદ થઈ ગયાં. તે પળે અસામાન્ય શાંતિ હતી. સામાન્ય રીતે નહિ સંભળાતો ઘડિયાળનો ટક્ ટક્ અવાજ સંભળાવા લાગ્યો. સામાન્ય જીવનમાં કદીએ ન જણાતી શાંતિની હવા બાળક તેની સાથે લાવ્યું હતું, તેમ જણાયું. ઓછામાં ઓછો અવાજ પણ કોઈ કરતું ન હતું. ખરેખરી આ શાંતિ હતી, અને મને તે શાંતિ અનુભવવાની અને એ રીતે તેની પુનરૂત્પત્તિ કરવાની ઈચ્છા થઇ. આતુરતાનો અર્થ બાહ્ય આવિષ્કરણનો આવેગ ન ગણીએ તો સઘળાં બાળકો શાંતિ સ્થાપવા આતુર હતાં. ઉલટું, અહીંઆં, ઊંડાણુમાં રહેલી ઇચ્છાથી ઉત્પન્ન થયેલું, તેને મળતું આવતું આવિષ્કરણ હતું શ્વાસોશ્વાસને પણ અંકુશમાં રાખી બાળકો

એકદમ શાંત બેઠાં, અને એ રીતે તેઓ બધાં, ધ્યાનસ્થ મનુષ્યના શાંત, એકાગ્ર ચહેરાવાળાં હતાં. ધીરે ધીરે તે તલસ્પર્શી શાંતિમાં આછા આછા અવાજો આવવા લાગ્યા. દૂર પડતાં પાણીનાં ટીંપાના અથવા દૂર દૂર પક્ષીના ચીંચીંના અવાજો તેમાં હતા. અમારી શાંતિની રમતના મૂળમાં આ બનાવ હતો.

કેટલીક વૈદકીય તપાસમાં, દૂરથી ગણગણાટની માફક નામ બોલી કરવામાં આવતી શ્રવણની તીવ્રતાની તપાસ આ શાંતિમાં કરી લેવાનું મેં વિચાર્યું. જેનું નામ લઉં તે બાળકે અવાજ કર્યા વિના મારી પાસે આવવાનું હતું. ચાલીસ બાળકોમાં આ રમત માટેની આવશ્યક ધીરજ હોવાનું અસંભવિત માની, એ રીતે જે બાળક મારી પાસે આવે, તેને દરેકને, તેની ધીરજ માટે મિઠાઇનું ઈનામ આપવાનું વિચારી હું મિઠાઈ લાવી હતી. પણ **બાળકોએ મિઠાઇની ના પાડી.** તેઓ એમ કહેવા લાગ્યાં, "અમારો સુંદર અનુભવ બગાડશો નહિ. હજુ આત્માના આનંદથી અમે ભરપૂર છીએ. અમને વ્યગ્ર કરશો નહિ." આમ, બાળકો શાંતિને ઓળખતાં હતાં એટલું જ નહિ પણ શાંતિમાં પરોક્ષ રીતે બોલાવી રહેલા અવાજનું પણ તેઓ યથાર્થ દર્શન કરી રહ્યાં હતાં. વસ્તુઓની સાથે અથડાયા વિના, શાંત અને ભાગ્યે જ તેમનાં પગલાં સાંભળી શકાય તેવી રીતે તેમના અંગૂઠા ઉપર તેઓ ધીમે ધીમે આવ્યાં. પાછળથી મને સ્પષ્ટ સમજાયું કે ભૂલ કરવાથી અંકૂશિત બનતી દરેક ગતિની રમત, દાખલા તરીકે, આ રમતમાં અવાજનો અંકૂશ હતો, તેવી બધી રમતો બાળકની શક્તિઓને પૂર્ણ કરવામાં માર્ગદર્શક થાય છે. બાહ્ય શિક્ષણથી અપ્રાપ્ય, અતિ નાજુક, ક્રિયાઓનું બાહ્ય શિક્ષણ, આ રીતની રમતોના પુનરાવર્તનથી મળે છે, એ મને સ્પષ્ટ સમજાયું. વસ્તુઓ સાથે અથડાયા અને અવાજ કર્યા વિના ધીરેથી દોડી જવાનું અને એ રીતે ચપળ અને વેગવાન બનવાનું અમારાં બાળકો શીખ્યાં. તેઓની **સિદ્ધિની સંપૂર્ણતામાં** તેઓ આનંદ માણતાં. તેઓની પોતાની શક્તિઓમાં તેમજ પોતાની જાતની

શોધમાં અને જીવનની ઉત્ક્રાંતિ કરતા નિગૂઢ જગતમાં કૌશલ્ય પ્રાપ્ત કરવાનો રસ તેઓમાં ઉત્પન્ન થયો હતો.

તેમણે મિઠાઇ નકારી

ઇનામ અથવા બીજી કોઇ રીતે આપવામાં આવતી બીનજરૂરી અને અનિયમિત ખોરાકરૂપ મિઠાઈનો નકાર કરવાનું બાળકોને સંગીન કારણ હતું તે સમજતાં અમને લાંબો વખત લાગ્યો. બાળકો હમેશાં મિઠાઈનાં લોભી હોય છે, એ હરકોઈ જાણે છે; તેથી આ વાત મને એટલી અસાધારણ લાગી કે મેં ફરીને ફરી તેની તપાસ કરવાનું નક્કી કર્યું. શાળામાં હું મિઠાઈ લઇ ગઇ પણ બાળકોએ તેની ના પાડી અથવા તેમના કોટના ખીસામાં તેને મૂકી દીધી. ગરીબ હોવાથી તેઓ ઘેર લઇ જવા ઇચ્છતાં હશે એમ માની મેં કહ્યું, "આ મિઠાઇ તમારે માટે છે અને ઘેર લઈ જવા માટે તો બીજી આ રાખી છે." તેઓએ મિઠાઇ લીધી ખરી પણ તેમના કોટના ખીસ્સામાં તે મૂકી દીધી અને ખાધી નહિ. તેમ છતાં ભેટ તરીકે તેઓ તેની કદર કરતાં હતાં, કારણકે એક વખતે, આ બાળકોમાંનું એક બાળક માંદુ પડવાથી પથારીવશ હતું, અને શિક્ષિકા તેને જોવા ગઈ ત્યારે તેણે તેની નાની પેટી ઉઘાડી અને તેને શાળામાં આપવામાં આવેલી મિઠાઇનો મોટો ભાગ, આભાર દર્શન કરતાં તેને આપ્યો. અઠવાડિયા સુધી લલચાવતી તે મિઠાઈ તેની પાસે પડી રહી હતી પણ તેણે તેને સ્પર્શ કર્યો ન હતો. આધ્યાત્મિક જીવનના પગથિયાં ઉપર એક વખત ચડતાં, જીવનના ભલા માટે આરામ અને એવી બાહ્ય વસ્તુઓને નિરર્થક માની તેનાથી દૂર ભાગતા સંત પુરૂષો જેવી શું આ વૃત્તિ હશે? બાળકોમાં આ બનાવ એટલો બધો અસામાન્ય હતો કે પાછળથી શાળાઓમાં પ્રેક્ષકોએ આવી, તેની ખાત્રી કરી, ઘણા પુસ્તકોમાં તેને વિશે લખ્યું છે. અહીંઆં સ્વયંસ્ફૂરિત અને કુદરતી માનસશાસ્ત્રીય સત્ય હતું. બેશક, દેહપીડન અને મિઠાઇના ત્યાગનું શિક્ષણ આપવાનું કોઈએ વિચાર્યું નથી. કોઇએ "બાળકોએ રમવું ન જોઇએ અથવા મિઠાઈ ન ખાવી

જોઇએ" એવું અસાધારણ અને વિચિત્ર વિચારનું કથન કર્યું નથી. જ્યારે તરંગો કાર્ય કરે છે ત્યારે તે આ જાતની વસ્તુઓ ઉપર કાર્ય કરતા નથી. એક પ્રખ્યાત પુરૂષ વિશે, આખા જગતમાં જાણીતી થયેલી વિચિત્ર વાતો આ બાબતમાં કહેવામાં આવે છે. કહેવાય છે કે તેમણે ભૌમિતિક આકૃતિમાં બનેલાં બીસ્કીટો બાળકોમાં વહેંચ્યાં. ખાવાને બદલે બાળકોએ બીસ્કીટો તરફ રસપૂર્વક જોયા કર્યું અને કહ્યું, "આ વર્તુળ છે! પેલો લંબચોરસ છે!" પોતાની માતાને રસોઈ કરતાં જોઇ રહેલા એક ગરીબ માબાપના નાના બાળકની બીજી સુંદર વાત છે. તેણે માખણનો એક મોટો આખો પિંડો લીધો, અને કહ્યું, "તે સમચોરસ છે." તેની માતાએ એક ખૂણો કાપી નાખ્યો અને તેણે કહ્યું, "હવે તેં ત્રિકોણ લીધો છે." અને પછી ઉમેર્યું, "અને બાકી રહ્યો તે ટ્રેપેઝીઅમ છે." તે બાળકે હમેશાં થતી, "મને થોડુંક માખણ અને પાંઉ આપો," ની માગણી કદી કરી ન હતી.

તેમનું ગૌરવનું ભાન

વિચિત્ર વિશિષ્ટતાઓ દર્શાવતા બીજા બનાવો પણ હું કહી શકું. નાક કેમ નસીકવું તે વિશે, કદાચ હાસ્યોત્પાદક પાઠ આપવાનું એક દિવસ મેં વિચાર્યુ. રૂમાલથી નાક નસીકવાના જુદાં જુદાં અનુકરણો કરી બતાવી મેં તેમને છેવટે ઓછામાં ઓછો અવાજ થાય અને ખબર ન પડે તેમ નાક કેવી રીતે નસીકવું તે બતાવ્યું. બાળકોએ ધ્યાનથી સાંભળ્યું, અતિશય એકાગ્રતાથી જોયા કર્યું, અને હસ્યાં નહિ. મને આશ્ચર્ય થયું કે આનું કારણ શું? ભાગ્યેજ હું પૂરૂં કરી રહી તેટલામાં તો મહા મુશ્કેલીએ દબાવેલો કોઇ મહાન અભિનેત્રીએ જગવેલો ધન્ય–નાદ બહાર નીકળી આવે તેમ તાળીઓનો ગડગડાટ થયો હું ખરેખર, અતિશય આશ્ચર્ય પામી. આટલાં નાનાં બાળકો, ધન્યવાદનું ગર્જન કરતો પ્રેક્ષકગણનો સમૂહ બની શકે, અને આવા નાનકડા હાથ આટલા બળથી પોતાની જાતનો આમ અવિષ્કાર કરી શકે, તે કોઈને

કહેતાં કદી સાંભળ્યું ન હતું. આ નાનકડા જગતના સામાજિક જીવનના આળા ભાગ પર મેં સ્પર્શ કર્યો હશે એમ મને લાગ્યું. મેં ઉપાડેલા આ પ્રશ્નમાં, તેઓનું હમેશાં થતું સતત માનભંગ અને મશ્કરી બાળકોના ધ્યાનમાં હતી. નાક નસીકવાની બાબતમાં હમેશાં બાળકોને ઠપકો દેવામાં આવતો. દરેક તેમને ઘાંટા પાડે, દરેક તેમને ઠપકો આપે, અને છેવટે, ખાસ કરીને શાળામાં ખોઇ ન નાખે માટે કપડા ઉપર જણાઇ આવે તે રીતે રૂમાલો પીન કરવામાં આવતા. બદનામીના કલંક અને બદલા તરીકે રૂમાલ હતો. તેમનાં નાક કેવી રીતે સાફ કરવાં તેનું જ્ઞાન તેમને સીધાં ધમકાવ્યા વિના કોઈએ આપ્યું ન હતું. આપણને પોતાને તેમની જગાએ મૂકવાં જોઇએ અને બાળકો ઉપર આપણે વરસાવેલી મશ્કરીઓથી તેમનું માન-ભંગ થાય છે, તેમજ આવી બાબતોમાં બાળકો બહુજ આળાં હોય છે, તે આપણે સારી રીતે સમજી લેવું જોઇએ. મારા આ પાઠે તેમને ન્યાય આપ્યો, તેમની પ્રતિષ્ઠા સ્થાપન કરી, અને તેમને સામાજિક જીવનમાં ઉન્નત બનાવ્યાં. બાળકોમાં અંગત ગૌરવની ભવ્યગંભીર લાગણીઓ હોય છે, અને વડીલોની કલ્પનામાં પણ ન આવે તેવી રીતે તેઓના આત્માઓ ઘાયલ થયેલા, છુંદાઇ ગયેલા, અને પીડિત બનેલા હોય છે, એવું મારા લાંબા અનુભવના અંતે મને જણાયું છે તેથી મારે આજ અર્થ ઘટાવવો રહ્યો.

તે દિવસ એ રીતે પૂરો ન થયો. હું સાંજના જ્યારે જતી હતી ત્યારે બાળકો બૂમો પાડવા લાગ્યાં, "ઉપકાર થયો, પાઠ માટે ઉપકાર થયો," અને જ્યારે હું બહાર નીકળી ત્યારે મારી પાછળ પાછળ તેઓ શાંત સરઘસમાં, રસ્તાની પગથી સુધી ચૂપચાપ ચાલ્યાં આવ્યાં, ત્યારે મેં તેમને કહ્યું, "પાછા જાઓ ત્યારે અંગૂઠા ઉપર દોડજો અને દિવાલના ખૂણા સાથે અથડાઓ નહિ તેની કાળજી રાખજો." તેઓ પાછાં વળ્યાં અને પાંખો આવી હોય તેમ દરવાજામાં થઈ અદૃશ્ય થઇ ગયાં. ખરેખર, મેં, આ ગરીબ નાનાં બાળકોના સામાજિક ગૌરવને સ્પર્શ કર્યો હતો.

મેં, એક દિવસ, બાળકોનું નિરિક્ષણ કરવા તેમની સાથે એકલા રહેવા ઇચ્છતા એક સજ્જનની અગત્યની મુલાકાત જાહેર કરી. શિક્ષિકાને મેં આગ્રહ કર્યો કે આ વખતે દરેકવસ્તુ સ્વયંસ્ફૂરિત થવા દો, અને બાળકોને ઉદ્દેશીને કહ્યું, "આવતી કાલે મહેમાન આવવાના છે; 'આ બાળકો દુનિયામાં સારામાં સારાં છે' એવું તેઓ માને તો મને કેટલું બધું ગમે!"

પછીથી આ મુલાકાત કેવી રીતે થઇ ગઇ તે મેં પૂછ્યું. "એક મહાન ફત્તેહ હતી" શિક્ષિકાએ મને કહ્યું. "બાળકોએ મહેમાનને ખુરશી આપી અને કહ્યું, 'આપ ખુરશીમાં બેસવા કૃપા કરશો?' બીજાઓએ કહ્યું, 'નમસ્કાર' પછી જ્યારે તે ચાલ્યા ગયા ત્યારે બહાર બધાં જોવા ભેગાં થયાં અને બૂમ મારી કહ્યું, 'આપની મુલાકાત માટે ઉપકાર માનીએ છીએ. છેલ્લી સલામ.'"

મેં પૂછ્યું, "પણ આ માન પ્રદર્શન અને તૈયારીઓ શા માટે કરી? મેં તમને રોજના વ્યવહાર કરતાં કાંઇ પણ જૂદું ન કરવાની અને કુદરતી રીતે જે બને તે થવા દેવાનું કહ્યું હતું ને?"

"પણ મેં તેમને એક શબ્દ પણ કહ્યો ન હતો." તેણે જવાબ આપ્યો. "તેઓ પોતેજ........" અને તેણે ઉમેર્યું, "હું મારી પોતાની આંખોને પણ માની શકી નથી. મેં તો માન્યું કે, ખરેખર, દેવદૂતોજ બાળકોને પ્રેરણા આપી જતા હશે........" બાળકોએ તેમનું કામ સારી રીતે કયા કર્યું હતું, તેમ તેણે મને કહ્યું. દરેકે જુદી જુદી પ્રવૃત્તિ લીધી હતી અને એટલી બધી શાંત રીતે તે પૂરી કરી હતી કે મહેમાનને તેથી ભારે અસર થઇ હતી.

કેટલોક વખત સુધી હું અવિશ્વાસુ અને શંકાશીલ રહી અને કોઇ તૈયારીઓ કે પૂર્વ રચના નહોતી કરવામાં આવી, તેની

ખાત્રી કરવા શિક્ષિકાને હેરાન કર્યા કરી; પણ છેવટે હું સમજી. બાળકોને, તેમના ગૌરવનું, તેઓના પોતાના યોગ્ય પ્રેમનું (amour propre) ભાન હતું; અને તેમની શાળાનું કામ કેવી રીતે વ્યવસ્થિત કરવું, અને મળેલી મુલાકાતો, ઉપકાર અને હાર્દિક આનંદથી કેવી રીતે સ્વીકારવી, તે તેમના સમજવામાં આવી ગયું હતું. "જગતના સારામાં સારાં બાળકો, આ બાળકો છે, તેવું માનવામાં આવે તે મને બહુ ગમે," એવું શું મેં નહોતું કહ્યું ? પણ તેઓ તે રીતે વર્ત્યાં તે, સાચેજ, મારા કહેવાનું પરિણામ ન હતું. "આજે એક મુલાકાતકાર છે." એટલુંજ કહેવાની જરૂર હતી. એક જણ સ્વાગત ખંડમાં એક મુલાકાત જાહેર કરે, અને તરતજ સતેજ અને જોખમદારીના ભાનવાળી નાની દુનિયા, સંપૂર્ણ ગૌરવ અને નમ્રતાથી બાકીનું બધું પૂરૂં કરે એજ બસ છે

ઘણું સારૂં છતાં લગભગ અલૌકિક કંઇક, હું ત્યારે સમજી. **બાળકોમાં શરમાળપણું ન હતું.** તેમના આત્માઓ અને વાતાવરણ વચ્ચે કંઈ પણ અંતરાયો મૂકવામાં આવ્યાં ન હતા. સૂર્યના પ્રકાશમાં જેમ કમળની શ્વેત પાંખડીઓ પૂર્ણ રીતે ખીલે અને તેની સુગંધી પમરાવે, તેમ તેઓ પૂરેપૂરાં અને કુદરતી રીતે વિસ્તૃત થયાં હતાં. તેમને કાંઈ છુપાવવાનું ન હતું, સંતાડવાનું નહતું, ભય પામવાનું ન હતું, એટલુંજ બસ હતું. તેમના વાતાવરણની સંપૂર્ણ અને તાત્કાલિક અનુકૂળતામાંથી પરિણમેલી તેમની આ રાહત હતી, એમ આપણે કહીએ. તેમના સંબંધમાં આવેલાં મોટાંઓના આત્માઓની આસપાસ વીંટાઇ વળેલી પીડાકારી મજુરીને આધ્યાત્મિક પ્રકાશ અને ગરમીથી ગાળી નાખતાં, હમેશ તાજગી ભર્યાં, સતેજ, ક્રિયાકુશળ માનસ જગતમાં કાર્ય કરવા લાગ્યાં હતાં. આ બાળકો સૌને પ્રેમથી સત્કારતાં. આ રીતે નૂતન, તાજગી ભરી અસરો મેળવવા મહત્વના લોકો તેમને મળવા આવવા લાગ્યાં, અને બાળકો અતિશય સામાજિક જીવનનું કેન્દ્ર બન્યાં. સાધારણ મુલાકાતકારો

પણ સામાન્ય પ્રકાર કરતાં જુદીજ રીતની લાગણી તેમને માટે કેવી કેવી રીતે બતાવતા, એ આશ્ચર્યકારક હતું. દાખલા તરીકે, તેમનાં સૌથી સરસ શોભાયમાન કપડાં અને ઘરેણાં પહેરી જાણે કે, કોઈને માન આપવા આવી હોય તેમ સન્નારીઓ અદેખાઇ વિનાનાં, આવાં પ્રફુલ્લિત અને આનંદી બાળકોના ભાવથી આનંદ પામતી હતી, અને કેવી સરસ રીતે આ નાનકડાં ભૂલકાંઓ ભાવદર્શન કરતાં, તે અનુભવી સુખી થતી હતી.

બાળકો આવી સન્નારીઓના નાજુક સુગંધીદાર હાથ અને બારીક વસ્ત્રો ઉપર હાથ ફેરવતાં. એક વખત, એક બાળક, ઘણીજ શોકગ્રસ્ત એક સન્નારી પાસે ગયું, પોતાના મસ્તકને તેણે તેના ઉપર ટેકવ્યું, અને તેનો હાથ પછી પોતાના બે હાથની વચ્ચે લીધો. તે બાળકે આપેલી શાંતિ જેવી શાંતિ કોઈએ તેને કદી આપી ન હતી, તેવું તે સન્નારીએ પાછળથી લાગણીપૂર્વક મને કહ્યું.

સ્વયંસ્ફૂરિત શિસ્ત

રાહત અને રીતભાતની સ્વતંત્રતા હોવા છતાં, બાળકોએ બધી રીતે જોતાં, અસામાન્ય શિસ્તનું ભાન આપ્યું. તેઓ શાંતિથી દરેક કામ કરતાં. દરેક પોતપોતાના કામમાં મશગુલ હતાં. તેઓ શાંત રીતે નવું કામ લેવા અથવા લીધેલું પાછું મૂકવા આમ તેમ ચાલતાં, ખંડ બહાર જતાં, બહારની ઓસરીમાં નજર નાખી આવતાં અને વળી પાછાં અંદર આવતાં. આશ્ચર્યકારક ઝડપથી શિક્ષિકાએ દર્શાવેલી ઈચ્છાઓ તેઓ પૂરી કરતાં. તેણે મને કહ્યું, "હું જે કહું તે કરવાને તેઓ એટલાં બધાં તૈયાર હોય છે કે હવે મારા બોલેલા દરેક શબ્દની મને ભારે જવાબદારી લાગે છે." જો હું તેમને શાંતિની રમત રમાડવા ઈચ્છતી તો "હવે આપણે શાં...." શબ્દો તેના હોઠ બહાર નીકળતાં પહેલાં બધાં બાળકો નિશ્ચેષ્ટ બની જતાં. આવો દેખીતો કાબુ હોવા છતાં પોતાનો સમય અને દિવસ ગોઠવવાનું અને સ્વતંત્ર

રીતે વર્તવાનું તેઓ જાણતાં હતાં. તેઓ જાતેજ પોતાનાં સાધનો લેતાં, નિશાળને સ્વચ્છ કરતાં, અને શિક્ષિકા મોડી થતી અથવા તેમને એકલાં મૂકી બહાર જતી તોપણ બધું બરાબર ચાલતું. ખરેખર, તેમનું નિરીક્ષણ કરનારાંઓ માટે આ ખાસ આકર્ષણ હતું. સ્વયંસ્ફૂર્તિ સાથે વ્યવસ્થા અને શિસ્ત જોડાએલાં હતાં.

ઊંડી શાંતિમાં પણ જણાઇ આવતી આવી સંપૂર્ણ શિસ્ત, તેમને જે કહેવામાં આવે તે કરવાને તૈયાર થવાનું આ આજ્ઞાંકિતપણું કયાંથી આવ્યું? કામ કરતાં તેઓ આમતેમ ફરતાં હતાં. બાળકોનો વર્ગ પણ તદ્દન સંપૂર્ણ અને હલવી નાખે તેવો હતો. કોઈએ તેમના ઉપર તે ઠોકી બેસાડેલો ન હતો. ખરૂં કહીએ તો બાહ્ય સાધનોથી આવો વર્ગ કોઈ પણ ગોઠવી શકે તેમ ન હતું. પોતાના માર્ગમાંથી જરાએ ચસ્યા વિના અનંતતામાં પ્રકાશ પાડતા, પોતાના વર્તુળમાં અણુથાકયા ફરતા તારાઓની માફક, તેમના પોતાના વર્તુળનો લંબગોળ માર્ગ પણ શું આ બાળકોએ શોધી કહાડયો હતો? આવાં બાળકોને લાગુ પડતા આ રહ્યા બાઇબલના શબ્દો, "અને તારાઓએ તેમની ચોકીમાં તેમને પ્રકાશ આપ્યો છે અને આનંદ માણ્યો છે. તેઓને બોલાવવામાં આવ્યા અને તેમણે કહ્યું, 'અમે અહીંઆંજ છીએ' અને તેઓ પરમાનંદથી તેમના સર્જનહાર આગળ પ્રકાશિત રહ્યા છે." આ પ્રકારની કુદરતી શિસ્ત તેના તાત્કાલિક વાતાવરણથી પણ ઉર્ધ્વમાર્ગે જતી જણાય છે, અને જગતને નિયમન કરતા વિશ્વવ્યાપી શિસ્તના ભાગ તરીકે દર્શન દે છે. પેગંબરે ભાખેલું કે મનુષ્યે કંઇક ખોયું છે, તે આવી શિસ્તજ હશે. "યુવકોએ પ્રકાશ જોયો છે અને પૃથ્વી ઉપર વસ્યા છે, પણ શિસ્તનો માર્ગ તેમણે ગુમાવ્યો છે." બાહ્ય અને તાત્કાલિક વિચારણાથી નિર્ણિત થયેલી શિસ્તનાં બીજાં રૂપો, જેવાં કે, —સામાજિક જીવનનાં રૂપો—માટે આ કુદરતી શિસ્તે પાયા રૂપ બનવું જોઇએ, એમ લાગે છે. પોતાનામાં કંઇક નિગૂઢ રહ્યું છે, તેમ દર્શાવતી, વ્યવસ્થા અને શિસ્તરૂપે ઘટ્ટ વણાઇ એકરૂપ થઇ

સ્વતંત્રતામાં પરિણમતી, સૌથી વધારે રસ ઉત્પન્ન કરતી, અને ચિંતન માટે વધારેમાં વધારે વસ્તુ આપતી, વસ્તુઓમાંની આ એક વસ્તુ હતી.

અમારા મુખ્ય પ્રધાનનાં પુત્રીએ **બાલગૃહની** મુલાકાતે આવનાર **આર્જેન્ટાઇનના** એલચી સાથે, અમારે ત્યાં આવવાની ઇચ્છા વ્યક્ત કરી. તેમણે સાંભળેલી બાળકોની **સ્વયંસ્ફૂર્તિ** તેઓ જોઈ શકે માટે પોતાની મુલાકાતની સૂચના નહિ આપવાનું તેમણે નક્કી કર્યું હતું; પણ જ્યારે તે આવ્યા ત્યારે માલુમ પડયું કે તે દિવસે રજા હતી અને શાળા બંધ હતી. ઓસરીમાં કેટલાંક બાળકો રમતાં હતાં. તેઓ એકદમ તેમની પાસે આવ્યાં. એકે કેવળ કુદરતી રીતે કહ્યું, "રજા છે તેથી શું થઈ ગયું. અમે બધાં ઘેર છીએ અને પટાવાળા પાસે ચાવી છે" પોતાના સાથિયોનાં નામ દઇને બોલાવતાં તેઓ આમતેમ દોડવા લાગ્યાં, અને દરવાજો ઉઘાડી સઘળાં કામ કરવા બેસી ગયાં. આ રીતે તેઓની આશ્ચર્યજનક સ્વયંસ્ફૂર્તિ સહેજ પણ શંકા વિના સાબિત થઈ.

"મેં લખ્યું છે, મેં લખ્યું છે"

બાળકોની માતાઓ આ વાતથી જાણીતી હતી. દૂરથી પણ જોવાની આશા નહિ રાખેલી તેવાં, ઇટાલીનાં રાણી, રાજા પોતે અને કેટલીએ સુપ્રતિષ્ઠિત વ્યક્તિઓને, તેમનાં બાળકોને ઓસરીમાં જોવા આવેલી જોઇને ચાલીમાં વસતાં કુટુંબોને થયેલું આશ્ચર્ય કલ્પી શકાય તેમ છે; પણ તેઓ મને આ બાબતની વાત કરતાં ન હતાં. તેને બદલે કુટુંબની રહસ્યમય કૌટુમ્બિક વિગતો મને વિશ્વાસથી જણાવતાં. તેઓએ મને કહ્યું, "આ ત્રણ ચાર વર્ષનાં ભૂલકાંઓ, બીજું કોઈ કહે તો અપમાન લાગે તેવું બધું અમને કહે છે. દાખલા તરીકે, તેઓ કહે છે, 'તમારા હાથ ગંદા છે, તમારે તે ધોઈ નાખવા જોઇએ. તમારાં કપડાં ઉપરના ડાઘ પણ તમારે ધોઇ નાખવા જોઇએ.' તેમની પાસેથી

આ સાંભળતાં અમને અપમાન નથી લાગતું. તેઓ સ્વપ્નમાં હોય તેવી વાતો અમને કહે છે." સત્ય વાત એ છે કે આ બધા મજૂરો વધારે સ્વચ્છ અને સુઘડ બન્યા હતા. બારીની પાળ ઉપરથી ભાગેલી રકાબીઓના કકડા દેખાતા બંધ થઇ ગયા. ધીરે ધીરે બારીઓ ચોખ્ખી થવા લાગી, અને ઓસરીની આજુબાજુની જગા ઉપર જીરેનીઅમનાં ફૂલ દેખાવા લાગ્યાં. કેટલીક વખત કોઇ ગરીબ સ્ત્રી ભોંયતળિયાની બારીની પાળ ઉપર પોતે રાંધેલી કોઇક સરસ ખાવાની વસ્તુની રકાબી મૂકી જતી, અને કોણે તે આપી છે તે ખબર ન પડે તેવી રીતે આભારના ચિહ્ન તરીકે વડી શિક્ષિકાને તે આપવાની ઈચ્છા જણાવતી. એક વખત, બે કે ત્રણ માતાઓ, તેમનાં બાળકોને લખવા વાંચવાનું શિખવવાનું કહેવા એક સમૂહ રૂપે મારી પાસે આવી. તેઓ પોતે અભણ હતી અને જ્યારે તે કાર્ય કરવાનું મારી કક્ષા બહારનું હતું એમ મેં જણાવ્યું ત્યારે તેઓ મને અતિ આગ્રહથી વિનવવા લાગી.

સૌથી આશ્ચર્યકારક વસ્તુતો આ વખતે બની. મારા કહેવાથી કાર્ડબોર્ડમાંથી કાપી કાઢેલા મૂળાક્ષરના કેટલાક અક્ષરો મેં ત્રણ અને ચાર વર્ષનાં બાળકોને શીખવ્યા. લખવા માટે આ અક્ષરોની આકૃતિ ઉપર હાથ ફેરવતાં બાળકો તેમની આંગળીઓનાં ટેરવાંથી સ્પર્શ કરી શકે માટે મેં ચળકતા કાગળોમાંથી કેટલાક મૂળાક્ષરો કાપી કાઢયા. નાના હાથની ગતિ એકધારી રહે માટે આ અક્ષરોને મેં સરખી આકૃતિવાળા અક્ષરો સાથે મૂકી પાટિયા ઉપર ગોઠવ્યા. શિક્ષિકાને આ વિચાર ગમ્યો અને તેણે આ સાધારણ અને મૂળભૂત શરૂઆતનું કાર્ય કરવામાં સંતોષ માન્યો.

બાળકો આટલાં બધાં આતુર કેમ હતાં તે હું સમજી શકી નહિ. આનંદના પોકારો સાથે વાવટાઓ માફક અક્ષરોને ઉપાડીને લઈ જવા તેઓએ સરઘસ કાઢયું. શા માટે? એક દિવસ મેં એક બાળકને "સોફિયા બનાવવા માટે સ, ો, િ, ફ, ય, ા," જોઈએ એમ વારંવાર બોલતું બોલતું ચાલ્યું જતું અટકાવ્યું.

તેણે શબ્દ પૂરો કરીને ઉચ્ચાર કર્યો. બાળકના મનમાં રમી રહેલા શબ્દોનું પૃથક્કરણ કરવાના અને જે ઉચ્ચારોના એ શબ્દો બન્યા હતા તે શોધવાના અભ્યાસમાં તે રોકાએલું હતું.

શોધકની માફક ભવ્ય ગંભીરતા ભર્યા રસથી, મૂળાક્ષરના અક્ષરની સાથે આ ઉચ્ચારોમાંનો દરેક મળતો આવતો હતો, તે તેને સમજાયું. ખરેખર, ઉચ્ચારની સાથે ભાષાના સંકેત ચિહ્નોના મેળ ઉપરાંત મૂળાક્ષરના લખાણમાં બીજું શું છે ? ભાષા પોતે તો બોલાતી ભાષા છે. લખાતી ભાષા, ખરેખર, **અક્ષરસઃ** અનુવાદ કરતાં બીજું કાંઇ નથી. મૂળાક્ષરના લખાણોની સઘળી પ્રગતિ, બે ભાષાઓ, એક સમાન્તરે ઉત્ક્રાંતિ પામે તેના સ્પર્શ-બિંદુમાંથી (point of contact) ઉત્પન્ન થાય છે. શરૂઆતમાં લખવાની ભાષા ટીંપે ટીંપે પડે છે અને છેવટે તે એક જુદાજ પ્રવાહ રૂપે, શબ્દો અને વાર્તાલાપ બને છે.

અહીં એક સાચું રહસ્ય, એક ચાવી છે. તેની શોધ થવાથી તે બમણો ફાયદો કરે છે. તે, લગભગ અનાવિર્ભૂત મનમાંથી થયેલી મહેનતનું, પ્રાણદાયક બોલતી ભાષાનું સ્વામીત્વ હાથને મેળવવા દે છે અને દરેક વિગતમાં તેનાથી મળતી આવતી બીજી ભાષા—લખાણની ભાષા—રચવાનું થવા દે છે. મગજ અને હાથ બન્નેને લાભ મળે છે. હાથ, તાજી ઉત્તેજના આપે છે અને ટીંપાંઓ ધોધરૂપ બને છે. સમગ્ર ભાષાનું લખાણરૂપી સ્વરૂપ ઘડાય છે; કારણકે તે એક ઝરણું, એક ધોધ હોવા છતાં અવાજનાં નાનાં નાનાં ટીંપાંઓનું બનેલું છે.

એક વખત મૂળાક્ષર થયા પછી કુદરતી પરિણામ રૂપે, તર્કસિદ્ધ રીતે, લખાતી ભાષા આવવી જ જોઇએ. આ માટે હાથમાં ચિહ્નોને દોરવાની શક્તિ હોવી જ જોઈએ. ભાષાના પ્રતિનિધિત્વનો પ્રયત્ન ન કરતાં કેવળ સંકેત-ચિહ્નો બનેલાં મૂળાક્ષરનાં ચિહ્નો દોરવાં ઘણાં સહેલાં છે; પણ આ સઘળી

વસ્તુઓ ઉપર મેં કદી વિચાર કર્યો ન હતો. આ વખતે સર્વ બનાવોમાંનો સૌથી મોટો બનાવ **બાલગૃહમાં** બન્યો.

એક દિવસે એક બાળકે લખવાનું શરૂ કર્યું. તેને એટલું આશ્ચર્ય થયું કે તે બૂમ પાડી ઊઠયું, "મેં લખ્યું છે, મેં લખ્યું છે." બીજા બાળકો ધોળા ચાકના કકડાથી જમીન ઉપર તેમના સાથીએ દોરેલા શબ્દો તરફ એકીટસે જોઇ રહેતાં, રસભર્યાં તેની પાસે દોડી ગયાં. બીજાંઓએ કહ્યું, "હું પણ! હું પણ!" અને દોડયાં લખવાના સાધનની શોધમાં. કેટલાંક કાળા પાટિયાની આસપાસ ફરી વળ્યાં. બીજાઓ જમીન ઉપર લાંબાં પડયાં અને એ રીતે લખાતી ભાષા, **સ્ફોટનની** માફક વિકાસ પામી. આ અવિશ્રાંત પ્રવૃત્તિ ધોધ જેવી હતી. તેઓએ બધે, બારણા ઉપર, દિવાલો ઉપર અને ઘેર રોટલાઓ ઉપર લખવા માંડયું. તેઓ લગભગ ચાર વર્ષનાં હતાં. લખવાની શકિત અણુ-કલ્પ્યા બનાવ તરીકે ફૂટી નીકળી. દાખલા તરીકે, મને કહ્યું, "આ બાળકે ગઈ કાલે સાંજના ત્રણ વાગે લખવાનું શરૂ કર્યું".

કોઈ ચમત્કાર સમક્ષ ઊભાં રહ્યાં હોઇએ તેમ અમને લાગ્યું પણ જ્યારે અમે બાળકોને ચોપડીઓ આપી (અને અહીંઆં બનેલા બનાવો સાંભળીને ઘણા મનુષ્યો કેટલીક ચિત્રપોથીઓ લાવ્યા હતા.) ત્યારે તે સુંદર ચિત્રોવાળી ચોપડીઓ પણ લખાણના ઉત્સાહભર્યા અને સંપૂર્ણ રીતે તલ્લીન બનાવતા કાર્યમાં વ્યગ્રતા લાવનારી ગણાઇ, અને ઉત્સાહ વિના તેઓએ તે સ્વીકારી. કદાચ આ બાળકોએ ચોપડીઓ જોઈજ ન હતી. મેં લાંબા વખત સુધી ચોપડીઓમાં રસ ઉત્પન્ન કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. વાંચનનો શો અર્થ હતો તે તેમને સમજાવવું પણ શકય ન હતું; તેથી અમે ચોપડીઓને, બીજો સારો વખત આવે ત્યાં સુધી, બાજુમાં મૂકી દીધી. હાથે લખેલું પણ તેઓ વાંચતાં ન હતાં. બીજાએ લખેલું વાંચવાની પંચાતમાં તેઓમાંનુ કોઈ ભાગ્યેજ પડયું. ખરેખર, શબ્દો વાંચવાને તેઓ અશક્ત જણાયાં. જ્યારે તેઓના

લખેલા શબ્દો મેં મોંએથી વાંચ્યાં ત્યારે ઘણાં બાળકો આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યાં. જાણે પૂછતાં ન હોય, "તમે શી રીતે જાણો છો ?"

વાંચન પાછળથી આવ્યું

વાંચન એટલે શું તે તેઓ છ મહિના બાદ સમજ્યાં, અને તે પણ લેખનની સાથે તેનો મેળ સાધવાથીજ બની શકયું. કાગળ ઉપર નિશાનીઓ લખાતી ગઇ તેમ તેમ તેઓ મારા હાથને અનુસરવા લાગ્યાં અને બોલતી હોઉં તેમ હું મારા વિચારો આ રીતે દર્શાવતી હતી, તે વસ્તુ તેમના ધ્યાનમાં આવી. આ વિચાર તેમને ભાગ્યેજ સ્પષ્ટ થયો હશે તેટલામાં તેમણે મારા લખેલા કાગળના ટુકડા પોતાના હાથમાં લીધા અને તે ટુકડા એક ખૂણામાં લઇ જઈ એક પણ શબ્દ ઉચ્ચાર કર્યા વિના મનમાં ને મનમાં તેઓ વાંચવા લાગ્યાં. એક પળ પહેલાં વાંચવાના પ્રયત્નથી કડક થઈ ગયેલા નાના ચહેરા ઉપર એકાએક જણાતા સ્મિતથી અથવા ગુપ્ત સ્પ્રીન્ગથી થયેલા જણાતા નાના કૂદકાથી જાણી શકાતું હતું કે તેઓ હવે સમજ્યાં હતાં. પછી તેઓ કામ કરવા બેઠાં. મારા લખેલા દરેક વાકયમાં હું મોંએ બોલીને આપું તેવો હુકમ હતો. "બારી ઉઘાડો, મારી નજીક આવો, વગેરે." આ રીતે તેઓએ વાંચવાનું શરૂ કર્યું. થોડીજ વારમાં તેઓ, ગૂંચવાડા ભરી ક્રિયાઓ ફરમાવતાં લાંબા વાકયો વાંચવા શક્તિમાન થયાં. લખેલી ભાષાને પોતાની જાતના આવિષ્કરણની બીજી રીત તરીકે તથા એક માણસ પાસેથી બીજા માણસને સીધાં મોકલવામાં આવતા બોલેલી ભાષાના બીજા રૂપ તરીકે બાળકો સમજ્યાં.

સાચેજ, હવે જ્યારે મુલાકાતકારો આવ્યા ત્યારે પહેલાં શબ્દોચ્ચારથી નમસ્કાર કરનારાં ઘણાં બાળકો શાંત રહ્યાં. તેઓ ઊભાં થયાં, અને કાળા પાટિયા ઉપર લખવા ગયાં, "આપ બેસો, આપની મુલાકાત માટે ઉપકાર, વગેરે." મેં એક વખત સીસીલીમાં ધરતીકંપે લાખોનો ભોગ લઇ મેસીના શહેરનો સંપૂર્ણ

નાશ કર્યો હતો તે ભયંકર આફતની વાત બાળકોને કહી. પાંચ વર્ષનું એક બાળક ઊભું થયું અને કાળા પાટિયા ઉપર લખવા ચાલ્યું. તેણે આ રીતે શરૂ કર્યું, "મને દીલગીરી થાય છે......." આફતને માટે તે ઘણો દીલગીર છે એમ કહેશે, એમ માની અમે તેને જોઇજ રહ્યાં. તેને બદલે તેણે લખ્યું, "હું દીલગીર છું કે હું નાનું બાળક છું." આ વિચિત્ર અહંકારની વાણી હતી; પણ તેણે આગળ ચાલુ રાખ્યું. "જો હું મોટો હોત તો મદદ માટે જાત." તેણે નાની વાકય રચના કરી હતી અને સાથે તેનું ઉદાર હૃદય પ્રદર્શિત કર્યું હતું. શેરીઓમાં વનસ્પતિનાં મૂળિયાં વેચી પોષણ કરતી બાઇનો તે પુત્ર હતો.

પાછળથી એટલુંજ આશ્ચર્યજનક બીજું કાંઇ બન્યું. જ્યારે અમે ફરીથી ચોપડીઓ વાંચવાનો પ્રયત્ન કરવા માટે છાપેલા મૂળાક્ષરો શીખવવા સાહિત્ય તૈયાર કરતાં હતાં ત્યારે બાળકો શાળાનું બધું છાપેલું લખાણ વાંચવા લાગ્યાં. આમાં ગોથીક મૂળાક્ષરોમાં છાપેલા શબ્દોવાળું કેલેન્ડર જોયું. કેટલુંક ઉકેલવું, ખરેખર, કઠણ હતું. તેજ વખતે તેઓનાં માબાપો ફરિયાદ કરતાં આવ્યાં કે રસ્તામાં બાળકો દુકાનના પાટિયાં વાંચવા અટકી પડતાં અને તેથી તેમની સાથે ફરવા જવું અસંભવિત હતું. સ્પષ્ટ હતું કે બાળકો શબ્દો વાંચવાનાં રસિક ન હતાં પણ મૂળાક્ષરોની સંજ્ઞાઓ સમજવા પ્રયત્ન કરતાં હતાં. તેઓ શીખવા ઇચ્છતાં તેવું બીજા પ્રકારનું લખાણ અહીં હતું અને ચોક્કસ રીતે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરીને તેઓ તેમ કરી શકયાં. પ્રાચીન લેખ ઉકેલનાર પુખ્ત મનુષ્ય પોતાને મળેલી સમજણથી સાબિત કરે કે અજ્ઞાત સંજ્ઞાઓનો સાચો ઉકેલ તેઓ કરી શકયા છે, તેમ મોટાની માફક બાળકોનાં મન પણ કામ કરતાં હતાં. આવા હેતુમાંથી જ બાળકોનો બધા છાપેલામાં, એકાએક, આવેશમય રસ જાગૃત થયો.

છાપેલા અક્ષરો સમજાવવાની અમે જો ઘણીજ ઉતાવળ કરી હોતતો તેઓનો રસ અને અણજાણને ઉકેલવાની આતુરતા

ઠારી નાખી હોત. પુસ્તકોમાંથી શબ્દો વાંચવાના કવેળાના આગ્રહથી ઊલટું જ રૂપ પકડી લીધું હોત. બીન અગત્યની અંતિમ વસ્તુ ધરવાથી તેઓના વેગવાન મનની શક્તિ ઓછી થઇ ગઇ હોત.

આથી લાંબા વખત સુધી પુસ્તકો કબાટમાં પડયાં રહ્યાં. બાળકો પાછળથી પુસ્તકોના સંબંધમાં આવ્યાં. ખરેખરા થરથરાટી ભર્યા બનાવમાંથી શરૂઆત થઇ. પૂરેપુરૂં ઉશ્કેરાએલું એક બાળક નિશાળમાં આવ્યું. તેના હાથમાં એક કાગળનો ચૂંથાઈ ગયેલો કકડો છુપાવેલો હતો. તેના મિત્રને તેણે વિશ્વાસથી પૂછયું, "બોલ, આ કાગળમાં શું છે ?" "તેમાં કાંઇ નથી; તે ફાટી ગએલો કાગળનો કકડો છે." "ના, તેમાં વાર્તા છે........" આમાં વાર્તા ? આથી એક રસિક ટોળું એકઠું થઇ ગયું. બાળકે કચરાના ઢગલામાંથી કાગળને ઉપાડી લીધો હતો. તેણે વાંચવાનું—વાર્તા વાંચવાનું—શરૂ કર્યું હતું. આખરે, પુસ્તકનું રહસ્ય તેમને સમજાયું. ત્યાર બાદ ચોપડીઓ ગરમાગરમ ભજીઆંની માફક ઉપડવા માંડી; પણ બાળકોમાનાં ઘણાંતો એકાદ રસભરી વાર્તા હાથમાં આવતાં તેનું પાનું ફાડી લઇ જતાં.

તે પુસ્તકો ! તેમના મૂલ્યની શોધ ખરેખર સ્તબ્ધ કરી નાંખે તેવી હતી. શાળાનો સ્થિર થએલો શાંત ક્રમ ભાંગી પડયો, અને શુદ્ધ પ્રેમથી વિનાશ કરતા તે આતુર નાનકડા હાથ ઉપર અંકૂશ મૂકવાની જરૂર પડી. પુસ્તકો વાંચી શકે અને તેમને માન આપવાનું શીખે તે પહેલાં, બાળકો, કોઇકની મદદથી જોડણી શીખ્યાં હતાં અને તેઓ એટલી સરસ રીતે લખતાં કે તેમને પ્રાથમિક શાળાના ત્રીજા ધોરણનાં બાળકો સાથે સરખાવી શકાય.

નવાં બાળકો

શાળામાં હતાં તે સમયમાં બાળકોની શારીરિક સ્થિતિ સુધારવા કાંઇ કરવામાં આવ્યું ન હતું; પણ હવે આ ગુલાબી ચહેરાવાળાં ચપળ દેખાવનાં બાળકોમાં, વૈદકીય કાળજી, ખોરાક અને પુષ્ટિવર્ધક દવાઓની ત્વરિત આવશ્યકતાવાળાં ભૂખે મરતાં,

પાંડુરોગી બાળકો કોઇ પણ ઓળખી શકે નહિ. જાણે કે ખુલ્લી હવા અને સૂર્યનાં કીરણોની સારવારનો ક્રમ પૂરો કરેલો હોય તેવાં તે તંદુરસ્ત હતાં. ખરેખર જો દબાવી દેતાં માનસશાસ્ત્રીય કારણો પ્રાણદાયક તત્વો ને કમી કરી જીવન-તત્વો ઊપર અસર કરી શકે તો તેથી ઉલટું પણ બની શકે, એટલે કે ઉત્તેજક માનસશાસ્ત્રીય કારણો જીવન-તત્વોની ચપળતામાં અને સઘળી શારીરિક ક્રિયાઓમાં સારી રીતે વધારો કરી શકે. અહીં તેની આ એક સાબિતી હતી. આથી આજે આશ્ચર્ય નહિ થાય પણ તેનાથી તે દિવસોમાં આશ્ચર્ય થયું હતું.

આ સઘળાથી લોકો **ચમત્કારની** વાતો કરવા લાગ્યાં અને છાપાંઓ તેમને વિશે એટલા જોરશોરથી બોલવાં લાગ્યાં કે આ આશ્ચર્યકારક બાળકોના સમાચાર ટૂંક સમયમાં, આખી દુનિયા ઉપર ફેલાઇ ગયા. તે બાળકો ઉપર પુસ્તકો લખાયાં, તેમણે નવલકથાકારોને પ્રેરણા આપી, અને જે જોયું હતું તેનું બરાબર વર્ણન આપતાં તેઓ કોઈ અજ્ઞાત જગતને વર્ણવતા હોય તેમ લાગ્યું માનવ આત્માના શોધની લોકો વાતો કરવા લાગ્યા; તેઓએ ચમત્કારની વાતો કરી; તેઓએ પલટાના અવતરણો આપ્યાં. તેઓના સંબંધમાં બહાર પડેલી છેવટમાં છેવટની અંગ્રેજી ચોપડી **નવાં બાળકો** (New Children) નામની છે. દૂરના દેશોમાંથી અને ખાસ કરીને અમેરિકામાંથી ઘણા માણસો આ આશ્ચર્યકારક ઘટનાનું સત્યાસત્ય તપાસવા નીકળી આવ્યાં. અમારાં બાળકોએ જાન્યુઆરી ૬ ઠ્ઠીના દિવસે, મેગીની* ઉજાણીના દિવસે, શાળાના ઉદ્‌ઘાટનને દિવસે વંચાએલા **બાઇબલના** શબ્દો યોગ્ય રીતે યાદ કર્યા હોત. "તારી આંખો આજુબાજુ ઊંચી કર, અને જો........આ સઘળા એકત્ર થયાં છે. તેઓ તારી પાસે આવેલાં છે....સમુદ્ર પારથી આવેલો સમૂહ તારી તરફ વળી જશે."

---

* બાળક જીસસ ક્રાઇસ્ટને માટે ત્રણ મેગીઓ ભેટ લાવ્યા હતા; તેના સ્મરણમાં આ ઉજાણી થતી હતી.

પ્રકરણ ૩

વધુ વિકાસ

સિદ્ધાંતોની સ્થાપના

પાછળ વર્ણવેલા બનાવો અને અસરોના ટૂંકા અહેવાલથી "પદ્ધતિ" ના પ્રશ્નનો કંઈક ખ્યાલ આવ્યો હશે.

આ પરિણામો શી રીતે આવ્યાં ?

ખરી વાત આ છે.

કોઇ પદ્ધતિ જોતું નથી. દરેક બાળકને જુએ છે. અંતરાયો વિના નૈસર્ગિક રીતે કામ કરતાં બાળકોમાં બાળઆત્મા જોઈ શકાય છે. ફુલોની સુગંધ અથવા પક્ષીઓના રંગની માફક આપણને માત્ર આભાસ રૂપે જણાતા આ બાળગુણો તેમના **જીવનનો** ફક્ત એક ભાગ છે. કોઇ પણ કેળવણીની પદ્ધતિના સહજપણ પરિણામ રૂપ તેઓ નથી. દેખીતું છે કે તેઓનું સંરક્ષણ કરવા, તેમને કેળવવા અને તેમના વિકાસને મદદ કરવા તત્પર કેળવણી આ નૈસર્ગિક ગુણો ઉપર અસર કરે છે. મનુષ્ય કુદરતી રંગ અને સુગંધીવાળાં ફૂલો ઉપર પણ કેળવણીથી અસર કરી શકે છે; તેમાં અમુક લક્ષણોનાં દર્શનની તે ખાતરી આપે છે, તેમજ કુદરતે બક્ષેલાં પ્રાથમિક લક્ષણોમાં પણ બળ અને સૌન્દર્ય વિકસાવી શકે છે. બાલગૃહોમાં થતાં આ દર્શનો પણ નૈસર્ગિક માનસશાસ્ત્રીય વિશિષ્ટતાઓ છે. આ વિશિષ્ટતાઓ વનસ્પતિ જીવનનાં નૈસર્ગિક લક્ષણોની માફક દેખીતી નજરે પડતી નથી કારણ કે માનસિક જીવન એટલું પ્રવાહી છે કે પ્રતિકૂળ વાતાવરણમાં આ લક્ષણો તેમની જગાએ બીજાં લક્ષણો મૂકી કદાચ સંપૂર્ણ રીતે અદ્રશ્ય પણ થાય. આથી કેળવણીદ્વારા વિકાસ શરૂ કરતાં પહેલાં સ્વાભાવિક ગુપ્ત લક્ષણોના વિકાસને અનુકૂળ વાતાવરણની સ્થિતિ રચવાની જરૂર છે. આ ધ્યેય માટે **અંતરાયોને દૂર કરવા** બસ છે. કેળવણીનું પ્રથમ પગલું અને પાયો આ છે.

આ રીતે પ્રશ્ન ફક્ત હયાત લક્ષણોના વિકાસનોજ નહિ પરંતુ પહેલો તેમનો સ્વભાવ જાણવાનો છે. સ્વાભાવિક વિકાસ પોષવાનું તો તે પછીજ બને છે.

પ્રારબ્ધે ઉત્પન્ન કરેલી અને કુદરતી લક્ષણોના વિકાસ તરફ દોરતી શરૂઆતની પરિસ્થિતિઓની પરંપરાનો અભ્યાસ કરીએ તો તેમાંની કેટલીક ખાસ મહત્વની પરિસ્થિતિની નોંધ લેવી જોઈએ. એક તો બાળકોને કોઇ પણ પ્રકારનો સંકોચ ન લાગે તેવું રમણીય વાતાવરણ હતું. સ્વચ્છ, સફેદ ઓરડો, ખાસ તેમને માટેજ હેતુપુરઃસર બનાવેલાં નવાં નાનાં મેજ, નવી નાની ખુરશીઓ, આરામ ખુરશીઓ અને સૂર્યથી પ્રકાશિત આંગણાની નાની નાની લૉનો વાળું આ નવું વાતાવરણ કંગાળ ઝુંપડાંમાંથી આવેલાં બાળકોને બહુજ આનંદપ્રદ લાગ્યું હશે.

બીજી પરિસ્થિતિમાં મોટાંઓનું **નકારાત્મક** સ્થાન હતું. તેમાં અભણ વાલીઓ તેમજ સાચી શિક્ષિકાની અભિલાષાઓ અને ખોટા ખ્યાલો વિનાની મજુર વર્ગની એક શિક્ષિકા હતી. આ પરિસ્થિતિને "બૌદ્ધિક શાંતિ" કહી શકાય, તેવી સ્થિતિ હતી. શિક્ષક શાંત હોવો જોઈએ તે હમેશાં સ્વિકારવામાં આવ્યું છે પણ તેની પાસે માગેલી આ શાંતિ ચારિત્ર્ય અને જ્ઞાનતંતુની છે. અહિંઆ તો વધારે ઉંડી શાંતિની વાત છે. શૂન્યતાની અથવા વધારે સારી રીતે કહીએ તો બૌદ્ધિક રાગરહિત આંતરિક પ્રકાશ-વાળી માનસિક કચરા વિનાની આ સ્થિતિ છે. આ સ્થિતિ, **અસીસીના સંત ફ્રાન્સીસે** અનુભવેલી બૌદ્ધિક પવિત્રતાને મળતી છે. આને અજ્ઞાનતા માની લેવામાં આવી હતી. જ્યારે આ માનસિક સ્થિતિ, ખરીરીતે, દૈવી બોધ મેળવવાની જ્ઞાનમયી સ્થિતિ હતી. બાળકને સમજવા આવશ્યક **આધ્યાત્મિક દીનતા** આના જેવીજ છે અને તેથી શિક્ષકની તૈયારીમાં તેનો ભાગ મહત્વનો હોવો જોઈએ.

હલનચલનના પૃથક્કરણ અને મરોડને મદદ રૂપ 'લેઈસ

ક્રેઇમ ' જેવાં બાળકના ઇન્દ્રિયવિકાસની કેળવણીના હેતુથી સંપૂર્ણ બનાવેલાં, અનુકૂળ અને આકર્ષક શાસ્ત્રીય સાધનો તેમને પૂરાં પાડવામાં આવ્યાં હતાં, તે બીજી ધ્યાન ખેંચતી બીના હતી. એકાગ્ર-ધ્યાનને જાગૃત કરે તેવાં આ બધાં સાધનો હતાં. મૌખિક રીતે શિક્ષણ આપતા શિક્ષક જેવા કોઈએ બહારથી તેમની શકિતઓને ખેંચી હોત તો આવું કદી બન્યું ન હોત.

પદ્ધતિનાં ત્રણ બાહ્ય રૂપો—અનુકુળ વાતાવરણ, શિક્ષકમાં દીનતા અને વૈજ્ઞાનિક સાધન—અહીંઆં હાજર છે.

હવે બાળકોના થોડાક પ્રાદુર્ભાવોને શોધી કાઢીએ.

બાળકોના સ્વાભાવિક લક્ષણોના વિસ્તૃત દરવાજાઓને પોતાના જાદુઇ સ્પર્શથી ઉઘાડી નાંખતા આ રીતના પ્રાદુર્ભાવોમાં સૌથી પહેલી જણાતી, બાળકના પોતાનાજ હાથની ગતિથી ચાલી રહેલી, તેના સ્વતંત્ર મનથી લીધેલી કોઈ બાહ્ય સાધન ઉપરની ક્રિયા છે, કેવળ તે એકજ ધ્યેય ઉપર એકાગ્ર બનેલી સુમેળ સાધવાની પ્રવૃત્તિ છે. " રમતોની પુનરાવૃત્તિ " અને "સાધનોની સ્વતંત્ર પસંદગી " જેવી સ્પષ્ટ રીતે આંતરિક આવેગમાંથી તરી આવતી બાળકની ખુલ્લી થતી વિશિષ્ટતાઓ આપણે અહીંઆં જોઇ શકીએ છીએ. પરમાનંદથી પ્રફુલ્લ સાચું બાળક અહીં દર્શન દે છે; તે થાક રહિત છે કારણ કે જીવનને અને એ રીતે વિકાસને સાધતા માનસિક પરિવર્તન જેવી તેની આ ક્રિયા છે. શાંતિની રમત જેવી અમુક કસોટીઓનો તે આતુરતાથી પ્રત્યુત્તર આપે છે. તેની સમક્ષ ન્યાય અને ગૌરવનો રાહ ખુલ્લો કરતા અમુક પાઠોથી તે આનંદિત બની જાય છે, તેના મનનો વિકાસ સાધતા સાધનોને તે આતુરતાથી પકડી લે છે, અને ઇનામો, મીઠાઈ, રમકડાં જેવી વસ્તુઓથી ભાગે છે. તે ઉપરાંત વ્યવસ્થા અને શિસ્ત તેને માટે તો પ્રાણપૂરક આવશ્યકતાઓ અને પ્રાણ-પૂર્ણ આવિષ્કરણો છે, તેમ તે બતાવે છે. આ સઘળો વખત પ્રફૂલ્લ, નિખાલસ, લહેરી, ઉત્સાહનો વેગ વધતાં બૂમો પાડતું,

પ્રશંસા કરતું, દોડતું, બૂમ પાડી નમસ્કાર કરતું, ધડધડાટ ઉપકાર માનતું, બોલાવતું અને આભાર દર્શન માટે દોડતું આ સાચું બાળક છે. તે દરેક પાસે જાય છે, બધી વસ્તુઓની પ્રશંસા કરે છે અને દરેક વાતને અનુકૂળ થાય છે.

તેણે પસંદ કરેલી વસ્તુઓ આપણે પસંદ કરીએ, તેના સ્વયંસ્ફુરિત પ્રાદુર્ભાવને ધ્યાનમાં લઈ એક યાદી બનાવીએ, અને સાથે સાથે તેણે ફેંકી દીધેલી વસ્તુઓ નોંધી લઈ, એરીતે એ વસ્તુઓથી થતી સમયની બરબાદી અટકાવીએ.

આ રહી પહેલી યાદી: વ્યક્તિગત પ્રવૃત્તિ, પ્રવૃત્તિનું પુનરાવર્તન, સ્વતંત્ર પસંદગી, ભૂલદ્વારા અંકુશ, હલનચલનનું પ્રથક્કરણ, શાંતિની રમતો, સામાજીક સંબંધોમાં સદ્દવર્તન, વાતાવરણમાં વ્યવસ્થા ભરી ઝીણવટ, અંગત સ્વચ્છતા, ઇન્દ્રિયની કેળવણી, વાંચનમાંથી લેખનનો ભેદ, વાંચન પહેલાં લેખન, પુસ્તકો વિના વાંચન, સ્વયં પ્રવૃત્તિમાં શિસ્ત.

પછી બીજી યાદી: ઇનામ અને શિક્ષાનો ત્યાગ, ક, ખ, ગ, નો ત્યાગ, સમૂહગત પાઠોનો ત્યાગ, સમયપત્રકો અને પરીક્ષાઓનો ત્યાગ, રમકડાંઓનો ત્યાગ, અતિ લોભનો ત્યાગ, શિક્ષકના ખાસ ઉંચા મેજનો ત્યાગ.

આ બેવડી યાદી, બેશક, આપણને કેળવણીની પદ્ધતિની રૂપરેખા આપે છે; ટૂંકમાં બાળકની પસંદગી જેનું ઘડતર કરે છે, અને તેની પ્રાણદાયક આતુરતા ભૂલના અંકુશરૂપ બને છે, તેવી કેળવણીની પદ્ધતિની રચના માટે વ્યવહારૂ અને ચોક્કસ અથવા તો પ્રાયોગિક માર્ગદર્શક રેખાઓ તો બાળકે પોતેજ પૂરી પાડી છે.

લાંબા વખતના અનુભવોથી સિદ્ધ કરેલી કેળવણીની ખરી પદ્ધતિનું ઘડતર અને શૂન્યમાંથી ઉદ્ભવેલા આ શરૂઆતના સિદ્ધાંતો જેમના તેમ રહ્યા છે, એ ખરેખર અદ્દભૂત છે. પ્રાથમિક લીટી તરીકે ઓળખાતી એક લીટી, કરોડવાળા પ્રાણીના ગર્ભનો

ખ્યાલ આપે છે. પાછળથી કરોડરજ્જુ બનતો પદાર્થ વિનાનો તે ખરો ઘાટ છે. સરખામણી આગળ ચલાવીએ. કરોડરજ્જુ વાળા પ્રાણીના સમગ્રમાં પણ ભાગ છે. માથું, ધડ અને પેઢાનો ભાગ. પછી અનેક બિન્દુઓ ધીમે ધીમે વ્યવસ્થિત ઉત્ક્રાંતિને અનુસરતાં, અંતમાં, નિશ્ચિતરૂપે કરોડરજ્જુવાળુ પ્રાણી બને છે. આ રીતે આપણી કેળવણીની પદ્ધતિની રૂપરેખામાં એક સળંગ મૂળભૂત રેખા છે અને તેના ઉપર ત્રણ મહત્વના આવશ્યક સિદ્ધાંતોનો આધાર છે. વાતાવરણ, શિક્ષક અને ધીમે ધીમે કરોડરજ્જુની માફક ઉત્ક્રાંતિ પામતી બીજી ઘણી ખાસ વિશિષ્ટતાઓવાળાં સાધનો.

શરૂઆતમાં પોતાની મેળે કલ્પનાતિત પ્રગટીકરણરૂપે જણાતા આ સિદ્ધાંતોની ઉત્ક્રાંતિ બતાવતા, બાળકથી દોરવણી પામેલા માનવસમાજના પહેલા કાર્યને, તેની બાળક માટેની આ મહેનતને, પગલે પગલે અનુસરવું ખરેખર રસભર્યું થશે. આ અવનવી પદ્ધતિના ક્રમિક વિકાસને ઉત્ક્રાંતિ શબ્દથી સારી રીતે સમજી શકાય, કારણકે તેના વાતાવરણના હિસાબેજ ઉત્ક્રાંતિ પામતા જીવનમાંથીજ આ નવી વીગતો ઉત્પન્ન થતી ગઈ છે; તેમ છતાં આ એક ખાસ વાતાવરણ છે, કારણ કે તે પણ વડીલના કાર્યોને લઈને બાલજીવનની ઉત્ક્રાંતિથી પ્રગટ થયેલા નવા ઘાટનો ક્રિયાત્મક અને ચેતનવંતો પ્રત્યુત્તર છે.

દરેક જાતિનાં અને દરેક સામાજીક કક્ષાનાં બાળકોની શાળાંઓમાં આ પદ્ધતિ લાગુ પાડવાના પ્રયત્નોના અસાધારણ ઝડપી ફેલાવાથી અમારો અનુભવ વિશાળ થયો છે અને તેથી અમે વિના શંકાએ સતત રહેતાં રૂપોના વિશ્વવ્યાપિ વલણોના, અને એ રીતે કેળવણીનો પહેલો પાયો થનાર **કુદરતી નિયમોના** અસ્તિત્વની નોંધ લેવા શકિતમાન થયા છીએ.

ચોક્કસ પદ્ધતિની બાહ્ય તૈયારી નિશ્ચત થયા પહેલાં ફકત બાળકોના સ્વયંસ્ફુરિત પ્રાદુર્ભાવોની રાહ જોવાના સિદ્ધાંતથીજ

પ્રેરાયેલી પહેલા **બાલગૃહને** અનુસરીને ઉઘાડેલી શાળાઓ ખાસ ધ્યાન ખેંચે છે.

મસીનાના અનાથો

અસરકારક અને ખરેખરો નજરે તરી આવતો એક દાખલો **રોમના** શરૂઆતના બાલગૃહોમાંના એકમાંથી મળ્યો હતો. પહેલી નિશાળના કરતાં પણ વધારે અસાધારણ સંયોગો અહીં હતા; કારણકે અહીં મોટામાં મોટી આફત—**મસીનાના** ધરતીકંપ—ની પાયમાલીમાંથી ખેંચી કહાડેલાં, બચેલાં સાઠ અનાથ બાળકો હતાં. તેમનાં નામ અથવા તેમનો સામાજીક દરજ્જો કોઈ જાણતું ન હતું. આ ભયંકર આઘાતે તે સૌને એકસરખાં બનાવી દીધાં હતાં. તેઓ જડ, મુંગાં અને બેધ્યાન બની ગયાં હતાં. તેમને ખવરાવવું, સુવાડવું અઘરૂં હતું. તેમની ચીસો અને રોકકળ રાત્રે પણ સંભળાતી.

તેમને માટે આનંદમય વાતાવરણ ઉભુ કરવામાં આવ્યું હતું; અને **ઈટાલીના** રાણીએ પોતે તેમની સંભાળ હાથમાં લીધી હતી. લાકડાનું નાનકડું સાહિત્ય, રંગ બેરંગી, જાત જાતના નાંનાં કબાટો, ભપકાદાર પડદા, ઉપડી આવતા રંગોથી રંગેલાં નાનાં ગોળ મેજો, ઉંચા ચોખુણ મેજો, નાની સીધી ખુરશીઓ અને આરામ ખુરશીઓ બનાવવામાં આવી હતી. જમવાનાં સાહિત્યો ખાસ આકર્ષક હતાં. રકાબીઓ નાની હતી. હાથ મોં લુછવાના ટુવાલો અને બીજાં વાસણો પણ તેવાંજ હતાં. મોટા થવા માટે લાંબો સમય લેતા હાથના પ્રમાણમાંજ સાબુની ગોટીઓ અને ટુવાલો હતા. દરેક વસ્તુ પર કંઈ ને કંઇ શણગાર અને સુઘડતાનાં ચિહ્ન હતાં. દિવાલો પર સુંદર ચિત્રો અને ઠેકાણે ઠેકાણે ફૂલદાન રાખવામાં આવ્યાં હતાં. વિશાળ બગીચા અને પહોળી પગથીવાળો **ફ્રાન્સીસ્કન** સાધ્વીઓનો મઠ શાળા માટે પસંદ કરવામાં આવ્યો હતો. તેઓ ફૂલો ઉગાડતાં. સોનેરી માછલીઓવાળા હોજ અને કબુતરખાના ત્યાં હતાં. આવા વાતાવરણમાં તેમના

આછા રંગના લાંબા કપડામાં, લાંબા બુરખાથી પ્રભાવશાળી લાગતી સાધ્વીઓ શાંતિ અને નિરવતામાં હરફર કરતી.

ઝીણી ઝીણી બાબતો ઉપર વધારેને વધારે ભાર મૂકી બાળકોને તેમણે સારી રીતભાત શીખવી. ઘણી સાધ્વીઓ ખાનદાન કુટુંબમાંથી આવેલી હતી. બાળકો અતૃપ્ત લાગવાથી તેમણે પૂર્વની ટેવો અને સ્મરણમાંથી યાદ આવતી સઘળી વીગતો ધ્યાનમાં લઈ, પોતે છોડી દીધેલા સામાજીક જીવનના ચીવટભર્યા રીવાજોને અમલમાં મૂકયા. તેઓ ટેબલ ઉપર રાજકુમારોની માફક બેસતા શીખ્યા. સારામાં સારા પીરસનારાઓની માફક પીરસતા શીખ્યા. ખોરાક તરીકે હવે અનાકર્ષક લાગતું, પણ જ્ઞાનના ઉર્ધ્વગામી સત્યોની અંકુશિત હલનચલનની પ્રવૃત્તિઓની ચોકસાઈને લીધે જમણ આકર્ષવા લાગ્યું, અને શાંત ઊંઘની સાથે તેમની ઉમરને સ્વાભાવિક ભૂખ પણ ફરી ઉઘડી. તેઓનો ફેરફાર ખરેખર, અસરકારક હતો. તેઓ અથડાયા વિના, કાંઈ પણ તોડયા વિના ઓરડાનો બધો સામાન બાગમાં લઈ જઈ ઝાડ નીચે મૂકતા. જયારે સતેજ અને આનંદિત વદને તેઓ દોડતા અને કૂદતા જણાતા; ત્યારે “પલટો” શબ્દ અહીં પહેલવહેલો તેમને લાગુ પડયો. તે સમયની એક અતિપ્રખ્યાત ઈટાલીઅન લેખિકાએ કહ્યું, “આ બાળકો મને પલટાઈ ગયેલાં લાગે છે. ઉદાસીનતા અને દબાણને જીતી જીવનના ઉચ્ચતર સ્થાને લઈ જનાર પલટા કરતાં વધારે ચમત્કારિક બીજું કાંઈ નથી.” કોઈથી અસ્વિકૃત નહિ રહેલા, અણઉકલ્યા અને અસરકારક આ દર્શનને આધ્યાત્મિક સ્વરૂપ આપતા આ વિચારે ઘણાં માનસને હલાવી નાંખ્યાં, અને તે શબ્દ–પલટો–વિરોધી અર્થમાં હોવા છતાં લાંબા વખત સુધી પ્રચલિત રહ્યો; કારણ કે બાળપણની નિર્દોષ સ્થિતિના પલટાનો વિચારજ વિપરીત લાગે છે. તેમને દુ:ખી અને તજાએલી સ્થિતિમાંથી મુકત કરી ફરી આનંદિત બનાવનાર આ ફેરફાર આધ્યાત્મિક હતો. દિલગીરી અને પાપ બન્ને, પ્રાણદાયક શકિતઓના ઝરણાથી ઘણે ઘણે દૂર ગણાતી સ્થિતિ છે, અને

આવી પરિસ્થિતિમાં આ મહત્વની શકિતઓની પુનર્પ્રાપ્તિમાં પલટો થયો એમજ ગણાય. દિલગીરી અને પાપ પછી રાત્રિની માફક અદૃશ્ય થાય છે, અને આનંદ તથા પવિત્રતામાં અરૂણોદય થાય છે. ખરેખર, આ બન્ને વસ્તુઓ, **પવિત્ર આત્માની** ભેટમાં હોય છે. **તે** એક "સર્વોત્કૃષ્ટ આશ્વાસન," 'મધુર તાજગી," "પરિશ્રમમાં આરામ," "રૂદનમાં આશ્વાસન" કહેવાય છે. કુરૂપને તે દૂર કરે છે. સૂકાંને તે પાણી સિંચે છે. ઘવાએલાંઓને રૂઝવે છે. કઠોરને મૃદુ બનાવે છે. વાંકાંને સીધાં કરે છે, અને તંદુરસ્તી અને ચિરસ્થાઇ આનંદ આપે છે. **તે**ની મદદ વિના માણસમાં કાંઇ નથી અને તેના વિના હાનિકર્તા ન હોય તેવું કશું નથી.*

---

*જુદી જુદી રીતે ફ્રાન્સના રાજા રોબર્ટ, સ્ટીફન લેંગટન અને પોપ ઈનોસન્ટ ત્રીજાના નામે ગણાએલા વ્હીસટ્સન સીકવન્સમાંથી:

સૌ શ્રેષ્ઠ આશ્વાસક એક તું છે.
આનંદમય, આત્મનનો અતિથિ,
વર્ષાવતો પ્રાણ—પ્રફુલ્લ શાંતિ.
આરામ મીઠો શ્રમમાં, અને તું,
તાપે તપેલા મહીં મિષ્ટ ઠંડી,
દુઃખે ડૂબેલા જનનો વિસામો.

. . .

કદી કૃપા–વંચિત રાખશે તું,
તો માનવીમાં ન વિશુદ્ધિ રહેશે,
કલ્યાણકારી પણ દુષ્ટ થાશે.
રૂઝાવ ઘા તું, બળ દે નવીન,
વર્ષાવ શુષ્કે શુભ વારિ—બિન્દુ,
પાપો તણા ડાઘ બધાય ધો, તું.
વાળો નઠોર હૃદ ને વળી અસ્મિતાને,
દ્રાવો ઠર્યા, દો હૂંફ ઠીંગર્યાને,
દોરો, પ્રભુ ! વિપથગામી પદાવલિને.

મૂળ અનુવાદકની નોંધ ઉપરથી.

સાચેજ, અમારા બાળકોમાં આવું બન્યું હતું. અસાધ્ય ગણાતા, ઘર ઘાલી બેઠેલા ઘણા દોષો નષ્ટ થવાથી ઉદાસિનતામાંથી આનંદમાં પૂનર્જન્મ થયો; એટલું નહિ પણ સાથે સાથે કંઇક વધારે આ પણ હતું. સામાન્ય સદ્દગુણો ગણાતા લક્ષણો પણ નષ્ટ થઇ ગયાં હતાં. ખરેખર, બાળકોએ આંજી નાંખે તેવો પ્રકાશ અહીં આણ્યો. માનવીમાં બધુંજ ભૂલભરેલું છે અને દરેકને નવું સ્વરૂપ આપવું જોઇએ. આ નવું સ્વરૂપ આપવાનો ફક્ત એકજ માર્ગ છે, અને તે માર્ગ રચનાત્મક શક્તિઓના તેના પોતાના એકજ મૂળ સ્થાને પાછા ફરવામાં છે. અતિ વિલક્ષણ સ્થિતિમાંથી અમારી શાળામાં આવતાં બાળકોના ગૂંચવાડાભર્યા આ દર્શન વિના બાળકના ચારિત્ર્યમાં સારા નઠારાનો ભેદ પાડવો અશકય હતો; કારણ કે મોટાની જીવન સ્થિતિને બાળક જેટલે અંશે અનુકુળ થાય તેટલે અંશે તે સારું, નહીં તો તેથી ઉલટું, એમ મોટાંઓએ અગાઉથી નક્કી કરી દીધું હતું. આવા વિરોધી નિર્ણયોથી બાળકની કુદરતી વિશિષ્ટતાઓ દટાએલી રહી હતી. સાચું બાળક ખોવાઇજ ગયું હતું. મોટાંની દુનિયામાં તે અજાણ હતું. સારા અને નઠારા બન્નેએ તેને દટાએલું રાખ્યું હતું.

સુખી મનુષ્યોનાં બાળકો

અસ્વાભાવિક પરિસ્થિતિમાં જીવતાં ધનવાનનાં બાળકો બીજા પ્રકારનાં બાળકો છે. કોઈને લાગે કે, મસિનાના ધરતીકંપનાં અનાથો અથવા તો શરૂઆતની નિશાળનાં તદ્દન ગરીબ બાળકો કરતાં ધનવાનનાં બાળકોને કેળવણી આપવી વધારે સરળ હોવી જોઇએ. ખરેખર, તેમનામાં શો ફેરફાર હોઈ શકે ? ધનવાન બાળકો સમાજ આપી શકે તેવી સંભાળથી ઘેરાએલાં હક્કદાર બાળકો છે; પરંતુ મારા પુરાણા પુસ્તકમાંથી આ જાતનો ખોટો ખ્યાલ કાઢી નાંખનારાં થોડાંક પાનાં અહીં હું ટાંકીશ તેમાં, અમારી યુરોપ અને અમેરિકાની નિશાળોમાં કામ કરતી શિક્ષિકાઓએ લખેલા તેમના પ્રથમ અનુભવો અને મુશ્કેલીઓના નિખાલસ અહેવાલ છે. તે અહેવાલો નજીવી વસ્તુઓની પ્રશંસા

કરતા સંત ફ્રાન્સિસના શબ્દોનું સ્મરણ કરાવે છે. "બેન તીડ, પાસે આવ, સર્જનહારની ભલાઇ તો નાનામાં નાનાં પ્રાણીઓમાં સારામાં સારી રીતે પ્રગટે છે."

વાતાવરણમાંનું સૌન્દર્ય, ફુલોનો ભંડાર, ધનવાન બાળકોને આકર્ષતો નથી. બાગની પગથી તેને લલચાવતી નથી. બાળક અને સાધનો વચ્ચેનો મેળ સધાતો નથી. શિક્ષિકાઓએ આશા રાખ્યા પ્રમાણે, તેણે તેમની આગળ ધરેલા સાધનોમાંથી સીધી પસંદગી કરવાની, તેમજ તેને માટે પડાપડી કરવાની તેની માન્યતા ખોટી પડવાથી તે વ્યાકુળ બની જાય છે. ગરીબ બાળકોની નિશાળમાં ઘણુખરૂં આવું જ બને છે, પરંતુ ધનવાન બાળકો દરેક પ્રકારનાં સાધનો અને સુશોભિત રમકડાંથી ધરાઇ ગએલાં હોવાથી ભાગ્યેજ તેમની આગળ ધરેલી ઉત્તેજનાથી આકર્ષાય છે.

અમેરિકન શિક્ષિકા મીસ જી. એ વોશીંગ્ટનથી લખ્યું હતું, "બાળકો એક બીજા પાસેથી સાધનો ઝુંટવી લેતાં. હું એક બાળકને જો કંઇક બતાવવા માગું તો બીજાંઓ પોતાનાં કામો પડતાં મુકી ઘોંઘાટ કરતાં વિના કારણ મને વિંટળાઈ વળતાં, અને સાધન સમજાવી રહ્યા બાદ, બધાં તેજ સાધનની આસપાસ ફરી વળી તેને માટે હુંસાતુંસી કરતાં. બાળકો સાધનોમાં જરાએ રસ બતાવતાં નહોતાં. એકેમાં ખંતથી એકાગ્ર થયા વિના તેઓ એકથી બીજા સાધનમાં ભમતાં. બાળકને આપવામાં આવતા એકાદ નાના સાધનને સ્પર્શ કરવા જેટલો વખત પણ તેઓ સ્થિર બેસી શકતાં નહીં. અહીં અસ્થિર બાળક હતાં. ઘણીએવાર બાળકોનું હલનચલન કોઈપણ જાતના હેતુ વિનાનું હતું. તેઓ મનમાં કોઇપણ જાતના ધ્યેય વિના ઓરડામાં આમ તેમ દોડતાં. આ રીતે ફરતાં તેઓ વસ્તુઓ તરફ બેદરકાર રહેતાં, મેજ સાથે અથડાતાં, ખુરશીઓ ઉથલાવી પાડતાં, અને સાધનો પર ચાલતાં. કેટલીક વખત તો એક જગાએ એક

સાધન પર કામ શરૂ કરે અને તરતજ બીજે દોડે, બીજું સાધન ઉપાડે અને તરત જ પાછું તે પણ છોડી દે."

મીસ ડી. એ પેરીસથી લખ્યું, "મારે કબુલ કરવું જોઇએ કે મારા અનુભવો નાસીપાસ કરનારા હતા. બાળકો એક મિનિટ કરતાં વધારે વખત કોઈપણ પ્રવૃત્તિ પર એકાગ્ર થતાં ન હતાં ખંત અને અંતરની ઉગમ નહોતી. ઘેટાનાં ટોળાંની માફક તેઓ ઘણીએ વાર એક બીજાનું અનુકરણ કરતાં. એક બાળક એક લે તો બીજાં બધાં તેનું અનુકરણ કરવા માગે કેટલીક વાર તો તેઓ જમીન પર આળોટતાં અને ખુરશી ઉથલાવી પાડતાં."

રૉમની ધનવાન બાળકોની નિશાળમાંથી આ ટૂંકું વર્ણન આવે છે. "મુખ્ય મુદ્દો શિસ્ત છે. બાળકો તેમની પ્રવૃત્તિમાં વ્યગ્ર હોય છે, અને માર્ગદર્શન કરાવતાં તેઓ અડીઅલ બને છે."

શિસ્તની શરૂઆતનાં હવે અહીં કેટલાંક વર્ણનો છે. **મીસ જી.** એ વૉશીંગ્ટનના પોતાના અનુભવોનો આ અહેવાલ મોકલ્યો છે. " થોડા દિવસમાં તો આ ગોળ ગોળ ફરતાં પરમાણુંનો વાદળા જેવો સમુહ (નિરંકુશ બાળકો) અમુક ચોક્કસ સ્વરૂપ ધારણ કરવા લાગ્યો. બાળકોને નવો ખરો પરિચય થવા લાગ્યો. રમકડાં તરીકે તિરસ્કારેલાં સાધનોમાં તેઓ નવોજ રસ લેવા લાગ્યાં અને આ નવા રસના પરિણામે તેઓ સ્વાધીન વ્યકિતઓ–ઘણા **ઉચ્ચ પ્રકારના વ્યકિતત્વવાળી વ્યકિતઓ**– તરીકે વર્તવા લાગ્યાં. હવે, સાધનમાં (બાળકનું મન) સંપૂર્ણ એકાગ્રતાથી ચોંટતાં તેજ સાધન માટે બીજા બાળકને સહેજે આકર્ષણ થતું નહોતું. ધ્યાનના આ પ્રાદુર્ભાવોમાં બાળકો એક બીજાથી છૂટાં પડી જતાં. "

જ્યારે **પોતાનામાં ઉંડો સ્વયંસ્ફુરિત રસ જાગ્રત કરનાર** અમુક કોઇ ખાસ સાધન બાળક શોધે છે ત્યારે જ લડાઇમાં તેની ખરી જીત થાય છે. કેટલીક વખત આ જુસ્સો

અજબ વેગથી એકાએક ઉદ્ભવે છે. દરેક પ્રકારનાં સાધન બતાવી મેં એક વખત એક બાળકમાં રસ ઉત્પન્ન કરવા મિથ્યા પ્રયત્ન કર્યો, છતાં બાળકમાં ધ્યાનની ચિનગારી પણ ન જણાઈ. તેવામાં દૈવયોગે રંગની ભિન્નતા તરફ તેનું ધ્યાન ખેંચી મેં તેને લાલ અને વાદળી રંગની બે તકતીઓ બતાવી. તેણે એક પ્રકારની ભૂખથી તે ઝડપી લીધી અને એકજ પાઠમાં પાંચ રંગ પકડયા. પછી રોજને રોજ તે તિરસ્કારેલાં સાધનો લેતું ગયું અને ધીમે ધીમે તેને બધાં સાધનોમાં રસ ઉત્પન્ન થયો.

બહુજ થોડી એકાગ્રશક્તિવાળા એક બાળકે સૌથી વધારે ગૂંચવણ ભરેલા સાધન–લાંબી સીડી–માં રસ લીધો અને એ રીતે તેણે પોતાની અવ્યવસ્થિત સ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી કાઢયો. તેણે આ સાધન પર સતત એક અઠવાડિયાના અંત સુધી કામ કર્યું અને તેના ઉપર અંક ગણતાં અને સાદા સરવાળા કરતાં શીખ્યું. આ પછી તેણે પાછા ફરીને વધારે સાદાં અને શરૂઆતનાં સાધનો–દટ્ટા પેટી અને ભૌમિતિક આકૃતિઓ– પર કામ શરૂ કર્યું અને આખીએ પદ્ધતિમાં રસ લેવા માંડયો.

બાળકોને રસ પડે તેવાં સાધનો મળતાંજ અવ્યવસ્થા વિજળીની માફક દૂર થાય છે અને મનના રખડેલપણાનો અંત આવે છે.

આજ શિક્ષિકા વ્યક્તિત્વની જાગૃતિનું વર્ણન આપે છે.

બે બહેનો હતી. એક ત્રણ વર્ષની અને બીજી પાંચ વર્ષની ત્રણ વર્ષની બાળકીમાં જરાએ વ્યક્તિત્વ નહોતું. દરેક વસ્તુમાં તે તેની મોટી બહેનનું બરાબર અનુકરણ કરતી. જો તેની બહેન પાસે વાદળી પેન્સીલ હોય તો તેને વાદળી પેન્સીલ ન મળે ત્યાં સુધી જંપે નહિ. જો તેની બહેન પાંઉ ને માખણ ખાય અને તેને કંઇક બીજું આપ્યું હોય તો તે પાંઉ ને માખણ લેવા માટેજ હઠ કરે અને એજ રીતે બધામાં. શાળામાં આ બાળકે બીજા કશામાં રસ બતાવ્યો નહિ પણ ફક્ત તેની મોટી

બહેન જે કાંઈ કરે તે બધામાં તે તેનું અનુકરણ કરતી. એક દિવસ નાની બાળકીને ગુલાબી મિનારાના ચોરસાંઓમાં રસ પડયો તેણે મિનારો રચ્યો અને તેનો રસ બહુ તીવ્ર બન્યો. આ પ્રવૃત્તિનું તેણે ઘણીવાર પુનરાવર્તન કર્યું અને તેમાં તેની બહેનને તદ્દન ભૂલી ગઇ. મોટી બહેનને ઘણીજ નવાઇ લાગતાં તેને બોલાવી તેણે કહ્યું, " હું ગોળ દોરૂં છું ને તું મિનારો કેમ રચે છે ? " નાની બહેને તે દિવસથી પોતાનું જૂદુજ વ્યકિતત્વ બતાવ્યું અને તે આત્મવિકાસ સાધવા લાગી. હવે તે તેની બહેનના કેવળ આયના રૂપ ન હતી.

એક ચાર વર્ષની નાની બાળકી ફક્ત અરધો ભરેલો પાણીનો પ્યાલો પણ છલકાયા વિના લઈ જઈ શકતી ન હતી; અને તે નહિ લઇ જઈ શકે તેવી તેના પોતાનામાં અશ્રદ્ધા હોવાથી તે લઈ જવાનો પ્રયત્ન પણ કરતી નહિ. તેને વિશે **મીસ ડી**. કહે છે: તેણે બીજા પ્રકારના એકાદ સાધનની પ્રવૃત્તિ માં રસ ખીલવ્યો અને તે પછી પાણી ભરેલા પ્યાલાને તે લઇ જઇ શકતી. તેના કેટલાક સહાધ્યાયીઓ રંગમાં પાણી નાંખીને ચિત્રકામ કરતા ત્યારે પાણીનું ટીંપુંએ પાડયા વિના બધાંને પાણી આપવાની તેને ધૂન લાગી હતી. આવા બીજા, ખરેખર, વિચિત્ર બનાવનું **ઑસ્ટ્રેલિયન** શિક્ષિકા **મીસ બી**. તરફથી નિવેદન કરવામાં આવ્યું છે. હજુ બોલવાનીએ શકિત ખીલ્યા વિનાની એક બાળકી તેની શાળામાં હતી. તે કેવળ અસ્પષ્ટ અવાજ કરતી; તેથી તેનામાં કાંઇ ખોડ છે કે કેમ તે જાણવા તેના વાલીએ તેની દાકતરી તપાસ કરાવી. આ નાની બાળકીને એક વખત દટ્ટા પેટીમાં રસ લાગ્યો અને તેથી દટ્ટા કાઢઘાલ કરવાની રમતમાં તેણે લાંબો સમય ગાળ્યો. ઉંડા રસથી તે પ્રવૃત્તિનું ઘણી વખત પુનરાવર્તન કર્યા બાદ તેની શિક્ષિકા આગળ બુમો મારતી તે દોડી આવી અને કહ્યું, " આવો અને જુઓ. "

મીસ બી. બાળકોના તેમની પ્રવૃત્તિ માટેના આનંદ વિશે કહે છે, " કંઈક તદ્દન નવું બનાવી આપણે પોતે જેવો ગર્વ ધરા-

વીએ છીએ, તેવોજ ગર્વ બાળકો પણ ધરાવે છે. " છેક સારૂં કામ કરતાં આવડતાં તરતજ તેઓ મારી આસપાસ આમતેમ કુદાકુદ કરી મૂકતાં અને મારી ગરદન પર તેમના નાજુક હાથ વીંટાળતાં અને કહેતાં, " મેં બધું મારી મેળેજ કર્યું છે, હું આ બધું કરી શકીશ તેમ તમે ધાર્યું નહોતું ! ખરુંને ? અને આજે મેં કાલ કરતાં ખૂબ સરસ કર્યું છે. "

મીસ ડી. કહે છે, " નાતાલની રજાઓ પછી વર્ગમાં ઘણોજ ફેરફાર થયો હતો. મારી ડખલ વિના આપોઆપ વ્યવસ્થા સ્થપાઈ હોય એમ લાગતું હતું. અગાઉ અવ્યવસ્થિત પ્રવૃત્તિમાં ગુંથાએલાં બાળકો તેમની પ્રવૃત્તિમાં અત્યારે મશ્ગુલ જણાયાં. શરૂઆતમાં તેમને કંટાળો ઉપજાવતાં સાધનો પસંદ કરવા તેઓ પોતાની મેળે કબાટ પાસે જતાં અને કોઇ પણ પ્રકારની અવગણના બતાવ્યા સિવાય, એક પછી એક સાધનો લેતાં. આખાએ વર્ગમાં પ્રવૃત્તિનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જેમણે અત્યાર સુધી એક ક્ષણિક ધુનર્થીજ સાધનો વાપર્યાં હતાં તેમને હવે, જાણેકે, એક પ્રકારના અંગત આંતરિક નિયમનની જરૂર લાગી તેમણે ચોક્કસ અને પદ્ધતિસર પ્રવૃત્તિથી તેમના પ્રયત્નો કર્યા અને મુશ્કેલીઓને વટાવી સાચો આનંદ અનુભવ્યો. આ ચોક્કસ પ્રવૃતિએ તેમના ચારિત્ર્ય પર તાત્કાલિક અસર કરીજ તેઓ તેમના પોતાનાં " માલીક બન્યાં. "

સૌથી વિચિત્ર દાખલો, **મીસ ડી.** ને એક સાડાચાર વર્ષના નાના બાળકનો લાગ્યો. આ બાળકની કલ્પના બેહદ સતેજ હતી. તે એટલી હદ સુધી કે તેને સાધન આપવામાં આવતાં તેનું નિરીક્ષણ કરવાને બદલે તેને મનુષ્યનું રૂપ આપી, તેજ સમયે, તેની પોતાની જાતને બીજું મનુષ્ય કલ્પી સતત વાતો કરતું. સાધનો પર તેનું ચિત્ત એકાગ્ર કરવું અશક્ય હતું. આ રીતે, જ્યાં સુધી તેનું મન વ્યગ્ર હતું ત્યાં સુધી બટન નાંખવા જેવી પણ કોઈ ચોક્કસ પ્રવૃત્તિ માટે તે અસમર્થ હતું.

એકાએક કોઈક અજબ શક્તિ તેનામાં કામ કરવા લાગી. તે કહે છે, "તેનામાં એક પ્રકારનો આ અદ્દભુત ફેરફાર મેં આશ્ચર્યથી જોયો. તેણે એકાદ પ્રવૃત્તિ તેના મનપસંદ કાર્ય તરીકે લીધી. ત્યાર પછીની બધી પ્રવૃત્તિઓ તેણે વારા ફરતી લીધી, અને છેવટે એ રીતે તે સ્વસ્થ બન્યું."

સાચી સ્વાભાવિકતા

ચોક્કસ પદ્ધતિ સ્થાપ્યા પહેલાં તેણે ઉઘાડેલી નિશાળોની શિક્ષિકાઓનાં આવા જુનાં સપ્રમાણ વર્ણન જેવાંજ બીજાં વર્ણનો અનંત કાળ સુધી, ફરી ને ફરી, તેવાં ને તેવાંજ ટાંકી શકાય. એકજ પ્રકારના બનાવો અને એકજ પ્રકારની મુશ્કેલીઓ, જોકે જરા ઓછા પ્રમાણમાં, પ્રેમાળ અને બુદ્ધિશાળી કુટુંબોથી સંભાળાતા લગભગ બધાંજ બાળકોમાં જોવામાં આવે છે. આપણે જેને સમૃદ્ધિ કહીએ કહીએ છીએ તેની સાથે સંકળાએલી આધ્યાત્મિક સુરીઅત પણ છે. ક્રાઈસ્ટના "**સરમન ઑન ધી માઉન્ટ**" ના જાણીતા શબ્દો દરેક હૃદયમાં કેવા પડઘો પાડે છે, તે સમજાય છે. "રંક આત્મામાં ધન્યાત્મા છે, જેઓ રડે છે તેઓ પણ ધન્ય છે."

પણ આ આદેશ તો બધાંને છે. પોતાની ખાસ ખુશીબતો વટાવીને બધાં આવી શકે છે. આથી આપણે "પલટો" કહ્યો તે દર્શન બાળપણને સાધ્ય છે હમેશાં તેજ કારણથી ઉત્પન્ન થતો આ ઝડપી, અને કોઇક કોઈક પ્રસંગે પળમાં થતો પલટો સમજવાનો છે. રસમય પ્રવૃત્તિની એકાગ્રતાનો સમાવેશ જેમાં ન થતો હોય તેવો એક પણ પલટાનો દાખલો ટાંકવો અશક્ય છે. આથી જ આવા પલટા એક બીજાથી તદ્દન જૂદાજ પ્રકારના છે. ઉત્તેજીત તરંગોમાં રમતાં બાળકો સ્વસ્થ બને છે. દબાએલાં બાળકો ઉભાં થાય છે અને બહાર નીકળવાનો માર્ગ મળવાથી કોઇક આંતરિક શક્તિથી પ્રેરાઈ પોતાની મેળેજ ઉત્ક્રાન્તિ પામતા

વિકાસને ચાલુ રાખી, પ્રવૃત્તિ અને શિસ્તના માર્ગે સઘળાંજ **સાથે આગળ વધે છે.**

એકાએક ઉભાં થતાં સત્યોમાં ઉદ્દસ્ફોટક વિશિષ્ટતા છે. જાણે કે હવે પછી થવાના વિકાસના તે ચોક્કસ પૂરોગામી હોય. એકાએક એક દિવસ બાળકોનો દાંત ફૂટી નીકળે છે, એકાએક બાળક તેનો પહેલો શબ્દ ઉચ્ચારે છે અથવા તો પહેલું પગલું માંડે છે, તેના જેવું આ છે. એક દાંત ફૂટયો એટલે બધા જ ફૂટવાના છે. એક શબ્દ બોલાયો પછી સમગ્ર ભાષાનો વિકાસ થવાનો છે. પહેલું પગલું ચાલ્યા પછી ચાલવાની કળા કાયમી પ્રાપ્ત થવાની છે. આમ વિકાસ અટકી પડયો હતો અથવા તો, ખરી રીતે, બધાં બાળકોનો એટલે દરેક સામાજિક પરિસ્થિતિનાં બાળકોનો વિકાસ ઉંધી દિશાએ વળ્યો હતો. સમસ્ત દુનિયા ઉપર દરેક જાતિમાં ફેલાયેલી અમારી શાળાઓ સમગ્ર માનવ જાતિને માટે બાળકના પલટાનું આ સામાન્ય સત્ય સાબિત કરશે. અદ્રશ્ય થતી અગણિત વિશિષ્ટતાઓને સ્થાને જીવનનું આવું નવું ઘડતર હમેશાં થાય છે, તેનો ઝીણવટથી અભ્યાસ કરવાનું શકય થશે. આ રીતે જીવનની શરૂઆતમાં સ્વાભાવિક માનસશાસ્ત્રીય માનવ પ્રકૃતિને બેડોળ કરી બેહદ **વિકૃતિ** તરફ દોરનાર અનેક ભૂલો બાળપણમાં થાય છે.

બાળકના પલટામાં નજરે પડતું એક સત્ય—માનસશાસ્ત્રીય રોગ-નિર્મૂળતા—**સ્વાભાવિક સ્થિતિની** પુનર્પ્રાપ્તિ—છે. બાળ પ્રૌઢતામાં ચમત્કારિક લાગતું બાળક, પોતાની જાત પર અને દુઃખો પર જીત મેળવી નવી શાંતિ અને બળ મેળવનાર મહારથી બાળક, જીવનના છીછરાપણા કરતાં શિસ્ત પસંદ કરનાર ધનવાન બાળક, આ સઘળાં **સ્વાભાવિક બાળક છે.** આશ્ચર્યકારક બનાવના ઉદ્દભવને પલટો કહેવામાં આવતો હતો તેને આ બહોળા અનુભવને અંતે **સ્વાભાવિકતા** ગણવી જોઇશે. દટાએલી હોવાથી અણજાણ, માનવીમાં છૂપાએલી તેમ છતાં સર્જન અને તંદુરસ્તીએ આપેલી તેની સાચી પ્રકૃતિ આ છે.

આથી પલટાનું સ્વરૂપ નાબુદ થતું નથી. કદાચ વડીલને પણ, તેણે જેવા બનવું જોઇએ તેવા બનવા જણાવવું પડે; પણ આવો ફેરફાર એટલો બધો કઠણ છે કે તેને માનવ પ્રકૃતિમાં પાછા ફરવાનું ગણી શકાય નહી; જ્યારે બાળકમાં સ્વાભાવિક માનસિક વિશિષ્ટતાઓ સ્હેલાઇથી બહાર આવી શકે છે અને ત્યારે જેમ તંદુરસ્તી આવતાં નાદુરસ્તીનાં સઘળાં ચિન્હો અદ્દશ્ય થાય છે તેમ સ્વાભાવિકતા આવતાં વિકૃત થયેલી પરિસ્થિતિઓ એકસાથે અલોપ થાય છે. આપણે બાળકનું નિરિક્ષણ કરીએ તો વાતાવરણની પરિસ્થિતિ જ્યાં પ્રતિકૂળ હોય ત્યાં પણ આપણે સ્વાભાવિકતાની સ્વયંસ્ફૂરિત ક્રિયાઓને ઓળખવા ઘણીવાર સમર્થ થઇએ. તેઓ અસમર્થ અને અસહાય હોઇ ઉંડાણમાં ઉતરેલી હોવા છતાં પોતાનું સ્થાન પાછું લેવા પ્રયત્નો કરતી, મુશીબતોમાંથી બ્હાર નીકળી આવતી પ્રાણદાયક શક્તિઓ તરીકે પાછી આવે છે. બાળકની સ્વાભાવિક શક્તિઓ આપણને ક્રાઇસ્ટના શબ્દોની જેમ, "તું સાત વખત નહિ પણ સિત્તેર ગુણ્યા સાત વખત માફી આપશે." એ રીતનો ક્ષમાનો પાઠ શીખવે છે એમ કહી શકાય. આ રીતે બાળકની ઉંડી સ્વાભાવિક પ્રકૃતિ વડીલોનાં ગમે તેટલાં દબાણો છતાં સાત વખત નહિ પણ સિત્તેર ગુણ્યા સાત વખત સપાટી ઉપર આવે છે અને આ રીતે તે સ્વાભાવિકતાનાં લક્ષણોને ગળી જનાર બાળજીવનનો ક્ષણિક બનાવ નથી પરંતુ સતત ચાલુ રહેતા દબાણને લઇને થતો વિગ્રહ છે.

પ્રકરણ ૪

માનસિક વિકૃતિઓ

તેમનું એકનું એક કારણ

સ્વાભાવિકતા આવતાંજ અદ્દશ્ય થતાં લક્ષણોનું નિરીક્ષણ કરતાં આશ્ચર્યકારક રીતે જણાય છે કે તેમાં બાળજીવનની સઘળી વિશિષ્ટતાઓ આવી જાય છે. કેવળ અસ્વચ્છતા, આજ્ઞાઉલ્લંઘન, આળસ, લોભ, સ્વાર્થ, કલહ, તોફાનીપણું નહીં પણ કહેવાતી સર્જનાત્મક કલ્પના, વાર્તામાં આનંદ, વ્યક્તિઓ માટે સ્નેહબંધન, દીનતા, રમત વિગેરે સઘળું તેમાં સમાય છે. બાલ્યાવસ્થામાં યથાયોગ્ય ગણાએલાં, વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવામાં આવેલા લક્ષણો, જેવાં કે અનુકરણ, જીજ્ઞાસા, અસ્થિરતા અને બેધ્યાન પણ અદ્દશ્ય થાય છે. આનો અર્થ એ કે આજસુધી જણાએલી બાળકની પ્રકૃતિ, મૂળભૂત અને સ્વાભાવિક પ્રકૃતિને ઢાંકી દેતો માત્ર આભાસજ છે. વિશ્વવ્યાપી હોવા છતાં તેમાં કાંઈપણ નૂતન ન હોવાથી આ વસ્તુ વિશેષ આશ્ચર્યકારક છે. પરાપૂર્વથી સ્વિકારવામાં આવ્યું છે કે મનુષ્યમાં બે સ્વભાવ છે. સૃષ્ટ માનવી અને પતિત માનવી. પતિતાવસ્થાનું કારણ, સઘળી માનવજાતિને અસર કરતી મૂળ ભૂલ—મૂળ પાપ—ગણવામાં આવ્યું છે. એ પણ સ્વીકારવામાં આવ્યું છે કે આ પાપ વસ્તુતઃ નજીવું છે, તેના પરિણામની અતિશયતા સાથે પ્રમાણ વિનાનું છે, પરંતુ તેમાં સર્જક—શક્તિના સર્જન માટે સ્થાપેલા નિયમોના ત્યાગનો અર્થ છે. એ પછી ભાવિથી ધકકેલાએલો, તેના વાતાવરણના અંતરાયો અથવા તેના મનના ભ્રમ સામે રક્ષણ વિનાનો માનવી અથડાતા કૂટાતા વહાણ જેવો બને છે. આથી તે પતિત છે. આ કલ્પનાને, જીવનના તત્વજ્ઞાનનાં એકીકરણને, બાળકના જીવનમાંથી એકનો એક અને જ્ઞાનદાતા અર્ધ ભાગ પ્રાપ્ત થાય છે. એક ઘણી નજીવી વસ્તુ વિકૃતિ તરફ દોરે છે. પ્રેમ અને મદદ રૂપે છુપાયેલું અને બારીક કંઈક આવી ભરાય છે પણ ખરી રીતે તો તે વડીલ—આત્માના અંધાપામાંથી ઢંકાએલા

અને અભાનમય અહંભાવમાંથી આવે છે. ખરેખર બાળક–વિરોધી કાર્ય કરતી તે સેતાનીઅતભરી શક્તિ છે; પરંતુ બાળક તો માનવીના વિકાસને નિર્ણિત કરતા ઘાટને સંપૂર્ણરીતે પોતાનામાં ધારણ કરી સતત પુનર્જીવન પામતું, તાજું અને ડાઘહીન છે.

જો સ્વાભાવિકતા, નિશ્ચિત અને એકજ વસ્તુથી એટલે બાહ્ય વાસ્તવિકતા સાથે સંબંધ જોડતી, હલનચલનની કોઇ ક્રિયાની એકાગ્રતામાંથી આવે છે તો બાળકની અંતર્ગત શક્તિઓ **અવતાર** ની ક્રિયા દ્વારા ઉત્ક્રાંતિ પામતી હોય તેવા ઘડતરના કાળમાં તેના વાતાવરણ સાથે સંબંધ ધરાવતી કોઇ ક્રિયા તેના વિકાસના મૂળભૂત ઘાટને સંપૂર્ણતા પ્રાપ્ત કરતાં અટકાવી રહી હોય તો તેજ એક સત્ય વસ્તુ સઘળી વિકૃતિના મૂળમાં છે તે વાત આપણે ધારી લેવી જોઇએ.

જો આ રીતે આપણે પરિણામોના સમૂહનું એક સ્પષ્ટ અને સરળ કારણ શોધી શકીએ તો તે પણ સાબિત થાય છે છે કે જ્યારે મનુષ્ય કેવળ આધ્યાત્મિક ગર્ભ હોય છે, તે જીવનના શરૂઆતના કાળમાંથીજ આવાં પરિણામો ઉતરેલાં હોવાં જોઇએ. આ એકજ અજ્ઞાત કારણ પછી સમગ્ર પ્રાણીની વિરૂપતામાં પરિણમે.

રખડેલ

વિકૃતિમાંથી પરિણમતાં લક્ષણોનું સ્પષ્ટિકરણ કરવામાં માર્ગ દર્શક તરીકે આપણે હલનચલનથી ચૈતન્ય મેળવી કાર્યરત વ્યક્તિત્વનું ઐક્ય સાધનાર માનસિક શક્તિના **અવતાર**નો વિચાર સ્વીકારીએ. બાળકના પ્રતિનિધિ તરીકે વડીલને મુકવાથી અથવા તેના વાતાવરણમાં ક્રિયાઓના હેતુની ખામી રાખવાથી આ ઐક્ય સાધના નિષ્ફળ જાય તો બે વસ્તુઓ બને છે: માનસિક શક્તિ અને ગતિ અલગ અલગ રીતે વિકાસ પામે અને "દ્વિવિધ માનવી" પરિણમે. પ્રકૃતિમાં કાંઇ પણ સ્વયંભુ નથી અને કાંઇપણ આત્મ–વિનાશક નથી અને શક્તિઓની બાબતમાં તો આ ખાસ સત્ય છે; તેથી પ્રકૃતિએ સોંપેલા ક્ષેત્રની બહાર આ શક્તિઓને

આ રીતે કામ કરવાનું હોય છે ત્યારે તે વિકૃત થાય છે. શૂન્યતા, અનિશ્ચિતતા અને અવ્યવસ્થામાં તેમણે તેમનું ધ્યેય અને પ્રવૃત્તિ ગુમાવ્યાં છે. તેને લીધેજ તેઓ વિકૃત થઈ છે. હલનચલનના અનુભવોથી પોતાનું ઘડતર ઘડનાર માનસ તરંગલીલામાં **ભાગે છે.** આવાં રખડાઉ માનસોએ શોધવાનું શરૂ કર્યું અને ઈચ્છિત ન મળતાં, તેઓએ વસ્તુઓ સાથે જોડાવાનું કર્યું, અને તે પણ ન બનતાં તેઓએ હવે કાલ્પનિક પ્રતિમાઓ અને સંકેતો પાછળ ભટકવા માંડયું. હલનચલનનો વિચાર કરીએ તો આ સચેતન પ્રાણીઓ કદી સ્થિર નથી પણ તેઓની ગતિ અવ્યવસ્થિત અને નિર્હેતુક છે. તેઓ પ્રવૃત્તિ શરૂ કરે છે પણ તેને અધુરી મૂકવા માટેજ; કારણ કે તેમની શક્તિ કોઇ પણ વસ્તુ સાથે સંકળાયા વિના તેમની આગળથી પસાર થાય છે. વડીલ, જ્યારે આવા ખડતલ, ચપળ બાળકોને તેમના અનિયંત્રિત અને અશાંતિકર કાર્યો માટે શિક્ષા કરે છે અથવા ધીરજ રાખી તેમને સહન કરી લે છે ત્યારે પણ તેમના તરંગોને કલ્પના માની, તેમના બાલ-માનસની સર્જનાત્મક ફળદ્રૂપતા માની તેમને ઉત્તેજન આપે છે, અને તેનાં વખાણ કરે છે. જાણીતું છે કે ફ્રોએલની ઘણી રમતો અને વિનોદો આવી સાંકેતિકતાને વિકસાવવા, ઉત્તેજન આપવાના હેતુથી છે. જુદી જુદી રીતે એકઠા કરેલા તેના ઘનો અને ઈંટો ઘોડાઓ, કિલ્લાઓ અથવા રાજસિંહાસનો છે, એવી ખોટી માન્યતા માનવામાં બાળકને મદદ કરે છે. ખરેખર, બાળકનું સાંકેતિકતા તરફનું વલણ કોઈ પણ વસ્તુને, તેના મનના તરંગિત મૃગજળને પ્રકાશિત કરતા વીજળીના બટન તરીકે માનવા દોરે છે. લાકડી ઘોડો છે, ખુરશી સિંહાસન છે, પેન્સીલ વિમાન છે. આથીજ બાળકને રમકડાં આપવામાં આવે છે. આ રમકડાં બાળકને કોઈ સાચી પ્રવૃત્તિ કરવા દેતાં નથી; પણ તેમને ખ્યાલો અને ભ્રમણાઓ આપે છે. તેઓ ફક્ત વાસ્તવિકતાની અપૂર્ણ અને નિષ્ફળ પ્રતિમાઓ છે. સાચેજ, રમકડાં, નિર્હેતુક અને આત્માની એકાગ્રતાથી દૂર લઈ જતું નિરર્થક વાતાવરણ

આપતાં જણાય છે. તેઓ ભ્રમના આડા માર્ગે દોરવાઈ ગયેલાંઓ માટે છે. રમકડાંઓ રાખમાં ઢંકાએલા સળગતા કોલસાને પ્રબળ ફૂંક મારવાથી ઝબકી ઉઠતી ઝાળની જેમ, બાળકોને પ્રવૃત્તિમાં તાત્કાલિક ચમકાવે છે; પણ એકાએક તે જ્વાળા શાંત પડી જાય છે અને રમકડાં ફેંકી દેવામાં આવે છે; છતાં વડીલે, બુદ્ધિશાળી પ્રાણી તરીકે, પોતાના બાળક માટે તેની પ્રવૃત્તિ સ્વતંત્ર રીતે કરવાના સાધનમાં ફક્ત રમકડાંજ આપવાનો પ્રયત્ન કર્યો છે. તેની રમતોમાંજ અને વધારે સારી રીતે કહીએ તો, ફક્ત તેની રમકડાંની દુનિયામાંજ બાળક સુખી થશે એમ ખાત્રીથી માની તે તેને તેમાં સ્વતંત્ર રીતે રમવા દે છે. બાળક, તેનાં રમકડાંથી જલ્દીથી કંટાળે છે અને વારંવાર ભાગી નાંખે છે; છતાં આ માન્યતા ચાલુ રહે છે અને વડીલ અહીંઆં ઉદાર અને ખર્ચાળ બને છે, તેમજ તેની રમકડાંની ભેટ એક ધર્મવિધિ બને છે. ઉચ્ચ જીવનમાં મૂળભૂત પગલાં પાડતા બાળ-માનવીની બાલ્યાવસ્થાની પૂજનીય ઉમ્મરે આ એક જ સ્વતંત્રતાની વડીલે રજા આપી છે. આવાં "દ્વિવિધ" બાળકો, ખાસ કરીને શાળામાં ઘણાં બુદ્ધિશાળી પણ શિસ્તહીન અને અવ્યવસ્થિત ગણાય છે; પણ અમારા ખાસ તૈયાર કરેલા વાતાવરણોમાં તેમને એકાએક કોઈ પ્રવૃત્તિ ઉપર સ્થિર થયેલાં જોઈએ છીએ, ત્યારે તેઓની ઉશ્કેરાયેલી તરંગ-લીલાઓ અને ચંચળ ગતિઓ ચાલી જાય છે, અને વાસ્તવિકતાને વરેલું શાંત, ગંભીર બાળક ક્રિયા દ્વારા તેની ઉન્નતિની સાધના શરૂ કરે છે. સ્વાભાવિકતા સધાઈ છે. પોતાના આંતરીક માર્ગદર્શકને પકડવા શક્તિમાન થવાની પળેજ તેમના ગતિના અવયવો અવ્યવસ્થિતતામાંથી બહાર નીકળી આવે છે; અને હવે પછી તેઓ બાહ્ય જગતની વાસ્તવિકતામાં પ્રવેશવા અને ઓળખવા, ભુખાળવી બુદ્ધિના સાધનો બને છે. આ રીતે ભટકતી જીજ્ઞાસા જ્ઞાન ઉપર પ્રભુત્વ મેળવવાના પ્રયત્નમાં રૂપાંતર પામે છે.

માનસપ્રથક્કરણશાસ્ત્રે, કલ્પના અને રમતની અસ્વાભા-

વિક બાજુને સ્વીકારી છે અને પ્રકાશદાયક અર્થ–સ્પષ્ટિકરણ કરી "માનસશાસ્ત્રીય રખડેલો" માં તેમની ગણના કરી છે. પોતાના કુદરતી સ્થાનમાંથી બહાર વહી ગયેલી શક્તિના બીજા કોઈ સ્થાને છુપાવાને અથવા બેસી જવાને–ભાગી જવાને–રખડેલ કહેવામાં આવે છે, અથવા તેને મુશીબત અથવા ભય જોઈ ભાગી જતા અને બુરખા પાછળ સંતાઈ જતા અહંના અનાવિર્ભૂત બચાવ તરીકે ઓળખાવે છે.

" અંતરાયો "

ધારવામાં આવે તેમ અત્યંત કલ્પનાશક્તિવાળાં બાળકો પોતાના અભ્યાસમાંથી વધારેમાં વધારે લાભ લેવા ફત્તેહમંદ થતાં નથી, એ વસ્તુ શાળામાં શિક્ષકોના ધ્યાનમાં આવે છે. કેટલીક વખત તો, સાચેજ, તેઓ કંઈજ લાભ ઉઠાવતાં નથી, છતાં તેઓની બુદ્ધિ વિકૃત થઇ છે એમ કોઈ માનતું નથી; પણ એમ માનવામાં આવે છે કે ભારે સર્જનાત્મક શક્તિ વ્યાવહારિક વસ્તુઓ સાથે મેળ ખાતી નથી. અહીં વિકૃત બાળકમાં **ક્રમબુદ્ધિ** હોવાની ચોખ્ખી નીશાનીઓ છે; કારણકે તેના મનનું તે માલીક નથી અથવા પોતાના વિકાસમાં તેને દોરવા તે અસમર્થ છે. માનસ, જ્યારે ભ્રમના જગતમાં પોતાનું સ્થાન જમાવી બેસે છે ત્યારેજ આમ બને છે; એટલું જ નહીં પણ ઘણા દાખલામાં તો તેથી ઉલટું, વત્તે ઓછે અંશે બુદ્ધિને દાબી દેવામાં આવી હોય છે અને તે નિરૂત્સાહમાં જડ બની ગઈ હોય છે. અહીં બહાર ભાગવાને બદલે તેણે પોતાની જાતને અંદર ખેંચી લીધી છે. સ્વાભાવિક બાળકોની સરખામણીમાં સાધારણ બાળકોની બુદ્ધિની સપાટીનું પ્રમાણ ઉતરતું હોય છે. ઉપર ટપકેની સરખામણીમાં ખસી ગયેલા હાડકા સાથે–સ્થાનભ્રષ્ટતા સાથે–સરખાવી શકાય તેવી વિકૃતિઓથી આમ બને છે, અને તેથી સ્વાભાવિકતામાં પાછા લાવવા માટે ઘણીજ નાજુક કાળજીની જરૂર પડે છે. આથી ઉલટુ બૌદ્ધિક શિક્ષણમાં અને અવ્યવસ્થાની સુધારણામાં બાળક ઉપર સીધોજ હુમલો લઇ

જવાની પદ્ધતિ છે. બચાવ કરવાનું ઉત્તેજન આપ્યા વિના અથવા ખરી રીતે તેને જગવ્યા વિના વિકૃત બુદ્ધિ ઉપર જબરદસ્તીથી કામ માટે દબાણ કરવું અશકય છે. માનસશાસ્ત્રીય બનાવ તરીકે આ દર્શન ઘણુંજ રસીક છે. આજ્ઞાઉલ્લંઘન અથવા જક્કીપણા રૂપે અને નહીં કે બચાવ તરીકે સામાન્ય માનસશાસ્ત્રમાં આ બનાવ સુવિદિત છે. એથી ઉલટું, ઇચ્છાશક્તિના પ્રદેશથી સંપૂર્ણ બહાર આ માનસિક બચાવ છે અને તે બહારથી આવેલા વિચારોનો સ્વિકાર કરવામાં અને એ રીતે સમજવામાં અનાવિર્ભૂત અંતરાય બતાવે છે. માનસપૃથકકરણશાસ્ત્રીએ જેને ક્રિયારોધનું વર્ણનાત્મક નામ આપ્યું છે તેના જેવો આ બનાવ છે. આ ગંભીર સત્યો શિક્ષકે ઓળખવાં જોઇએ. બાળકના મન ઉપર એક પ્રકારનો પડદો આવી જાય છે અને તેથી તે માનસશાસ્ત્રીય રીતે એથીએ વધારે બ્હેરૂં અને આંધળું બને છે. જાણે કે અનાવિર્ભૂત મન કહેતું હોય, "તું બોલે છે પણ હું બેધ્યાન છું. તું વસ્તુઓનું પૂનરાવર્તન કરે છે પણ હું તને સાંભળતું નથી. હું મ્હારૂં જગત રચી શકું તેમ નથી કારણ કે તું અંદર ન આવી શકે માટે હું બચાવની દીવાલ બાંધું છું."

આ ધીમું, લંબાતું બચાવનું કામ બાળકને, જાણેકે, તેણે તેની કુદરતી શક્તિઓ ગુમાવી હોય તેમ વર્તવા દોરે છે અને હવે વધુ વખત અહીં ઈચ્છા અનિચ્છાનો પ્રશ્ન રહેતોજ નથી. આવા અવરોધોવાળા બાળકોની સાથે કામ કરતા શિક્ષકો તેમને બુદ્ધિહીન ગણશે અને કુદરતી રીતે અમુક વિષયો જેવાકે ગણીત અથવા શબ્દોની જોડણી સુધારવાનું સમજવા માટે અશક્ત ગણશે. જો આવા માનસિક અવરોધો, ઘણા વિષયો અથવા, ઘણી વખત બને છે તેમ, સઘળા વિષયોનો સમાવેશ કરે તો બુદ્ધિશાળી બાળકોને ખોડવાળાંઓ ભેગાં ગણી લેવામાં આવે અને કેટલાક વર્ષો સુધી એજ વર્ગમાં રહ્યા પછી તેમને ચોક્કસ રીતે પછાત બાળકો ભેગાં મૂકી દેવામાં આવે. નિયમ તરીકે, માનસિક અવરોધ કેવળ અપ્રવેશતામાં નથી પણ તેની સાથે

દૂર રહી કામ કરતા સહકારી તત્વોને પણ સાથે રાખે છે. આ રીતે એક ખાસ વિષય માટે ઘૃણા જણાય છે, પછી સામાન્ય અભ્યાસની ઘૃણા થાય અને છેવટે શાળા, શિક્ષક અને બાળકોની ઘૃણા થાય છે. હવે પ્રેમ અથવા સૌજન્યને સ્થાન નથી. બાળક પછી શાળાથી ડરવા લાગે છે અને છેવટે તો તે તદ્દન વિખુટુ પડે છે.

બાળપણમાં વળગી પડેલા માનસિક અવરોધો સમગ્ર જીવન પર્યંત વ્યકિતએ ખેંચવા પડે તેના કરતાં વધુ સામાન્ય બીજું કાંઈ નથી. ઘણા આખાયે જીવનમાં જણાતી ગણીતની અમુક પ્રકારની ઘૃણા આનો દાખલો છે. તેમાં કેવળ સમજવાનીજ અશકિત નથી, પણ ફકત નામોચ્ચારથીજ ક્રિયા શરૂ થાય તે પહેલાં કંટાળો લાવતો આંતરીક અવરોધ ઉભો થાય છે. વ્યાકરણમાં પણ એમજ થાય છે. તેની ઉમર અને સંસ્કૃતિ જોતાં ખરેખર માની શકાય નહી એવી જોડણીની ભૂલો કરતી એક ઘણી બુદ્ધિશાળી ઈટાલીઅન બાળાને હું પહેલાં ઓળખતી હતી. તેને સુધારવાના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા. તેની ભૂલો વધતી જતી જણાઇ અને ઉત્તમ અસલી પુસ્તકોના વાંચનથી પણ કાંઇ ફાયદો થયો નહી; પણ એક દિવસ, મેં તેને સાચું અને શુદ્ધ ઈટાલીયન લખતાં આશ્ચર્યથી જોઇ. તેની આખી વસ્તુસ્થિતિ અહીં કહી શકું તેમ નથી પણ આવિષ્કરણનું સાચું સ્વરૂપ અસ્તિત્વમાં હતું છતાં એક ગૂઢ શક્તિ, જુલ્મ કરી તેને પકડી રાખતી અને તેને બદલે ભૂલોનો વરસાદ વરસાવતી.

પૂછવામાં આવે કે વિકૃતિનાં બે સ્વરૂપો-રખડેલપણું અથવા માનસિક અવરોધો–માંનું કયું વધારે ગંભીર છે. અમારી સ્વાભાવિકતા લાવતી શાળામાં, કલ્પના અને રમતોના સંબંધમાં જણાવેલાં રખડેલો જેવાંને સુધારવું સ્હેલામાં સ્હેલું છે. નીચે મુજબ મુકાબલો કરી આ વસ્તુ સ્પષ્ટ કરાય. જો એક માણસ, પોતાને જરૂરી વસ્તુ ન મળતાં એક જગાએથી ભાગી જાય અથવા આખો સમૂહ, આવશ્યક ખોરાકની તંગીને લીધે સામાન્ય

નાસભાગ કરે તો વાતાવરણની સ્થિતિ બદલાતાં આપણે તેમને હંમેશાં પાછાં બોલાવી શકીએ એ સમજાય તેવું છે. આપણે તેમને હાકલ કરીએ, "પાછા આવો, તમારા જીવન માટે વધારે સારી સ્થિતિ અમે આપી શકીશું. તમે આનંદકારી વાતાવરણમાં તમારી શકિતઓનો ઉપયોગ કરી શકશો."

ખરૂં કહીએ તો, અમે અમારી શાળામાં વારંવાર ધ્યાન ખેંચતી બીનાઓમાંની એક બીના, દૂર દૂરની દુનિયામાંથી ઝબકારા વેગે પાછા ફરતા જણાતા અવ્યવસ્થિત અને ઉગ્ર તોફાની બાળકોનું ઝડપી પરિવર્તન, જોયું છે. અવ્યવસ્થામાંથી કામમાં થતાં બાહ્ય દેખાતા પરિવર્તનમાંજ તેમનો ફેરફાર નથી પણ તેથીએ ઉંડો છે, અને બાળકની ચિત્ત-શાંતિ અને સંતોષ રૂપે તે દેખા દે છે. તેઓની વિકૃતિઓનું વિલોપન એક સ્વયંસ્ફૂરિત બનાવ તરીકે, એક કુદરતી પરિવર્તન રૂપે થાય છે, અને છતાં જો બાલ્યાવસ્થામાં જ આવી વિકૃતિઓ સુધારવામાં ન આવી હોત તો તેઓ સમગ્ર જીવન પર્યંત રહી જાત. ખરી રીતે તો કલ્પનાશક્તિની મહાન ભેટથી નવાજાએલાં ઘણાં વડીલોમાં, તેમના વાતાવરણ પ્રત્યે કેવળ ઝાંખી લાગણીઓ હોય છે અને તેઓ ફકત ઇન્દ્રિગમ્ય સત્યો સાથે તેમનો પરિચય સાધે છે. તેઓને સ્વભાવગત કાલ્પનિક કહેવામાં આવે છે. તેઓ સુઘડતાહીન છે અને હંમેશાં પ્રકાશ, આકાશ, રંગો, ફુલો, કૂદરતનાં દૃશ્યો, અને સંગીત ને વખાણવા તત્પર હોય છે. જીવનની વસ્તુઓ તેમને નવલકથાની માફક પ્રત્યક્ષગમ્ય હોય છે. તેમના વખાણને પાત્ર પ્રકાશને તેઓ ચાહતા નથી. તેનો અભ્યાસ કરવા રોકાવાનું તેમને માટે અશકય છે. તેમને પ્રેરણા આપતા તારાઓ, ખગોળ શાસ્ત્રનું સહેજ જ્ઞાન મેળવવા તેમને એકાગ્ર કરવામાં નિષ્ફળ નીવડે છે. તેઓમાં કલાત્મક વલણો હોય છે પણ કલાત્મક સર્જન નથી; કારણકે કોઇ પણ સાંકેતિક કૌશલ્ય મેળવવા તેઓ અશકિતમાન છે. નિયમ તરીકે હાથનો ઉપયોગ તેઓ જાણતા નથી. તેઓ તેમને સ્થિર રાખી શકતા નથી અથવા

તેમનો ઉપયોગ કરી શકતા નથી. તેઓ ગભરાટમાં વસ્તુઓને સ્પર્શે છે, અને સંભવિત છે કે તેમને ભાગી પણ નાંખે. જેનાં આટલાં બધાં વખાણ કરતા હતા તે ફૂલની બેભાનપણે તેઓ પાંદડીએ પાંદડીઓ ચૂંટી નાંખે. તેઓ સૌન્દર્ય ઉપજાવી શકતા નથી, તેમજ તેમના જીવનને સુખ-મય બનાવી શકતા નથી. જગતની સાચી કવિતા શોધવાનું તેમને જ્ઞાન નથી. જો કોઇ તેમને બચાવે નહીં તો તેઓ વિનાશ પામેલા છે; કારણ કે તેઓ પોતાની ઇન્દ્રિયજન્ય નિર્બળતા અને અશક્તિને ભૂલથી ઉચ્ચ સ્થિતિ માને છે. જ્યારે ગૂંચવાડો સ્હેલો હતો અને શરૂઆતના માર્ગ–રૂંધને અદૃશ્ય વિકૃતિઓ ઉત્પન્ન કરી હતી તે ઉમરે તેઓના જીવનના મૂળમાં, સાચા માનસશાસ્ત્રીય દર્દોની પૂર્વતૈયારીમાં, આ આ સ્થિતિનો ઉદ્ગમ હતો.

બીજુ બાજુ, નાના બાળકો સુદ્ધાંમાં માનસિક પ્રતિરોધો દૂર કરવા ઘણુાજ કઠણ છે. તેઓ જગતથી રક્ષણ કરવા છુપાવવામાં આવેલા આત્માને પૂરી દેતી આંતરિક દિવાલ ચણે છે. બહાર જે સઘળું સૌન્દર્યમય તેમજ સુખ અને સમૃદ્ધિનું મૂળ થાય તેમ છે તેની સામે, બચાવનું રૂપ લઈ ઉભેલા અનેક પ્રકારના અવરોધોની પાછળ એક ગુપ્ત નાટક ભજવાય છે. અભ્યાસ, વિજ્ઞાન અને ગણીતનાં રહસ્યો, અમર ભાષાનું મોહક લાલિત્ય, સંગીત, સઘળાં નિરાળા થઈ જવા યોગ્ય "શત્રુ"ઓ લાગે છે. શકિતનું આ વિચિત્ર પરિવર્તન, પ્રેમ અને જીવનની વસ્તુને ઢાંકતા અને છુપાવતા અંધકારને વિસ્તારે છે. અભ્યાસ કંટાળારૂપ બને છે અને જગતમાં ભાગ લેવાની તૈયારીને બદલે તેના અણગમા તરફ દોરે છે.

અવરોધો! વિચાર સંગતિથી આ સૂચક શબ્દ, શારીરિક સ્વચ્છતાના જ્ઞાને જીવનને વધારે તંદુરસ્તીનો માર્ગ બતાવ્યો તે પહેલાં, પોતાના શરીર સંબંધે માણસ પોતાના બચાવ માટે જે વસ્તુઓ ઉભી કરતો, તેનું સ્મરણ કરાવે છે, સૂર્ય, પવન, પાણીથી

પોતાનું રક્ષણ કરવા માણુસો પોતાની આસપાસ અવરોધો ઉભા કરી, પ્રકાશ ન પ્રવેશે તેવી દીવાલ બાંધી, પૂરતી હવા માટે પણ ઘણીજ નાની બારીઓ રાતદિવસ બંધ રાખી, ડુંગળીને ઢાંકતા પડ ઉપર પડની માફક ભારે કપડાંથી શરીરને ઢાંકી, શરીરને પાણીમાં ડૂબકી મારતા આનાકાની કરી, શુદ્ધ હવા સામે ચામડીનાં છિદ્રો બંધ કરી પોતાનો બચાવ કરતા. આ રીતે જીવનની સામે મનુષ્યનું શારીરિક વાતાવરણ કિલ્લેબંધ થયું હતું.

સામાજીક દ્રષ્ટીએ પણ અવરોધોનું સ્મરણ કરાવે તેવા બનાવો જોઈએ છીએ. માણુસો શામાટે એક બીજાથી પોતાને અલગ કરે છે, અને શામાટે દરેક કુટુંબ—સમૂહ બીજા કુટુંબના સમૂહ સામે ઘૃણાની રીતે નિરાળાપણાની લાગણીથી પોતાની જાતને પૂરી રાખે છે?

કુટુંબ પોતાનામાંથી આનંદ મેળવવા અલગ થતું નથી પણ બીજાઓથી જૂદા પડવા પોતે અલગ થાય છે. તે અવરોધો પ્રેમનું રક્ષણ કરવા રચાયા નથી. બાંધી લીધેલી, અનિવાર્ય ઘરની દીવાલો કરતાં પણ કૌટુમ્બિક અવરોધો વધારે શક્તિમાન હોય છે. વર્ગો અને પ્રજાઓને જૂદા પાડતા અવરોધો પણ તેવાજ છે. રાષ્ટ્રીય અવરોધો, સંયુક્ત અને એક સરખો સમૂહ ભયથી મૂક્ત અને સહિસલામત થાય તે માટે અલગ કરવામાં આવતા નથી. અલગતા અને બચાવ માટેની ચિંતા પ્રજા પ્રજાની વચ્ચે અવરોધોને ઉભા કરે છે અને વ્યક્તિઓ તેમજ તેમની નીપજનું અભિસરણ અટકાવે છે. જો સંસ્કૃતિ આપલે માંથી થતી હોય તો આ શા માટે? કોઈ મહાન પીડાને લીધે, કોઈ અતિશય જુલ્મને લઈને શું રાષ્ટ્રીય અવરોધો માનસશાસ્ત્રીય બનાવો છે? દર્દ એટલું વ્યવસ્થિત અને એટલું બધું વ્યાપક બન્યું છે કે વધારે ને વધારે મજબુત અને ભારે ને ભારે અવરોધોએ રાષ્ટ્રોના જીવનને પાંગળું કરી દીધું છે.

જે બાળકોની માનસિક શક્તિઓ નાસી જઈ આશ્રય મેળવી શકે તેટલી મજબુત નથી અને તેથી તેઓની ક્રિયાને સ્થાને પોતાની

ક્રિયા ગોઠવી દેતા વડીલને ચોટી પડતાં આવાં આજ્ઞાન બાળકો વડીલને અધીન બને છે. તેઓ અણુજાણુ હોવા છતાં પ્રાણુદાયક પ્રવૃત્તિની ખામીને લીધે કકળાટ શરૂ કરે છે. હમેશાં બડબડાટ કરનારાં પણુ આજ બાળકો હોય છે. તેઓ દુઃખી જણાય છે અને ઘણી નાજુક લાગણીઓ અને સ્નેહનાં સહૃદયી પ્રાણીઓ તરીકે તેઓ ગણાય છે. પોતાને ખબર પડયા વિના તેઓ હંમેશા કંટાળેલા હોય છે અને બીજા કોઇ મ્હોટાંઓ ઉપર આધાર રાખતાં હોય છે; કારણુકે તેઓ પોતે તો આ કંટાળાને ખંખેરી નાંખવા અશક્ત હોય છે. જાણેકે તેમની જીવનશક્તિ બીજા ઉપર આધાર રાખતી હોય તેમ તેઓ બીજા કોઇને વળગી પડે છે. તેઓ વડીલોને મદદ કરવાની, તેમની સાથે રમવાની, તેમને વાર્તા કહેવાની, તેમને માટે ગાવાની અને તેમને નહી છોડવાની માગણી કરે છે. વડીલ આવાં બાળકોનો ગુલામ બને છે. એક વિચિત્ર પરસ્પરાવલંબન બન્નેને પકડી રાખે છે પણુ તેઓ પરસ્પરનું જ્ઞાન અને અતિશય પ્રીતિનો દેખાવ કરે છે. જાણે કે જ્ઞાનના ભૂખ્યા હોય તેમ હમેશાં પ્રશ્નો ઉપર પ્રશ્નો કરી તેઓ દરેકનું કારણુ જાણુવા માગે છે; પણુ જો તમે તેમનું કાળજીથી નિરીક્ષણુ કરો તો જણાશે કે બીજો પ્રશ્ન પૂછયા પહેલાં તેઓએ પહેલાંનો પ્રત્યુત્તર સાંભળ્યો નહોતો. જાણુવાની જણાતી જીજ્ઞાસા ખરી રીતે તો તેમને ટકાવી રાખનાર મનુષ્યને પકડી રાખવાની તેમની યુક્તિ છે. તેઓ તેમની ગતિનો ત્યાગ કરવા અને ક્રિયા-રોધ કરતી વડીલની દરેક આજ્ઞા પાળવા તત્પર હોય છે. બાળક દરેક બાબતમાં નમ્રતાથી કબુલ કરતું જાય છે તેથી વડીલને બાળકની ઇચ્છાશક્તિને સ્થાને પોતાની ઇચ્છાશક્તિ ગોઠવી દેવાનું ઘણું સુગમ પડે છે. આ રીતે બાળક માટે, આળસ અને નિષ્ક્રિયતા કહેવાતા ઔદાસીન્યમાં પડી જવાનો ભારે ભય રહે છે. વડીલ આ સ્થિતિનો સત્કાર કરે છે કારણુ કે તેથી તેની ક્રિયાઓમાં અંત-રાય પડતો નથી; પણુ તે ખરેખર વિકૃતિની છેક છેવટની હદ છે. નિષ્ક્રિયતા, આધ્યાત્મિક ઇન્દ્રિયભાગની નિરાશા સિવાય બીજું શું

છે ? ગંભીર બીમારીથી પછડાયેલાના શારીરિક બળના હ્રાસને તે મળતું આવે છે. તે ચેતનમય અને સર્જનાત્મક માનસશાસ્ત્રીય શક્તિઓની નિરાશા છે. ખ્રીસ્તી ધર્મ, નિષ્ક્રિયતાને સાત પ્રાણનાશક પાપોમાં ગણે છે; એટલેકે તેનાથી આત્માને મૃત્યુનો ભય છે. વડીલે બાળકના આત્માને તેના પોતામાં દોર્યો છે, તેની નિરર્થક મદદ તેને વળગાડી છે, તેની પોતાની ક્રિયા તેનામાં પધરાવી છે, તેની સુચનશક્તિ તેનામાં ભરી દઇ તેને નિષ્ક્રિય બનાવી દીધો છે; તેમ છતાં વડીલ તેમાંનું કાંઇ પણ જોઇ શકતું નથી.

માલીકી

ઘણાજ નાના અને સ્વાભાવિક બાળકમાં, સાથે સાથે ક્રિયા કરવા માટે તેમને શક્તિઓ તરફ દોરતો અંતરાદેશ હોય છે. તેઓના વાતાવરણ તરફની આ બાહ્ય ગતિ નિષ્પ્રાણ નથી, પણ ભૂખ સાથે સરખાવી શકાય તેવો મર્મભેદી પ્રેમ, એક સચેતન લક્ષણ છે. ભૂખ્યા માણસમાં ખોરાક મેળવવાનો અંતરાદેશ છે. ન્યાયસંગત તર્ક સાથે તેને મેળ નથી. તે કહેતો નથી કે, “મ્હારા છેલ્લા ખાધાને ખૂબ સમય થઈ ગયો છે. ખાધા વિના હું મ્હારૂં બળ જાળવી શકીશ નહી અથવા જીવી શકીશ નહી આથી મ્હારે પોષક ખોરાક મેળવવો જોઈએ અને ખાવો જોઈએ, એ જરૂરનું છે.” ભૂખ એ ખોરાક માટે અનિવાર્ય કકળાટ કરાવનાર અસ્વસ્થતા છે. બાળકમાં, ક્રિયાદ્વારા પોષણ આપી તેના આત્માને ખોરાક પૂરો પાડતી વસ્તુઓને શોધવા આજુબાજુ તેના વાતાવરણ તરફ ઘસડી જતી એક જાતની ભૂખ છે. “નવા જન્મેલા બાળક તરીકે ચાલો, આપણે આધ્યાત્મિક દુધ ચાહીએ.” આ ભૂખમાં એટલે તેના વાતાવરણના પ્રેમમાં માનવીની મૂળભૂત વિશિષ્ટતા રહેલી છે. તેના વાતાવરણ માટે બાળકમાં લાલસા છે એમ કહેવું ખરું નથી; કારણકે લાલસામાં કંઇક આવેગમય અને ક્ષણીક છે. તેનો અર્થ “પ્રાણદાયક ઘટના”ની ભૂખ છે. બાળકના વાતાવરણના પ્રેમે પૂરી પાડેલી ઉત્તેજના, તેને સતત ક્રિયા તરફ, જીવન્ત

પ્રાણીઓને કુદરતી આછી ગરમી આપતા પ્રાણવાયુ સાથે સંબંધમાં આવતા શરીરના તત્વોના અખંડ જલન જેવા એક અખંડ અગ્નિ તરફ દોરે છે. ક્રિયાત્મક બાળક, જે સાધનો વિના પોતાની જાતને તે પરિપૂર્ણ કરી શકે નહીં તેવાં તેની પાસેનાં સાધનોથી તેણે જીવવું જોઇએ તેવા, એક પ્રાણી તરીકે જણાય છે.

માનસિક જીવનનું આ વાતાવરણ જો તેને નકરવામાં આવે તો તેનામાં દરેક વસ્તુ નબળી પડે છે, તે વિકૃતિ પામે છે અને બધું બંધ થાય છે. તે, ખાલી, અશકત, તોફાની, કંટાળેલું, સમાજથી તિરસ્કારાએલું, અભેદ્ય, માર્મિક પ્રાણી બને છે.

જો બાળક માટે તેનો વિકાસ સાધનાર ક્રિયાના હેતુઓ મેળવવાનું અશકય બનાવવામાં આવે તો તે ફકત "વસ્તુઓને" જુએ છે અને તેમનું માલીક થવા ઇચ્છે છે. જ્યાં બૌદ્ધિક જીવન અને પ્રેમ નિરર્થક છે ત્યાં કંઇક લેવું—કશાના માલીક થવું—એ સહેલું છે. શક્તિ બીજી દિશામાં ફૂટી નીકળે છે. સમય ન જોઈ શકતાં, સોનાના ઘડીઆળને જોતું એક બાળક કહે છે, 'મારે જોઇએ છે." બીજું કહે છે, "ના, મને !" તેઓ ઘડીઆળને તોડી નાંખવા, એ રીતે,—તેને નકામુ કરી નાંખવા—તૈયાર છે છતાં તેને લઈ લેવા તે આતુર છે. આમ સ્પર્ધા અને વિનાશક ઘર્ષણો શરૂ થાય છે.

લગભગ સઘળી નૈતિક વિકૃતિઓ, પ્રેમ અને માલીકી વચ્ચે નિર્ણય કરતા પહેલા પગથીયાનું પરિણામ છે, અને તે જીવનના સઘળા બળથી આગળ ધપાવતા બે જૂદા પડતા માર્ગોમાંથી એકમાં બાળકને સ્થિર કરે છે. બાળકનો ક્રિયાત્મક ભાગ ઓકટોપસના* સકંચાની માફક, આવેશમય રીતે પકડેલી વસ્તુઓને ચગદવા અને વિનાશ કરવા બહાર આવે છે. માલીકીની લાગણી તેને જોસથી વસ્તુઓ સાથે સાંકળે છે અને પોતાની જાતનો બચાવ કરે, તે રીતે તેમનો બચાવ કરવા તૈયાર કરે છે.

* એક પ્રકારનું ઘણી સુંઢોવાળું દરીયાઇ પ્રાણી

વધારે ખડતલ, ચપળ બાળકો તેમના જેવીજ વસ્તુઓને પડાવવા ઈચ્છતાં બીજાં બાળકો સાથે લડીને પણ પોતાની વસ્તુઓને બચાવે છે. તેની તેજ વસ્તુ અથવા બીજા પાસેની વસ્તુ મેળવવા માટે તેઓ સતત લડતાં જ હોય છે.

અહીંઆં પ્રેમ સિવાય બીજા કશાની પ્રતિક્રિયાનું, નજીવી નિરર્થક વસ્તુ માટે વિગ્રહ અને યુદ્ધ પ્રેરતી ભ્રાતૃભાવ વિનાની બીજી લાગણીઓના સ્ફોટનનું મૂળ છે; પણ, ખરેખર, તે નજીવું નથી પણ ઘણું ગંભીર છે. કોઈક સ્થાનભ્રષ્ટતા,–અસ્તિત્વ હોવું જોઈએ તેવા કશાનું વિલોપન,–કોઈક શક્તિની વિકૃતિ–થઈ છે. આ રીતે માલીકી ઉત્પન્ન કરતી વસ્તુ પોતે કંઈજ નથી પણ તે આંતરિક દુષ્ટતા છે.

દરેક જણ જાણે છે કે આ પ્રમાણે બાળક વસ્તુઓને વળગી ન પડે માટે તેને ઉપદેશથી એક પ્રકારનું નૈતિક શિક્ષણ આપવાના પ્રયત્નો થાય છે. આવા શિક્ષણનો પાયો બીજાની મીલ્કતનું માન જાળવવાનો છે; પણ જ્યારે બાળક આ હદે પહોંચે છે ત્યારે પોતાના આંતરિક જીવનની ભવ્યતાથી વિખૂટા પાડતા પૂલને માનવીએ કયારનોએ ઓળંગી દીધો હોય છે અને તેથીજ તે બાહ્ય વસ્તુઓથી લોભાય છે. આવાં લક્ષણો–માનવ સ્વભાવને યોગ્ય ગણાય એટલો ઉંડો આ ફણગો–બાલ-માનસમાં ઉંડો ઉતરી ગયો છે.

આજ્ઞાધીન સ્વભાવનાં બાળકો પણ કિંમત વગરની બાહ્ય વસ્તુઓથી આકર્ષાય છે; પણ આવાં બાળકોની "માલીકી" નો માર્ગ જુદોજ છે. તે તેમને તકરારી બનાવતો નથી અને બનતા સુધી હરિફાઇના વિગ્રહમાં દોરતો નથી. લોકો તેમને કુદરતી સંગ્રહકર્તા માને, તેવી રીતે તેઓ વસ્તુઓને સંતાડે છે અને સંગ્રહ કરવા દોરાય છે; પણ તે સંગ્રહ, જ્ઞાનની અમુક દોરવણીથી વસ્તુઓનો સંઘરો અને વર્ગીકરણ કરવા કરતાં ઘણું જૂદું છે. આપણે, જે વસ્તુઓમાં કોઈ જાતનું આકર્ષણ નથી, તેવા વિવિધ પ્રકારના અને સંબંધ વિનાના પદાર્થો એકઠા કરનાર બાળકોની

વાત કરીએ છીએ. વ્યર્થ અને કારણ વિનાના સંગ્રહના દાખલાઓને રોગચિકિત્સાશાસ્ત્ર માનસિક વિલક્ષણતાથી પ્રેરાએલી ઘેલછાની નિશાની તરીકે ગણે છે. આ સંગ્રહ કેવળ માનસિક રોગી મનુષ્યોમાં જણાય છે એટલુંજ નહિ પણ નકામી અને મેળ વગરની વસ્તુઓથી ભરચક ખીસ્સાવાળાં દોષિત બાળકોમાં પણ દેખાય છે. સામાન્ય રીતે, કેવળ સ્વાભાવિક ગણાતાં, નબળાં, આજ્ઞાધીન સ્વભાવનાં બાળકોની સંગ્રહની પ્રેરણામાં અને આ વસ્તુમાં મળતાપણું છે. તેમણે એકઠી કરેલી વસ્તુઓ જો કોઈ લઈ જાય તો આવાં બાળકો શક્તિ હોય ત્યાં સુધી તેમને બચાવવા પ્રયત્ન કરે છે. માનસશાસ્ત્રી તરીકે, **આડલરે** આવા ચિહ્નોનું રસિક અર્થપ્રતિપાદન કર્યું છે. તે, જેનું બીજ બાળપણમાં હશે એમ મનાતી, વડીલોમાં જણાઇ આવતી ધનલોભની ઘટના સાથે તેને સરખાવે છે. આ ઘટનામાં મનુષ્ય ઘણી વસ્તુઓને વળગી રહે છે અને નકામી હોવાં છતાં તે તેમને છોડતો નથી. મૂળભૂત સમતોલનના અભાવના પરિણામે ઉગેલો તે ઝેરી છોડ છે.

પોતાનાં બાળકો પોતાની મીલ્કતનું રક્ષણ કરે છે ત્યારે માતાપિતા ખુશ થાય છે. આમાં તેઓ માનવોચિત પ્રકૃતિ જુએ છે, અને તેને સામાજીક જીવનના અંકોડા તરીકે સ્વીકારે છે. એકઠું કરતાં અને સંઘરો કરતાં બાળકોનું પણ સમાજમાં સ્થાન છે.

સત્તાની તૃષ્ણા

માલીકીપણા સાથે જોડાએલી બીજી લાક્ષણિક વિકૃતિ, સત્તાની ઇચ્છા છે. વાતાવરણના પ્રેમ દ્વારા બાહ્ય જગતને પ્રાપ્ત કરવા દોરાતા પોતાના વાતાવરણના સ્વામીમાં પ્રેરણાત્મક શક્તિ છે, પણ જ્યારે શક્તિ, વિજયના ફળ તરીકે માનવ વ્યક્તિત્વને ઘડવાને બદલે, **વસ્તુઓને** લઈ લેવા અને ઝુંટવી લેવા માંડે છે ત્યારે તે વિકૃતિ બને છે.

હવે વિકૃત બાળક, સઘળી વસ્તુઓના માલીક વડીલને અતિશય શક્તિમાન પ્રાણી તરીકે પોતાની સમક્ષ જુએ છે. વડીલ દ્વારા વર્તે તો, તેની પોતાની શક્તિ પણ મહાન થાય એવું બાળક સમજે છે. તેના પોતાના પ્રદેશમાં જેને તે કદી પણ મેળવી શકે નહી તેને મેળવવા તે વડીલનો ઉપયોગ કરે છે. આ ક્રિયા સંપૂર્ણરીતે સમજાય તેવી છે. તે બધાં બાળકોમાં અનિવાર્ય રીતે દેખાય છે, તે એટલે સુધી કે, તેને એક તદ્દન સામાન્ય હોવા છતાં પણ સુધારવા માટે બહુ અઘરી ઘટના તરીકે ગણવામાં આવે છે. તે બાળ તોફાનનો એક ખાસ દાખલો પૂરો પાડે છે, કારણકે તે ન્યાયસંગત અને કુદરતી છે કે એક નબળું, અશક્ત અને કેદમાં પૂરાએલું પ્રાણી, એક વખત, આશ્ચર્યકારક શોધ કરે કે એક સ્વતંત્ર, શક્તિ સમ્પન્ન પ્રાણીને પોતાને માટે લાભ મેળવવા તે સમજાવી શકે તેમ છે તો તેવો લાભ લેવા તે મહેનત કરશે. બાળક આ પ્રયત્નનો પ્રારંભ કરે છે અને વસ્તુઓની માગણી શરૂ કરે છે, અને વડીલ, ન્યાયસંગત રીતે તેને તે માટે યોગ્ય ગણે છે. તે ઉપરાંત પછી તે વધારે વસ્તુઓ માગે છે કારણ કે તેની જરૂરિયાતો અનહદ હોય છે. બાળક તરંગોથી ભરપૂર હોય છે અને વડીલ તેને મન સ્વપ્નોની સઘળી ઝગમગતી ભવ્યતામાં તેના સ્વપ્નોની આકાંક્ષા પરિપૂર્ણ કરી શકે તેવું સર્વશક્તિમાન પ્રાણી જણાય છે. આવી લાગણી ઘણુખરૂ ભવ્યગંભીર આધ્યાત્મિક અર્થસૂચન વાળી હોવા છતાં બાળ–આત્માની અદ્‌ભૂત કથા તરીકે જણાતી, પરીઓની કથામાં સંપૂર્ણ પ્રત્યક્ષીકરણ પામે છે. પરીઓની કથાના પાછળના સ્વરૂપમાં બાળકોને તેઓમાં ગુપ્ત રહેલી ઈચ્છાઓ આકર્ષક સ્વરૂપમાં ભવ્યરૂપે જણાય છે. કોઈ પણ માગે તે ભેટો–માનવ શક્તિની પારની સમૃદ્ધિઓ–પરીઓ આપી શકે છે. સારી અને નરસી, સુન્દર અને કદરૂપી પરીઓ હોય છે. તેઓ ગરીબ માનવીના અથવા ધનિકના રૂપમાં જણાય છે. કેટલીક જંગલમાં રહે છે, કેટલીક જાદુઈ મહેલોમાં વસે છે. તેઓ વડીલોની મધ્યમાં વસતા બાળકનું ખરેખર ધ્યેયવાદી આરોપણ જણાય છે. દાદીમાઓ

જેવી વૃદ્ધ પરીઓ છે અને માતા જેવી સુન્દર પરીઓ છે. જેમ આશ્ચર્યકારક સંધ્યાકાળે ફરવા જવાના પોષાક પ્હેરેલી ગરીબ માતાઓ અને ધનિક માતાઓ હોય છે તેમ ચિંથરાં પ્હેરેલી પરીઓ હોય છે અને ઝગમગતાં સોનેરી વસ્ત્રો વાળી પણ પરીઓ છે; અને આ સઘળી તેઓનાં બાળકોને બગાડે છે. વડીલ, પછી તે કંગાલ કે મગરૂર હોય તોપણ બાળકને મન તો હમેશાં શક્તિ સમ્પન્ન પ્રાણી છે, અને એ રીતે વાસ્તવિક જીવનમાં બાળક, ઘર્ષણમાં પરિણમતો લાભ લઈ લેવાનો પ્રયત્ન શરૂ કરે છે. શરૂઆતમાં આવું ઘર્ષણ મીઠું છે કારણકે વડીલ પોતાના બાળકને સુખી અને સંતોષી જોવાના આનંદ માટે પોતાની જાતને હરાવા દે છે અને નમી પડે છે. હા, જે વડીલ બાળકને તેના પોતાના હાથ ધોતું અટકાવે છે તે બેશક તેની માલીકીની ઘેલછા સંતોષવાનો પ્રયત્ન કરે છે, પરંતુ બાળક પ્હેલી જીત પછી બીજીને શોધે છે અને જેમ જેમ પુખ્ત મનુષ્ય નમતો જાય છે તેમ તેમ પોતાના બાળકને સંતોષી જોવાના તેના ભ્રમનો કડવી નિરાશામાં અંત આવે છે. ભૌતિક જગતની અનિવાર્ય હદ છે; જ્યારે કલ્પના અનંતતામાં ફરી શકે છે; પછી એક પળ એવી આવે છે કે જ્યારે ખરી અથડામણ, ઉગ્ર ઘર્ષણ શરૂ થાય છે. બાળકની જીદ, વડીલની શિક્ષા બને છે. ખરેખર, તે તરતજ સ્વિકારે છે અને કહે છે, "મેં મારા બાળકને બગાડયું છે."

આજ્ઞાધીન બાળક પણ તેની પ્રીતિભરી રીતોથી, તેનાં આંસુઓથી, તેની વિનતિઓથી, તેના નાનકડા દિલગીરીભર્યા ચ્હેરાથી, તેના આકર્ષક લાલિત્યથી વડીલને હરાવી શકે છે. વડીલે થાકી જાય ત્યાં સુધી તેને પણ નમતુ આપવું પડે છે; પછી સ્વાભાવિક સ્થિતિમાંથી થયેલી કોઈપણ વિકૃતિ આવ્યા વિના રહે નહી, તેવું દુઃખ ઉત્પન્ન થાય છે. વડીલ વિચાર કરે છે અને પોતાના બાળકને તેના દુર્ગુણોજ વિકાસ પામે તેવી રીતે તેણે ઉછેર્યું છે તે સમજે છે; ત્યારબાદ તે પાછો વળવા અને તેને સુધારવા પ્રયત્ન કરે છે.

પણ દરેક જણ જાણે છે કે બાળકની જીદ કોઈપણ સુધારી શકશે નહી. વિનતિઓ કે શિક્ષાઓ કાંઈપણ કારગત નિવડશે નહી. તાવથી લવારો કરતા માનવીને કહેવું કે તેણે સાજા થવું વધારે સારૂં છે અને ધમકી આપવામાં આવે કે જો તેનો તાવ તે નહિ ઉતારે તો તેને મારવામાં આવશે, તેવો લાંબો ઉપદેશ કરવા જેવું તે છે. સત્ય એ છે કે વડીલે તેના બાળકને નમતું આપીને બગાડયું નથી પણ તેને સાચું જીવન ગાળતું અટકાવીને વિકૃતિમાં હડસેલી મૂકયું છે.

લઘુતાની ગ્રંથી

વડીલ, પછી, બાળક તરફ તેનામાં નથી હોતો તેવો **તિરસ્કાર** બતાવે છે; કારણકે તે માને છે કે તેનું બાળક સુન્દર તેમજ સંપૂર્ણ છે. અને તેનો પોતાનો ગર્વ અને તેની પોતાની ભવિષ્યની આશાઓ તે તેનામાં આરોપણ કરે છે, પણ તેનામાં એક છુપી માન્યતા છે. ખાત્રી કરતાં પણ કાંઈક વધારે તે છે. તે એ છે કે બાળક “ખાલી” અથવા “તોફાની” છે અને તેટલા માટે તેણે પોતે તેને ભરવું અથવા સુધારવું જોઇએ. બાળક માટેના કેવળ તિરસ્કાર કરતાં આમાં કાંઇક વધારે છે, કારણકે તેની સામેનું નબળું પ્રાણી તેનું પોતાનુંજ બાળક છે. બાળકના સંબંધમાં વડીલ સર્વ-સત્તાધીશ છે. બીજા વડીલોની રૂબરૂમાં શરમાય તેવી લાગણીઓ દર્શાવવાનો પણ તેને હક્ક છે. તેના અસ્પષ્ટ વલણોમાં લોભ, જુલ્મની લાગણી અને આપખુદી છે. આ રીતે ઘરમાં, પૈત્રિક સત્તાના રૂપમાં રહેલા બનાવટી સ્વરૂપથી, બાળકના વ્યક્તિત્વનો ધીમો, સતત વિનાશ કરવામાં આવે છે. દાખલા તરીકે, જો એક મુરબ્બી, બાળકને કાચ ખસેડતું જુએ તો તે ધારે છે અને બીએ છે કે કાચ તૂટી જશે. તે વખતે તેનો લોભ તે કાચને ખજાના તરીકે બતાવે છે અને તેનું રક્ષણ કરવા કાચને ખસેડતા બાળકને તે અટકાવે છે. કદાચ આ વડીલ ધનવાન મનુષ્ય છે. તે માને છે કે તેનું બાળક તેના કરતાં વધારે સમૃદ્ધ થાય માટે તે તેની

મીલ્કત દસ ગણી વધારશે, પણ તેજ વખતે તેને લાગે છે કે ગમે તે ભોગે બચાવવા જેવો કાચ અતિશય કિંમતી છે. બીજી બાજુ તે વિચારે, "મેં જ્યારે કાચને એક રીતે મૂકયો છે ત્યારે બાળકે તેને બીજી રીતે શા માટે ફેરવવો જોઇએ. ધારૂં તે પ્રમાણે વસ્તુઓનો નીકાલ કરી શકું તેવો સત્તાધીશ શું હું નથી ?" છતાં આ વડીલ તેના હૃદયમાં બાળકને માટે ગમે તે ભોગ આપવામાં સંતોષ માને છે, તેને એક દિવસ વિજયી જોવાનાં સ્વપ્નાં સેવે છે, તેને પ્રખ્યાત, શક્તિસમ્પન્ન માનવી જોવાની ઇચ્છા રાખે છે, પણ પેલી પળે, એક જુલ્મી, સત્તાધારી વલણ તેનામાં જાગી ઉઠે છે અને તેને તે એક નિર્માલ્ય વસ્તુની જાળવણીમાં વેડફી નાંખે છે. સાચુ કહીએ તો, જો એક નોકરે તેજ ગતિ કરી હોત તો બાપાજી સ્મિત કરત અને જો કોઈ મહેમાન તે કાચ ભાગી નાંખત તો તે કાચ નજીવી કિંમતનો હતો અને ફૂટી ગયો તો કાંઇ હરકત નહી, કહેવા એકદમ દોડી જાત. બાળક આ બધું નિરાશાભર્યા સાતત્યથી જુએ છે અને સમજે છે કે ફક્ત તેને એકલાનેજ વસ્તુઓને માટે ભયંકર ગણવામાં આવે છે અને વસ્તુઓનો સ્પર્શ કરવા તે નાલાયક ગણાય છે. વસ્તુઓ કરતાં પણ કમ કિંમતનું ક્ષુદ્ર પ્રાણી તે છે.

બાળકના આંતરિક ઘડતર વિષે વિચારવાના વિચારોના બીજા ગૂંચવાડા પણ છે. તેણે વસ્તુઓને કેવળ સ્પર્શ કરવાનું અને તેમનાથી કામ કરવાનું નથી પણ તેની પરિપૂર્ણતા માટે ક્રિયાઓના ક્રમને અનુસરવાનું છે. તેના વ્યક્તિત્વના આંતરિક ઘડતર માટે આ સૌથી વધારે અગત્યનું છે. વડીલ હવે તેનાં દરરોજનાં કાર્યોનો ક્રમ ભાન-પૂર્વક નોંધતું નથી કારણ કે તેતો હવે તેના પોતાના આસ્તિત્વના ભાગ તરીકે –જીવવાની રીત તરીકે–તેનામાં છે. જ્યારે સવારમાં તે ઉઠે છે ત્યારે તેણે આ કરવાનું છે, પેલું કરવાનું છે, તે તે જાણે છે અને જગતમાં સૌથી વધારે કુદરતી વસ્તુ તરીકે તે કરે છે. કાર્યનો ક્રમ હવે તેને

લગભગ સ્વયંસિધ્ધ થઇ ગયો છે અને તે તેના ઉપર તેના શ્વાસોશ્વાસ કે હ્રદયના ધબકારા કરતાં વધારે ધ્યાન આપતું નથી. બાળકને, આથી ઉલટુ, આ પાયો નાંખવાને છે; પણ તે કદી એ અનુક્રમપૂર્વક કરવાનાં તેનાં કાર્યોની રચના કરી શકતું નથી. જો તે રમતું હોય છે તો પુખ્ત મનુષ્ય તેની પાસે આવી ફરવા જવાનો વખત થયો છે તેમ કહેશે, તેને પોષાક પ્હેરાવશે અને તેને લઇ જશે; અથવા તો તે, જ્યારે કોઈક નાનું કામ, જેવું કે ડોલમાં પથરા ભરવાનું કરતું હશે ત્યારે તેની માતાની એક સખી આવે તો તેની માતા તેને નવા આવનારને બતાવવા તેના કામમાંથી બોલાવી લેશે. તેના કાર્યની કાંઇ કિંમત નથી તે દર્શાવતાં, તેનાં કાર્યોનો વિચાર કર્યા વિના, તેની સાથે મસલત કર્યા વિના, તેના જીવનનો નિકાલ કરવાને યોગ્ય શક્તિસમ્પન્ન પ્રાણીઓ-બાળકના જીવનમાં મુરબ્બીઓ—સતત વચ્ચે આવ્યાજ કરે છે; જ્યારે તેનીજ હાજરીમાં એક વડીલ બીજાને, અરે, નોકરને પણ મહેરબાની કરીને અથવા તમારાથી બની શકે તો...." કહ્યા વિના તેના ચાલુ કાર્યમાં ખલેલ કરશે નહી. બાળકને તેથી, પોતે, બીજા પ્રાણીઓથી તદ્દન જુદુ, પોતાનામાં રહેલી ખાસ લઘુતાને લઇને બીજા પ્રાણીઓ કરતાં હલકું પ્રાણી છે, એમ લાગ્યા કરે છે: હવે, આપણે કહ્યું તેમ, બાળકના વિકાસમાં આંતરિક રીતે પૂર્વ-નિશ્ચિત યોજનામાંથી પરિણમતી-પ્રવૃત્તિઓની પરંપરા ઘણીજ અગત્યની છે. એક દિવસ વડીલ તેને, તેનાં પોતાનાં કાર્યો માટેની જવાબદારી સમજાવશે પણ આવી જવાબદારીનો પહેલો પાયો એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં થયેલા જોડાણની સંપૂર્ણ રચનામાં અને તેના અર્થસુચનના નિર્ણયમાં રહેલો છે; પણ બાળકને લાગે છે કે તેનાં સઘળાં કાર્યો નજીવાં છે. જે વડીલ—પિતા—તેના પુત્રમાં, તેના પોતાનાં કાર્યો ઉપરની જવાબદારી અને સ્વામીત્વ તે જગવી શકતો નથી તેવી ફરીઆદ કરે છે, તેણે પોતેજ પગલે પગલે બાળકના જીવનના અનુક્રમિક કાર્યોના સાતત્યની ભાવના અને તેની પોતાની

પ્રતિષ્ઠાની લાગણી તોડી નાંખી છે. આવી બાબતમાં પોતાની પ્રતિષ્ઠાની લાગણીને બદલે બાળકમાં તેની પોતાની ક્ષુદ્રતા અને નિર્બળતાની અજાણ ખાત્રી જણાય છે. જવાબદારીનો અર્થ પોતાની જાતનાં કાર્યો ઉપરની પોતાના પ્રભુત્વની ખાત્રી અને અને પોતાની જાતમાં વિશ્વાસ. "હું નહી કરી શકું," તેવી ખાત્રિમાંથી ઉત્પન્ન થયેલા અવિશ્વાસ જેવી બીજી કોઈ નિરાશા નથી. જો એક લકવા થયેલા બાળકને, એક ઘણા ચપળ બાળક સાથે સરતમાં દોડાવવામાં આવે તો તે દોડવાનુંજ ઈચ્છશે નહિ. એક કુશળ રાક્ષસને, એક નાના અણુઆવડતવાળા માણસ સાથે કુસ્તી કરવા મૂકીએ તો તે માણસ લઢવાની ઇચ્છાજ રાખશે નહીં. પ્રયત્નની સંભવિતતા પ્રયત્ન પહેલાંજ ઉડી ગઇ છે અને કસોટી પહેલાંજ અશકિતની લાગણી પાછળ મૂકી છે. હવે જ્યારે વડીલ બાળકના પોતાના બળના ભાનને હલકુ પાડે છે અને તેની પોતાની અશક્તિની ખાત્રી કરાવે છે ત્યારે તે, તેના પ્રયત્નના ભાનનેજ સતત તોડી પાડે છે; કારણકે, ખરી રીતે, વડીલ બાળકના કાર્યમાં અંતરાય નાંખી સંતોષ પામતું નથી પણ કહે છે, "તું તે **નહી કરી શકે**. નકામો પ્રયત્ન કરવામાં અર્થ નથી" અથવા કોઇ વધારે તોછડું હોય તો, "મુર્ખા, તું શા માટે વ્યર્થ પ્રયત્ન કરે છે, જોતું નથી કે તારાથી તે નહી બને." બાળકનાં કાર્ય અને ક્રિયાની પરંપરાઓ સામેજ ફક્ત ઝઘડો થતો નથી પણ તેના વ્યક્તિત્વનોજ વિરોધ થાય છે. તેનાં કાર્યો કોડી કિંમતનાં નથી, એટલીજ લાગણી તેના આત્મામાં થાય છે એમ નથી; પણ તેનું પોતાનું વ્યક્તિત્વજ નાલાયક અને અશક્ત છે, એમ તે માને છે. પછી નિરાશા, આત્મશ્રદ્ધાની ખામી આવે છે; કારણકે જો આપણા કરતાં કોઇક વધારે બળવાન આપણને આપણું ધાર્યું કરતાં અટકાવે છે તેમ લાગે તો તેની જગ્યાએ કોઈ વધારે નબળાને મૂકી આપણે ફરીથી શરૂ કરીએ; પણ જો વડીલ, બાળકને ખાત્રી કરી આપે છે કે નાલાયકી તેના પોતામાંજ રહેલી છે, તો તેના મન ઉપર એક જાતનું

વાદળુ છવાઇ જાય છે અને સાથે, સ્વાભાવિક બની જતું બીકણુ-પણું, એક જાતની ઉદાસીનતા અને ભય, તેનામાં આવી જાય છે. આ સઘળી લાગણીઓનો સમૂહ, માનસપૃથ્થકરણશાસ્ત્ર જેને "લઘુતાની ગ્રંથી" કહે છે તે **આંતરિક અવરોધ** બને છે. આ અવરોધ, બીજાઓ કરતાં નાલાયકી અને લઘુતાની લાગણી રૂપે હમેશાં રહે છે અને તેથી ડગલે ને પગલે ઉત્પન્ન થતી સામાજીક કસોટીઓમાં તેને ભાગ લેતું અટકાવે છે.

આ લઘુતાની ગ્રંથી, બીકણુપણું, નિર્ણય કરવામાં અનિશ્ચિ-તતા, કોઈપણ મુશ્કેલી અથવા ટીકા થતાં પહેલાં, આવી દુઃખભરી સ્થિતિમાં જલદીથી નીકળી આવતા તૈયાર આંસુઓથી બહાર જણાઇ આવતી નિરાશા સાથે એકાએક પીછેહઠમાં દોરે છે.

બાળકની સ્વાભાવિક પ્રવૃત્તિ તેની સૌથી બહાર તરી આવતી લાક્ષણિકતાઓમાં, આત્મશ્રદ્ધા અને કાર્યની ખાત્રી જણાવે છે. જ્યારે **સાન લોરેન્ઝોના** નાના બાળકે નિરાશ થયેલા મુલાકાતકારને રજા હોવા છતાં બાળકો વર્ગ ઉઘાડી શકે અને શિક્ષકની ગેરહાજરીમાં કામ કરી શકે એ બતાવી તેણે સંપૂર્ણ અને સમતોલ ચારિત્ર્યનું બળ બતાવ્યું. તે બળ તેણે માની લીધેલું તેનું પોતાનું બળ નહોતું પણ તેનું જ્ઞાન અને કાબુ હતો. બાળક પોતે શું કરે છે, તે જાણે છે અને તે કરવા માટે જરૂરી કાર્યોની પરંપરા ઉપર તેનો કાબુ છે તેથી, તેણે કાંઈ પણ અસાધારણ કર્યું છે તેવા ભાન વિના કેવળ સરળતાથી પોતે તે કરી શકે છે. તેજ રીતે, ચળ મૂળાક્ષરોમાંથી શબ્દોને ગોઠવનાર બાળક પણ, જ્યારે ઈટાલીની રાણીએ તેને અટકાવી, "ઘણું જીવો ઇટાલી" લખવા કહ્યું ત્યારે તે જરાપણુ વ્યાકૂળ થયું નહોતું. બાળક તરતજ મૂળાક્ષરો તેના ક્રમમાં, તે એકલુંજ હોય તેમ પાછા મૂકવા લાગ્યું. રાણીના માનની ખાતર તેને જે કરવાનું કહેવામાં આવ્યું હતું તે કરવા તેણે, તેની ચાલતી ક્રિયા મુલ્તવી રાખી. એક ખાસ વીગત ભૂલવા જેવી નથી. બીજા શબ્દો બતાવતા પહેલાં તેણે બધા અક્ષરો તેના ક્રમમાં પાછા મુકી દીધા.

અને, ખરેખર, એ રીતે કર્યા પછી 'ઇટાલી ઘણું જીવે' એ શબ્દો ગોઠવવા બેઠું. અહીંઆં પોતાની લાગણી ઉપરનો અને તેનાં કાર્યો ઉપરનો કાબુ રાખનાર કોઈક હતું. આ તેના વાતાવરણમાંથી ઉત્પન્ન થતા બનાવોનો સંપૂર્ણ ખાત્રીથી પરિચય સાધવા તત્પર ચાર વર્ષનું નહાનું બાળક હતું.

ભય

બાળકના લક્ષણ તરીકે ગણાતું વિકૃતિનું બીજા સ્વરૂપ ભય છે. જ્યારે લોકો બીકણ બાળક કહે છે ત્યારે તેઓ અંતરના ઉંડાણની કોઈક વ્યગ્રતાથી ઉત્પન્ન થયેલી ભયની વાત કરેછે. તે ભય તેના વાતાવરણની સ્થિતિઓથી સ્વતંત્ર છે અને શરમાળપણા જેવો તેના ચારિત્ર્યનો એક ભાગ છે. પીડાકારી ભયના ભાનથી વીંટાએલાં આજ્ઞાધીન બાળકો છે, તેથી ઉલટું, બીજાં કેટલાંક, ખડતલ, ચપળ અને હિંમતબાજ બાળકો દૂર ન થઇ શકે તેવો ગૂઢ અને બુદ્ધિ વિરોધી ભય બતાવે છે. મનની આ સ્થિતિઓ, ભૂતકાળમાં થયેલી બળવાન અસરોમાંથી પરિણમેલી કહી શકાય. દાખલા તરીકે, એક રસ્તો ઓળંગતા થતો ભય, પથારી નીચે બીલાડી છે, તેવો ભય, મરઘીના દેખાવનો ભય, એટલે કે માનસરોગશાસ્ત્રે વડીલોમાં અભ્યાસ કરેલા રોગોને મળી આવતી આ સ્થિતિઓ છે. "વડીલ ઉપર આધાર રાખતાં" બાળકોમાં ખાસ પ્રકારના ભયનાં સઘળાં સ્વરૂપો હોય છે, અને વડીલો, આજ્ઞાધીનતા મેળવવા માટે, બાળકના ભાનની ઝાંખી સ્થિતિનો લાભ લઇ તેમનાંમાં અંધકારમાં રહેલા અચોક્કસ પ્રાણીઓનો ભય ખોટી રીતે ઘુસાડી દે છે. મોટાના બાળ વિરોધી બચાવનું આ સૌથી વધારે હાનિકારક સ્વરૂપ છે. તેના કુદરતી અંધકારના ભયમાં તે વધારો કરે છે, અને ભયકારક કાલ્પનિક પ્રતિમાઓથી અંધકારને ભરી દે છે.

બાળકને વાસ્તવિકતાના સહવાસમાં લાવનાર અને તેના વાતાવરણની વસ્તુઓનો અનુભવ મેળવવા દેનાર સઘળી વસ્તુઓ

અર્થાત્ એ સઘળી વસ્તુઓનું જ્ઞાન બાળકને વ્યગ્ર બનાવતી ભયની સ્થિતિમાંથી તેને મુક્ત કરવામાં ઉપયોગી છે. અમારી વાસ્તવિકતાની શાળાઓનાં અનાવિર્ભૂત ભયોની અદૃશ્યતા અથવા તેમના દર્શનની નિષ્ફળતા સ્પષ્ટમાં સ્પષ્ટ પરિણામ છે. એક પ્રસિદ્ધ સ્પેનીશ લેખકને આ બનાવ જનસમૂહ માટે એટલો બધો જાણવા જેવો લાગ્યો કે તેને તેના ઉપર લખવાની ઇચ્છા થઈ. કયારની મોટી થયેલી તેને ત્રણ કન્યાઓ હતી અને અમારી શાળામાં આવતી એક ચોથી નાની બાળા હતી. જો રાત્રે ગર્જનાનું તોફાન થતું તો ચારમાંની નાની બાળા બીતી નહિ અને તેની મોટી બેનોને, તે જ્યાં, તેઓ, આવા પ્રસંગોમાં આશ્રય લેતાં હતાં તે માબાપના ખંડમાં આખું ઘર વટાવીને લઇ જતી. ગૂઢ ભયમાંથી તેની આવી મૂક્તિને લીધે તેની હાજરી બીજાઓને ઘણીજ આશ્વાસક હતી. આ પ્રમાણે, કેટલીક વખત બનતું; તેમજ જો મોટી બાળાઓ રાત્રિમાં ભય પામતી તો તેઓ તે ભયની અસર દૂર કરવા તેમની નાની બેનની પાસે જતી.

ભયની હાજરીમાં આત્મસંરક્ષણની સ્વાભાવિક પ્રેરણાથી ઉત્પન્ન થતી બીકથી આ “ભયની સ્થિતિ” નિરાળી વસ્તુ છે. આ પ્રકારનો સ્વાભાવિક ભય મોટાંઓ કરતાં નાનાં બાળકોમાં ઘણોજ ઓછો હોય છે. બાહ્ય જોખમનો વડીલો કરતાં બાળકોને ઓછો અનુભવ હોય છે, તેથી આમ થતું નથી. આગળ વધી એમ કહી શકાય કે ભયનો સામનો કરવાનું તો બાલ્યાવસ્થાનું એક ચાલુ લક્ષણ છે, અને પ્રમાણમાં વડીલો કરતાં બાળકોમાં એ વધારે વિકાસ પામેલું છે. ખરી રીતે તો, શેરીઓમાં વધતા જતા વાહનો ઉપર લટકતાં, ગામડામાં ઉંચામાં ઉંચા ઝાડ ઉપર ચઢતાં અથવા ખીણની ટોચ ઉપરથી સરકતાં બાળકોની માફક, બાળકો વારંવાર તેમની જાતને ભયમાં મૂકે છે: તેઓ દરીઆમાં અથવા નદીમાં કૂદી પડે છે અને પોતાના જોખમે તરવાનું શીખે છે. બાળકોએ તેમના ગોઠીઆઓના જીવન બચાવ્યાં

હોય અથવા બચાવવાનો પ્રયત્ન કર્યો હોય તેવા બહાદુરીના દાખલાઓતો ગણ્યા ગણાય તેમ નથી. જ્યાં અંધ બાળકોને માટે એ ભાગ ખાસ અલગ રાખવામાં આવ્યો હતો, તે કેલી-ફોર્નિઆની એક સંસ્થાની આગનો દાખલો હું ટાંકીશ. મકાનના બીજા ભાગમાં રહેતાં પણ આ અંધ બાળકોને બચાવવા માટે દોડી ગયેલાં સ્વાભાવિક બાળકોનાં શરીર તે વિભાગમાંથી મળી આવ્યાં હતાં. બોય સ્કાઉટ જેવી બાળકોની સંસ્થામાં અથવા બલીલા જેવા એકઠા કરેલા બાળકોના મંડળોમાં દરરોજ બાળકની વીરતાના દાખલાઓ મળી આવે છે.

બાળકોમાં આટલું બધું વારંવાર માલુમ પડતું વીરતાનું વલણ સ્વાભાવિકતામાંથી તો આવતું નથી એમ પૂછવામાં આવે. અમારા સ્વાભાવિકતાના અનુભવમાં તો સાચા વીરતાભર્યા કાર્યથી ઘણાજ જુદા ઉદાર-ભાવ આવિષ્કરણોને ન ગણીએ તો, કોઇ વીરતાભર્યો બનાવ અમારા ધ્યાનમાં આવ્યો નથી. (મેસીનાનો ધરતીકંપ સાભળીને એક પાંચ વર્ષના બાળકે પહેલીજ વખત એક વાકય લખ્યું હતું, "જો હું મ્હોટો હોત તો હું જઇને મદદ કરત") અમારા બાળકોના જીવનમાં સાચા અને સામાન્ય બનાવો તો તેમને ભયથી દૂર રાખતા અને એ રીતે વચલો માર્ગ લેતા "ડહાપણુ" માં મૂકી શકાય તેવા છે. આથી જીવનનું ચપળતાનું સ્વરૂપ વ્હેલું ઘડાયું છે. દાખલા તરીકે, જમવા માટે અથવા રસોડામાં તેઓ છરી કાંટા લેતાં, દીવાસળીઓ ઘસતાં અને દેવતા સળગાવતાં અથવા દારૂખાનું સળગાવતાં પણ ઘણાં વ્હેલાં શીખી ગયાં છે. તેઓને તળાવની કે ટાંકીની પાસે છુટાં મૂકી શકાય છે અને ભર વ્યવહારમાં કે શહેરમાં તેઓ રસ્તો ઓળંગી શકે છે. ટુંકામાં, તેઓ તેમના કાર્યોને અંકુશમાં રાખે છે અને સાથે સાથે વધારે સાહસિક આવેગોને કબજે રાખી, ગંભીર, શાંત અને ઉચ્ચતર જીવનનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. સ્વાભાવિકતા, એ રીતે, તેમને ભયમાં ઘસડી જતી નથી પણ ભયને ઓળખી અને તેના ઉપર કાબુ મેળવી, તેની વચમાં થઈ ચાલ્યા જવાનું ડહાપણ કેળવે છે.

પ્રત્યાઘાતોની શારીરિક જીવન ઉપર થતી અસરો

માનસિક વિકૃતિઓ, શરીરની ક્રિયાઓને અસર કરતાં કેટલાંક કેવળ જુદાંજ પ્રકારનાં જણાતાં લક્ષણોનો મોટો સમૂહ તેમની સાથે સાથે લાવે છે. આજે, માનસપ્રથક્કરણશાસ્ત્રીની કૃપાથી, ઘણી શારીરિક વ્યગ્રતાઓના માનસશાસ્ત્રીય કારણો, ઠીક ઠીક અભ્યાસનો વિષય બની વૈદકીય શાસ્ત્રનું એક પ્રકરણ બન્યા છે. મૂખ્યત્વે શરીરની જણાતી કેટલીક વિક્રિયાઓનાં દૂર દૂરનાં મૂળ મનના પ્રદેશમાંથી મળી આવે છે. આમાંની કેટલીક, જેવી કે ખોરાકની વિક્રિયાઓ ખાસ કરીને બાળકને અસર કરે છે. ખડતલ, ચપળ બાળકો શિક્ષણથી કે મિતાહારથી રોકી ન શકાય તેવી એક પ્રકારની અત્યાહારની વૃત્તિ બતાવે છે. આવાં બાળકો, ચિત્ત પ્રસન્નતાથી ગણાતી 'સારી ભુખ' ના અનિવાર્ય બળથી ખેંચાઈ જરૂર કરતાં ઘણું વધારે ખાય છે, અને તેથી પરિણામે પાચન ક્રિયાની વિક્રિયાઓ અને શરીરની ઝેરી સ્થિતિ થઈ જવાથી વારંવાર તેમને ડૉકટરોના હાથમાં જવું પડે છે.

પૂરાણ કાળમાં, પોતાની જરૂર કરતાં વધારે ખોરાકને શરીરમાં સમાવવાની જંગલી વૃત્તિમાં નીતિની દ્રષ્ટીએ એક દુર્ગુણ જોયો છે. તેણે કાંઈ ભલુ કર્યું નથી, ઉલટુ નુકશાન કર્યું છે. આવી વૃત્તિ ખોરાક તરફના સ્વાભાવિક ઇન્દ્રિયભાનને અટકાવતી જણાય છે. આ ઇન્દ્રિયભાને ખોરાકની શોધની ભૂખ ન રાખતાં જેટલો જરૂરનો છે તેટલોજ ખોરાક વાપરવાની મર્યાદા બાંધવી જોઈએ. જેમની તંદુરસ્તી, આત્મરક્ષણની માર્ગદર્શક પ્રેરણાના હાથમાં સોંપાઈ છે, તે પ્રાણીઓમાં આ આપણે જોઇએ છીએ. આ સંરક્ષક પ્રેરણાનાં બે સ્વરૂપ છે: એક વાતાવરણ સંબંધી ભયથી બચાવ અને બીજુ વ્યક્તિ પોતે અને તેના ખોરાકના વપરાશનું નિયંત્રણ. પ્રાણીઓમાં, ચાલુ પ્રેરણા તેમને કેવળ યોગ્ય ખોરાક બતાવતી નથી પણ તેનું પ્રમાણ પણ નક્કી કરે છે. સઘળી પ્રાણીની જાતિઓમાં તે, ખરેખર, એક ઘણુંજ ભેદ

દર્શાવતું લક્ષણ છે. તેઓ વધારે ખાય કે ઓછું, પણ દરેક જાતિ તેની કુદરતી સ્થિતિમાં, જે પ્રમાણ પ્રકૃતિએ પ્રેરણાના રૂપમાં તેમનામાં રોપ્યું છે, તેને જાળવે છે.

તેથી ઉલટું, મનુષ્યમાં કેવળ બેવકુફીભર્યો ખોરાકનો સંગ્રહ કરાવનાર નહી પણ સાચા ઝેરી પદાર્થોને ખાવાની વૃત્તિ ઉત્પન્ન કરનાર ખાઉધરાપણું જણાય છે. આથી આપણે કહી શકીએ કે માનસિક વિકૃતિનું દર્શન, સાથે સાથે મનુષ્યને તંદુરસ્તી તરફ દોરતી સંરક્ષક ઈન્દ્રિયભાનની ખોટ પાડે છે. ખોરાકના સમતોલનની ખામી બતાવતાં 'વિકૃત' બાળકમાંથી આની સ્પષ્ટ સાબીતી મળી આવે છે. તેના બહારના દેખાવથી ખોરાક તેને આકર્ષે છે, ફક્ત સ્વાદના બાહ્ય ભાનથી તે ખવાય છે પણ આંતરિક પ્રાણદાયક તત્વ, સંરક્ષક ઈન્દ્રિયભાન નબળુ પડયું છે અગર ચાલ્યું ગયું છે. અમારી સ્વાભાવિક શાળાઓમાં સૌથી વધારે ચોંકાવનારાં દર્શનોમાંની આ એક સત્ય હકીકત હતી કે જેમ બાળકો માનસિક વિકૃતિમાંથી સુધરતાં અને સ્વાભાવિક સ્વરૂપમાં આવતાં ગયાં તેમ તેમની અતિ લોભની સઘળી નિશાનીઓ ચાલી ગઈ અને તેમનું પહેલાં જણાતું ખાઉધરાપણું પણ બંધ થયું. તેઓ બરાબર રીતે ખાઈ શકે તેવા ક્રિયાનાં દરેક ચોક્કસ કાર્યમાં હવે તેમને રસ હતો. શરૂઆતના દિવસોમાં જ્યારે લોકો બાળકના પલટાની વાતો કરતા હતા ત્યારે આ પ્રાણદાયક ઈન્દ્રિયભાનના પુનરોદ્ભવે લગભગ ન મનાય તેવું આશ્ચર્ય ઉત્પન્ન કર્યું હતું. આ બનાવ —બાલજીવનના અમુક દૃશ્યો—એક સત્ય હકીકત હતી, તેની લોકોને ખાત્રી આપવા તેનાં વીગતવાર વર્ણનો થયાં હતાં. નાનાં નાનાં બાળકો, યોગ્ય રીતે મેળવેલા ખોરાકનો સમય થયો હોય અને ભાવતી વાનીઓ રકાબીમાં પીરસાઈ ગઈ હોય ત્યારે તેમના નેપકીનોને ગોઠવવામાં અને દરેક વસ્તુને બરાબર કેમ પકડવી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે યાદ રાખવા ઢાંકેલા કપડાને જોવામાં અથવા નાના સાથીને મદદ કરવામાં તેમનો વખત ગાળતાં અને કેટલીક વખત તો ખાધા પહેલાં જ તેમનું

ખાવાનું ઠંડુ થઈ જતું એટલી ચિકાશ તેઓ કરતાં. પીરસવા માટે પસંદ થવાની આશામાં હોવા છતાં તેમના નશીબે બધાં કામોમાંનું સ્હેલામાં સ્હેલું ખાવાનું કામ કરવાનું આવવાથી બીજાં કેટલાંક દીલગીર પણ થતાં.

માનસશાસ્ત્રીય તત્વો અને ખોરાક વચ્ચેના સંબંધની પૂરક–સાબિતી વિરોધી વાતમાંથી મળે છે. આજ્ઞાધીન બાળકોમાં ખાવા તરફ વિચિત્ર અને ઘણી વખત અનિવાર્ય અણગમો હોય છે. અમુક બાળકોને ખવરાવવામાં ઘણા માણસોએ આ મુશીબત અનુભવી છે. આવાં બાળકો ખાવાની ના પાડે છે, અને તે એટલી હદ સુધી કે કેટલીક વખત કુટુંબમાં અને કેળવણીની સંસ્થાઓમાં ભારે મુસીબત ઉભી થાય છે. પેટ ભરીને ખાવાની અનુકુળ તક ચૂકે નહી, એવું ગરીબ અને નબળાં બાળકો માટે માનવામાં આવે છે છતાં, જ્યારે તેમની સંસ્થામાં આવો બનાવ બને છે ત્યારે તે વધારે ચોંકાવનારો લાગે છે. મટાડવાના સઘળા પ્રયત્નો નિષ્ફળ જાય તેમજ શરીર ઉતારવાની હદ સુધી તે વાત જાય છે ત્યારે તો તે ખરેખર ગંભીર રૂપ પકડે છે. તેમનો ખોરાક લેવાનો નકાર, જેમાં પાચક ઈન્દ્રિયો ખરેખરી બગડેલી હોય છે અને ખોરાકની ઈચ્છા જ જતી રહી છે તેવા અજીર્ણ જેવો ગણવાનો નથી. અહીંઆં તો કોઈકિ માનસશાસ્ત્રીય કારણથી બાળક ખોરાક ખાતું અટકી પડે છે. કેટલીક વખત તેને ખવરાવવાના આગ્રહની સામે બચાવના આવેગને લઈને આમ થાય છે, અથવા બાળકને વડીલની ઝડપથી ખાવાની ફરજ પાડવામાં આવે છે ત્યારે પણ આમ બને છે. બાળકને તેની પોતાની તાલબદ્ધતા છે અને હવે બાલ–નિષ્ણાતો સ્વીકારે છે કે બાળકો તેમનો ખોરાક એક સામટો ખાતાં નથી પણ તેઓના ધીમા ખાવામાં લાંબાં ગાળાઓ રાખે છે. બાળકોને દુધ છોડાવવાના વખત પહેલાં આપણે જોઈએ છીએ કે તેઓ ધાવતાં બંધ થાય છે, તે એટલા માટે નહિ કે તેઓ ખૂબ ધરાયાં છે પણ વચમાં વચમાં તેઓ આરામ લેછે; કારણકે તેઓની તાલબદ્ધતા કેવળ ધીમી છે, એટલું જ નહી પણ તુટક-

ફૂટક છે. તેની પ્રકૃતિના નિયમોને ધ્યાનમાં લીધા વિના બાળક ઉપર ખાવા માટે બળ વાપરવામાં આવ્યું તે જુલ્મ સામે, અંતરાયની માફક તેના સંભવિત રક્ષણાત્મક આવેગને આપણે તેમાં જોઈ શકીએ. આવા બચાવનો સવાલ ન હોય તેવા પણ દાખલા છે. એક બાળક શારીરિક બંધારણથીજ ભૂખની ખામીવાળું જણાય છે. એ અસાધ્ય રીતે ફીકકું છે. કોઈ પણ જાતની સારવાર, ખુલ્લી હવામાં જીવન, સૂર્ય–પ્રકાશ અથવા દરિયાની હવા તેને સુધારવા સમર્થ નથી; પણ આવા દાખલાઓમાં અમને જણાયું છે કે તેના ઉપર પોતાનો અત્યંત પ્રેમ હોવાથી, તેની ઉપર દબાણની અસર કરનાર કોઈ વડીલે તેને વધારે પડતું છાઈ દીધું છે. પછી ફક્ત એકજ ઉપાયથી તે સુધરે તેમ છે; અને તે ઉપાય તેના આત્માને કદરૂપ બનાવનાર આવા વળગણથી છુટું પાડી માનસશાસ્ત્રીય રીતે સ્વતંત્ર અને ક્રિયાત્મક બને તેવા વાતાવરણમાં તેને મોકલી દેવું જોઇએ.

અમારા સિદ્ધાંતના ટેકામાં આપણે નોંધી શકીએ કે ખાવા જેવી માનસથી ઘણીજ દૂર ગણાતી શારીરિક ઘટના અને માનસશાસ્ત્રીય જીવન વચ્ચે સંબંધ છે, તેનો હમેશાં સ્વીકાર થયો છે. બાઇબલના ઇતિહાસમાં આપણને લોભના આવેગથી પહેલા પુત્ર તરીકેના હક્કનો ત્યાગ કરી બુદ્ધિહીન રીતે પોતાનાજ સ્વાર્થની વિરૂદ્ધ વર્તનાર ઈસાવનો દાખલો મળે છે. ખરેજ **"માનસને અંધ બનાવતા"** દોષોના વર્ગમાં અત્યાહારને મૂક્યો છે. અત્યાહાર અને બૌદ્ધિક સ્થિતિના સંબંધ ઉપર **સે. થોમસ એ**કવીનસ કેટલો બધો ભાર મૂકે છે તે જાણવું રસમય છે. અત્યાહાર બુદ્ધિને જડ બનાવે છે, તેવું તે સિદ્ધ કરે છે. અત્યાહાર ન્યાયસંગતતાને બુઠ્ઠી બનાવે છે અને પરિણામે બૌદ્ધિક સત્યોનું ઓળખાણ માનવીમાં નબળું પાડે છે; પરંતુ બાળકમાં આ ક્રિયા ઉલટી રીતે કામ કરતી જોઈએ છીએ. અત્યાહાર માનસશાસ્ત્રીય વ્યગ્રતા ઉત્પન્ન કરે છે. આધ્યાત્મિક પ્રકારની વ્યગ્રતાઓ સાથે ખ્રીસ્તી ધર્મ આ દુર્ગુણને એટલો બધો જોડે છે કે તેને આત્માને મૃત્યુમાં

દોરનારા, જગતનું નિયમન કરતા ગૂઢ કાયદાઓમાંના કેટલાકમાં અંતરાય ઉભો કરી માર્ગ રોકનારા, સાત પ્રાણઘાતક પાપોમાં તેની ગણના કરે છે. તેજ સમયે બીજા, કેવળ અર્વાચીન અને વૈજ્ઞાનિક દ્રષ્ટીબિન્દુથી, માનસપૃથક્કરણશાસ્ત્ર આડકતરી રીતે અમારા માર્ગદર્શક પ્રેરણા અથવા રક્ષણાત્મક ઇન્દ્રિયભાનના વિલોપનના સિદ્ધાંતને ટેકો આપે છે. આનું માનસપૃથક્કરણશાસ્ત્ર જુદાજ પ્રકારનું અર્થસુચન કરે છે અને તેમાં "મૃત્યુ–પ્રેરણા" વિષે બોલે છે; એટલે માનવીમાં, મૃત્યુના અનિવાર્ય આગમનને મદદ કરતા, સરળ કરતા, જલદી પતાવતા અને આત્મઘાતથી પણ તેને ભેટતા કુદરતી વલણનો તે સ્વીકાર કરે છે. જીવન અને મુક્તિને વળગવાને બદલે કોઈક અનિવાર્ય ભૂખથી માનવી, દારૂ, અફીણ, કોકેન જેવાં ઝેર લઇ પરિણામે મૃત્યુને વળગે છે અને તેને આમંત્રે છે; પરંતુ શું આ સઘળુંયે વ્યક્તિના રક્ષણ માટે કાર્ય કરતા પ્રાણદાયક આંતરિક ઇન્દ્રિયભાનનો સાચો વિનાશ સૂચવતું નથી ? જો આવું વલણ મૃત્યુની અનિવાર્યતાને લઈને હોય તો તે સઘળાં પ્રાણીઓમાં હોવું જોઈએ. આપણે તો એમ કહેવું જોઈએ કે સઘળી માનસિક વિકૃતિઓ માનવીને મૃત્યુને માર્ગે વિદાય કરે છે અને તેના પોતાના જીવનનો નાશ કરવા તેને કાર્યરત કરે છે; તેમજ આ ભયંકર વલણ સૌથી પ્હેલાં બાલ્યકાળમાં ઝાંખા અને લગભગ અદૃશ્ય સ્વરૂપમાં દર્શન દે છે.

સઘળા મંદવાડોમાં માનસશાસ્ત્રીય સાથી હોઇ શકે, કારણ કે માનસશાસ્ત્રીય જીવન અને ભૌતિક જીવન ઘાડ રીતે સંકળાએલાં છે; પણ ખોરાકમાં અસ્વાભાવિકતા સઘળાં માટે દરવાજો ખુલ્લો કરે છે, અને બધાંને આમંત્રે છે; તેમ છતાં કેટલીક વખત માંદગી, જાણે તે સાચી ન હોય પણ માત્ર છાયા હોય તેમ, શુદ્ધ રીતે માનસશાસ્ત્રીય કારણો વાળી હોઈ, કેવળ સરખા દેખાવની હોય છે, માનસથપૃક્કરણશાસ્ત્રે સેન્દ્રિય જ્ઞાનતંતુઓના દર્દોને લગતા આવા રોગો ઉપર ઘણો પ્રકાશ પાડયો છે. સેન્દ્રિય જ્ઞાનતંતુઓના દર્દો બનાવટી બીમારીઓ નથી, પણ તેઓ, ખરેખરા, કોઇક વાર

ગંભીર જણાતી ઇન્દ્રિયોની ક્રિયાજન્ય હેરાનગતી અને તાવ જેવાં ચિહ્નો બતાવે છે; છતાંએ આવી બીમારી શારીરિક નથી હોતી કારણકે તેઓ શારીરિક કાયદાઓ ઉપર પ્રભુત્વ ધરાવતી માનસ શાસ્ત્રીય વસ્તુઓથી અનાવિર્ભૂતમાં ઉત્પન્ન થાય છે. માંદગીથી વ્યક્તિત્વ અણગમતી સ્થિતિઓમાંથી અને જોખમદારીઓમાંથી છુટી શકે છે. તે દર્દ સઘળી ચિકિત્સાની સામે થાય છે અને વ્યક્તિત્વ જે સ્થિતિઓમાંથી છૂટવા માંગતું હોય તે દુર થાય ત્યારેજ ચાલ્યું જાય છે. આરોગ્યની દ્રષ્ટીએ કાંઇ પણ ખામી વિનાની નાની છોકરીઓની એક ધાર્મિક કેળવણી આપતી સંસ્થામાં આવા દાખલાનો મને પ્રત્યક્ષ અનુભવ છે. બધું બરાબર છતાં સંસ્થાના આરોગ્યભુવનમાં માંદાં બાળકો હતાં તેમાં કોઇકમાં તો ગમે તેવી સારવારથી પણ ખસે નહી તેવો જડ ઘાલીને બેઠેલો સતત તાવ હતો. સવારની પ્રથમ સમૂહ પ્રાર્થનામાંથી ફરજીઆત હાજરીની મુક્તિથી આ બીમારી અદ્દશ્ય થઇ.

જ્યારે બાળકોને સ્વતંત્ર વાતાવરણમાં અને સ્વાભાવિકતા લાવતી પ્રવૃત્તિઓમાં જોડાવા છુટાં મૂકવામાં આવે છે ત્યારે ઘણી નૈતિક ખામીઓની માફક, ઘણી બીમારીઓ અને વિકૃત સ્થિતિઓ અદ્દશ્ય થઇ જાય છે. આજે, ઘણાએ બાળ–નિષ્ણાતો અમારી શાળાઓને આરોગ્યભૂવનો માને છે અને દર્દ મટાડ-વાના સામાન્ય ઉપચારો નિષ્ફળ ગયા હોય તેવાં શારીરિક ક્રિયાનાં દર્દોવાળાં બાળકોને ત્યાં મોકલે છે. આ રીતે દર્દમાંથી આશ્ચર્યકારક આરામ થયો છે.

જૂઠ

જોકે, માનસિક વિકૃતિ, પ્રફુલ્લિત થતા વૃક્ષની કળીઓ અને ડાળીઓની માફક અમુક અનંત લક્ષણો બતાવે છતાં તે હમેશાં તેનાં તેજ ઉંડા મૂળીયાંમાંથી નીકળી આવે છે અને તેની સાથે કેમ વર્તવું તે જાણવામાં જ સ્વાભાવિકતાનું એકનું એક રહસ્ય રહેલું છે. જ્યારે સાધારણ માનસશાસ્ત્રમાં અને

કેળવણીની ચાલુ પદ્ધતિઓમાં, આવા ખાસ પરિણામો, અભ્યાસ કરવા યોગ્ય અને ખરી રીતે એક બીજાથી કેવળ સ્વતંત્ર હોય તેમ તેમને ચિકિત્સા કરવા યોગ્ય ખામીઓ તરીકે ગણવામાં આવે છે.

આવાં અમૂક પરિણામોમાંનું એક મુખ્ય જૂઠ છે. આત્માને છુપાવતાં, જુદા જુદા પ્રકારના કપડાંઓના સમગ્ર સમૂહ જેવાં જૂઠાણાં છે, અને તેઓ એટલાં બધાં અને એવી જુદી જુદી જાતનાં છે કે તે દરેકનો જુદોજ અર્થ થાય છે. સ્વાભાવિક જૂઠાણાં અને ચિકિત્સાશાસ્ત્રીય જૂઠાણાં. પ્રાચીન આધિશાસ્ત્રે, ચિત્તભ્રમ સાથે જોડાએલા વણદબાએલા સત્યોનો પૂરો વિચાર કર્યો છે. તેમાં જૂઠ સમગ્ર આત્માને સ્પર્શે છે અને ભાષા જૂઠાણાંની રચના બને છે. બાળકોના ન્યાયાલયોમાં બાળકોએ બોલેલાં અને સામાન્ય રીતે સાક્ષીઓ તરીકે જુબાની આપવા બોલાવેલાં બાળકોના સંભવિત અજ્ઞાન જુઠાણાં પ્રત્યે આધિશાસ્ત્રેજ ધ્યાન ખેંચ્યું હતું. લગભગ સત્યના (નિર્દોષતાના મુખમાંથી નીકળેલા સત્ય)ના સમાનાર્થી જેવા "નિર્દોષ આત્મા"ઓ હાર્દિક રીતે ખોટી શાક્ષી પૂરે, તે જ્ઞાન અને ભાન ચમકાવી મૂકે તેવું હતું આ આશ્ચર્યકારક ઘટનાઓ તરફ ગુન્હાશાસ્ત્રના માનસશાસ્ત્રીઓનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું અને સ્વીકારવામાં આવ્યું હતું કે આવાં બાળકો ખરેખર સાચા શુદ્ધ અંતઃકરણનાં હતાં અને તેમનાં જૂઠ, તે તે પળના આવેશથી વૃદ્ધિ પામેલા એક જાતના માનસિક ઘોટાળાને લીધે હતાં.

સત્યને સ્થાને જૂઠનું આ પ્રતિનિધાન, કાયમી સ્થિતિ અગર તો કોઇક અવાંતર બનાવની ઘટના હોય તોપણ ખરેખર, તે ભાનપૂર્વકના આત્મસંરક્ષણથી જાતને છૂપાવવા મથતા બાળકનાં સ્વાભાવિક ગપ્પાં કરતાં તદ્દન જુદાજ પ્રકારનું છે. વળી સ્વાભાવિક બાળકોમાં અને રોજનાં સામાન્ય જીવનમાં બચાવની સાથે કોઇ પ્રકારની લેવા દેવા વિનાનાં જૂઠાણાં પણ હોય છે. બીજાઓ પાસે સાચુ મનાવવામાં તમતમાટ ભર્યો આનંદ મેળવી

કંઇક તરંગલીલાજન્ય અદ્દભુત કહેવાની ઇચ્છાથી ઉત્પન્ન થયેલી ખરેખરી મનોસૃષ્ટિ પણ હોય; છતાં તે છેતરવા માટે અથવા કોઇ અંગત લાભના હેતુથી નથી. આમ હોય છે ત્યારે તે પોતાને અભિનય કરવાના પાત્ર સાથે તાદાત્મ્ય સાધતા અભિનેતાની માફક કળાનું સાચું સ્વરૂપ હોય છે. હું એક દાખલો આપીશ. એક દિવસ કેટલાંક બાળકોએ કહ્યું કે જ્યારે કોઇક જાણીતો મહેમાન જમવા આવવાનો હોય ત્યારે કાચી વસ્તુઓના ખોરાકની જાહેરાત તરીકે તેમની માતાઓ સ્વહસ્તે પોષક તત્વોથી ભરપૂર શાકના કેટલાક રસ બનાવતી હતી. તેઓ કહેતાં કે આવાં સ્વાદીષ્ટ કુદરતી પીણાં એવી સરસ રીતે બનાવવામાં આવ્યાં હતાં કે અતિથિ પોતે તેમનો ઉપયોગ કરશે એટલું જ નહી પણ બીજાઓને પણ તેમ કરવા ભલામણ કરશે એમ મહેમાને કહ્યું. વાતમાં એટલી બધી વીગત અને એટલો રસ ભર્યો હતો કે મેં તેમની માતાઓને આ પૌષ્ટિક તત્વોવાળા રસ તેમણે કેવી રીતે બનાવ્યા હતા તે પૂછ્યું. આવું કંઇ બનાવવાનો કદી વિચાર પણ તેમણે કર્યો નહોતો તેમ તેઓએ મને કહ્યું. બાળકની મનોસૃષ્ટિમાંથી સંપૂર્ણ રીતે ઉપજાવી કહાડેલા અને કાલ્પનિક વાર્તાના શુદ્ધ આનંદ સિવાય બીજા કોઈ પણ હેતુ વિનાના સમાજમાં વહેતા મૂકી દીધેલા સંપૂર્ણ જૂઠાણાનો આ દાખલો છે.

આવા પ્રકારનાં અસત્યો, સત્ય શું છે તેનો વિચાર કર્યા વિના કહેવામાં આવતાં આળસમાંથી ઉત્પન્ન થતાં બીજાં જૂઠાણાંથી લગભગ ઉલટાંજ છે. કેટલીક વખત, અસત્ય દક્ષ બુદ્ધિનું પરિણામ પણ હોય. થોડા વખતને માટે એક છ વર્ષના મારા જાણીતા નાના છોકરાને ગૃહશાળામાં મૂકવામાં આવ્યો હતો. બાળકોની આ ટુકડીને માટે મૂકેલી શિક્ષિકા ખાસ કરીને તેના કામ માટે પૂર્ણ લાયક હતી અને ખાસ કરીને આ બાળક માટે તો તેને ઘણુંજ મમત્વ હતું. થોડા વખત પછી તે નાના બાળકે પોતાની માતા આગળ શિક્ષિકાની સામે ખૂબ વીગતવાર ફરિયાદ

કરી અત્યંત કડક તરીકે તેણે તેનું વર્ણન કર્યું. તેની માતા તપાસ કરવા મુખ્ય અધિષ્ઠાત્રી પાસે ગઇ અને ત્યાં જાણ્યું કે બાળક પરત્વે તે શિક્ષિકાને નબળાઈની હદ ગણાય ત્યાં સુધીની લાગણી હતી અને હમેશાં વહાલસોઇ સંભાળથી તે તેને ભરી દેતી હતી. માતાએ પછી બાળકને પૂછ્યું અને તેણે આવું જૂઠું શા માટે કહ્યું હતું તેનું કારણ માગ્યું. તે બાળકે કહ્યું, "તે જૂઠાણાં નહોતાં." અને પછીથી ઉમેર્યું, "પણ મુખ્ય અધિષ્ઠાત્રી આવી ખરાબ હતી તે હું કહી શકયો નહી." તેનામાં મુખ્ય અધિષ્ઠાત્રી સામે દોષારોપણ કરવાની હિંમત નહોતી એમ જણાતું નહોતું પણ ઉલટું પ્રચલિત રૂઢીના બળથી ખેંચાઈ તેણે તેમ કર્યું હતું. પોતાના વાતાવરણ સાથે અનુકૂળ થવાની બાળકોની પક્કાઇ વિષે ઘણું કહી શકાય તેમ છે.

આથી ઉલટુ, નબળા ચારિત્ર્યનાં આજ્ઞાધીન બાળકો બચાવના પ્રત્યાઘાતને લીધે, માનસિક વિસ્તૃત હકીકત અને કાલ્પનિક કિલ્લાઓની રંગભરી વાદળીઓ વિનાનાં તાત્કાલિક ઉભા કરેલાં જૂઠાણાંઓ કહે છે. ભોળા ભાવે, અવ્યવસ્થિત, તાત્કાલિક ઉપજાવી કહાડેલાં અને તેથી સ્હેલાઈથી ઓળખી શકાય તેવાં આ જૂઠાણાં વડીલોના હુમલાથી સ્પષ્ટ અને હાર્દિક રીતે બચવા માટેજ તેઓ કહે છે, એ વસ્તુસ્થિતિ ભૂલી જઈ વાલીઓ અને શિક્ષકો તેમના સામે જેહાદ જગાવે છે. આવી બાબતોમાં બાળક સામે વડીલો તરફથી મૂકાએલા આરોપો, નબળાઇ અને શરમજનક નીચતાનું દોષારોપણ અને આવા જૂઠાણાંની નાલાયકી બતાવતી ધમકી સાફ સાફ બતાવે છે કે આવાં જૂઠાણાં એક ઉતરતા પ્રકારના પ્રાણીને પ્રદર્શિત કરે છે.

ગપ્પાં મારવાની ક્રિયા માનસશાસ્ત્રીય ઘટનાઓમાંની એક છે અને તે બાલ્યાવસ્થામાં થતા જતા ઘડતર રૂપે હોય છે; પણ સમય જતાં તે વ્યવસ્થિત થાય છે અને માનવીના સામાજીક જીવનમાં તે એટલો બધો મહત્વનો ભાગ બને છે કે શરીરનાં કપડાંની માફક તે આવશ્યક, સભ્ય અને સૌન્દર્યમય પણ બને છે.

અમારી સ્વાભાવિક બનાવતી શાળાઓમાં બાળકનો આત્મા તેનો વાઘો ફેંકી દે છે અને તેની કુદરતી વિશુદ્ધિ બ્હાર તરી આવે છે; છતાં ગપ્પીપણું, ચમત્કારની માફક અદૃશ્ય થાય તેવી વિકૃતિ નથી. તેને માટે પલટાને બદલે પુનર્રચનાની જરૂર છે. વિચારોની સ્પષ્ટતા, સત્ય સાથે સંયોગ, આત્માનું સ્વાતંત્ર્ય અને ઉચ્ચતર વસ્તુઓમાં સક્રિય રસ, વિશુદ્ધ આત્માની પુનર્રચના માટે વરદ વાતાવરણ ઘડે છે.

પરંતુ આપણે સામાજનું પૃથક્કરણ કરીએ તો તેને હચમચાવી નાંખ્યા વિના ખંખેરી શકાય નહી તેવા વાતાવરણથી, તેવાં જૂઠાણાંથી, તે વ્યાપ્ત છે. વસ્તુત: સામાન્ય માધ્યમિક શાળામાં ગયેલાં અમારાં ઘણાં બાળકોને, બીજાં બાળકોથી ઘણાં વધારે વિશુદ્ધ હોવાથી અને અનુકૂળ થવાની અમુક આવશ્યક રીતો તેઓએ નહી પકડેલી હોવાથી, ઉદ્ધત અને માંથાંફરેલ ગણવામાં આવ્યાં હતાં. તેમના શિક્ષકો આ સમજ્યા ન હતા. શિસ્ત અને સામાજીક સંબંધો સાચેજ જૂઠાણાં ઉપર રચાયેલા હતા અને આ અણઓળખી વિશુદ્ધિ, કેળવણીના પાયારૂપ સ્થપાએલી નૈતિક રચનાને ઉથલાવી નાંખતી જણાતી.

માનસપૃથક્કરણશાસ્ત્રનો માનવઆત્માની કથામાં સૌથી વધારે તેજસ્વી હિસ્સો, અનાવિર્ભૂત મનથી સધાતા અનુકુળ થવા રૂપે રહેલા બનાવટી વાઘાનું યથાર્થ સ્પષ્ટીકરણ કરવામાં છે. પ્રાણી સૃષ્ટિમાં ચામડી અગર કલગી સાથે અર્થાત તેની નીચે કાર્ય કરી રહેલી પ્રાણદાયક યંત્રક્રિયાને ઢાંકતાં, શણગારતાં, અને રક્ષણ કરતાં રક્ષણાત્મક કપડાં સાથે સરખાવી શકાય તેવાં જીવનના વિભાગરૂપ બનતાં ભયંકર વસ્રો જેવાં લાગતાં, બાળકોનાં ગપ્પાં નહિ પણ વડીલોનાં બનાવટી સ્વરૂપો છે. બનાવટી વાઘો લાગણીનું જૂઠાણું છે. પોતાની શુદ્ધ અને કુદરતી લાગણીઓ ઘર્ષણમાં આવે તેવા જગતમાં જીવવા માટે અગર વધારે સારૂ ચિરંજીવી થવા માટે માનવી જુઠાણું રચે છે;

અને સતત ઘર્ષણની સ્થિતિમાં રહેવાનું અસંભવિત છે માટે આત્માએ અનુકુળ થવુંજ જોઇએ. આવા પ્રકારના બનાવટી વાઘામાંનો સૌથી વિશિષ્ટ પ્રકારનો એક વાઘો, વડીલનું બાળક પ્રત્યેનું વલણ છે. પોતાની જરૂરીયાતો માટે, વડીલ બાળકની જરૂરિયાતોનો ભોગ આપે છે; પણ પોતે તેમ કરે છે તે કબુલ કરવાનું અસહ્ય હોવાથી, વડીલ તેને સ્વિકારવાની સ્થિતિમાં રહેતું નથી; તેથી પોતે કુદરતી અધિકાર ભોગવે છે અને બાળકના ભવિષ્યના ભલા માટે કામ કરે છે, તેવું પોતાની જાતને સમજાવે છે. જ્યારે નાનું બાળક પોતાની જાતનો બચાવ કરે છે ત્યારે વડીલનો આત્મા સાચી વસ્તુસ્થિતિને પારખતો નથી પણ બાળક પોતાના જીવનના સંરક્ષણ માટે જે કાંઈ કરે છે તે સઘળું તેને મન આજ્ઞા–ઉલ્લંઘન અથવા ખરાબ વલણ છે. ધીમે ધીમે ન્યાય અને સત્યનો ઘણો નબળો અવાજ પણ અદૃશ્ય થઈ જાય છે અને તેને સ્થાને ફરજ, હક્ક, અધિકાર, ડહાપણ, વિગેરે બનાવટી વાઘાના નક્કર, સનાતન સ્વરૂપો બેસી જાય છે. “હૃદય કઠણ થાય છે, તે બરફ બને છે અને કંઈક પારદર્શકની માફક પ્રકાશે છે..... મારૂં હૃદય પથ્થર બન્યું છે. હું તેના ઉપર પ્રહાર કરૂં છું અને ઇજા પામે છે મારો હાથ.*” જ્યાં સઘળો પ્રેમ લુપ્ત થઇ ગયો છે અને કેવળ ધિક્કાર રહ્યો છે તે ધિક્કાર ડેન્ટેના ઈન્ફર્નો (નર્ક)ના ઉંડાણમાં, સુંદર ઉપમારૂપે બરફ છે. પાણીની પ્રવાહી અને નકકર સ્થિતિની માફક પ્રેમ અને ધિકકાર આત્માની બે ભિન્ન ભિન્ન સ્થિતિઓ છે, ખરેખર, આવા વાઘાઓ સમાજની વ્યવસ્થિત વિકૃતિઓને અનુકુળ થવામાં માનવીને મદદ કરતું આત્માનું જૂઠાણું છે અને ધીમે ધીમે તે એકવખતના પ્રવાહી પ્રેમને ધિકકારના નકકર રૂપોમાં ગોઠવી દે છે.

અનાવિર્ભૂત આત્માના ગૂઢ ઉંડાણોમાં આ ભયંકર જૂઠાણું આશ્રય લઈ બેઠું છે.

---

*વીકટોરીઆ ઓકેમ્પોની ‘ દ. ફ્રાન્સેસ્કા અ. બીઆટ્રીસ’ માંથી.

ભાગ ૩

બાળક અને સમાજ

પ્રકરણ ૧

ક્રિયાત્મક મનુષ્ય

કાર્યની પ્રેરણા

સાચા બાલસ્વભાવના આ દર્શન પહેલાં માનસશાસ્ત્રીય જીવનના ઘડતરનું નિયમન કરતા કાયદાઓ તદ્દન અણજાણુ રહ્યા હતા. મનુષ્યના ઘડતરનું માર્ગદર્શન કરતો શીઘ્ર–ચેતન–કાળનો અભ્યાસ માનવજાતિનાં વધારેમાં વધારે વ્યાવહારિક ઉપયોગનાં શાસ્ત્રોમાંનું એક શાસ્ત્ર પણ બને.

વ્યક્તિ અને તેના વાતાવરણના પ્રગતિમય અને હમેશ વધતા જતા અને વધારે નજીકના સંબંધમાં વિકાસ અને વૃદ્ધિનો પાયો છે; કારણકે વ્યક્તિત્વનો અને જેને બાળકની સ્વતંત્રતા કહેવામાં આવે છે તેનો વિકાસ એટલે પોતાના કાર્યોને ઉત્ક્રાંત કરવાના ઉપાયો મેળવી શકે તેવા અનુકૂળ વાતાવરણના સાધનોથી પ્રાપ્ત થયેલા બાળકના વધતા જતા વડીલના આશ્રય–ત્યાગ સિવાય બીજું કાંઈ હોઈ શકે નહિ. બાળકને ધાવણ છોડાવતી વખતે આપણે તેનો ખોરાક, અનાજ, ફળોનો રસ, અને શાકમાંથી તૈયાર કરીએ છીએ અર્થાત માતાના દૂધને બદલે બાહ્ય જગતની વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ, તેના જેવી સ્પષ્ટ અને સરળ આ વાત છે.

યોગ્ય વાતાવરણ તૈયાર કર્યા વિના વડીલોના આનુમાનિક આશ્રય–ત્યાગની કલ્પના કરી કેળવણીમાં બાળકનું સ્વાતંત્ર્ય–દર્શન માનવું તે નરી બેવકૂફી ભરી ભૂલ છે. જેમ બાળકના ખોરાકની બનાવટ તેની તંદુરસ્તીના વિજ્ઞાનનો એક ભાગ છે તેમ વાતાવરણની આ તૈયારી કેળવણીશાસ્ત્રનો એક ભાગ છે. નવી કેળવણીના પાયા રૂપ આવશ્યક સિદ્ધાંતો આપી, વ્યાવહારિક અને વાસ્તવિક બની શકે તેવી માનસિક વાતાવરણની તૈયારીની સ્પષ્ટ રૂપરેખા બાળકેજ આપણને દોરી આપી છે.

બાળકે કરેલાં સ્પષ્ટિકરણોમાં, ક્રિયાદ્વારા સ્વાભાવિકતા મેળવવાની ઘટના એક મૂળભૂત મહત્વનું સ્પષ્ટિકરણ છે. દરેક જાતિનાં બાળકોમાં કરેલા હજારો પ્રયોગોથી કહી શકાય કે આ ઘટના, માનસશાસ્ત્રનું અથવા કેળવણીશાસ્ત્રનું સાબિત થયેલું એક અત્યંત ચોક્કસ સ્વીકૃત સત્ય છે. ચોક્કસ છે કે બાળકનું કાર્યસાધક વલણ એક પ્રાણદાતા પ્રેરણા બતાવે છે, કારણકે નિષ્ક્રિયતાથી બાળકનું વ્યકિતત્વ આપમેળે વ્યવસ્થિત થઈ શકતું નથી અને તેની રચનાના સ્વાભાવિક માર્ગમાંથી તેને વિકૃતિને માર્ગે ખેંચી જાય છે. **કાર્યદ્વારા મનુષ્ય પોતાનું ઘડતર ઘડે છે.** શારીરિક તંદુરસ્તી અગર પ્રીતિ, કંઈ પણ, કાર્યનું સ્થાન લઇ શકે તેમ નથી; તેમજ શિક્ષા અગર દાખલાથી વિકૃતિઓ સુધરી શકે તેમ નથી. કાર્યદ્વારા–હાથે કરેલા કાર્યદ્વારા–મનુષ્ય પોતાનું ઘડતર ઘડે છે, પણ હાથનો ઉપયોગ, તે પોતાના વ્યક્તિત્વના સાધન તરીકે, તેના વાતાવરણની સાથોસાથ પોતાના પ્રયોગો કરતા તેના વ્યક્તિગત મન અને ઈચ્છાશક્તિના અવયવ તરીકે કરે છે. માનવ સ્વભાવમાં કાર્ય એ અંતઃસ્થ વલણ છે, એ સત્ય, બાળકની પ્રેરણા સાબીત કરે છે; માનવજાતિની તે વિશિષ્ટ પ્રેરણા છે.

બાળકમાં સર્વોત્તમ સંતોષ બતાવતી ક્રિયાઓનો, તેની તંદુરસ્તી અને પુનરુત્પત્તિના કેન્દ્રનો, મોટાંઓએ કેવી રીતે ઈન્કાર કર્યો હશે? તેના વાતાવરણથી ઉત્પન્ન થયેલી કેવળ કડક જરૂરિયાતોનુંજ પરિણામ ક્રિયા છે, તેવો ભ્રમભર્યો વિચાર તેને કેવી રીતે આવ્યો હશે? મનુષ્યસમાજનાં કાર્યો ખોટા પાયા પર રચાયાં છે તેથી પણ કદાચ આમ બન્યું હોય. તે માલિકી, સત્તા, બેદરકારી, મમત્વથી વિકૃત બનેલા વિકૃત મનુષ્યોમાંથી વિકસે છે, તેથી માનવીની ઊંડાણમાં રહેલી પ્રેરણા દબાવેલી વિશિષ્ટતા રૂપે ગુપ્ત રહે છે; પછી કાર્ય બાહ્ય સંયોગો ઉપર અથવા વિકૃત મનુષ્યો વચ્ચેના ઘર્ષણ ઉપર આધાર રાખે છે; તેથી તે બળવાન માનસિક અવરોધો ઊભા કરી વેઠ રૂપ થાય છે અને એ રીતે તે કઠણ અને અરૂચિકર બને છે.

છતાં જ્યારે અસાધારણ સંયોગોથી કાર્ય આંતરિક પ્રેરણાત્મક આવેગનું પરિણામ હોય છે ત્યારે મોટાંઓમાં પણ તે કેવળ જુદો ગુણ ધારણ કરે છે. આવું કાર્ય, મોહક, અનિવાર્ય, અને મનુષ્યને વિકૃતિ અને મમત્વથી પર લઇ જનારૂં હોય છે. સર્જક અથવા શોધકનું કાર્ય, શોધખોળ કરનારના વીરતા ભર્યા પ્રયત્નો, અથવા કલાકારની રચનાઓ એટલે તેઓના પોતાના વ્યક્તિત્વના ઘાટમાં તેઓની જાતિની પ્રેરણાને સંશોધન કરવાને શક્તિમાન, લોકોત્તર પ્રતિભાની ભેટ મેળવેલા મનુષ્યનું કાર્ય, આવું કાર્ય છે. આ પ્રેરણા, પછી, બાહ્ય, કઠણ પડમાંથી ફૂટી નીકળેલા ઝરણા જેવી છે અને ભવ્ય અંતરાદેશ લઈને તે શુષ્ક મનુષ્યજાતિ ઉપર તાજગી આપતા વરસાદની માફક વરસવા ઉંચે ચડે છે. આ અંતરાદેશદ્વારા જ સંસ્કારિતાનો સાચો વિકાસ સધાય છે.

બાળક અને મોટાંઓ વચ્ચેનું ઘર્ષણ

શાંત પાણીની સ્થિર સપાટી ઉપર એક પથ્થર નાખતાં તેની લહરીઓ દૂર ને દૂર ફેલાતી જાય છે તેમ વડીલ અને બાળક વચ્ચેની અથડામણ, મનુષ્યજીવનમાં લગભગ અનંત કાળ સુધી વધતાં ને વધતાં જાય તેવાં પરિણામોની શરૂઆત છે. આવાં પરિણામો દરેક બાજુ વર્તુળમાં પ્રસરતાં આંદોલન છે.

શારીરિક અને માનસિક દર્દોનાં મૂળ કારણોમાં જતાં વૈદકશાસ્ત્ર અને માનસપૃથક્કરણશાસ્ત્રે આજ શોધ કરી છે. નાઈલ નદીનું મૂળ શોધવા નીકળેલા શોધકોને, જેમ તેના ઉત્પત્તિસ્થાન-મહાન સરોવર-ના શાંત જળને પહોંચ્યા પહેલાં તેમના માર્ગે ભયંકર ધોધ વટાવવા પડયા હતા તેમ માનસપૃથક્કરણશાસ્ત્રીઓએ માનસિક દર્દોનાં મૂળ શોધવા માટે દૂર દૂરના પંથે પર્યટન કરવું પડયું છે. મનુષ્ય આત્મામાં નિર્બળતા, અસામર્થ્ય, વિરોધ અને કુરૂપતાનાં મૂળ શોધતાં શાસ્ત્રોને બાળકના શરીર અને આત્માના શાંત જળને પહોંચતાં પહેલાં તાત્કાલિક કારણોની પાર પ્રતિત

થતાં અને સમજી શકાય તેવાં કારણોથી ઘણેજ દૂર ઊંડે ઉતરવું પડયું છે.

પણ આપણે, જો, મનુષ્યનાં તત્ત્વોની રચનાના રહસ્યમાં લખાએલા માનવજાતિના નવા ઇતિહાસમાં રસ લેતા હોઇએ તો આથી ઊલટો માર્ગ લઇ, આપણે પ્રથમ બાલજીવનના શાંત સરોવરથી શરૂ કરી, પર્વતમાંથી નીકળી નીચે વહેતી, અંતરાયોને વટાવતી, તેના કઠણ માર્ગમાં વિકૃત અને વાંકીચૂંકી થતી, ઊંડા ધરામાં કૂદતી, શાંત રહ્યા સિવાય બધું કરતી, તેના તોફાની પાણીના સમૂહને અટકાવ્યા સિવાય આગળ વધતી જીવનની તોફાની સરિતાને અનુસરીએ.

મોટાંને વેદના કરતાં સૌથી વધારે જણાતાં શારીરિક રોગ અને જ્ઞાનતંતુના તેમજ માનસિક રોગનાં મૂળ બાળપણમાંથી જડે તો બાલજીવનજ આવાં દુઃખોની વિગત અને તેનાં પ્રથમ ચિહ્નોનાં અને કારણોનાં પગલે પગલાં આપણને બતાવી શકે.

આ ઉપરાંત, બીજું એક નોંધવા જેવું સત્ય છે. દરેક દેખીતું અને ભારે દર્દ, અસંખ્ય નાનાં દર્દોથી વીંટાએલું છે. રોગથી થતા મરણના દાખલાઓ તેજ રોગમાંથી સુધરેલાના દાખલાઓ કરતા સરખામણીમાં ઓછા છે. જો મંદવાડ રોગના હુમલાને અટકાવવા અસમર્થ નબળાઇની નિશાની છે, તો, દર્દોનો ભોગ નથી બન્યાં છતાં નબળાં પણ ઘણાં હશે. દર્દ તરફ વળતી અસ્વાભાવિક સ્થિતિઓ પણ ઇથરનાં આંદોલનોને અનંત કાળ સુધી લઇ જનાર તરંગો સાથે સરખાવવાની છે. આથીજ પાણી પીવાલાયક અને શુદ્ધ છે કે કેમ તે તપાસવા માટે તપાસનાર સઘળું પાણી નથી લેતો પણ ફક્ત થોડુંજ લે છે. આ પ્રમાણે દર્દથી મૃત્યુ થતાં હોય અથવા દિવાનાપણામાં માનવી વિલય પામતાં હોય તો કહેવું જોઇએ કે સમગ્ર માનવજાતિમાં ભૂલ છે.

આ કોઈ નવો વિચાર નથી. મોઝીઝના વખતમાં સ્વીકારવામાં

આવ્યું હતું કે માનવજાતિના મૂળમાંજ ભૂલ હતી. સમગ્ર માનવ જાતિને ચેપી અને પતિત બનાવતું એક મૂળભૂત પાપ હતું માનવ જાતિ તરીકે માટે નિર્માણ થયેલા અસંખ્ય નિર્દોષોમાં સંભવિત શિક્ષા દર્શાવતું આ મૂળભૂત પાપ, અતાર્કિક અને અન્યાયી ખ્યાલ લાગે છે; પણ એવીજ બીજી વસ્તુઓને લક્ષમાં લઇએ. આપણે ઘણાંએ નિર્દોષ બાળકોને ભૂલ ભરેલા વિકાસના પ્રાણઘાતક પરિણામો સહન કરવાની શિક્ષા ખમતાં જોઇએ છીએ; તેનાં કારણો માનવજીવનના પાયામાં રહેલા ઘર્ષણમાં છે. આ ઘર્ષણ કદી શોધાયું નથી છતાં તેનાં પરિણામો ઘણાં ભારે છે. એક બીજા સાથે પ્રેમ કરવા અને સાથે સાથે રહેવા નિર્માણ થયેલા વડીલ અને બાળકની ગેરસમજથી ઘર્ષણ ઉત્પન્ન થાય છે; અને તે પારખી ન શકાય તેવી ગુપ્ત રીતે જીવનના મૂળને કોરી ખાય છે.

ઘર્ષણને લગતા આ પ્રશ્નો ઘણા પ્રકારના છે. કેટલાક સ્પષ્ટ અને દેખીતા, બહારના સામાજિક સંબંધ ઉપર અસર કરે છે. વડીલે પોતે પૂરૂં કરવાનું તેનુ ધર્મકાર્ય એટલું બધું ગૂંચવાડાભર્યું અને તીવ્ર છે કે બાળકની ગતિની તાલબદ્ધતા અને તેની વૃદ્ધિની માનસિક જરૂરિયાતોને વડીલેજ અનુસરવાનું હોય તો, તેનું પોતાનું કાર્ય મોકુફ રાખવાનું અનિવાર્ય બને છે, છતાં તેમ કરવું તેને માટે વધારે ને વધારે અઘરૂં થતું જાય છે. બીજી બાજુ એ વધતી જતી ગૂંચવણો અને મોટાંઓના વાતાવરણની ઝડપ, બાળક માટે વધારે ને વધારે પ્રતિકૂળ થતી જાય છે. નાના બાળકને કુદરતી આશ્રય મળે તેવા અસલી જીવનની સરળ અને શાંતિમય સ્થિતિની આપણે કલ્પના કરી શકીએ. ધીમી ગતિથી સાદાં કામ કરતાં વડીલોને તે જુએ છે. પાળેલાં પ્રાણિઓથી તે વીંટાએલાં છે, અને તેમને પોતાની આસપાસ જીવન ગુજારતાં જુએ છે. તે વસ્તુઓનો સ્પર્શ કરે છે, અને વિરોધ ઉત્પન્ન કર્યા વિના ક્રિયા કરવાનો પ્રયત્ન કરે છે. ઊંઘ આવે છે ત્યારે ઝાડની છાયામાં ઊંઘી જાય છે પણ ધીમે ધીમે સંસ્કૃતિ બાળક માટે સામાજિક

જગતનાં દ્વાર બંધ કરે છે. દરેક વસ્તુ વધારા પડતી નિયમિત, વધારે સંકુચિત, વધારે બોજારૂપ અને વધારે ઝડપી બને છે.* કાર્યમગ્ન વડીલની ઝડપી ગતિજ તેને અંતરાયરૂપ નથી પણ વેગવાન પવનની જેમ બાળક આશ્રય લઈ શકે તેવી જગતની દરેક નાની નિશાનીને ખેંચી જાય તે રીતે આ ચરખો શરૂ થાય છે. પછી તે ક્રિયાત્મક રહી શકતું નથી. બાહ્ય જગતના ગુણોત્તર થતા ભયમાંથી તેના જીવનનું રક્ષણ કરવામાં કાળજી રહેલી છે. આ રીતે તે એક રખડતું, નિરાધાર પ્રાણી, ગુલામ, બને છે. તેના જીવન માટે ખાસ વાતાવરણ રચવાની જરૂરનો કોઈ વિચાર કરતું નથી; તેમજ કોઇ નથી વિચારતું કે તેને પણ સક્રિય થવાની અને કામ કરવાની જરૂર છે. જીવનનાં બે સ્વરૂપો હોવાથી બે સામાજિક પ્રશ્નો છે, તે સમજી લેવાની જરૂર છે અને એવી રીતે બે જરૂરિયાતોનો વિચાર કરવાનો છે. વડીલોનો સામાજિક પ્રશ્ન અને બાળકોનો સામાજિક પ્રશ્ન. દરેક પ્રદેશમાં મહત્ત્વનું કાર્ય કરવાનું છે. વડીલોનું અને બાળકનું કાર્ય બન્ને માનવજાતિ માટે મહત્વનાં છે.

મોટાંનું કર્તવ્ય

કુદરત ઉપર રચાયેલા સિદ્ધાંતને અનુરૂપ વાતાવરણ ઘડવાનું કામ, ચપળતા અને બૌધિક પ્રયત્નથી સધાતું બાહ્ય કાર્ય, મોટાઓનું છે. તે કાર્યને આપણે ઉત્પાદક કાર્ય કહીએ છીએ અને તેના સ્વભાવથીજ તે સામાજિક, સામુદાયિક અને વ્યવસ્થિત છે. સમાજમાં પોતાનું ધ્યેય સિદ્ધ કરવા મનુષ્યે સમાજના કાયદાનાં

---

* બાળકોની નમ્ર, નાનકડી મંદગતિ એટલી બધી સ્પષ્ટ રીતે તેમની પોતાની જ છે, તેઓના વર્ષોના હિસાબે માનસશાસ્ત્રીય રીતે એટલી બધી યોગ્ય છે, તેઓના મગજની ઉમ્મરની એટલી બધી કુદરતી સ્થિતિ છે કે સઘળી બાલીશતાઓમાંથી આ એકને સમજવાની તો જગતમાં બુદ્ધિ હોવી જોઇએ, તેને અનુકૂળ થવાની ધીરજ જોઇએ અને માનવજાતિએ તેની સંભાળ લેવી જોઇએ.

એલીસ મેનેલના 'ધી એનરેડી'માંથી. મૂળ અનુવાદકની નોંધ.

ધોરણો ફરજિયાત વ્યવસ્થિત અને નિયમિત કરવાં જોઈએ. તે ધોરણો સામુદાયિક શિસ્ત ફરમાવે છે અને માનવી તેને સ્વેચ્છાથી તાબે થાય છે; કારણકે સામાજિક જીવન વ્યવસ્થિત અને ફળદાતા બને માટે તેઓએ પોતેજ આવા કાયદાઓ મહત્ત્વના ગણ્યા છે.

સ્થાનિક અને ભૌતિક જરૂરિયાતોના પ્રતિનિધિરૂપ, એક માનવસમૂહથી બીજા માનવસમૂહને અને એક યુગથી બીજા યુગને જુદા પાડતા કાયદાઓ ઉપરાંત, માનવ પ્રકૃતિના મૂળમાં જ રહેલા અને કાર્યની સાથેજ સંબંધ ધરાવતા પાયારૂપ કાયદાઓ, સઘળા મનુષ્યો અને સઘળા યુગો માટે સર્વસામાન્ય છે. આમાંનો એક, સર્વ પ્રાણિઓમાં વિશ્વવ્યાપી લાગુ પડતો કાયદો, –કામની વહેંચણીનો કાયદો–મનુષ્યના ઉત્પાદનનો ભેદ પાડી શકાય માટે જરૂરી છે. બીજો કુદરતી કાયદો વ્યક્તિગત કાર્યકર્તાને લાગુ પડે છે; અને તેમાં મનુષ્ય ઓછામાં ઓછી મહેનત કરી વધારેમાં વધારે ઉત્પાદન કરવા મથે છે. ઓછામાં ઓછું કાર્ય કરવાની ઇચ્છા તેમાં રહેલી છે એટલા માટે નહિ, પરંતુ તેને અનુસરવાથી, શક્તિના ઓછા ખર્ચે ઉત્પાદનનો વધારો થાય છે, માટે આ કાયદો ઘણોજ અગત્યનો છે. માનવીના શ્રમનું સ્થાન લે અથવા તેના શ્રમને પરિપૂર્ણ કરે તેને પણ લાગુ પડે તેવી વ્યવહારિક કાર્યસિદ્ધિનો આ કાયદો છે.

કાર્યની અનુકૂળતા માટે સામાજિક અને કુદરતી "સારા કાયદા" આ છે.

છતાં દરેક વસ્તુ આ "સારા કાયદા" પ્રમાણે થતી નથી; કારણકે મનુષ્ય જેનાથી કાર્ય કરે છે અને સમૃદ્ધિ ઊભી કરે છે, તે સાધનોને હદ છે અને તેથી તેમાંથી ઉત્પન્ન થતાં સ્પર્ધાના સંગ્રામમાં આવા કાયદાઓના ઉપયોગની અવગતિ થાય છે.

પછી મનુષ્યની કુટેવો આગળ આવે છે અને કામની વહેંચણીને બદલે બીજાની મહેનત ઝૂંટવી લેવામાં આવે છે. ઓછામાં ઓછી મહેનતના કાયદાને સ્થાને, બીજા પાસે કામ

કરાવવાનો સિદ્ધાંત ઘુસે છે. "તેમને કામ કરવા દો, જેથી હું આરામ લેતો તેમની મહેનતનો લાભ લઈ શકું." આવી અવગતિ, "સારા કાયદાઓ" સાથે જોડાય છે અને મિલકતના હક્કના બનાવટી નામે ઉમ્મર લાયક મનુષ્યો પાસે કામ કરાવવાની સામાજિક રીત પ્રચલિત થાય છે.

બાળક, મુખ્યત્વે કુદરતી પ્રાણી હોવાથી તેના અસ્તિત્વનાં ભૌતિક અંગો મોટાં સાથે રહે છે; પણ મોટાંના સામાજિક શ્રમથી તે હમેશાં અળગું હોય છે. તેની ક્રિયાઓનો ઉપયોગ સામાજિક ઉત્પાદનમાં થઈ શકતો નથી. મોટાંઓની સામાજિક મહેનતમાં ભાગ લેવાનું બાળક માટે શકય નથી, એ સિદ્ધાંત આપણે હમેશાં ધ્યાનમાં રાખવો જોઇએ. એરણ ઉપર હથોડા મારતા લુહારના હસ્તકાર્યનો દાખલો લઇએ તો બાળક એવો પ્રયત્ન કદી કરી શકશે નહિ. એક વિજ્ઞાનશાસ્ત્રી પોતાનાં સાધનોને મુશ્કેલી ભર્યાં સંશોધનમાં વાપરે છે, તે ધ્યાનમાં લઈ તે પ્રકારના બૌદ્ધિક કાર્યક્ષેત્રમાં બાળક સહેજે પણ હિસ્સો આપી શકશે નહિ, અથવા સારામાં સારા કાયદા ઉપર મનન કરતા ધારાશાસ્ત્રીનો વિચાર કરીએ તો બાળક તેનું સ્થાન કદી લઈ શકશે નહિ.

બાળક આ રીતે માનવ સામ્રાજ્યથી અલગ છે. બાઈબલના શબ્દોમાં પોતાની સ્થિતિ આ રીતે તે સમજાવે. "મારૂં રાજ્ય આ દુનિયાનું નથી." બાળક, મનુષ્યે નિર્માણ કરેલા બંધારણ બહારનું, કુદરત ઉપર મોટાંઓએ ઠોકી બેસાડેલી બનાવટી દુનિયા બહારનું પ્રાણી છે. બાળક જે દુનિયામાં જન્મ્યું છે તેમાં તે અતિ ઉત્તમ સમાજ–પર પ્રાણી છે. જે સમાજને અનુકૂળ થઇ શકતું ન હોય, તેના ઉત્પાદન શ્રમમાં ક્રિયાત્મક ભાગ લઇ શકતું ન હોય, અને એ રીતે સ્થાપિત પ્રણાલિકામાં ખલેલ રૂપ હોય તે પ્રાણીને આપણે સમાજ–પર પ્રાણી કહીએ છીએ. તે ક્રિયાત્મક છે અને તેના કાર્યનો તે ત્યાગ કરી શકતું નથી તેથી અનુકૂળ થવાની તેની અશક્તિમાં વધારો થાય છે; તેથી જ તેની સામે યુદ્ધ

કરવાની જરૂર પડે છે. તે નિષ્ક્રિય બને ત્યાં સુધી તેને વચમાં નહિ પડવાનું, ડખલ નહિ કરવાનું, શીખવવું જોઈએ; અથવા તેને સમાજ—પર પુખ્ત મનુષ્યો માટે નિર્ણિત થયેલા કેદખાનામાં નહિ તો તેને મળતા જ કોઈ બીજા—પછી તેનું નામ બાલગૃહ કહો કે શાળા કહો—ગમે તે તદ્દન અલગ સ્થાનમાં દૂર ગોઠવી દેવું જોઈએ. મોટાંઓની દુનિયામાં ખલેલ કર્યા વિના રહી શકે એવું બને ત્યાં સુધી બાળકને આવાં સ્થાનમાં છોડી દેવામાં આવે છે. તેને પછીથી સમાજમાં દાખલ કરવામાં આવે, પણ તે પહેલાં, તેણે કોઈ પણ જાતના દિવાની હક વિના, ખરેખર, સામાજિક અસ્તિત્વ વિના, શૂન્ય જેવા મનુષ્યની જેમ મોટાંઓની આગળ રહેવાનું છે. વડીલ તેનું માલિક છે. અરજી ન થઈ શકે માટે સ્વતઃસિદ્ધ ન્યાયી ગણાતા વડીલના હુકમોનું બાળકે પાલન કરવાનું છે. શૂન્યમાંથી નાનું બાળક કુટુંબમાં આવે છે અને કેવળ વડીલ જ તેને માટે દેવ જેવું મોટું અને શક્તિસંપન્ન છે. તેના જીવનની જરૂરિયાતો આપી શકે તેવું પણ તેજ છે. વડીલ તેનું સર્જક, વિધાતા, તેનું માલિક અને તેને શિક્ષા કરનાર છે. બાળકને વડીલ ઉપર જેટલો આધાર રાખવો પડે છે તેટલો હદ પારનો, સંપૂર્ણ આધાર કોઈને કોઈના ઉપર રાખવો પડતો નથી.

બાળકનું કર્તવ્ય

પરંતુ બાળક પણ કાર્યકર્તા અને નિર્માતા છે. વડીલના કાર્યમાં ભાગ ન લઇ શકતું હોય તોપણ તેને, ખરેખર, એક મોટું, મહત્વનું, અઘરૂં કાર્ય—માણસ ઉત્પન્ન કરવાનું કાર્ય—કરવાનું છે. નવા જન્મેલા, લાચાર, ચેતનહીન, મૂંગા, ઊભા થવા અશક્ત બાળકમાંથી આત્માના પ્રકાશથી ઓજસ્વી, માનસિક જીવનના સઘળા લાભથી સમૃદ્ધ મનવાળો, આકૃતિમાં સંપૂર્ણ, વ્યક્તિગત માનવી પ્રગટ થાય છે, તે બાળકનું કાર્ય છે. બાળક—કેવળ બાળકજ—માનવીને ઘડે છે. આ કાર્યમાં વડીલ તેનું સ્થાન લઇ શકે તેમ નથી. પ્રકૃતિની ઉપરવટ, વડીલોથી શાસિત, સામાજિક વ્યવસ્થાના કાર્યમાંથી થતા બાળકના બહિષ્કાર કરતાં બાળકના

'જગત' અને 'કાર્ય'માંથી મોટાંનો બહિષ્કાર વધારે સ્પષ્ટ અને સ્વતઃસિદ્ધ છે. બાળકનું કાર્ય જુદા પ્રકારનું છે, અને મોટાના કાર્ય કરતાં તેનું બળ પણ કેવળ જુદા જ પ્રકારનું છે. સાચે જ, એમ કહી શકાય કે તે બન્ને એકબીજાનાં વિરોધી છે. બાળકનું કામ, અણજાણપણે, સર્જનમાં સક્રિય પ્રવૃત્ત થયેલી ગૂઢ આધ્યાત્મિક શક્તિના સમર્પણથી થાય છે. ખરેખર, એ સર્જનાત્મક કાર્ય છે. બાઈબલમાં સાંકેતિક રીતે રેખાંકિત થયેલું સર્જનનું, કહાચ, આજ દૃશ્ય છે. એક દૈવી શક્તિએ મનુષ્યમાં જીવ મૂકયો. શી રીતે મૂકયો તે સંબંધમાં ધર્મગ્રંથ, તેને 'સર્જ્યો' એટલુંજ કહે છે; પણ તેનું સર્જન કઈ રીતે થયું, તે જીવંત પ્રાણીએ શૂન્યમાંથી આવ્યા છતાં સર્વ સર્જાએલી વસ્તુઓ કરતાં બુદ્ધિ અને શક્તિના ગુણો કેવી રીતે મેળવ્યા, તે સઘળું વિગતવાર આપણે બાળકમાં—દરેક બાળકમાં—જોઇએ અને તેની પ્રસંશા કરીએ. આ ચમત્કારિક દૃશ્ય, હમેશાં, આપણી નજર આગળ છે. દરેક જીવંત પ્રાણીની માફક, દરેક મનુષ્ય પ્રાણીમાં પુનરોત્પાદન થાય છે, તે માટે કરવામાં આવેલું આ કાર્ય હતું. અમરત્વનું સચેતન મૂળ અહીં દેખાય છે. અહીં, કંઇજ નાશ પામતું નથી અને દરેકનો જીર્ણોદ્ધાર થાય છે. વાસ્તવિકતાના નક્કર પૂરાવા આગળ ઊભા રહી, દરેક પળે આપણે કહીએ કે બાળક મનુષ્યનો પિતા છે. મોટાંઓની સર્વ શક્તિ, તેના પોતાના ગુપ્ત ઘાટનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય માટે તેના બાળ—પિતામાં રહેલી શકયતાઓમાંથી આવે છે. ભાવિ મનુષ્યના ઘાટની રચના, બાળક કેવળ ધ્યાન અને આરામથી પૂર્ણ કરતું નથી; અને તેથી જ તે સાચું કાર્યરત બને છે. ના, તેનું કાર્ય સક્રિય છે. તે સતત પ્રવૃત્તિથી સર્જન કરે છે. મોટાંઓએ વાપરેલા અને રૂપાંતર કરેલા તેના તેજ વાતાવરણનો બાળક પોતાના કાર્ય માટે ઉપયોગ કરે છે. સતત ક્રિયાથીજ બાળક વૃદ્ધિ પામે છે. તેની રચનાત્મક ક્રિયાઓ તેના બાહ્ય વાતાવરણમાં વાસ્તવિક રીતે ઉભરાઇ જતું સાચું કાર્ય છે. આ રીતે તે પોતાની ગતિઓનો સમન્વય કરતાં શીખે છે અને

તેની બુદ્ધિને સ્થુળ સ્વરૂપ આપનાર લાગણીઓને બાહ્ય જીવન-માંથી શોધી લે છે. ધ્યાનના ચમત્કારિક કાર્યોથી અને કેવળ તેના પોતાનાથી જ સંભવિત શરૂઆતના પ્રશ્નોથી મહામહેનતે તે ભાષા બોલે છે, અનિવાર્ય રીતે પોતાના પગ ઉપર ઊભા રહેવા તે પ્રયત્ન કરે છે. તે દોડે છે, શોધે છે, અને તેમ કરતાં તે જગતના સૌથી વધારે ઉદ્યોગી વિદ્યાર્થીની માફક પોતાના અદૃશ્ય માર્ગમાં ફરતા તારાઓની અસ્ખલિત નિશ્ચલતાથી કાર્યક્રમ અને સમયપત્રકને અનુસરે છે. દરેક વર્ષે તેનો બાંધો માપી શકાશે અને તેને માટેની નિર્ણિત હદને તે પહોંચ્યું હશે. પાંચ વર્ષનું બાળક બુદ્ધિની અમુક કક્ષાએ અને આઠ વર્ષનું બાળક બીજી કક્ષાએ પહોંચ્યું હશે. તેને દશ વર્ષનું થતાં તે કેટલું ઉંચું અને શું કરવા સમર્થ છે, તે આપણે જાણી શકીએ છીએ; કારણકે કુદરતે તેને માટે ઘડેલા કાર્યક્રમને બાળક ઉલ્લંઘતું નથી. આ પ્રમાણે, પ્રયત્નો, પ્રયોગો, વિજયો અને દુઃખોની અતિ પરિશ્રમભરી બાકી ક્રિયાઓ દ્વારા, કઠણ કસો-ટીઓ અને કંટાળા ભરેલું યુદ્ધ ખેલતું બાળક પગલે પગલે સંપૂર્ણતાનું હંમેશાં નવું સ્વરૂપ ઉમેરતું, તેનું કઠણ અને ભવ્ય કાર્ય સમાપ્ત કરે છે. વડીલ, સાચેજ, વાતાવરણને સંપૂર્ણ બનાવે છે પણ બાળક પોતાની મેળેજ સંપૂર્ણ બને છે. પોતાના ધ્યેયને પહોંચે નહિ ત્યાં સુધી આરામ લીધા વિના ચાલ્યે જતા મનુષ્યના જેવા તેના પ્રયત્નો છે. આ રીતે મોટાની સંપૂર્ણતાનો આધાર બાળક ઉપર છે.

મોટાં તરીકે આપણે બાળકના **આધારે** છીએ. આપણા કાર્યક્ષેત્રમાં જેમ તે આપણો પુત્ર અને આશ્રિત છે તેમ તેના કાર્યક્ષેત્રમાં આપણે તેના પુત્રો અને આશ્રિતો છીએ. એક, એક ક્ષેત્રમાં આશ્રિત છે અને બીજું બીજામાં આશ્રિત છે. વડીલ એક ક્ષેત્રમાં માલિક છે પણ બાળક તેના પોતાના ક્ષેત્રનું સ્વામી છે. આ રીતે બન્ને એક બીજા ઉપર આધાર રાખે છે. બન્ને રાજાઓ છે પણ દરેક પોતપોતાના રાજ્યમાં. માનવ જાતિમાં સુસંવાદિતા સાધવાનું મૂળભૂત ખોખું આ છે.

બે કર્તવ્યોની સરખામણી

બાળકનું કામ બાહ્ય જગતની વાસ્તવિક વસ્તુઓ ઉપર કરેલાં કાર્યો હોવાથી, તેમજ તે તે કાર્યો કઈ રીતે હાથમાં લે છે, તેની રીતો અને નિયમો સમજવાથી તથા મોટાનાં કાર્ય સાથે તેમની સરખામણી કરવાથી તેનાં કાર્યોનો સીધો અભ્યાસ થઇ શકે છે. વડીલ અને બાળક, તેઓના વાતાવરણ ઉપર ઇચ્છા અને જ્ઞાનપૂર્વક જ્યારે તાત્કાલિક કાર્ય કરે છે ત્યારે આ રીતના ઇચ્છાપૂર્વકના કાર્યને યોગ્ય રીતે કામ કહી શકાય; પણ આ ઉપરાંત સીધી રીતે નહિ ઇચ્છેલું અને જણાએલું એક **ધ્યેય** દરેકે પાર પાડવાનું છે. વાતાવરણના હિસાબે, જીવન વિનાના ગણાતા છોડવાઓમાં પણ પ્રાણપૂર્ણ અસ્તિત્વ નથી, એમ નથી; અથવા બીજી રીતે નાશ પામે તેવા વાતાવરણને સતત રચતી અને, તે રીતે, વારંવાર નવજીવન આપી સર્જનનું ઘડતર ઘડતી બાહ્ય જગતની શક્તિ એજ જીવનશક્તિ છે. દાખલા તરીકે, પ્રવાળ જીવડાંનું તાત્કાલિક કાર્ય સમુદ્રના પાણીમાંથી ક્ષાર ચૂસીને તેનું રક્ષણાત્મક ઢાંકણ બનાવવાનું છે પરંતુ વાતાવરણને અંગે તેનું અંતિમ સાધ્ય–નવો ખંડ–તેના સીધા કામ કરતાં અત્યંત દૂર હોવાથી વૈજ્ઞાનિક શોધખોળથી આપણે પ્રવાળના ખડકમાં ગમે તેટલી શોધખોળ કરીએ તો પણ તેમાંથી નવો ખંડ શોધી શકીશું નહિ. સઘળાં સજીવન પ્રાણીઓ અને ખાસ કરીને મનુષ્યો માટે આ સાચું છે.

પરંતુ મોટાનું ઘડતર કરવામાં રોકાએલા દરેક બાળકનું દૂર છતાં દ્રષ્ટિગોચર, એક ચોક્કસ ધ્યેય છે. બાળકનો અથવા સામાન્ય બાલજીવનનો દરેક દ્રષ્ટિથી અભ્યાસ કરતાં તદ્દન ઝીણામાં ઝીણી વિગતો વિશે આપણે બધું જાણી અને શોધી શકીએ પણ આપણને એક વસ્તુ નહિ જડે, અને તે છે ભવિષ્યનો માનવી.

તાત્કાલિક કાર્યથી દૂરનાં બન્ને ધ્યેયોનો અર્થ વાતાવરણનો ઉપયોગ કરવાથી થતું કાર્ય છે.

કેટલીક વખત કુદરત તેનાં વધારે સરળ પ્રાણીઓમાં, તેનાં કેટલાંક રહસ્યોની ઝાંખી થાય તેવા દાખલાઓ આપે છે. દાખલા તરીકે, જંતુઓમાં આપણે બે પ્રકારનાં સાચાં ઉત્પાદક કાર્ય નોંધી શકીએ. એક છે રેશમ. મનુષ્યો તેના તેજસ્વી તંતુઓમાંથી તેમનાં કિંમતી કપડાં વણે છે. બીજુ છે કરોળિયાની જાળ. મનુષ્ય નાશ કરવા ઈચ્છે છે તે નાજુક, ગંદો તાંતણો. હવે રેશમ બાળક પ્રાણીનું કાર્ય છે અને કરોળિયાની જાળ વડીલનું છે. બેશક, આપણે બે પ્રકારનાં કાર્યકરો સાથે કામ પાડવાનું છે. આથી આપણે બાળકના કાર્યની વાત કરી તેને વડીલના કાર્ય સાથે સરખાવીએ છીએ, ત્યારે બન્ને સરખા સાચા પણ જુદા જુદા ધ્યેય માટે બે જુદી જાતની પ્રવૃત્તિઓની સરખામણી કરીએ છીએ.

આપણે બાળકના કાર્યનું લક્ષણ જાણવાની જરૂર છે. નાનું બાળક બાહ્ય હેતુ સાધવા કાર્ય કરતું નથી, પરંતુ તેના કાર્યનું લક્ષ ક્રિયાજ છે. તેની પ્રવૃત્તિનાં પુનરાવર્તનો તે પૂરાં કરે છે ત્યારે તે બાહ્ય વસ્તુઓથી સ્વતંત્ર હોય છે. બાળકની વ્યક્તિગત વિશિષ્ટતા જોતાં થાકને લીધે કામનો અંત આવે એમ નથી, કારણકે પોતાના શ્રમમાંથીજ નવું જોમ અને સંપૂર્ણ શક્તિ મેળવવાની તો તેની ખાસીયત છે. આંતરિક જરૂરિયાતના સંતોષનું —માનસિક પ્રોઢતાની ઘટનાનું—તેનું કાર્ય છે. સમગ્ર એક તરીકે બાહ્ય ધ્યેયને વિચારતાં, તેની ક્રિયા જેના ઉપર થાય છે તે હેતુ, તે હેતુનો ઉપયોગ, અને તેની નજરમાં રહેલું ધ્યેય, તે આંતરિક ક્રિયાના એકજ સાધન તરીકે નિર્ણિત થાય છે. જાણે કે, યાંત્રિક ક્રિયાનો નિર્ણય કરતું યાંત્રિક ઉત્તેજક હોય તેમ આ ક્રિયા હેતુ સાથે સંકળાયેલી નથી; પરંતુ માનસે તો તેનું કાર્ય કરવુંજ જોઇએ. કાર્યનો અમલ અને સાધ્ય ધ્યેય, બન્ને દ્વારા ચોકકસ રીતે મેળવેલા જ્ઞાનથી પ્રવૃત્તિનું પુનરાવર્તન થાય છે. આ સઘળું, રચનાત્મક પ્રવૃત્તિઓ માટે આવશ્યક, ગૂંચવણભર્યો હેતુ બને છે. તેની ક્રિયાની સંપૂર્ણતા માટે નહિ પણ તેના પોતાના આંતરિક ઘડતર માટે, આ પુનરાવર્તનની જરૂર બાળકને લાગે

છે; અને તેને માટે લીધેલો સમય, જરૂરી પુનરાવર્તનોની સંખ્યા અને આધ્યાત્મિક ગર્ભમાં રહેલો નિગૂઢ કાયદો, બાળકોના રહસ્યોમાંનું એક રહસ્ય છે.

આથી વડીલને અને બાળકના કામના કુદરતી કાયદાઓ વચ્ચેના ભેદોમાંનો એક ભેદ જણાય છે. બાળક ઓછામાં ઓછા પ્રયત્નના નિયમને અનુસરતું નથી; પરંતુ તેથી ઊંધાજ કાયદાને અનુસરે છે. અવાસ્તવિક હેતુ માટે તે અતિશય શક્તિને બગાડે છે, અને દરેક વિગતના બરાબર અમલમાં કેવળ ક્રિયાત્મક શક્તિને નહિ, પણ અતિ પ્રબળ શકિતને પણ વેડફે છે. આથી બાહ્ય ક્રિયા અને હેતુ ક્ષણિક મહત્વની વસ્તુ છે. વડીલના આધ્યાત્મિક જીવનને જાગૃત કરે તેમ હોવાથી, વાતાવરણનાં સાધનોનો અને આંતરિક જીવનની પરિપૂર્ણતાનો આવો સંબંધ ખાસ ધ્યાન ખેંચે તેમ છે. ઉચ્ચ કોટીએ પહોંચેલો માણસ, બાહ્ય વસ્તુને ચોટી પડતો નથી પણ પોતાની આંતરિક પરિપૂર્ણતા માટે નિપુણતાથી તેનો કેવળ જરૂરી ઉપયોગ સમયપૂરતો કરી લે છે; ત્યારે સામાન્ય કોટીનો મનુષ્ય અર્થાત્ સામાન્ય મનુષ્ય વસ્તુઓનો —બાહ્ય હેતુઓનો—એટલો બધો રાગી હોય છે કે તેને માટે તે પોતાની જાતનું બલિદાન આપવા અને પોતાનો આત્મા અને તંદુરસ્તી બન્ને ગુમાવવા તૈયાર હોય છે.

મોટાના અને બાળકના કાર્ય વચ્ચે સ્પષ્ટ અને નિર્વિવાદ ભેદ પાડતું બીજું લક્ષણ આ છે. બાળકના કાર્યમાં બીજાનાં કાર્યોનો લાભ લેવાનું, તેમજ ટૂંકામાં પતાવવાનું નથી. તેના વિકાસનું કાર્ય તેણે એકલાએજ સર્વથા સંપૂર્ણ કરવાનુ છે. તેનું કાર્ય કોઈ કરી શકે નહિ, અને તેને બદલે કોઈ વૃદ્ધિ પામી શકે નહિ. વીસ વર્ષના થવા માટે તેણે વીસ વર્ષ ગાળવાંજ જોઈએ. ભૂલ વિના અને જાતનો બચાવ કર્યા વિના, કાર્યક્રમ અને સમયપત્રકને અનુસરવું, તે, ખરેખર, વૃદ્ધિ પામતા બાળકની ચોકકસ વિશિષ્ટતા છે. કુદરત કડક કામ લેનારી શેઠાણી છે. તે અત્યંત નજીવા આજ્ઞા—ઉલ્લંઘન માટે ઇન્દ્રિયોને વિકૃત કરવાની અથવા વિકાસને

અટકાવવાની શિક્ષા કરે છે; ટૂંકામાં મંદવાડ અથવા અસ્વાભાવિકતા લાવે છે. કુદરતના અભ્યાસી તરીકે બાળકને વિચારવા એક ક્ષણ અહીં રોકાવું રસમય થશે. કુદરતી શક્તિનું તે સંપૂર્ણ રીતે આજ્ઞાપાલન કરે છે, તેને દોરે છે, અને મધ્યયુગના શૂરવીરો, પૂર્વે ગૌરવભરી કાર્યસિદ્ધિની આશા રાખતા તેના કરતાંએ વધારે કર્તવ્યનિષ્ઠાથી સોંપેલું કાર્ય તે પાર પાડે છે. કુદરતે નિર્માણ કરેલા કાર્યક્રમને અનુસરવાથી, શારીરિક કદ અને માનસિક શક્તિમાં વધારો થાય છે. ઉદ્યોગી અભ્યાસી જેમ પોતાના કાર્ય વિશે મૌન સેવે છે, તેમ બાળક કેવી રીતે તે વૃદ્ધિ પામે છે, કેવી રીતે તેનું આંતરિક ઘડતર ઘડે છે, તે રહસ્ય જણાવતું નથી. ખાસ સંયોગોમાં જ, તે તેનું પ્રગટીકરણ કરે છે. કુદરતના અભ્યાસી બાળકને વખતોવખત પરીક્ષાઓ પસાર કરવી પડે છે; એટલે તેના વિકાસની જુદી જુદી કક્ષાએ પહોંચવા માટે તેને અસાધારણ પ્રયત્નો કરવા પડે છે. જંતુથી માંડીને મનુષ્ય સુધી, સઘળાં બાળ–પ્રાણીઓને આવા શીઘ્ર–ચેતન–કાળ વટાવવા પડે છે.

આ કાળમાં, વૃદ્ધિની કક્ષા સૂચવતાં પણ પાછળથી અદૃશ્ય થતાં કેટલાંક ઇન્દ્રિયભાન છે; અને આ ઈન્દ્રિયભાન શબ્દમાં આપણે ક્ષણિક અને અમૂક કક્ષાસૂચક, ક્રિયાત્મક શક્તિ માનીએ છીએ. આ શકિત–ગુમાવેલાઓને તે ચમત્કૃતિમય લાગે છે. ખરેખર, આપણે કહીએ કે, જેમ એક અભ્યાસી દરેક વિષયમાં પરીક્ષા પસાર કરે છે, એટલુંજ નહિ પણ એક ધોરણમાંથી બીજા ધોરણમાં જવા દરેક વિષયમાં પસાર થાય છે તેમ, વિકાસને માર્ગે જતા પ્રાણીએ મેળવેલી સઘળી સિદ્ધઓ, દરેકે દરેક, શીઘ્ર–ચેતન–કાળને આભારી છે.

ક્રિયા દ્વારા વૃદ્ધિ

ઉત્ક્રાંતિની ક્રિયામાં પ્રાણીઓના શીઘ્ર–ચેતન–કાળ, કુદરતના આશ્ચર્યોમાંનું એક મહદાશ્ચર્ય છે. બાળપણના સમયમાં આ પ્રેરણાઓ દેખાય છે અને ચોકકસ વિશિષ્ટતાને માર્ગે લઈ

જતા આંતરિક માર્ગદર્શનને બતાવે છે. ક્રમપૂર્વક વધતી વસ્તુઓના સંગ્રહ જેવી અથવા અંતર્ગત વંશપરંપરાથી ઉતરી આવેલી જરૂરિયાત જેવી વૃદ્ધિ, આ રીતે, અનિશ્ચિત કાંઇ, નથી. તીવ્ર ઇન્દ્રિયભાન અને ક્રિયાના વિશિષ્ટ સ્વરૂપોને આવેગ આપનાર ક્ષણિક પ્રેરણાઓથી ચોકકસ રીતે દોરવાતી તે ક્રિયા છે. આ ક્રિયાઓ ઘણુખરૂ ઉમર લાયક વડીલોની ક્રિયાઓથી તદ્દન જુદી પડે છે. આ બે કક્ષા વચ્ચેનો ભવ્યગંભીર ભેદ આ છે: સંપૂર્ણ શારીરિક આકૃતિ અને સંપૂર્ણ શારીરિક વિકાસ મેળવતાં, બાહ્ય દુનિયામાં સ્થિર રીતે ક્રિયામાં દોરનાર, તેની જાતીય પ્રેરણાઓને મોટાંઓએ સાથે સાથે વાસ્તવિક બનાવી છે; જ્યારે બાળપ્રાણીમાં ઘણુખરૂ આવા પ્રકારની તેની જાતિની છેલ્લી પ્રેરણાની ખામી છે, અને તેને બદલે મોટપણુની વિશિષ્ટતાઓ મેળવાવનાર જુદાજુદા પ્રકારની, એક પછી એક પ્રેરણાઓની પરંપરા તેનામાં હોય છે. વૃદ્ધિની ક્ષણિક, માર્ગદર્શક પ્રેરણાઓની અસરરૂપ આવું ઇન્દ્રિયભાન કુદરતની અવિરત ક્રિયાઓને સમજાવે છે. આજ રીતે, શરીરના બાહ્યપડ નીચે વધારે ઉંડા ઉતરતાં આપણે જીવંત શરીરના અસ્તિત્વની વિગતવાર સમજ આપતી ઇન્દ્રિયો અને તંતુઓની કાર્ય કરતી ક્રિયા જોઇ શકીએ. એજ પ્રમાણે આપણે માનસશાસ્ત્રના નિયમોની ઘટનાઓ માટે સપાટીની નીચે શોધખોળ કરી શકીએ અને વૃદ્ધિના આધારરૂપ જુદા જુદા પ્રકારની ક્રિયાઓ શોધી શકીએ. બાળકના શીઘ્ર-ચેતન-કાળ, સાચેજ, કેટલીક વખત તેને આશ્ચર્યકારક શક્તિઓ ભેટ આપે છે. બાળકની ઇન્દ્રિયોની અસાધારણ તિવ્રતાની, તેના વાતાવરણુની ઝીણામાં ઝીણી બિગત એકઠી કરવા તેના ધ્યાનને દોરનાર રંગો અને માપની તેની આંખની તિવ્રતાની, આપણે નોંધ લઇએ. બાહ્ય વસ્તુઓની, અને વાતાવરણમાંના તેમના સ્થાન વિશેની વ્યવસ્થાનો શીઘ્ર-ચેતન-કાળ પણ આશ્ચર્યકારક છે. આ ઇન્દ્રિયભાનદ્વારા બાળક તેનો પરિચય સાધી શકે છે. કુદરતે, બાળકમાં જો આવા વલણો ન મૂકયાં હોત તો આ પરિચયનું કાર્ય અશકય બન્યું હોત.

મોટાં કરતાં બાળકોમાં જુદા પ્રકારનો પ્રેરક સિદ્ધાંત છે. વડીલ, નીરસ પ્રયત્ન, આત્મભોગ અને કંટાળાભર્યો શ્રમ માગતા બાહ્ય હેતુઓની આંધીમાં કાર્ય કરે છે અને જો મોટાંએ તેનું કાર્ય સફળ કર્યું છે તો તેણે બાળક તરીકે મજબુત મનુષ્ય બનવા માટે સારી રીતે કામ કર્યુંજ હશે.

વડીલે તેનું શરૂઆતનું ઈન્દ્રિયભાન ગુમાવ્યું છે, તેથી કડક પરીક્ષામાં નિષ્ફળ થવાને લાયક ઠોઠ વિદ્યાર્થી તરીકે કુદરત તેને ગણશે. તે હવે બાળકનું અનુકરણ કરી શકશે નહિ.

બાહ્ય જગત તરફ અશ્રમિતરીતે ખેંચતા અને તેના આંતરીક જીવનને પોષણ આપતા આધ્યાત્મિક દુધ જેમ વસ્તુઓની અસરોને પોતાનામાં સંગ્રહ કરતા, ઔદ્ધિક પ્રેમથી તેજસ્વી, નાજુક ઈન્દ્રિયભાનથી બાળક આગળ ધકેલાય છે. આથીજ બાળકના માનસિક પ્રાદુર્ભાવો એકદમ ઉત્સાહના આવેશ અને કાળજીભરી સતત ધીરજના પ્રયત્નો છે.

બાળક કામથી થાકતું નથી; ઉલટું તેનાથી તેની શકિત વધે છે. કાર્યદ્વારા તે વૃદ્ધિ પામે છે, અને તેથીજ કાર્ય તેની શક્તિમાં વધારો કરે છે. કાર્યોમાંથી મુક્ત થવા તે કદી માગણી કરતું નથી; ઊલટું તે કાર્ય માટે માગણી કરે છે. વૃદ્ધિનું કાર્ય તેનું જીવન છે. સાચેજ, તેણે કાં તો કામ કરવું જોઇએ અથવા મરણ શરણ થવું જોઇએ.

આ રહસ્યથી અજ્ઞાત મોટું બાળકના કાર્યને સમજી શકતું નથી, અને, ખરેખર, તે કદી સમજી શકયુંજ નથી. આથીજ બાળકને વૃદ્ધિ પામવા માટે આરામની સૌથી વિશેષ જરૂર છે, એમ માની હમેશાં તેણે તેને કાર્ય કરતું અટકાવ્યું છે. તેના પોતાના શ્રમના કુદરતી નિયમથી—ઓછામાં ઓછો પ્રયત્ન અને સમયના બચાવથી—દોરાઈ વડીલે બાળક **માટે** બધું કર્યું છે. બાળક કરતાં વધારે ઝડપી અને કુશળ હોવાથી તેણે બાળકને

કપડાં પહેરાવ્યાં ઉતાર્યાં છે, નવરાવ્યું છે, ખવરાવ્યું છે, બાબા-ગાડીમાં અથવા હાથમાં તેડી ફેરવ્યું છે, અને બાળકને મદદ કરતાં અટકાવીને તેણે પોતેજ તેનું વાતાવરણ ગોઠવ્યું છે.

" દુનિયામાં અને બરાબર વખતે " બાળકને જ્યારે પોતાનો નાનો ખંડ મળે છે ત્યારે તે આતુર બચાવની પહેલી નિશાની તરીકે બોલી ઊઠે છે, " ઉં........! માલે તલવું છે, ઉ તલી છ."

અમારી શાળામાં બાળકો માટે ખાસ તૈયાર કરેલા વાતાવરણમાં, તેમની આંતરિક જરૂરિયાત બતાવતું એક વાકય અમને મળી આવ્યું ! " માલી મેલે તલવા દો." આ વિપરીત વિનંતિ કેટલું તેજસ્વી–વ્યાખ્યાન છે. વડીલે બાળકને મદદ કરવી જોઇએ પણ તે પોતે પોતાનું કામ કરી શકે તેવી રીતની તે મદદ હોવી જોઇએ. બાળક કેવળ જરૂરિયાત જ નહિ પણ તેના વાતાવરણમાંથી તેને શાની જરૂર છે, તે પણ દર્શાવે છે. માલિકી ભોગવવા અથવા આનંદ પ્રમોદ કરવા નહિ; પણ તેનાં પોતાનાં કાર્યો સિદ્ધ કરવામાં મદદરૂપ થાય તેવા વાતાવરણની તેને જરૂર છે. સાચેજ, ધર્મ–સાધક વડીલથી રચાયેલું અને ઉચ્ચ પ્રકારની બુદ્ધિથી દોરાયેલું પ્રાણપૂર્ણ વાતાવરણ તેને માટે જોઇએ. જે દુનિયામાં વડીલ બાળક માટે બધું કરે છે અને જે નિષ્ક્રિય વાતાવરણમાં વડીલ બાળકને પોતાની જાતના આધારે તજી દે છે, તે બન્નેથી અમારી માન્યતા આ રીતે જુદી પડે છે.

શારીરિક ગર્ભની માફક, આ આધ્યાત્મિક ગર્ભ તેના વિકાસ માટે સચેતન વાતાવરણ માગે છે.

બાળકની શક્તિ અને કદના પ્રમાણના સાધનોની વચમાં તેને મૂકી દેવું પૂરતું નથી; પણ તેને મદદ કરનાર વડીલે, તે બધું કેમ કરવું, તે શીખી લેવું જોઇએ. કોઈ અનિવાર્ય ગેરસમ-જથી, વડીલ બાળકને મદદ કરવાને બદલે, તેને સ્થાને પોતાને જ મૂકી દે તો તેથી વડીલ બાળકના માનસિક જીવનના વિકાસમાં સૌથી વધારે અંધ અને સૌથી વધારે બળવાન આડખીલીરૂપ

બને છે. આ ગેરસમજમાં, બાળક અને વડીલના કાર્ય વચ્ચેની અત્યંત વધારે પડતી હરિફાઈમાં, માનવી અને તેના કાર્ય વચ્ચેના વિગ્રહનું સૌથી પહેલું મહાન નાટક રજુ થાય છે; અને કદાચ મનુષ્ય જાતિનાં નાટકો અને વિગ્રહોનું મૂળ પણ આમાંજ રહેલું છે.

આવાં અતિશય નાજુક અને દૂરોગામી તત્વો, આપણને, પોતાનામાં રહેલી આકૃતિનો ઘાટ બગડે નહિ માટે સંરક્ષક વાતાવરણથી ઢાંકીને રક્ષણ કરાતા શારીરિક ગર્ભના તંતુઓનું સ્મરણ કરાવે છે. બાળક માટે, મનુષ્યના આધ્યાત્મિક ગર્ભ માટે, આપણે સંરક્ષક અને જીવન્ત વાતાવરણ રચવું જોઇએ, તેમાં શંકા નથી. હવે બાળકની રચનાત્મક શક્તિઓની પ્રવૃત્તિના ઉપયોગને આવશ્યક અને પ્રમાણપુરઃસર કદનાં ક્રિયાત્મક સાધનો બાળકના હાથમાં કેવળ મૂકવાથી કામ સરે તેમ નથી; તેમજ બાળક ઉપર અતિશય પ્રીતિ રાખનારાં અને નજીકનાં વડીલોને અથવા માતાઓને થોડીક શિખામણ આપવાનું પૂરતું નથી. જેની જરૂર છે તેનો પાયો તો ઘણો વિશાળ છે. બાળક કેવળ જીવનની ઇચ્છાઓને સંતોષવા નથી ઇચ્છતું પણ વડીલ જેનાથી અજ્ઞાત છે અને જેની કાળજીની અત્યંત જરૂર છે, તે સમગ્ર જીવનની ઉત્ક્રાન્તિને ઇચ્છે છે. અત્યાર સુધી **મોટાંઓને માટે જગતની** રચના કરનારે હવે **બાળકને માટે જગતની** રચના કરવા બેસી જવાનું છે. બાળક સાથેનું વર્તન ઘણું ગૂંચવણભર્યું અને નાજુક હોવાથી માતાની જાગૃતિ અથવા નવા પ્રકારની આયાઓ અથવા શિક્ષકોના શિક્ષણ કરતાં પણ ઘણું વધારે કરવાનું છે.

જીવનનું નૂતન તત્ત્વજ્ઞાન રૂપી સર્વોત્કૃષ્ટ પરિણામ આવે ત્યાં સુધી બાળકની જરૂરિયાતોની પ્રતિક્રિયાઓ સર્વ સમાનધર્મી વિજ્ઞાનોનું કેન્દ્ર બને તેવી કેળવણીની માનસિક પુનર્રચના થવી જોઇએ.

માર્ગદર્શક પ્રેરણાઓ

પ્રકૃતિમાં પણ આપણે બે પ્રકારનું જીવન જોઈએ છીએ. પુખ્ત જીવન અને બાલજીવન. જુદુ જુદુ અને વારંવાર વિરોધી,

વડીલનું જીવન વિગ્રહની વિશિષ્ટતાવાળું છે. લેમાર્કે વર્ણવેલો વાતાવરણને અનુકૂળ થવાનો વિગ્રહ અથવા ડાર્વિને જણાવેલો પ્રાકૃતિક પસંદગી અને સ્પર્ધાનો વિગ્રહ, કેવળ જાતિ ચિરંજીવિતાનો નહિ પણ જાતિગત સ્પર્ધામાં પસંદગીનો વિગ્રહ છે.

સંપૂર્ણ વૃદ્ધિ પામેલાં પ્રાણીઓમાં બનતા બનાવો સાથે માનવીના સામાજિક જીવનના બનાવો સરખાવીએ. અહીં પણ શત્રુ સામે આત્મરક્ષણ અને બચાવનો પ્રયત્ન જોઇએ છીએ. અહીંઆં પણ વાતાવરણને અનુકૂળ થવાની સિદ્ધિ માટે મહેનત અને વિગ્રહો દેખાય છે. અહીં પણ પ્રેમ અને જાતિગત વિજયના વિગ્રહો છે. જેમ ભૌતિક ઈતિહાસવેત્તાઓએ મનુષ્યના વિગ્રહ અને સ્પર્ધામાં માનવજાતિની ઐતિહાસિક ઉત્ક્રાન્તિનું લક્ષણ જોયું છે, તેમ આવા વિગ્રહ અને સ્પર્ધામાં ડાર્વિને ઉત્ક્રાન્તિનું કાર્ય અને શારીરિક આકૃતિઓની ચિરંજીવિતાનું અર્થજ્ઞાન જોયું છે.

માનવ ઈતિહાસનું અર્થજ્ઞાન આપતાં મોટાંઓનાં કાર્યો સિવાય આપણી પાસે બીજો કોઈ આધાર નથી, પણ પ્રકૃતિમાં તેમ નથી. તેથી ઊલટું, પ્રાણીઓની અસંખ્ય અને આશ્ચર્યકારક જાતિઓમાં પ્રગટ થતી, કુદરતમાં ટકી રહેતી અને સ્થાપિત થતી જીવનની સાચી ચાવી અલગ રાખેલા બાલજીવનના પ્રકરણમાં રહેલી છે. વિગ્રહ માટે પૂરા તૈયાર થતાં પહેલાં સઘળાં પ્રાણીઓ નબળાં છે, અને અવયવોનું અસ્તિત્વજ ન હોવાથી તેનો પરિચય સાધવાનો તો પ્રશ્નજ ઊભો થતો નથી; તે કક્ષાએ સર્વ શરૂઆત કરે છે. કોઈ જીવન્ત પ્રાણી પુખ્ત પ્રાણી તરીકે શરૂ થતું નથી.

બળવાન વ્યક્તિ અને તેના વાતાવરણ વચ્ચે જણાતી પારસ્પરિક અસર કરતાં બીજા રૂપોમાં, બીજાં કારણોમાં, બીજા પ્રેરક આવેગોમાં, જીવનનો એક ગૂઢ ભાગ આમ રહેલો છે. આ પ્રકરણમાં—**પ્રકૃતિમાં બાલજીવનના** પ્રકરણમાં—જીવનની ખરી

ચાવી રહેલી છે; કારણકે પુખ્ત મનુષ્યને જે કાંઈ માંથે લેવું પડે છે, તેજ ચિરંજીવિતાના ભોગોને સમજાવી શકે છે.

પ્રાણીઓના બાલજીવનની જીવનશાસ્ત્રીય શોધોએ સઘળી જીવન્ત પ્રકૃતિમાં કાવ્ય અને લગભગ ધર્મને ભરી દેતી, સ્તબ્ધ બનાવતી વાસ્તવિકતાઓ, ભવ્ય સંભવિતતાઓ, પ્રગટ કરી કુદરતના અત્યંત અદ્દભુત અને ગૂંચવણભર્યા સ્વરૂપ ઉપર અજવાળુ પાડયું છે. આ ક્ષેત્રમાં જીવનશાસ્ત્ર જીવન્ત પ્રાણીઓમાં આંતરિક માર્ગદર્શક તરીકે કામ કરતી પ્રેરણાઓનું અસ્તિત્વ બતાવતા જાતિઓના સર્જનાત્મક અને રુઢિચુસ્ત સ્વરૂપોને અનુસરે છે અને તેમને પ્રકાશમાં લાવે છે. આ પ્રેરણાઓને પ્રાણી અને તેના વાતાવરણ વચ્ચેની તાત્કાલિક પ્રતિક્રિયા કરતી આવેગમય પ્રેરણાઓના સમૂહોથી જુદી ઓળખવા માટે "માર્ગદર્શક પ્રેરણાઓ"નું નામ આપી શકાય.

જીવનશાસ્ત્રની સઘળી અસ્તિત્વ ધરાવતી પ્રેરણાઓના, તેમના ધ્યેયને ધ્યાનમાં લઈ મૂળભૂત વર્ગો પાડવામાં આવ્યા છે. એક વ્યક્તિ-સંરક્ષક પ્રેરણાઓ અને બીજો જાતિ–સંરક્ષક પ્રેરણાઓ. આ બન્નેમાં ક્ષણિક બનાવોનું અને જાણે કે વ્યક્તિ અને વાતાવરણની ઝપાઝપી સાથે સંકળાયેલા વિગ્રહનું સ્વરૂપ દેખાય છે. તેજ વખતે, બન્નેમાં જણાઇ આવતી રૂઢિચુસ્ત ક્રિયાવાળી, સતત, પ્રાણપૂર્ણ માર્ગદર્શક જણાતી આ પ્રેરણાઓ દર્શન દે છે. દાખલા તરીકે, વ્યક્તિની સંરક્ષક પ્રેરણાઓમાં બનાવગત વિગ્રહનું સ્વરૂપ પ્રતિકૂળ અને ભય ઉપજાવતા કારણો સામે બચાવની પ્રેરણા બતાવે છે. જાતિઓની સંરક્ષક પ્રેરણાઓમાં, જાતિય સંયોગ અથવા જાતિય ઘર્ષણ, એમાંના એક રૂપે બીજા પ્રાણીઓ સાથેની ઝપાઝપીથી જાગૃત થએલી બનાવગત પ્રેરણા છે. અતિશય ધ્યાન ખેંચનાર અને ઉગ્ર હોવાથી આ બનાવગત વિગતોનો જીવનશાસ્ત્રીઓએ વહેલો સ્વીકાર અને અભ્યાસ કર્યો, પણ પાછળથી વ્યક્તિ અને તેના રૂઢિચુસ્ત અને સતત સ્વરૂપમાં જાતિઓની સંરક્ષક–પ્રેરણા-

ઓનો વધારે અભ્યાસ કરવામાં આવ્યો. મહાન વિશ્વધર્મની ક્રિયામાં જીવનના અસ્તિત્વની સાથે સંકળાયેલી આ માર્ગદર્શક પ્રેરણાઓ છે. જેમ શુદ્ધ વિચાર કેવળ મનનો અંતર્ગત ગુણ છે તેમ આવી પ્રેરણાઓ **જીવનનું અંતર્ગત**, નાજુક, આંતરિક ઇન્દ્રિયભાન હોઈ તેઓ એટલી બધી વાતાવરણની પ્રતિક્રિયાઓ નથી. આપણે આ તુલના ચાલુ રાખીએ અને તેમને દૈવી યોજનાના સાક્ષાત્કાર માટે બાહ્ય જગત ઉપર પાછળથી કાર્ય કરવા દોરતા, સજીવન પ્રાણીઓના અત્યંત આંતરિક કેન્દ્રોમાં કાર્ય કરતા, દિવ્ય વિચારો તરીકે જોઈએ. આથી માર્ગદર્શક પ્રેરણાઓ બનાવગત વિગ્રહના આવેગમય સ્વરૂપની નહિ પરંતુ સમય (વ્યક્તિ) અને અનંતતા (સમષ્ટિ) દ્વારા પ્રાણીઓને તેઓની મુસાફરીમાં દોરતા ડહાપણના–બુદ્ધિના–સ્વરૂપની છે.

બાળકના જીવનની શરૂઆતમાં, બાળક જ્યારે ભાગ્યેજ અસ્તિત્વમાં હોય છે, અથવા પૂર્ણવિકાસના માર્ગે હોવા છતાં અપક્વ હોય છે ત્યારે તેને દોરવામાં અને તેનું સંરક્ષણ કરવામાં વળેલી માર્ગદર્શક પ્રેરણાઓ ખાસ કરીને આશ્ચર્યજનક હોય છે. આ કક્ષાએ બાળકે તેની જાતિય વિશિષ્ટતાઓ મેળવેલી હોતી નથી; તેમજ તેનામાં નથી બળ, નથી પ્રતિવિરોધ, નથી વિગ્રહના જીવનશાસ્ત્રીય આયુધો, વા નથી ચિરંજીવિતાના ચોક્કસ ઈનામ તરીકે અંતિમ વિજય. અહીંઆં માર્ગદર્શક પ્રેરણા માતૃત્વના અને કેળવણીના સ્વરૂપ તરીકે કાર્ય કરે છે; અને બન્ને શૂન્યમાંથી સર્જનના રહસ્યની માફક અતિશય ગૂઢ છે. નિરાધાર પ્રાણીમાં સાધન અથવા સંરક્ષક બળ કાંઈ નથી; તે વખતે, આ માર્ગદર્શન તેને સહીસલામત પાર ઉતારે છે.

આ સંરક્ષક પ્રેરણાઓમાંની એક ફાબરે વર્ણવેલી અને અર્વાચીન જીવનશાસ્ત્રવેત્તાઓએ પ્રાણીઓની ચિરંજીવિતાની ચાવી રૂપ ગણેલી આશ્ચર્યકારક પ્રેરણા માતૃત્વ સાથે સંબંધ ધરાવે છે અને બીજી, વ્યક્તિના વિકાસ સાથે સંબંધ ધરાવે છે,

અને ડચ જીવનશાસ્ત્રવેત્તા **ડી. બ્રીસે**, તેના શીઘ્ર–ચેતન–કાળના અભ્યાસમાં તેનો વિચાર કર્યો છે.

જાતિની સીધી જન્મદાત્રી માતાનો સંરક્ષણના કાર્યમાં મોટો ભાગ છે; છતાં માતૃત્વની પ્રેરણા, કેવળ માતાઓમાં જ હોય છે એમ નથી. તે મા બાપ બન્નેમાં, અને કેટલીક વખતતો પ્રાણીઓના સમગ્ર સામાજિક સમૂહમાં વ્યાપેલી હોય છે. "શરૂઆતથી, અને જગતની પણ પહેલાં હું સર્જાયો હતો." એ શબ્દોથી બુક ઓફ઼ ઇકલીઝીએસ્ટીકસ જણાવે છે તેમ, માતૃત્વ તરીકે ઓળખાતી પ્રેરણાનો ગંભીર અભ્યાસ, આપણને, સજીવન પ્રાણીઓના સંસર્ગમાં હોય છે એટલીજ નહિ પણ કોઈ પણ વાસ્તવિક વાહન વિના પણ જાતિઓના સંરક્ષણ માટે અસ્તિત્વ ધરાવતી આ પ્રેરણાને નિગૂઢ શક્તિ તરીકે ઓળખવા પ્રેરે છે.

આ પ્રમાણે **માતૃત્વ પ્રેરણા** નામસંજ્ઞા, જાતિઓના સંરક્ષણની માર્ગદર્શક પ્રેરણાની જાતીય નામસંજ્ઞા છે. આ પ્રદેશમાં સર્વ જાતિઓમાં કેટલીક વિશિષ્ટતાઓ પ્રભુત્વ મેળવે છે. માતૃત્વની પ્રેરણા એટલે પોતાની ચિરંજીવિતાની ખાત્રી માટે પુખ્ત મનુષ્યોમાં રહેલી બીજી સર્વ પ્રેરણાઓનું બલિદાન. વિકરાળમાં વિકરાળ પ્રાણી, તેના સ્વભાવથી વિરોધી નમ્રતા અને કોમળતા બતાવે છે. એક પક્ષી ખોરાકને શોધવા અથવા ભયથી બચવા દૂર દૂર ઊડે છે. તે તેના માળાને સાચવવા શાંત રીતે કેવળ સ્થિર રહે છે અને પોતાની જાતને ભયમાંથી બચાવવા બીજા ઉપાયો શોધે છે; પણ કદી ઉડી જતું નથી. જાતિઓમાં અંતર્ગત રહેલી પ્રેરણાઓ, એકાએક, તેમનું સ્વરૂપ બદલે છે. આ ઉપરાંત કેટલીક જાતિઓમાં, બીજા કોઇ વખતે જણાયું ન હોય તેવું રચના અને કાર્ય કરવાનું વલણ જણાય છે; કારણકે એક વખતે પુખ્ત વયે પહોંચ્યા પછી તેઓ કુદરતી પરિસ્થિતિને અનુકૂળ થાય છે. જાતિઓના સંરક્ષણની આ નવી

પ્રેરણા, નવા જન્મેલા બચ્ચા માટે રહેઠાણ અને આશ્રયસ્થાન તૈયાર કરવાની રચનાત્મક મહેનત તરફ દોરે છે. આમાં દરેક જાતિ અને દરેક પ્રકારનું પ્રાણી એક વિશિષ્ટ માર્ગદર્શનને તાબે થાય છે. કોઈ તેના હાથમાં આવતી પહેલી વસ્તુ લેતું નથી, અથવા તેના વસવાટની રચના, રહેવાના વિસ્તારને અનુકૂળ બનાવતું નથી. ના, તેની સુચનાઓ ચોક્કસ અને અફર છે. દાખલા તરીકે, જુદા જુદા પક્ષીઓની માળા બાંધવાની રીત, એક બીજાથી જુદા પ્રકારની વિશિષ્ટતાવાળી હોય છે. જીવજંતુઓમાં રચનાત્મક કાર્યના અદ્ભુત દાખલાઓ મળે છે. મધમાખોના મધપુડા સંપૂર્ણ ભૌમિતિક શિલ્પકળાના મહેલો છે; અને તે નવી પ્રજાને વસવા માટે સમગ્ર પ્રજાએ એકત્રિત થઈ બાંધેલા છે. બીજા પણ ઓછું ધ્યાન ખેંચતા કરોળિયા જેવાના દાખલાઓ છે, છતાં તેઓ ઓછા રસપ્રદ નથી. તેઓ પોતાને માટે જાળ બાંધે છે અને શત્રુઓને માટે પણ આવાં નાજુક અને વિસ્તૃત જાળાં લંબાવવાના ખાસ જ્ઞાનવાળા છે. એકાએક કરોળી તેના કામને એકદમ ફેરવી નાંખે છે અને પોતાની જરૂરિયાતને ભૂલીને કેવળ જળાભેદ્ય, નવા, ઘણાજ બારીક, ઘટ્ટ વણાએલા તંતુઓનાં બારીક પડ બનાવે છે. ઘણીવાર એ પડને બે દિવાલ હોય છે અને તેથી કેટલીક જાતના કરોળિયાઓ પોતે રહી શકે તેવી ભેજવાળી ઠંડી જગામાં તેમનું ઉત્તમ આશ્રયસ્થાન બનાવે છે. હવામાનની જરૂરિયાત વિશે, આ રીતે, તેઓ સાચું ડહાપણ દાખવે છે. અંદર, સહીસલામતીમાં, કરોળી તેનાં ઈંડાં મૂકે છે પણ તેના બનાવેલા પડ માટે તો તેનો આસક્તિભર્યો અનુરાગ અજબ છે. પ્રયોગશાળાના કેટલાક નિરિક્ષણોમાંથી સમજાયું છે કે ગમે તેટલી તપાસ કરવા છતાં કરોળિયાના ભૂરા, ચીક્કટ શરીરમાં હૃદય જણાયું નથી તોપણ જો તેઓનાં પડ તોડી ફોડી નાખવામાં આવે તો, તે દુઃખથી કરોળી મૃત્યુ પામે છે. એમ પણ માલમ પડયું છે કે કરોળી બની શકે ત્યાં સુધી, તે પડ તેના પોતાના શરીરનોજ વિસ્તાર હોય તેમ તેના કામને ચોંટી રહે છે. તેના પડને તે ચહાય

છે પણુ તેને ઈંડાં માટે અથવા તેમાંથી બહાર આવનારા બારીક જીવન્ત કરોળિયા માટે લાગણી નથી. તેઓના અસ્તિત્વથી તે તદ્દન અણુજાણુ જણાય છે. પ્રેરણાએ આ માતાને તેની જાતિ માટે પોતાની જાતિના જીવન્ત પ્રાણીને લક્ષ્યમાં રાખ્યા વિના કામ કરવા પ્રેરી છે. આ પ્રમાણે આવશ્યક કામ કરવાના અંતરાદેશને તાબે થતી અને મળેલા આદેશ માટે પ્રેમ લાવી અનિવાર્ય રીતે કામ કરતી **લક્ષ્ય વિનાની પ્રેરણા** પણ હોઈ શકે.

બીજા કોઈ પણ જાતના ખોરાકના અગર બીજા પ્રલોભનના જ્ઞાન વિના કેટલાંક પતંગિયાંઓ તેમના સમગ્ર જીવનમાં પુષ્પ-સુધા ચૂસીને જીવે છે; પરંતુ જ્યારે ઈંડાં મૂકવાનો સમય આવે છે ત્યારે તેઓ ફૂલ ઉપર તે મૂકતાં નથી. તે સમયે, તેઓ જુદીજ જાતનું માર્ગદર્શન પામે છે. વ્યક્તિની સહજ-સાધ્ય ખોરાક મેળવવાની પ્રેરણા બદલાય છે અને તેઓ નવી પ્રજાના આવશ્યક ખોરાકને અનુકૂળ વાતાવરણ શોધવા દોરાય છે; તેમ છતાં આ પતંગિયાંઓ, જેમ નવી પ્રજા શું થવાની છે તે કદી પણ જાણવાનાં નથી, તેમ તેમના આવા ખોરાકથી પણ અણુજાણુ હોય છે. તેમના પોતાના જીવનને પ્રતિકૂળ, કુદરતનો આદેશ તેઓ આ રીતે સ્વીકારે છે. કોટ્રશીનીલ (cochineal) અને તેના જેવા બીજા કીડાઓ ઝીણા કોશેટાને ખોરાક માટે ઉપયોગમાં આવે તેવાં પાંદડાંનાં પડ ઉપર તેઓનાં ઈંડાં કદી મૂકતાં નથી, પણ તે કોશેટા સંરક્ષણ પામે અને ગુપ્ત રહી શકે માટે પાંદડાંનાં પડની નીચેના પડ પર ઇંડાં મૂકે છે. આવીજ જાતનું " બુદ્ધિ-પૂર્વકનું ચિંતન " બીજી ઘણી જાતનાં જંતુઓમાં જણાય છે. તેઓ પણ તેમનાં બચ્ચાંની પસંદગીના છોડને કદી પણ ખાતાં નથી. તેમનાં બચ્ચાં કેવી રીતે ખોરાક લેશે તેનું, આ રીતે, તેઓ તાત્ત્વિક જ્ઞાન ધરાવે છે; તે ઉપરાંત, તેઓ વરસાદ અને સૂર્યના ભયથી પણ અગમચેતી મેળવે છે.

પુખ્ત પ્રાણી નવા પ્રાણીના સંરક્ષણની ધર્મભાવનાથી પોતાની વિશિષ્ટતાઓ, આ પ્રમાણે, બદલે છે; અને કુદરતમાં બનવાના

એક મહાન બનાવ—સર્જનનો ચમત્કાર—બનવાની આશામાં જાણે કે, જીવનનું નિયમન કરતા સાધારણ નિયમોને અટકી જવાનો સમય આવી પહોંચ્યો છે જાણી, પોતાના સ્વભાવનું રૂપાંતર કરે છે. પછી સામાન્ય જીવન, જીવનમાં નથી એવું કંઈક, તે કરે છે; પણ કહી શકાય કે આ ચમત્કારની સાનિધ્યમાં એક ધર્મવિધિ કરવામાં આવે છે. શીઘ્ર—ચેતન—કાળ તરીકે જણાતી, વિભાગી અને ક્ષણિક પ્રેરણાઓથી માર્ગદર્શન પામી પોતાનો માર્ગ અહીં તહીંથી શોધી કહાડવાની અને બાહ્ય જગતમાં પોતાનું સંરક્ષણ કરવાની શક્તિ, તદ્દન બીન-અનુભવી નવા જન્મેલા બાળકમાં છે, તે ખરેખર કુદરતના સૌથી વધારે જ્ઞાનદાતા ચમત્કારોમાંનો એક ચમત્કાર છે. આ પ્રેરણા અહીંઆં ધીમે ધીમે નવાં પ્રાણીઓને પરંપરાગત મુશ્કેલીઓમાંથી દોરનાર અને અપ્રતિહત શક્તિનો વેગ આપનાર, ખરેખર, સાચી અને વાસ્તવિક માર્ગદર્શક છે. સ્પષ્ટ છે કે પ્રકૃતિએ, નવા જન્મેલાના સંરક્ષણનો ભાર પુખ્ત પ્રાણી ઉપર છોડી દીધો નથી. તે તેની લગામને મજબૂત પકડી રાખે છે, અને તેના આદેશોને બરાબર પળાતા જોવાની તકેદારી રાખે છે. જાતિના સંરક્ષણ માટે માર્ગદર્શક પ્રેરણાઓએ નિશ્ચિત કરેલી મર્યાદામાં પુખ્ત મનુષ્યે સહકાર આપવોજ જોઇએ. માંછલાં અને જીવજંતુઓમાં, વારંવાર આપણે જોઈએ છીએ તેમ પુખ્ત મનુષ્યમાં અને નવા જન્મેલા પ્રાણીમાં બે જાતની માર્ગદર્શક પ્રેરણાઓ ભિન્ન ભિન્ન અને સ્વતંત્ર કાર્ય કરે છે; તેથી માબાપ અને બાળકો કદી એકઠાં મળતાં નથી. ઉચ્ચ પ્રાણીઓમાં બીજી રીતે બે પ્રેરણાઓ ધીમે ધીમે માતાપિતા અને બચ્ચાંમાં કેન્દ્રિત થાય છે અને પરિણામે સુસંવાદી સહકાર સધાય છે. નવા જન્મેલા પ્રાણીના શીઘ્ર—ચેતન—કાળ સાથે, માતૃત્વની માર્ગદર્શક પ્રેરણાઓના સંઘર્ષણમાંથી માતાપિતા અને બાળક વચ્ચેનો ભાવપૂર્વકનો પ્રેમ વિકાસ પામે છે; અથવા માતૃત્વના સંબંધો, નવા બચ્ચાંને જાતિના એક સમગ્ર, સચેતન, અવૈયક્તિક ફળ તરીકે ગણતી, સમગ્ર, વ્યવસ્થિત

સમાજ સુધી લંબાય છે. મધમાખો, કીડીઓ વગેરે સામાજિક જીવજંતુઓમાં આ પ્રમાણે આપણે જોઈ શકીએ છીએ.

પ્રેમ અને બલિદાન જાતિઓનાં સંરક્ષણનાં કારણો ન હોઈ ચિરંજીવિતાનાં સર્વ બળો, દરેક જાતિઓ જેમાંથી ખેંચે છે અને જેનાં મૂળ વિશાળ સર્જનાત્મક જીવનની પ્રયોગશાળા સુધી લંબાએલાં છે, તેવી ચેતનવંતી માર્ગદર્શક પ્રેરણાઓનું પરિણામ છે. કુદરતના આદેશને સંપૂર્ણ તાબે થવામાં મળતો કાર્યસિદ્ધિનો ખાસ આનંદ આપી અનુરાગભરી લાગણી આવી પડેલા કાર્યને કેવળ હળવું બનાવે છે.

જો આપણે એકજ દૃષ્ટિમાં સમગ્ર પુખ્ત પ્રાણીઓની સૃષ્ટિ નિરખી લઈએ તો અતિશય સ્પષ્ટ હોવાથી નિરપેક્ષ અને અવિકારી મનાતા કુદરતના સ્વભાવગત નિયમોનો વખતોવખત ભંગ થાય છે, એમ આપણે કહી શકીએ; અને આશ્ચર્ય ? આ નિરાભેદ્ય નિયમો પણ તૂટે છે. જાણે અતિશય ઉન્નત કંઈકને સ્થાન આપતા હોય અને પોતાનાજ વિરોધી બની આ વસ્તુને નમી પડતા હોય, તેમ તેઓ પોતાનું કાર્ય રોકી દે છે, એટલે જાતિઓના બાલજીવનમાં જણાતા બીજા નવા કાયદાઓ આગળ પોતાના નિયમો મોકુફ રાખે છે. આ રીતે જીવનને ટકાવી રાખવામાં આવે છે. અનંતતા તરફ ઊંડાણમાં પહોંચવા આવી મોકુફીથી પુનર્જીવન પ્રાપ્ત થાય છે.

પ્રકૃતિના આ નિયમોમાં મનુષ્યોનો શો ભાગ છે, એ અહીં પૂછીએ. કહેવાય છે કે, મનુષ્ય તેનાથી નીચેના પ્રાણીઓના સઘળા પ્રાકૃતિક બનાવોનો, સર્વોપરિ સંયોગીકરણની જેમ, તેના પોતાનામાં આવિર્ભાવ કરે છે, તેનું સંક્ષીપ્તિકરણ કરે છે, અને તેઓની પાર જાય છે; અને તેથીએ વિશેષ, મનનો અધિકાર મળેલો હોવાથી કલ્પના, લાગણી અને કળાના બનેલા મનની તેજસ્વી ભવ્યતાથી તેમાં વધારો કરે છે.

ત્યારે માનવજાતમાં જીવનનાં બે સ્વરૂપો કેવી રીતે જણાય છે, અને કેવા પ્રશસ્ત સ્વરૂપોમાં તેમનો પ્રાદુર્ભાવ થાય

છે ? વાત એમ છે કે, બન્ને જીવન દ્રષ્ટિગોચર નથી. મનુષ્યની દુનિયામાં ગમે તેટલાં શોધીએ તો પણ ઘર્ષણને અનુકુળ થવાના પ્રયત્નો અને બાહ્ય વિજયો માટેનો ફક્ત શ્રમ તેમની દુનિયામાં છે, એમ આપણે કહેવું જોઇએ. જાણે બીજું કાંઈ વિચારવાનું જ ન હોય તેમ માનવીની દુનિયાના બનાવો વિજય અને ઉત્પાદનમાંજ એકઠા થાય છે. માનવ પ્રયત્ન પરસ્પર અથડાય છે અને છાતીના બખ્તરની સામે પાણી પાએલા તલવારના પાનાની માફક સ્પર્ધા કરતાં ભાગી પડે છે. બાળકનો વિચાર કરવામાં પુખ્ત મનુષ્ય તેના પોતાના જીવનમાંથી મળેલા તર્કની રીતે વિચાર કરે છે તેથી તે બાળકમાં જુદા પ્રકારનું અને નિરૂપયોગી પ્રાણી જુએ છે, અને તેને દૂર રાખે છે; અથવા કહેવાતી કેળવણીથી તેના પોતાના જીવનના સ્વરૂપોમાં અપકવ અને સીધી રીતે ખેંચવાનો પ્રયત્ન કરે છે. કોઇ કલ્પના કરે કે કોશેટાના પડને તોડી નાંખીને એક પતંગિયું તેના બચ્ચાને ઉડાવવા અથવા એક દેડકું તેના બચ્ચાંને પાણી બહાર ખેંચી કાઢી તેના ફેફસાંઓથી શ્વાસ લેવરાવવા અને તેનો વિચિત્ર કાળો રંગ બદલી લીલો રંગ કરવાની મથામણ કરતું હોય તેવું લાગે છે.

વધતે ઓછે અંશે મનુષ્ય તેના બાળક તરફ આ રીતેજ વર્તે છે. પુખ્ત મનુષ્ય બાળકની આગળ તેની પોતાની સંપૂર્ણતા, તેની પકવતા, અને તેનો પોતાનો ઐતિહાસિક દાખલો ધરે છે અને બાળકને તેનું અનુકરણ કરવા જણાવે છે. તેને ભાગ્યેજ ભાન હોય છે કે બાળકની જુદી જુદી વિશિષ્ટતાઓ, જુદા જુદા પ્રકારનું વાતાવરણ અને તેનાં અસ્તિત્વનાં બીજાં સ્વરૂપોને અનુકૂળ જીવનનાં સાધનો માગે છે.*

---

* એલીસ મેનેલ, તેના એક કરતાં વધારે નિબંધોમાં, ભૂતકાળના યુગમાં બાલજીવન પ્રત્યેના બેભાનપણાના ઐતિહાસિક પૂરાવાઓ આપે છે. "ધી સેવન્ટીન્થ સેન્ચ્યુરી"માં લ્યુસી હુચીન્સન વિશે તે લખે છે, "એ ગંભિર સમયમાં બાળક જેવું હોવું જોઇએ, એમ ઇચ્છવામાં આવતું

બીજાં બધાં પ્રાણીઓ કરતાં અમાપ શ્રેષ્ટતાથી કાર્ય કરવા શક્તિમાન, સામર્થ્યથી ભરપૂર, પોતાના વાતાવરણપર અધિકાર જમાવનાર, સર્વોચ્ચ, વધુમાં વધુ ઉત્ક્રાન્તિ પામેલા, તેના પોતાનાજ મનની ભેટથી વિભૂષિત પ્રાણીમાં આવા ભૂલ ભરેલા ખ્યાલનું સ્પષ્ટીકરણ આપણે કેવી રીતે કરી શકીએ ?

તેમ છતાં પણ આ શિલ્પી, આ નિર્માતા, આ ઉત્પાદક, પોતાના વાતાવરણનું પરિવર્તન કરનાર માનવી તેના બાળક માટે મખમાખો, જંતુઓ અને બીજાં બધાં પ્રાણીઓ કરતાં પણ ઓછામાં ઓછું કરે છે.

સૌથી ઊંચામાં ઊંચી અને જીવનની સૌથી આવશ્યક માર્ગદર્શક પ્રેરણાઓનો શું માનવજાતિમાં કેવળ અભાવ હશે ?

તેવું બાળક હતું; એટલે કે તે બની શકે તેટલી ઓછી, અને તેટલા ઓછા વખત માટે બાળક હતી. બાલ્યાવસ્થા, પ્રગતિના યુગ તરીકે ઢીલમાં નાંખવાની ન હતી, અપૂર્ણતાના યુગ તરીકે સુધારવાની હતી, અને અશક્તિના યુગ તરીકે તેને અકાલ પકવતાથી પ્રખ્યાત કરવા સિવાય, બીજી કોઇ રીતે ખુલ્લી પાડવાની ન હતી. ગમે તેમ પણ તેને ટુંકાવી નાખવાની તો હતીજ." વળી, "ધી ગ્રેટી પરસન"માં તે નોંધ કરે છે, "જેમ પ્રાચીન કાળનું હાલરડું (માતાના) ધીરજભર્યા ભવિષ્યકથન સિવાય કંઈ ન હતું તેમ વર્ષો પહેલાં કેળવણી પણ શરીર અને મનના સંપૂર્ણ ઘડતરનું (પિતાનું) અધીરું ભવિષ્યકથન હતું. " આ રીતે જ્હોન એવેલીનનું બાળક, જેરીમી ટેલરના આશ્વાસનના કાગળમાંનું 'પેલું સુંદર માણસ' તેને ખાસ કરીને એટલા માટે મૂલ્યવાન હતું કે જેના જેવું થવા તે જીવ્યું નહિ; તે માણસની પ્રતિકૃતિના જેવુંજ, તે, ઘણુંજ જલદીથી, થયેલું હતું..............."

"એવેલીન અને તેના સમકાલિનોએ વધારે ઝડપથી નહિ તો જેટલી બની શકે તેટલી ઝડપથી બાળક શબ્દ જ છોડી દીધો. ગરીબ, નાના બાળકને આઠ વર્ષનો થતાંજ તેઓએ યુવાન કહેવા માંડયો....જ્યારે, નજર નાખતાં કોઈ પણ બાલ્યાવસ્થામાં આનંદ જોઈ શકતું ન હતું ત્યારે તે અવસ્થા કેવી હશે તેની કલ્પના કરવી પણ અસંભવિત છે; જ્યારે પાંચ

જાતિઓના અસ્તિત્વના આધારભૂત, સૌથી વિશેષ સ્તબ્ધ કરતા વિશ્વવ્યાપી જીવનના બનાવ આગળ શું માનવીજ, સાચે, નિરાધાર અને અંધ છે ?

બીજાં પ્રાણીઓને લાગે છે તેવું કંઈક મનુષ્ય પ્રાણીને પણ લાગવું જોઈએ; કારણકે કુદરતમાં દરેક વસ્તુનું પરિવર્તન થાય છે, પણ કશાનો નાશ થતો નથી. વિશ્વવ્યાપી સંચાલક શક્તિઓ તો ખાસ કરીને અવિનાશી છે. તેમના યોગ્ય ધ્યેયમાંથી વિમાર્ગી બન્યા છતાં પણ તેઓ ચાલુજ રહે છે.

મનુષ્ય નિર્માતા, ખાસ કરીને, તેના બાળક માટે શું રચે છે ? બાહ્ય જરૂરિયાતથી અનિર્ણિત અગર ભ્રષ્ટ થયા વિનાની કલા, જેમાં માનવી ઉચ્ચતમ સ્વરૂપોનું દર્શન કરાવે છે, તે કલાની સૌન્દર્યમય સ્થિતિમાં બાળકે જીવવું જોઈએ. ઉત્પાદનની શક્તિમાં જેનો કાંઈ પણ ઉપયોગ થઈ શકે તેમ નથી તેવી, ઉદાર પ્રેમના આવેશથી સંગ્રહાએલી સમૃદ્ધિમાં જીવનને ટકાવી રાખવા બીજું કાંઇક આવશ્યક છે. જ્યાં પોતાની સ્વભાવગત વિશિષ્ટતાઓ મોકુફ રાખવાની અને ભૂલી જવાની જરૂર છે

વર્ષના બાળક માટે જેટલું ખરેખર બરાબર હતું તે બધુંએ ખામીરૂપ ગણાતું હતું ....

જરાએ રાહત આપ્યા વિના, તેઓ તેમના બાળકો સાથે ગંભીરતાથીજ વર્તતાં. હાસ્યની રેખાવાળાં તેના નાનાં ભુલકાં માટે એવેલીનને કંઇ પણ કહેવાનુ નથી. તેની નોંધપોથીમાં બે વખત તેનાં પોતાનાં નહિ એવાં બાળકોનો ઉલ્લેખ છે. એક વખત તે પાંચ વર્ષની ઉમ્મરની કુમારીકાના લગ્નમાં જાય છે. એક વિચિત્ર વસ્તુ ખરી, પણ, દેખીતી રીતેજ, તેની ઇન્દ્રિયભાવનાની વસ્તુ તો નહિ જ. બીજી વખતે એક ફ્રેંચ ઇસ્પીતાલમાં, જ્યારે નવ વર્ષથીએ ઓછી ઉમ્મરના જુવાને ભયંકર શસ્ત્રક્રિયાની વાઢકાપ 'અસાધારણ ધીરજથી' સહન કરી ત્યારે તે ત્યાં રહે છે. "આ શોચનીય ખોડ મને પોતાને ન હતી માટે સર્વશક્તિમાન પ્રભુનો હૃદયથી આભાર માનવામાં, મેં એનો ઉપયોગ કર્યો. "જે કાંઈ તે કહે છે તે ફક્ત આટલુંજ છે."   મૂળ અનુવાદકની નોંધ

તેવું શું કોઈ પણ સ્થાન છે? જ્યાં બીજા પર જુલ્મ કરવો, તે ચિરંજીવિતાનું રહસ્ય અથવા જીવનની અગત્યની વસ્તુ નથી પરંતુ કેવળ વ્યક્તિગત વસ્તુ છે, તેવું અતિ ઊંડાણમાંથી જાગી ઊઠતું સત્ય તે જૂએ છે; જ્યાં આત્મસમર્પણજ સાચું જીવનદાતા ગણાયછે; જેમાં બાહ્ય વસ્તુઓના જગતને સાંકળતા લોખંડી કાયદાઓને તોડી નાખી આત્મા ઉડ્ડયન કરે છે, તેવી શું કોઇ જગા નથી? જીવનના સાતત્યને જાણનાર ચમત્કારનો આવશ્યકતા, એ ચમત્કાર માટેની આતુરતાભરી શોધની, શું કોઈ જરૂર નથી? તેજ રીતે અનંતતા સુધી વ્યાપ્ત, વ્યકિતગત જીવનની અવધથી દૂર દૂર પેલી પાર કંઈક છે, તેને પહોંચવાની શું કોઇ અભિલાષા નથી? આજ માર્ગે મુક્તિ રહેલી છે. આવી જગાએ મનુષ્યને તેની શ્રમભરી તર્કજાળને ફેંકી દેવાની જરૂર લાગે છે, અને અણમનાતી વસ્તુને માનવા તે તૈયાર થાય છે. અનંતતા તરફ જીવનને લઈ જવાય માટે પોતાનો ભોગ આપવાનું, પોતાની પ્રકૃતિના નિયમોને મોકુફ રાખવાનું કામ, સર્વ જીવન્ત પ્રાણીઓ પાસે કરાવતી સત્ય વસ્તુથી મનુષ્યમાં આ પ્રકારની લાગણીઓ જાગૃત થવી જોઇએ હા, મનુષ્યને, જ્યાં વધુવાર વિજયની નહિ પણ શુદ્ધિ અને નિર્દોષતાની જરૂર લાગે છે અને માનવી જ્યાં શાંતિ વાંછેછે, તેવાં સ્થાનો પણ છે. તે નિર્દોષ શાંતિમાં, જાણેકે, તે જગતના ભારમાંથો પુનર્જીવન પામતો હોય તેમ જીવનની નવપલ્લવતા શોધે છે,

ખરેજ, રોજના જીવનથી જુદી અને તેની વિરોધી આવી ભવ્ય લાગણીઓ માનવીમાં હોવી જોઇએ.

કદી શાંત ન થાય તેવો આ દિવ્ય નાદ છે. માનવીને તે ઢોલ પીટીને **બાળકની** આસપાસ એકત્ર થવા આમંત્રે છે.

★

પ્રકરણ ૨
ગુરૂસ્થાને બાળક
" જાતને ઓળખ "

આ કાળમાં, શોધખોળના વિષયોમાં સૌથી અગત્યનો એક વિષય મનુષ્યમાં રહેલી માર્ગદર્શક પ્રેરણાઓને ઓળખી લેવાનો છે. અમે પોતે આ શોધખોળ ઉપાડી છે અને અસ્તિત્વમાંથી શરૂઆતમાં તેને લાવ્યા છીએ. એ પ્રશ્ન પરત્વે અમારો મુખ્ય હિસ્સો એજ છે. અમારાં પરિણામો તો કેવળ આવી પ્રેરણાઓના અસ્તિત્વની સાબિતી અને તેઓનો અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ તેની પ્રાથમિક રૂપરેખા પૂરતાં અત્યાર સુધી હોવાથી, તેઓ તપાસનો નવો માર્ગ સહજજ ખૂલ્લો કરે છે.

બાળકની જરૂરિયાતો માટે રચાએલા વાતાવરણમાં સ્વતંત્રરીતે રહેતાં સ્વાભાવિક બાળકોમાંજ આ પ્રેરણાઓનો અભ્યાસ શકય છે; પછી નવી પ્રકૃતિનું દર્શન એટલી સ્પષ્ટતાથી થાય છે કે તેના સ્વાભાવિક ગુણો અવિવાદાત્મક સત્યો તરીકે કબુલવા પડે છે.

અસંખ્ય અનુભવોએ જગાવેલું આ સત્ય કેળવણીના અને માનવજાતિની સામાજીક વ્યવસ્થાના, એમ બન્ને પ્રદેશોમાં સરખી રીતે ક્રાંતિકારક છે. સ્પષ્ટ છે કે જુદી જુદી પ્રકૃતિનાં સામાજિક બંધારણો, જાણીતાં સામાન્ય બંધારણો કરતાં જુદીજ જાતનાં થશે અને કેળવણી પુખ્ત મનુષ્યની દુનિયાંને સ્વાભાવિકતાનો માર્ગ બતાવશે. આવી સામાજિક સુધારણા સિદ્ધાંતોમાંથી અથવા થોડા વ્યવસ્થા-નિર્માતાઓની શક્તિમાંથી આવશે નહિ; પણ જુની દુનિયાંની મધ્યમાં એક નવી દુનિયાંના–બાળકોની અને કિશોરોની દુનિયાના–ધીમા અને સતત પ્રગટીકરણમાંથી ઉત્પન્ન થશે. આ દુનિયાંમાંથી સમાજના સામાન્ય જીવનને આવશ્યક કુદરતી માર્ગદર્શન–દિવ્ય દર્શન–ધીરે ધીરે પ્રગટ થશે. બાળક ઉપરના

દબાણુ અને ગુલામગીરીથી જગતમાં પડેલા વિશાળ અંધારપટને, તાત્વિક સુધારાઓ અથવા વ્યક્તિગત શક્તિઓ દૂર કરી શકશે, એમ માનવું નર્યું બેવકુફીભર્યું છે. જેમનું બાળપણુ કુદરતે નક્કી કરેલા માર્ગે વિકાસ પામ્યું નથી; અને પરિણામે સઘળા અસાધ્ય વિકૃતિઓવાળા અસ્વાભાવિક મનુષ્યો આના મૂળમાં પહેલેથીજ હોવાથી, હમેશાં વધતા જતા આ દોષો કોઈ પણુ સુધારી શકે તેમ નથી.

બાળકમાં ગુપ્ત રહેલી અજ્ઞાત શક્તિજ મનુષ્ય જાતને મદદ કરી શકે તેમ છે.

'જાતને ઓળખ' સૂત્રને પુનર્જીવન આપવાનો સમય આજે છે. શારીરિક આરોગ્યની વિશિષ્ટતાવાળી સંસ્કારિતાની—લગભગ વધારે ઉચ્ચ પ્રકારની સંસ્કારિતા—ની સપાટી જણુાવતા અર્વાચીન વૈદક અને આરોગ્યશાસ્ત્ર દ્વારા માનવીના ભૌતિક જીવનને વધારે સારૂ બનાવતા અને તેને બચાવવા મદદ કરતા સઘળા જીવનશાસ્ત્રગત વિજ્ઞાનોનું મૂળ આમાં છે.

પણુ મનના પ્રદેશમાં માનવી હજુ પોતાની જાતથી અજ્ઞાત છે. પોતાના શરીરને ઓળખવા માટે પહેલી શોધખોળ તેણે મૃત શરીરો ઉપર કરી હતી. તેના માનસિક સ્વરૂપને સમજવા હવે પહેલી શોધખોળો તરતના જન્મેલા સજીવન મનુષ્યમાં થાય છે.

આ મૂળભૂત વિચારણુા વિના આપણી સંસ્કારીતામાં—મનુષ્યત્વની આપણી સંસ્કારીતામાં—ચિરંજીવિતાને જાળવી રાખવાનો અથવા તો તેની પ્રગતિ સાધવાનો કોઇ પણુ માર્ગ ખુલ્લો નથી, એમ જણુાય છે. અર્વાચીન વૈજ્ઞાનિક શિક્ષણુશાસ્ત્રમાં નજરે પડતા કોયડાની માફક સામાજીક પ્રશ્નોના સઘળા કોયડા પણુ અણુઉકલ્યાજ રહેશે; કારણુકે કેળવણીની સુધારણુામાં કેવળ એકજ મૂળપાયો હોવો જોઇએ અને તે છે બાળકની સ્વાભાવિકતાનો.

એકવાર એ સિદ્ધ થતાં શિક્ષણુશાસ્ત્રના બધા કોયડાઓ ઉકલી જશે, એટલુંજ નહિ પણુ તેઓ ઉપસ્થિતજ થશે નહિ.

તેથીએ વિશેષ, આવેલાં પરિણામો અણધાર્યાં અને ચમત્કારો જેવાં આશ્ચર્યકારક થશે.

સંભવિત છે કે પુખ્ત મનુષ્યત્વ માટે પણ આજ ક્રમ આવશ્યક છે. અહીં ખરો તો એકજ કોયડો છે અને તે ' જાતને ઓળખ' એ શબ્દોમાં–મનુષ્યના માનસિક વિકાસને દોરતા અંતર્ગત કાયદાઓના જ્ઞાનમાં–રહેલો છે; પણ બાળકે કયારનોએ આ કોયડો ઉકેલ્યો છે અને વ્યવહારૂ માર્ગ હવે ખુલ્લો થયો છે. આ સિવાય મુક્તિના કોઇ માર્ગની વ્યવહારૂ સંભવિત નિશાની જણાતી નથી; કારણ કે સત્તાનું સાધન બનાવવા અને પોતાની માલિકી સ્થાપવા ઇચ્છતા વિકૃત મનુષ્યોનેજ દરેક સારી વસ્તુ મળે છે. આથી તેનાથી કંઇકે સેવા થઇ શકે તે પહેલાંજ તે વસ્તુઓનો નાશ થાય છે અને એ રીતે માનવજીવનને તે ભયરૂપ બને છે. આથી જ આપણા બધાની સામાજિક પ્રગતિનું સૌથી વધારે સ્પષ્ટ સ્વરૂપ બતાવતાં યંત્રો ઉપરથી આપણે જોઇએ છીએ તેમ દરેક સારી વસ્તુ, દરેક પ્રગતિ, દરેક શોધ, જગતને દુઃખ દેતી દુષ્ટતામાં વધારો કરી શકે છે. ઉન્નતિ અને વિકાસ સાધતી દરેક શોધ, વિનાશ, યુદ્ધ અથવા સ્વાર્થસિદ્ધિ માટે ઉપયોગમાં આવી શકે છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર જીવનશાસ્ત્ર અને હેરફેરના સાધનોની સંપૂર્ણતાએ વિનાશ, કંગાલિયત અને ક્રૂર જંગલીપણાના સ્વરૂપના ભયમાં ભારે વધારે કર્યો છે. સામાજિક જીવનની મૂળભૂત સિદ્ધિ તરીકે મનુષ્યની સ્વાભાવિકતાને સ્વીકારાશે નહિ ત્યાં સુધી બાહ્ય જગતમાંથી આપણે કોઇ પણ પ્રકારની આશા રાખી શકીશું નહી. તેમ થશે ત્યારેજ સઘળી બાહ્ય પ્રગતિ, કલ્યાણ અને ઉચ્ચતર સંસ્કારિતાના માર્ગે દોરવા શક્તિમાન થશે.

આપણા ભાવિ જીવનની દીવાદાંડી જેવા બાળક તરફ આપણે નજર નાંખવી પડશે. સમાજના શ્રેયનો કોઇ પણ ઉદ્દેશ જો સિદ્ધ કરવો હોય તો બાળક તરફ નજર નાંખવીજ પડશે. વિકૃતિમાંથી બાળકનું કેવળ રક્ષણ કરવા નહિ, પરંતુ

આપણા પોતાના જીવનનું વાસ્તવિક રહસ્ય શીખવા માટે પણ આપણે તેના તરફ જોવું પડશે. આ દૃષ્ટિએ બાળકનું સ્વરૂપ, પ્રબળ અને ગહન, ધ્યાનના વિષય તરીકે દૃષ્ટિએ પડે છે; કારણ કે, આપણા સ્વભાવનું રહસ્ય પોતાનામાં સંગ્રહનાર બાળક આપણો ગુરુ બને છે.

પિતાની ધર્મ-દીક્ષા

બાળકનાં માબાપ, તેનાં નિર્માતા નહિ પણ તેનાં રક્ષક છે. બાહ્ય જીવનના લાભ અને વિચારોની પાર પવિત્ર ધર્મદીક્ષા તરીકે તેઓએ તેના ઊંડામાં ઊંડા અર્થમાં તેનું રક્ષણ અને સંભાળ રાખવી જોઇએ. તેઓ સીધી રીતે કેવળ સ્વર્ગ ઉપર આધાર રાખતા, કોઈ પણ માનવસત્તા કરતાં વધારે સત્તાધીશ અને બાળકને ખબર પણ નથી તેવી રીતે તેની સાથે સંકળાએલાં હોવાથી છૂટા ન પાડી શકાતા, ગૂઢ ધર્મગ્રંથોમાંના રક્ષણહાર દેવદૂતોની સાથે સરખાવી શકાય તેવાં અલૌકિક છે. આ ધર્મદીક્ષા માટે કુદરતે તેમના હૃદયમાં બીજરૂપે મૂકેલા પ્રેમને માબાપે પવિત્ર બનાવવો જોઇએ અને આવો પ્રેમ અહંકાર અથવા તિરસ્કારથી અણુભ્રષ્ટ, અત્યંત ઊંડો માર્ગદર્શનનો ચૈતન્યપૂર્ણ વિભાગ છે, એ તેમણે સમજવું જોઇએ. જગતમાં બાળકના હકો સ્થાપિત કરવાના વિગ્રહને, આપણી દ્રષ્ટિ આગળના આજના સામાજિક પ્રશ્નને, માબાપે જાણવો જોઇએ અને ઉપાડી લેવો જોઇએ.

હમણાં હમણાં, મનુષ્યોના હક વિશે અને ખાસ કરીને શ્રમજીવીઓના હક વિશે, ઘણું કહેવામાં આવ્યું છે પણ હવે, બાળકના સામાજિક હક માટે બોલવાનો સમય આવી પહોંચ્યો છે. આજસુધી શ્રમજીવીઓના હકનો સામાજિક પ્રશ્ન સામાજિક પરિવર્તનનું મૂળ હતું; કારણકે માનવજાત માણસના શ્રમ પર જીવે છે અને તેથી સમગ્ર મનુષ્યજાતિના ભૌતિક

અસ્તિત્વ સાથે આ પ્રશ્ન સંકળાયેલો છે. પણ જો, શ્રમજીવી જે કાંઇ ઉત્પન્ન કરે છે, તે મનુષ્યો ભોગવે છે અને તેથી બાહ્ય વસ્તુઓનો તે સૃષ્ટા છે; તો બાળક તો માનવજાતિને ઉત્પન્ન કરે છે, અને તેથી તેનો સામાજિક પરિવર્તન માગવાનો હક તો વધારે પ્રબળ છે. ભવિષ્યની માનવજાતિને માટે વધુ બળ અને વધુ મૂલ્ય મેળવવા, સ્પષ્ટ છે કે, માનવ સમાજે તેની વધુ ડહાપણ ભરી રીતે અને સૌથી વધારે સંભાળ લેવી જોઈએ.

ઊલટું, સમાજે બાળકની અવગણના કરી છે અને તેના તરફ વિસ્મૃતિ દાખવી છે. સંભવ છે કે અજાણપણે તેને ત્રાસ આપ્યો છે; અને વિનાશ નોંતર્યો છે. તેનું મૂલ્ય, તેની શક્તિ, તેની આવશ્યક પ્રકૃતિ સમજવામાં સમાજ ચૂકી છે, તે સત્ય સમજી લેવું જોઇએ અને તે જ્ઞાનથી થતી લાગણીએ માનવજાતિના અંતરાત્માને પ્રચંડ રીતે જાગૃત કરવો જોઇએ.

બાળકના હકો

ગઇ કાલ સુધી, આ સૈકાની શરૂઆત સુધી, સમાજે બાળક પરત્વે જરાએ પરવા દાખવી નથી. કેવળ તેના કુટુંબની સંભાળ નીચે, જ્યાં તે જન્મ્યું ત્યાંજ તેને છોડી દેવામાં આવ્યું છે. બે હજાર વર્ષ પૂર્વે રોમન કાયદાએ નક્કી કરેલો, વત્તા ઓછા પ્રમાણમાં તેના અવશેષ જેવો પિતાનો અધિકાર, એજ બાળકનું કેવળ સંરક્ષણ અને બચાવ છે. આટલા બધા લાંબા સમય સુધી, પુખ્ત મનુષ્યના લાભમાં અને સેવામાં પોતાના કાયદાઓને બદલતી સંસ્કૃતી ઉત્ક્રાંતિ પામી પણ બાળકને તો તેણે કોઈ પણ પ્રકારના સામાજિક બચાવ વિના રખડતું મૂકી દીધું છે. તેના જન્મના કુટુંબની, કેવળ ભૌતિક, નૈતિક વા બૌદ્ધિક સમૃદ્ધિ તેને માટે અલગ રાખવામાં આવી અને જો તેના કુટુંબમાં એવી કોઈ સમૃદ્ધિ ન હોય તો તે

માટેની સમાજની રતિપુર પણ જોખમદારીની લાગણી વિના, ભૌતિક, નૈતિક અને બૌદ્ધિક નિર્ધનતામાં તેને વિકાસ પામવાનું હતું. કુટુંબનાજ ભાગ તરીકે આવેલા બાળકનું કોઈ પણ પ્રકારનું સ્વાગત કરવાની અથવા આવશ્યક કાળજી રાખવાની, યથાયોગ્ય ગોઠવણની તૈયારી કુટુંબે કરવી જોઇએ, એવી ફરજ સમાજે અત્યાર સુધીમાં કદીએ પાડી નથી. સરકારી દસ્તાવેજો અને વિગતવાર તૈયારી માગવામાં અત્યંત કડક, અને સામાજિક જોખમદારીની ઝીણામાં ઝીણી રેખા હોય તેવી દરેક વસ્તુનું નિયમન કરવામાં અત્યંત પ્રેમી રાજસત્તાએ પણ પોતાના બાળકોનું યથાયોગ્ય સંરક્ષણ કરવાની અને તેમના વિકાસની ચોકી રાખવાની ભવિષ્યના પિતાઓની શક્તિની ખાત્રી માટે કદીએ તસ્દી લીધી નથી; માબાપોને બોધ આપવાનું અથવા તેની તૈયારી કરવાનું કોઇ સ્થાન તેણે નિર્ણિત કર્યું નથી. કુટુંબી થવા ઇચ્છતો કોઈ પણ મનુષ્ય રાજ્યને લાગેવળગે છે ત્યાંસુધી લગ્નની ક્રિયા કરે, એટલુંજ તે પૂરતું માને છે. આ બધું ધ્યાનમાં લેતાં આપણે જરૂર કહી શકીએ કે પુરાણ કાળથી પ્રકૃતિએ જેને માનવજાતિ નિર્માણ કરવાનું સોંપ્યું છે, તે આ નાનકડા શ્રમજીવીઓ—બાળકો—માટે સમાજે પોતાના હાથ ધોઇ નાંખ્યા છે. પુખ્ત મનુષ્યોના લાભમાં થતા સતત વિકાસના મધ્યમાં, માનવસમાજથી બહિષ્કૃત, સમાજથી પર, નિરાળાં, અને તેઓની સ્થિતિનું સમાજને જ્ઞાન થઇ શકે તેવા વ્યવહારના કોઈ પણ જાતના સાધન વિનાનાં પ્રાણીઓ તરીકે બાળકો રહેલાં છે. સમાજને ભાન પણ ન હોય અને તેઓ સમાજનાં બલિદાન બને અને સાચેજ તેઓ બલિ છે.

આશરે અર્ધા સૈકા ઉપર વૈદકશાસ્ત્રે બાલ્યાવસ્થામાં રસ લેવા માંડયો અને વિજ્ઞાને સ્વીકાર્યું તેમ, સાચેજ, બાળકો બલિ હતાં. તે વખતે બાલ્યાવસ્થાને આજ કરતાંએ વધારે તજી દેવામાં આવી હતી. બાળકના નિષ્ણાતો અથવા બાળકના રૂગ્ણાલયો ન હતા બાલજીવનના પ્રથમ વર્ષમાં, આંકડાશાસ્ત્રે

બાળકોની મરણ સંખ્યા એટલી મોટી પ્રગટ કરી કે તેનાથી સનસનાટી ફેલાઈ ગઈ. લોકો વિચારવા લાગ્યા કે કુટુંબોમાં બાળકો થાય છે ઘણાં પણ જીવતાં થોડાંજ રહે છે. આવાં નાનાં બાળકો સ્વર્ગમાં જ જાયછે, એમ આશ્વાસન મળવાથી નાનાં બાળકોનાં મરણ તદ્દન સ્વાભાવિક માની કુટુંબો તેનાથી ટેવાઇ ગયાં. પરમાત્મા તેમને પોતાની પાસેજ રાખવા ઇચ્છે છે, એમ મનાતા આ નાના દેવદૂતોની આ જાતની ભરતીને ઇશ્વરેચ્છાને તાબે થવાનું ગણી લેવાનું શિક્ષણ આપવા ખાસ આધ્યાત્મિક તૈયારીઓ કરવામાં આવી. અજ્ઞાનને લીધે વા યથાયોગ્ય કાળજીના અભાવે એટલી વિશાળ સંખ્યામાં બાળકો મરણ પામ્યાં કે તે બનાવને નિર્દોષોની કત્લ કહેવામાં આવી.

જનતા સમક્ષ આ સત્યોની જાહેરાત થઈ અને તરતજ મનુષ્યના અંતરાત્મામાં નવા પ્રકારની જવાબદારીનું ભાન જાગૃત કરવા વિશાળ પાયાપર પ્રચાર કાર્ય શરૂ કરવામાં આવ્યું. કુટુંબોએ પોતાનાં બાળકોનો જન્મ આપવો, એટલું પૂરતું નથી પણ તેમણે તે જીવનને બચાવવુંજ જોઇએ. તે કેવી રીતે બચાવવું, તે વિજ્ઞાને શીખવ્યું. માતા પિતાઓએ નવું જ્ઞાન મેળવવું જ જોઇએ અને તેઓના બાળકોની તંદુરસ્તીની યોગ્ય સંભાળ માટે આવશ્યક સૂચનાઓ તેમણે લઈ લેવીજ જોઇએ.

પરંતુ ફક્ત કુટુંબોનાંજ બાળકોને સહન કરવું પડતું હતું, તેમ ન હતું શાળાઓની વૈજ્ઞાનિક તપાસે શાળામાં બાળકોને ભોગવવી પડતી યાતનાઓનું ભયંકર ભાન કરાવ્યું. આ બધું ઓગણીસમા સૈકાના છેલ્લા દસકામાં વૈદકશાસ્ત્ર જ્યારે શ્રમજીવીઓનાં ઔદ્યોગિક દરદોની શોધ અને અભ્યાસ કરતું હતું અને કામ કરતાં લેવાનાં જરૂરી સામાજિક આરોગ્યના પ્રાથમિક પગલાં બતાવતું હતું ત્યારે બન્યું. તે વખતે જણાયું કે અનારોગ્ય પરિસ્થિતિઓમાંથી પરિણમતા ચેપી રોગો ઉપરાંત બાળકોમાં પણ તેઓના કાર્યને પરિણામે "ઔદ્યોગિક દરદો " થયેલાં હતાં.

તેઓનું કાર્ય શાળાઓમાં હતું. સમાજની ફરજિયાત યાતનાઓ સહન કરવા તેમને–ગુલામોને–ત્યાં ગોંધી રાખવામાં આવ્યા હતા. કલાકોના કલાકો સુધી લખવા વાંચવાનું શીખવા માટે પાટલીઓ ઉપર વળી વળીને બેસવાથી ક્ષય રોગની પૂર્વ-તૈયારીરૂપ સાંકડી છાતી થઇ ગઇ હતી; તેમજ ફરજિયાત બેઠકને લઈને કરોડરજ્જુ વાંકી વળી ગઇ હતી. પૂરતા પ્રકાશ વિના લાંબા વખત સુધી જોવા માટે આંખો ખેંચવાથી દૃષ્ટિ ટુંકી બની ગઇ હતી. જાણેકે ગુંગળાવવામાં આવ્યાં હોય તેમ નાની બંધીઆર જગાઓમાં લાંબો વખત ગાળવાથી તેઓનાં શરીર ઝેરી બની ગયાં હતાં; તેમ છતાં તેમની યાતના કેવળ શારીરિક ન હતી. માનસિક કાર્ય સુધી તે લંબાતી. અભ્યાસ વેઠનો હતો અને ભય અને કંટાળાને લીધે તે બાળકોનાં મન નિષ્પ્રાણ બની ગયાં હતાં. તેઓના જ્ઞાનતંતુઓની સઘળી રચના નિષ્ચેતન બની હતી. તેઓ આળસુ, નાહિમ્મત, શોકાતુર, દુર્ગુણી, આત્મ-શ્રદ્ધા વિનાના, બાલ્યાવસ્થાની મનોરમ લહેર વિનાનાં હતાં.

દુ:ખી બાળકો ! દબાએલાં બાળકો !

આમાંનું કશું ભાન તેઓનાં કુટુંબોને ન હતું. સમય અને પૈસા બચે તે રીતે, જેમ બને તેમ જલદીથી, તેમનાં બાળકો તેઓની પરીક્ષા પસાર કરે અને તેમના પાઠ શીખે, એટલાનીજ તેમને પડી હતી. કેવળ જ્ઞાનપ્રાપ્તિની વા કુટુંબમાં ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિ મેળવવાની તેમને કંઈ પરવા ન હતી. સમાજે તેમના પર લાદેલી બોજારૂપ અને ખર્ચાળ લાગતી ફરજની વેઠ તેમણે તો ઉતારવાની હતી. આથી તેઓનાં છોકરાંઓ ટુંકામાં ટુંકા વખતમાં તેમના સામાજિક જીવનનો પરવાનો મેળવી લે, તેજ અગત્યનું ગણવામાં આવ્યું હતું.

શાળાના બાળકોની પ્રશ્નોત્તરી અને તપાસમાંથી બીજી પણ ચોંકાવનારી હકીકતો બહાર આવી હતી. સવારના શ્રમથી કયારનાંએ થાકી ગયેલાં ઘણુંખરાં ગરીબ બાળકો શાળામાં

આવતાં હતાં. તેમાંનાં કેટલાંક માઇલોના માઈલો સુધી દૂધ પહોં-ચાડવા ચાલ્યાં હતાં; છાપાં વેચવા માટે દોડતા અને બુમ મારતાં શેરીઓમાં રખડી આવ્યાં હતાં અથવા કેટલાકે ઘરમાંજ કામ કર્યું હતું. ભૂખ્યાં, ઝોકાં ખાતાં, આરામ લેવાની એક જ ઇચ્છાવાળાં તે બાળકો શાળામાં આવ્યાં હતાં. આ બિચારા, ગરીબ બલિઓને તેમના શિક્ષક તરફ ધ્યાન ન આપી શકવાથી અને તેથી તેમના વિવરણને સમજી ન શકવાથી મોટા ભાગની શિક્ષા પણ સહન કરવાની હતી. પોતાની જવાબદારીના અને તેથીએ વધારે પોતાના અધિકારના ભાનને લીધે શિક્ષકો આ નિષ્પ્રાણ બાળકોમાં શિક્ષાથી રસવૃત્તિ જાગૃત કરવા અને ધાક ધમકીથી આજ્ઞાપાલન કરાવવા પ્રયત્ન કરતા. નાલાયકી અને જક માટે તેમના સઘળા સહાધ્યાયીઓ આગળ તેઓ તેમને હલકા પાડતા. આવાં કમનશીબ બાળકો ઘેર ચુસાઈ જવામાં અને શાળામાં શિક્ષા સહન કરવામાં તેમનું જીવન વ્યતિત કરતાં.

આ પહેલી તપાસ અને પ્રશ્નોત્તરીથી બહાર આવેલા અન્યાયે સાચી સામાજિક પ્રતિક્રિયા ઉત્પન્ન કરી. શાળાઓ અને તેને અંગેના નિયમો ઝપાટાબંધ સુધારવામાં આવ્યા. સુધરેલા દેશોની સરકારી શાળાઓમાં સંરક્ષક અને નવજીવન આપનાર અસરો કરતી અને શાળાની તંદુરસ્તીનો વિચાર કરતી, વૈદકશાસ્ત્રની એક નવી અને અગત્યની શાખા ઉઘાડવામાં આવી. વિદ્યાર્થીઓના હિત માટે ત્યારથી ડૉકટરો અને શિક્ષકો જોડાયા. આપણે કહી શકીએ કે સમગ્ર માનવજાતની પુરાણી અભાનાવસ્થાની ભૂલની સામે આ પહેલું સામાજિક શાસન હતું અને બાળકોના સામાજિક તારણનું આ પહેલું પગથિયું હતું.

શરૂઆતની આ જાગૃતિ તરફ નજર નાંખીએ અને ઇતિહાસના વહેણને અનુસરીએ તો બાળકની મહત્તાનું આંતરપ્રેરણાત્મક ભાન અથવા તેના હકના સ્વીકારનું દર્શન કરાવતી એક પણ મહત્વની વાત શોધી જડતી નથી. એકલા ક્રાઇસ્ટે તેમને પોતાની પાસે બોલાવ્યા. સ્વર્ગના મહારાજ્યના ભોમિયા તરીકે તેમણે

તેમને ઓળખાવ્યાં અને વડીલોને તેમના પોતાના અંધાપાની ચેતવણી આપી. પુખ્ત મનુષ્યોએ પોતાની જાતને સંપૂર્ણતાના નમૂના તરીકે બાળક આગળ મૂકી તેમનામાં પલટો કરવાનું જ વિચાર્યા કર્યું. આ ભયંકર અંધાપો અસાધ્ય હતો. માનવ આત્માની નિગૂઢતા! વિશ્વવ્યાપી બનાવ તરીકે આ અંધાપો ચાલુજ રહ્યો છે. અને કદાચ, તે માનવજાતિના જેટલોજ પુરાણો છે.

સાચું કહીએ તો આપણા પોતાના સમય સુધીના સઘળા શિક્ષણશાસ્ત્રમાંના દરેક કેળવણી વિષયક આદર્શમાં કેળવણી શબ્દ શિક્ષા શબ્દની સાથે ઘણુખરૂ સમાનાર્થમાં ગણાયો છે. પોતાની જાતને કુદરતને સ્થાને મૂકનાર અને જીવનના નિયમોની જગાએ પોતાના તર્કો અને પોતાના ધ્યેયને ગોઠવનાર પુખ્ત મનુષ્યના સાણસામાં બાળકને મૂકી દેવામાં બધી વાતની ઇતિશ્રી ગણાઇ છે. બાળકોને શિક્ષા કરવાની જુદી જુદી પ્રજાઓની જુદી જુદી રીતો છે. ખાનગી શાળાઓમાં થતી શિક્ષાઓ વિજય ચિહ્નો બતાવવામાં આવે તેમ બતાવવામાં આવતી. બાળકોની પીઠ ઉપર શિક્ષા–સૂત્રો લટકાવવાં, તેમના માથા ઉપર બેવકુફીની ટોપીઓ પહેરાવવી, અથવા પાસે થઇને પસાર થનાર હસે અને મશ્કરી કરે, તે માટે તેમને સાચા અપમાન-–સ્થંભ પર બેસાડવા અને એવી બીજી માનહાનીઓનો કેટલાક ઉપયોગ કરતા. ઘણી વખત શિક્ષાઓ શારીરિક યાતનાઓ હતી. થાકેલાં, નિષ્ક્રિયતાથી કંટાળેલાં, કંઇજ જોઇ ન શકતાં છતાં ફરમાવેલી સ્થિતિમાં પોતાના મનોબળથી ચોંટી રહેવાની સજા પામેલાં બાળકોને કલાકોના કલાકો સુધી એક ખૂણામાં ઊભા રહેવાની શિક્ષા થતી.*

---

*એલીસ મેનેલમાંથી એક બીજું અવતરણ આપવાની લાલચ થાય છે.

"Tout passe" ફૂલને માટે ફળ છે કે ફળને માટે ફૂલ છે અથવા બીને આશ્રય આપવા, સંગ્રહવા બનેલું ફળ બીને માટે જ છે? માનવજીવનને અંગે આપણા પિતામહોએ આ પ્રશ્નોના જવાબ ઘણાજ મનસ્વીપણે આપ્યા છે એમ લાગે છે....

પથ્થરની જમીન ઉપર ખુલ્લા ઘુંટણોથી ઘુટણીએ પડવું, ફટકા ખાવા અથવા જાહેર રીતે નેતરની સોટીઓ ખાવી, એ બીજી શિક્ષાઓ છે. ઘાતકીપણાનું એક અર્વાચીન સૌજન્ય, શાળા અને કુટુંબના કેળવણી બાબતના સંયુક્તતાના સિદ્ધાંતમાંથી મળી આવે છે. શાળા અને કુટુંબ બન્ને સાથે મળી બાળકને શિક્ષા અને યાતના આપે, તેવી વ્યવસ્થા ગોઠવવાનો આ સિદ્ધાંત છે. શિક્ષા કરવામાં આવેલા બાળકે તેની શિક્ષા તેના પિતાને જણાવવી જોઇએ, જેથી તેનો પિતા પણ શિક્ષકની સાથે તેને શિક્ષા કરવામાં અને ઠપકો દેવામાં જોડાઇ શકે. તેના પોતાના છોકરા ઉપર ત્રાસ કરવામાં, કંઇ નહિ તો સિદ્ધાંતમાં પણ, સાથે જોડાએલા બીજા જલ્લાદની આગળ બાળકે પોતાની જાતને ગુનેહગાર તરીકે જાહેર કરી છે, તેની સાબિતી તરીકે તેના પિતા પાસેથી લખાણ લાવવાની ફરજ પાડવામાં આવે છે. આ રીતે બાળકને પોતાને તેને સુળીએ ચઢાવવાના થાંભલાને ઉપાડી જવાની યાતના ભોગવવાની છે.

તેને બચાવનાર કોઈ નથી. સજા પામેલા ગુનેહગારો અરજી કરી શકે છે, તેવી અરજી બાળકો પણ કરી શકે તેવું ન્યાયાસન કયાં છે? તેની હયાતી જ નથી. પોતાને આશ્રય અને દિલાસો મળશે, એવી બાળકની ખાત્રીવાળો પ્રેમ કયાં છે? તે કયાંય નથી. તેને શિક્ષા કરવામાં શાળા અને કુટુંબ સહમત છે. જો એમ ન થાય તો શિક્ષા કમી થાય અને એ રીતે, કેળવણીની અવજ્ઞા થાય.

"પણ પછીના સૈકામાં માર્ગ અને માર્ગમાં ભટકવાની અધીરાઇ અદશ્ય થવાની હતી. આ યુગમાં સઘળી વસ્તુઓ ભ્રમણે ચડેલી, અને આ કાળ, પોતાનો કાળ હોવાથી સંપૂર્ણ થએલી જણાય છે અને તેનો નિર્ણિત અંત પણ દેખાય છે. કદાચ તૈયાર કરેલી લાગણી કરતાં આ જાતની મંદ માન્યતાને લીધે બાળકોના બાળજીવનને ખામીવાળું જોવાને બદલે આખરે જુદું જ કાંઈક દેખાતું કરી દીધું છે.

"ઘેટ પ્રેટી પરસન"માંથી. મૂળ અનુવાદકની નોંધ.

પણ કુટુંબને શાળામાંથી તેના બાળકને કરવાની શિક્ષાની યાદી મેળવવાની જરૂર નથી. કુટુંબમાં કરવામાં આવતી શિક્ષાઓની તપાસ (અને આવી એક તપાસ લીગ ઓફ નેશન્સની સાથે જોડાયેલી કેળવણીની સંસ્થાઓના ઉપક્રમથી કરવામાં આવી હતી) બતાવે છે કે આપણા પોતાના સમયમાં પણ આ જગતમાં જ્યાં બાળકોને તેમના કુટુંબમાં શિક્ષા કરવામાં આવતી નથી તેવો મોટો અગર નાનો એક પણ દેશ નથી. તેઓને ઉગ્ર રીતે ધમકાવવામાં આવે છે, મારવામાં આવે છે, થાપટો લગાવવામાં આવે છે, લાતો મારવામાં આવે છે, નજર બહાર હાંકી કહાડવામાં આવે છે, અંધારી બિહામણી ઓરડીઓમાં પૂરી દેવામાં આવે છે, વિચિત્ર ભય બતાવી ધમકાવવામાં આવે છે, અગર તેઓની હમેશની ગુલામીમાં એક આશ્રયરૂપ અગર અણજાણપણે સહન કરવામાં આવેલી યાતઓમાં આશ્વાસનરૂપ-મિત્રો સાથે રમવાની, મિઠાઇ અગર ફળ ખાવાની-નાનીશી રાહતો પણ ખૂંચવી લેવામાં આવે છે. છેવટે સાંજના ભૂખ્યા રહેવાની, સાંજના વાળુ વિના સૂઇ રહેવાની કૌટુમ્બિક શિક્ષા કરવામાં આવે છે. આથી બાળક ભૂખ અને દુઃખની બેચેનીભરી નિદ્રામાં આખીએ રાત્રી ગાળે છે.

કેળવાયેલા કુટુંબોમાં શિક્ષાઓ, જોકે, જલદીથી ઓછી થઈ છે છતાં હજુ તેનો ઉપયોગ તો રહ્યો છે. તોછડી રીતભાત, કરડા શબ્દો, કડક અને ધમકી ભર્યો અવાજ, એ બાળક સાથેના વર્તનનાં સામાન્ય. રૂપો છે. પુખ્ત મનુષ્યોનો બાળકોને મારવાનો, તેની માતાએ તેને તમાચો ચોડી દેવાનો અધિકાર નૈસર્ગિક ગણાય છે

આમ છતાં આપખૂદ અને શારીરિક શિક્ષા પુખ્ત મનુષ્યોને માટે બંધ કરવામાં આવી છે, તેથી તેનું ગૌરવ હવે ઓછુ થઇ સામાજિક બદનામી થાય છે; છતાં એક બાળકનું અપમાન કરવા અને તેના ઉપર જુલ્મ કરવા કરતાં કલ્પનામાં વધારે કઇ

નીચતા આવી શકે છે ? સ્પષ્ટ છે કે માનવજાતિનો અંતરાત્મા ગાઢ નિદ્રામાં વિલિન થયો છે.

સંસ્કૃતિની પ્રગતિ આજે વ્યક્તિગત વિકાસ પર આધાર રાખતી નથી. મનુષ્ય આત્માની જ્વલંત જ્યોતિમાંથી તે સ્ફૂરતી નથી. બાહ્ય શક્તિથી ધકકેલાએલા ચેતનહીન યંત્રનો આગળ વધતો જતો તે એક ધક્કો છે. સમગ્ર સમાજમાંથી આવતી અને નિષ્ઠુર રીતે ક્રિયા કરતી અપાર, ગતિ–પ્રેરક શક્તિ ઉત્પન્ન થાય છે. આગળ, સતત આગળ, તે ધપે છે.

સમાજ, દૂર દૂરના સ્થાન તરફ ત્વરાથી દોડતી જબરદસ્ત ટ્રેઈન જેવી છે. તેમાંની વ્યક્તિઓ તેઓના ખાનામાં ઊંઘતા મુસાફરો છે. કોઈ પણ પ્રાણદાતા મદદ અથવા રક્ષણકારી સત્યની સામે મોટામાં મોટી આડખીલી તે ઊંઘતા અંતરાત્મામાંથી ઊભી થાય છે. આવું ન હોત તો સંસાર વધારે ઝડપથી પ્રગતિ સાધી શકયો હોત અને ભૌતિક હેરફેરની હમેશાં વધતી જતી ગતિ અને સતત ઊંડાણમાં ઉતરતી મનુષ્ય આત્માની જડતા વચ્ચે આટલો બધો ભયંકર વિરોધ ન હોત. સમૂહગત પ્રગતિ સાધવાની કોઇ પણ સામાજિક ચળવળમાં સૌથી વધારે કઠણ પગથિયું, આ ઊંઘતી અને નિષ્પ્રાણ માનવજાતિને જાગૃત કરવાનું અને તેને આમંત્રી રહેલા અવાજને સાંભળવાની ફરજ પાડવાનું કાર્ય છે.

બાળક અને તેના મહત્ત્વનું ભાન આજે સમગ્ર સમાજ માટે જરૂરનું છે; અને તે પણ એટલું જ જરૂરનું છે કે તેની આધારભૂત વિશાળ શૂન્યતાના ભયનો ઉપાય તેણે જલદી કરવો જોઇએ. બાળક માટે જગત ઘડીને અને તેના સામાજિક હકકો માન્ય રાખીને તે શૂન્યતા ભરી દેવી જોઇએ. બાળકો માટે ખરચવાના પૈસાનો દુર્વ્યય કરી, તેઓનો અને તેનો પોતાનો નાશ કરવા તેને ઉડાવી દઈ, સમાજ ભારેમાં ભારે અપરાધ કરી રહી છે. સગીરની મિલ્કત ફના કરનાર વાલીની માફક સમાજ,

બાળક પ્રત્યે વર્તી રહી છે. સ્પષ્ટ રીતે મિલ્કતનો મોટો ભાગ બાળક માટે નિર્માણ થવો જોઇએ છતાં પુખ્ત મનુષ્યોનું જગત પોતાને માટેજ તે ખર્ચે છે અને પોતાનોજ લાભ જુએ છે. બધાં જીવનમાંજ આ સત્ય સ્વભાવગત રહેલું છે. પ્રાણીઓ, હલકામાં હલકાં જીવજંતુઓ પણ આપણને શીખવાડી શકે છે. કીડીઓ કોને માટે ખોરાકનો સંગ્રહ કરે છે? મધમાખો કોને માટે પરાગ ચૂસે છે? માળામાં લઇ જવા પક્ષીઓ કોને માટે ખોરાક શોધે છે? પુખ્ત પ્રાણીઓ સઘળું પોતે હજમ કરી જાય અને પોતાનાં બચ્ચાંને તંગીમાં રાખે એવો કુદરતમાં એક પણ દાખલો નથી; છતાં માનવ-બાળક માટે કંઈ પણ કરવામાં આવ્યું નથી. વનસ્પતિના જીવન માફકની સ્થિતિમાં તેના શરીરને સાચવવાનો ખાલી પ્રયત્નજ થાય છે. જ્યારે ઉડાઉ સમાજને પૈસાની અતિશય જરૂર હોય છે ત્યારે તે શાળાઓ-માંથી અને ખાસ કરીને માનવજીવનના બીજનું સંરક્ષણ કરતી બાળશાળાઓમાંથી તે લે છે. જ્યાં હથિયારો અને સંરક્ષક પડકાર નથી, તે સ્થાનોમાંથી તેઓ નાણાં ખેંચી લે છે. માનવ-જાતિનો આ એક ભારેમાં ભારે અપરાધ, મોટામાં મોટી ભૂલ છે. પોતાના પૈસા વિનાશના સાધનોમાં વાપરી, સમાજ બે રીતે વિનાશને નોતરે છે, તે તે જોઈ શકતી નથી. જીવવાનું અશકય બનાવીને તે નાશને નોતરે છે, મૃત્યુને આમંત્રીને તે વિનાશને નોતરે છે. આ બન્ને એક અને એની એ ભૂલ છે; કારણકે બેશક, જીવનનો વિકાસ સાધવાની નિષ્ફળતાને લઇનેજ મનુષ્યો આવી અસ્વાભાવિક રીતે વૃદ્ધિ પામ્યાં છે.

હવે પુખ્ત મનુષ્યોએ આ વખતે પોતાને માટે નહિ પણ પોતાનાં બાળકો માટે ફરીથી વ્યવસ્થિત થવું જોઇએ. પોતાની આંતરિક અંધતાને લઈને, અણઓળખ્યા પણ જોયા પછી નિર્વિવાદ, બાળકના હકની માગણી કરવા પોતાનો અવાજ ઉઠાવવોજ જોઇએ. સમાજ બાળકની નિમકહરામ વાલી થઈ છે

માટે તેણે તેનો માલ તેના ખરા માલિકને પાછો આપી તેને ન્યાય આપવોજ જોઇએ.

સર્વે પિતાઓની આ એક મહાન ધર્મદીક્ષા છે. કેવળ તેઓજ તેમનાં બાળકોને બચાવી શકે તેમ છે, અને તેમણે તેમને બચાવવાંજ જોઇએ; કારણકે સામાજિક રીતે વ્યવસ્થિત થવાની શક્તિ અને તે રીતે સમૂહગત જીવનથી વર્તવાનું તેમનાથી બને તેમ છે. કુદરતે તેમને સોંપેલી ધર્મદીક્ષાના બળને તેમણે ઓળખવું જ જોઈએ. આ દીક્ષા તેમને સમાજથી પર બનાવે છે, સર્વ ભૌતિક પરિસ્થિતિના સ્વામી થવાની શક્તિ આપે છે, કારણકે માનવજાતિનું ભાવિ–જીવન નિઃશંક તેમના હાથમાં રહેલું છે.

જો તેઓ તેમ નહિ કરે તો તેઓ **પોન્ટીઅસ પાઈલટની*** માફક વર્તશે.

પેલેસ્ટાઈનમાં **પાઈલિટ** સર્વશક્તિમાન હતો; કારણકે સઘળી સત્તાઓ ઉપર સ્વામીત્વ ભોગવતી શાહીસત્તા–**રોમ**નું–સઘળું બળ તેનું પીઠબળ હતું.

પાઈલિટ જીસસને બચાવી શકયો હોત; જરૂર બચાવી શકયો હોત પણ તેણે તેમ ન કર્યું.

રુઢિ, પ્રચલિત કાયદા, અને પૂરાણા વહેમોથી ભરેલા લોક સમૂહે, નિર્દોષનું–**તારણહાર**નું–મૃત્યુ માગ્યું અને **પાઈલિટ** અનિશ્ચિત અને જડ રહ્યો.

તેણે વિચાર્યું હશે કે જો આ પ્રચલિત રૂઢિઓ છે તો હું શું કરી શકું ?

અને તેણે તેના હાથ ધોઈ નાખ્યા.

---

*ક્રાઇસ્ટના વખતનો રોમન અધિકારી. ક્રાઇસ્ટ ઉપરના આરોપની તપાસ તેને કરવાની હતી.

"ના, હું નહિ કરૂં." કહેવાની તેની સત્તા હતી છતાં તેણે તેમ કહ્યું નહિ.

પિતાઓ આજે **પાઇલિટની** માફક વર્તે છે. અતિ શક્તિ-સંપન્ન હોવાથી અત્યંત જરૂરિયાતરૂપ જણાતી સામાજિક રૂઢિઓના હાથમાં તેઓ તેમનાં બાળકોને ફેંકી દે છે.

આ રીતે બાળકની સામાજિક કરૂણકથા વહે જાય છે. જરાએ જવાબદારીની લાગણી વિના સમાજ બાળકને કુટુંબની દેખરેખ નીચે રઝળતું મૂકે છે. કુટુંબ પોતાના કાર્ય-ભાગ તરીકે સમાજના હાથમાં મૂકે છે; અને સમાજ કુટુંબના સઘળા અંકુશમાંથી દૂર કરી તેને શાળામાં પૂરી દે છે.

આમ, **હેરડથી*** **પાઇલિટ** તરફ અને **પાઇલિટથી** **હેરડ** તરફ, એક બીજા ઉપર જવાબદારી ફેંકતી, બે સત્તાઓની વચ્ચે અથડાતા **ક્રાઇસ્ટની** યાતનાનું પુનરાવર્તન થાય છે.

બાળકના બચાવ માટે તેની રક્ષા કરવાની સત્તાવાળો, લોહીના સંબંધનો, જીવનની સત્તાનો, તેના પિતાના માનવોચિત અધિકારનો અવાજ હોવા છતાં પણ કોઈ અવાજ ઉઠતો નથી.

પિતાઓનો અંતરાત્મા જાગૃત થતાં તેઓ **પાઇલેટની** માફક વર્તશે નહિ. **પાઇલટે** **મસાયાને** બચાવવા તેના દેવત્વને નકાર્યું, તેને બાંધ્યો, તેને ચાબખા માર્યા અને "પુરુષને જુઓ ("Ecce Homo!") કહી તેને હલકો પાડવામાં તે પહેલો થયો. આ કાર્યને ઇતિહાસ ક્રાઇષ્ટના બચાવ તરીકે ગણતો નથી પણ તેની યાતનાનો પહેલો પ્રસંગ ગણે છે.

પુરુષને જુઓ (Ecce Homo)

હા, ક્રાઇસ્ટની યાતનાની જેમ બાળક પણ યાતનામાંથી પસાર થશે.

---

*રોમન લોકોની મહેરબાનીથી થયેલા **યાહુદીઓના** રાજા **હેરડ** **ધી** **ગ્રેટનો** પુત્ર **હેરડ** **એન્ટીપસ**, ગેલીલીનો ગવર્નર હતો. રોમન અધિકારી **પોન્ટીઅસ** **પાઇલેટે** તપાસ માટે **ક્રાઇસ્ટને** તેની પાસે મોકલ્યા હતા.

પણ તે બધાનું મૂળ "પુરુષને જુઓ"માં રહેલું છે. તેનામાં દૈવત્વ નથી. તે ખાલી છે; અને તેનું રક્ષણ કરનાર શ્રેષ્ઠ અધિકારીથી તેને હલકો પાડવામાં આવ્યો છે અને મારવામાં આવ્યો છે.

સામાજિક અધિકારને લઇને લોકોનું ટોળું તેને દૂર ને દૂર ઘસડી જાય છે. બાળકને માટે શાળા કુદરતી દુ:ખો કરતાં પણ વધારે દુ:ખનું સ્થાન છે. પેલાં મોટાં મકાનો પુખ્ત મનુષ્યોનાં ટોળાંઓ માટે બનાવેલાં લાગે છે અને દરેક વસ્તુ, બારીઓ, બારણાંઓ, ભૂરી ઓસરીઓ અને ખાલી, ખુલ્લી દીવાલો, બધુંએ પુખ્ત મનુષ્યના પ્રમાણમાં બનેલું છે. ઘણા ઘણા સૈકાઓનું બાળક બાલ્યાવસ્થાના સમગ્ર સમય સુધી ચાલુ રહે તેવો શોકનો કાળો ગણવેશ પહેરે છે. તેના કુટુંબે તેને ઉમરા આગળ મૂકી દીધો છે કારણકે તેમને માટે તે દરવાજો બંધ છે. બે પ્રદેશો અને બે જવાબદારીઓ વચ્ચેનું વિભાગીકરણ અહીં છે. બાળક તો, રડતું અને આશાહીન, ભયથી ફફડતા હૃદય સાથે નર્કના દરવાજા પરનો ડેન્ટેનો શિલાલેખ વાંચતું લાગે છે.

"મારામાં થઈ મનુષ્યો આંસુના શહેરમાં જાય છે.
મારામાં થઈ મનુષ્યો વિનાશ પામેલી જનતા પાસે જાય છે."

શિક્ષા કરવા યોગ્ય, સમૂહગત દુષ્ટ પ્રાણીઓ તરીકે ગણાતા, બીજા અજાણ્યા સાથીઓ સાથે ભળવા એક કડક, ધમકાવતો અવાજ તેને બોલાવી રહ્યો છે. ફરીથી ડેન્ટેની લીટીઓ યાદ આવે છે.

" તમારો વિનાશ થાઓ. દુષ્ટાત્માઓ ! "

બાળક ક્યાં જશે ?

તેને મોકલવામાં આવ્યું છે, તેને હુકમ કરવામાં આવ્યો છે, ત્યાં તે જશે.

તેનો ન્યાય કરવામાં આવ્યો છે. તે એક વર્ગમાં જશે અને પતિત આત્માના શરીરની આસપાસ પૂંછડી વીંટી તેને તેનું સ્થાન કયા વર્તુળમાં હતું તે બતાવતા ડેન્ટેના **મી**નોસની માફક કોઈકિ તેને તેનું સ્થાન બતાવશે પણ દરેક સ્થળે છટકાય નહિ તેવું સનાતન દર્દજ દર્દ ભર્યું છે.

બાળક તેના નક્કી કરેલા વર્ગમાં જતાં એક શિક્ષિકા **દરવાજો· બંધ કરશે.** કોઈ પણ સાક્ષી અથવા અંકુશ વિનાની તે આત્મા-ઓના સમૂહની અધિકારીણી, અધિષ્ઠાત્રી તે છે.

તે દરવાજો બંધ કરશે.

કુટુંબ અને સમાજે એક સત્તાના હાથમાં તેમનાં બાળકો સોંપી દીધાં છે. મનુષ્યોએ તેમનાં પોતાનાં બી પવનમાં વેર વીખેર ફેંકી દીધાં છે અને પવન તેમને ત્યાં ઘસડી ગયો છે. હવે પછી પેલા કોમળ, ધ્રૂજતા અવયવો, વેદનાભર્યાં, ઘણા દિવસો, ઘણા મહિનાઓ, અને ઘણા વર્ષો સુધી ત્રણ ત્રણની હરોળમાં ત્રણ કલાકો કરતાં પણ વધારે વખત માટે લાકડા સાથે જકડાએલા છે.

કરડી નજરે ક્રાઈસ્ટના પગમાં મારેલા ક્રોસના ખીલાઓની માફક બાળકના હાથ અને પગને સ્થિર બનાવી પાટલી સાથે જકડી બાંધ્યા છે. બન્ને નાનકડા પગ, ભેગા અને સ્થિર, બન્ને નાનકડા હાથ, જોડાએલા અને સ્થિર, પાટલી ઉપર પડેલા છે; અને સત્ય અને જ્ઞાનને માટે તૃષિત મનમાં શિક્ષકના પોતાના વિચારો બળપૂર્વક ઠોકી દેતાં, આજ્ઞાધીનતાથી માનભંગ થયેલું નાનકડું નત મસ્તક કાંટાળા મુગટથી લોહી ચૂતું જણાય છે.

આટલું બધું પ્રેમભર્યું નાનકડું હૃદય, જગતની અણુસમજથી તલવારની માફક ભેદાઈ જશે. જ્ઞાન પિપાસા તૃપ્ત કરવા આવેલી સંસ્કૃતિ કડવી ઝેર થઈ પડશે.

જીવવાને અશક્ત આત્માની કબર ક્યારનીએ તેની સઘળી બનાવટો સાથે ખોદાઈ ગઈ છે, અને આત્માને તેમાં ઉતાર્યા પછી

ફરીથી તે ઉઠવા પામે નહિ તે જોવા, જાણે, મશ્કરીમાં મૂકયા હોય તેમ, તેની આસપાસ ચોકીઆતો ગોઠવી દેવામાં આવશે.

પરંતુ બાળક ફરીથી જાગૃત થાય છે અને માનવજાતિમાં વસવા તાજુ અને નવપલ્લવિત બની પાછું આવે છે.

ઈમર્સન કહે છે તેમ સ્વર્ગના મહારાજ્યે પતિત મનુષ્યોને દોરવા હમેશાં તેમનામાં ઊતરતું બાળક સનાતન પેગંબર છે.

★

આ પુસ્તકમાંના કેટલાક ગુજરાતી શબ્દોના અંગ્રેજી પર્યાય

અથડામણ	Conflict
અર્થસૂચન	Significance
અર્થસ્પષ્ટિકરણ	Interpretation
અનાવિર્ભૂત	Subconscious
અનાવિર્ભૂત મન	Subconscious mind
અભાન	Unconscious
અભિસરણ	Circulation
અવતાર	Incarnation
અવરોધ	Barrier
અસ્વાભાવિક	Abnormal
અસ્વાભાવિકતા	Abnormality
અસ્તિત્વ	Existence
અહંકારી	Egotistic
અજ્ઞાત	Unknown
આધિશાસ્ત્ર	Psychiatry
આવિષ્કરણ	Expression
આવેગ	Impulse
આંતરપ્રેરણાત્મક	Initiative
ઇન્દ્રિયભાન	Sensibility
ઉત્તેજના	Impetus
એકીકરણ	Synthesis
અંડ	Cell
અંડકોશ	Germ cell
અંતરાત્મા	Conscience
અંતરાદેશ	Urge
અંતરાય	Barrier, Impediment
અંધાધુની	Maladjustment
આંતરમીલન	Introflexion
કુર્ચા	Cartilage
કુદરતી	Natural
કેન્દ્ર	Centre
કોશ	Cell
ક્રિયારોધ	Inhibition
ખોડવાળાં	Defective
ગર્ભ	Embryo
ગર્ભશાસ્ત્ર	Embryology
ગુન્હાશાસ્ત્ર	Criminology
ગ્રંથી	Complex
ઘટના	Episode
ઘર્ષણ	Conflict
ઘાટ	Pattern
ચેતના	Intelligence
છબિઓ	Images
જાતને ઓળખ	"Know thyself"
જીવ વિદ્યા	Biology
જીવજંતુ-શાસ્ત્ર	Zoology
જીવજંતુ-શાસ્ત્રવેત્તા	Zoologist
ઝપાઝપી	Encounter

તત્વજ્ઞાન Philosophy
તહોમતનામું Accusation
તરંગ લીલા Phantasy
તાલબદ્ધતા Rhythm
તોફાનીપણું Naughtiness
દબાણ Repression
દ્રષ્ટીમાં દોષ Scotoma
ધર્મકાર્ય Mission

નાટ્ય દશ્યાનુ-રૂપ Dramatic
નિદાનશાસ્ત્ર Pathology
નિરીક્ષણ Observation
'ની પાર નહિ' 'Ne plus ultra'
ન્યાય સંગત Logical

પછાત બાળકો Backward children
પરિચય Orientation
પલટો Conversion
પુનરૂત્પતિ Recreation
પુનરાવર્તન Repetition
પુનરોત્પાદન Reproduction
પુરૂષને જુઓ "Ecco Homo"
પૂરક–સાબિતી Counter-proof
પેગંબર Messiah
પ્રગટીકરણ menifestation
પ્રત્યાઘાત Repercussion
પ્રત્યુત્તર Response
પ્રતિક્રિયા Reaction
પ્રતિનિધાન Substitution
પ્રતિભા Power, Brilliant intellect
પ્રતિરોધ Resistance
પ્રતિસૂચન Suggestion
પ્રશ્ન Problem
પ્રેરક(શક્તિ) Motor
પ્રેરણા Instinct
પ્રાગટ્ય Menifestation
પ્રાણીજીવન-શાસ્ત્ર Biology
પૃથક્કરણ Analysis

બનાવ Episode
બનાવગત Episodic
બનાવટી Camouflage
બાલ માનસ–શાસ્ત્ર Child-psychology
બુરખો Robe
ભવ્ય ગંભીર Profound
ભૌતિક શાસ્ત્ર Physics
ભૌમિતિક Geometrical
મનોસૃષ્ટિ Imagination
માર્ગદર્શન Guidance
માનવશસ્ત્ર-ક્રિયા Surgery
માનસિક Psychic, mental
માનસ–ચિકિ-ત્સા–શાસ્ત્ર Psychiatry
માનસશાસ્ત્ર Psychology
માનસ–પૃથ-ક્કરણ–શાસ્ત્ર Psycho-analysis
મોટું Grown-up
યંત્રો Machinery
યંત્રરચના Mechanism
યાંત્રિક Mechanical

યોજના	Design
રખડેલો	Fugues
રહસ્ય	Secret
રૂપાંતર	"Transfiguration"
રેખાંકિત	Outlined
રોગ પ્રયોગ શાળા	Clinic
લઘુતા	Inferiority
લઘુતાની ગ્રંથી	Inferiority complex
લાક્ષણિકતા	Characteristic
લોકોત્તર	Extra-ordinary
લોકોત્તર પ્રતિભા	Extra-ordinary power
વડીલ	Adult
વલણ	Attitude
વાઘો	Robe
વાતાવરણ	Environment
વાહક શકિત	Motor
વિકૃત	Deviated
વિકૃતિ	Deviation
વિગ્રહ	Struggle
વિભાગીકરણ	Segmentation
વિરોધ	Resistance Opposition
વિશિષ્ટતા	Characteristic
વિશ્વ	Cosmos
વિશ્વજનિત	Cosmic
વિક્ષેપ	Disturbance
વિજ્ઞાન	Science
વૈદક	Medicine
વૈવિધ્ય	Differentiation
વ્યકિતત્વ	Personality
શરીર–તુલના-શાસ્ત્ર	Morphology
શસ્ત્રક્રિયા	Operation
શારીરશાસ્ત્ર	Physiology
સર્જન	Creation
સર્જનાત્મક	Creative
સમાજપર	Extra-Social
સમાજશાસ્ત્ર	Sociology
સહેતુક	Purposeful
સામુદાયિક	Collective
સાંકેતિક	Symbolical
સિદ્ધિ	Achievement
સુસંવાદી	Hormonious
સૂચક	Suggestive
સૂચન	Suggestion
સ્પર્ધા	Competition
સ્ફોટક	Explosive
સ્વયંસ્ફૂર્તિ	Spontaneity
સ્વયંસ્ફૂરીત	Spontanious
સ્વાભાવિકતા	Normality
હલનચલન, ગતિ	movement
જ્ઞાન–તંતુઓ	Nerves
જ્ઞાનતંતુકોશ	Nerve cells
જ્ઞાન–પ્રાપ્તિ	Orientation

મૂળ અંગ્રેજી પુસ્તકમાંના કેટલાક અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાય

Aberrations	વિકૃતિઓ
Abnormal	અસ્વાભાવિક
Abormality	અસ્વાભાવિકતા
Accusation	તહોમતનામું
Achievement	સિદ્ધિ
Adult	વડીલ
Analysis	પૃથક્કરણ
Barrier	અવરોધ, અંતરાય
Backward child	પછાત બાળક
Biology	જીવ વિદ્યા, પ્રાણી જીવનશાસ્ત્ર
Camouflage	બનાવટી, માયાવી
Cartilage	કુર્ચા
Characteristic	વિશિષ્ટતા, લક્ષણ
Child-psychology	બાલમાનસ-શાસ્ત્ર
Circulation	અભિસરણ
Clinic	રોગ પ્રયોગશાળા, કલીનીક
Collective	સામુદાયિક
Competition	સ્પર્ધા
Complex	ગ્રંથી, ગુંચ
Conflict	ઘર્ષણ
Conscience	અંતરાત્મા
Consciousness	આત્મભાન
Conversion	પલટો
Cosmos	વિશ્વ
Cosmic	વિશ્વ સંબંધી, વિશ્વ જનિત
Counter-proof	પૂરક-સાબિતી
Creation	સર્જન
Creative	સર્જનાત્મક
Criminology	ગુન્હાશાસ્ત્ર
Defective	ખોડવાળાં
Deviation	વિકૃતિ
Differentiation	વૈવિધ્ય
Disturbance	વિક્ષેપ
Division	વિભાગ
Dramatic	નાટ્યદશ્યાનુરૂપ
"Ecco Homo"	પુરૂષને જુઓ
Ego-Centric	અહં-કેન્દ્રિત
Egotistic	અહંકારી
Embryo	ગર્ભ
Embryology	ગર્ભશાસ્ત્ર
Encounter	ઝપાઝપી
Environment	વાતાવરણ
Episode	બનાવ, ઘટના
Episodic	બનાવગત
Existence	અસ્તિત્વ, હયાતી
Explosion	સ્ફોટન
Explosive	સ્ફોટક, ઉદ્દસ્ફોટક
Expresson	આવિષ્કરણ
Extra-ordinary	લોકોત્તર, અસાધારણ

Extra-social	સમાજ પર,
Fugues	રખડેલો, ભાગેડુ
Germ-cell	અંડકોશ
Guidance	માર્ગદર્શન, દોરવણી
Grown up	મોટું, પુખ્ત
Harmony	સુસંવાદ
Harmonical	સુસંવાદી
Images	છબિઓ, પ્રતિમાઓ
Imagination	કલ્પના, મનોસૃષ્ટિ
Impetus	ઉત્તેજના
Impulse	આવેગ
Incarnation	અવતાર
Individual	વ્યકિત
Individuality	અસ્મિતા
Inferiority	લઘુતા
Inhibition	ક્રિયારોધ
Intelligence	ચેતના, બુદ્ધિ
Instinct	પ્રેરણા
Interpretation	અર્થસ્પષ્ટિકરણ
Interflexion	આંતરમીલન
Intuitive	આંતરપ્રેરણાત્મક
"Know-Thyself"	જાતને ઓળખ
Logic	ન્યાય, તર્ક
Logical	ન્યાયસંગત, તર્કશુદ્ધ
Machine	યંત્ર
Machinery	યંત્રભાગ

Maladjustment	અંધાધુની
Mechanical	યાંત્રિક
Menifestation	પ્રાદુર્ભાવ, પ્રાગટ પ્રગટીકરણ
Messiah	પેગંબર
Mission	ધર્મકાર્ય
Morphology	શરીરતુલનાશાસ
Motor	પ્રેરક, વાહક, ચાલક (શકિત
Naughtiness	તોફાનીપણું
"Neplus Ultra"	ની પાર નહિ
Nerves	જ્ઞાનતંતુઓ
Normal	સ્વાભાવિક
Normality	સ્વાભાવિકતા
Normalization	સ્વાભાવિકતા-આવવી તે
Observation	નિરીક્ષણ
Operation	શસ્ત્રક્રિયા
Orientation	પરિચય, જ્ઞાનપ્રાપ્તિ
Outlined	રેખાંકિત
Pathology	નિદાનશાસ્ત્ર
Pattern	ઘાટ
Personality	વ્યકિતત્વ
Phantasy	તરંગલીલા
Philosophy	તત્વજ્ઞાન
Physiology	શારીરશાસ્ત્ર
Power	શકિત, પ્રતિભ
Problems	કોયડા, પ્રશ્નો

Psychiatry	આધિશાસ્ત્ર,માનસ-ચિકિત્સાશાસ્ત્ર
Psychic	માનસિક
Psycho-analysis	માનસ-પૃથક્કરણશાસ્ત્ર
Psychology	માનસશાસ્ત્ર, મનોવિજ્ઞાન
Reaction	પ્રતિક્રિયા
Recreation	પુનરૂત્પત્તિ
Repercussions	પ્રત્યાઘાત
Repetition	પુનરાવર્તન
Repression	દબાણ
Reproduction	પુનરૂત્પાદન
Resistance	વિરોધ, પ્રતિરોધ
Response	પ્રત્યુત્તર
Robe	વાઘો, ઝભ્ભો
Secret	રહસ્ય, ગુપ્ત વાત
Segmentation	વિભાગીકરણ
Sensibility	ઇન્દ્રિયભાન
Significance	અર્થસુચન
Scotoma	દૃષ્ટિ-દોષ
Sociology	સમાજશાસ્ત્ર
Spiritual	આધ્યાત્મિક
Spontaneous	સ્વયંસ્ફુરિત
Spontaneity	સ્વયંસ્ફુર્તિ
Struggle	વિગ્રહ
Subconscious	અનાવિર્ભૂત
Subconscious-mind	અનાવિર્ભૂત મન
Substitution	પ્રતિનિધાન
Suggestion	સૂચન, પ્રતિસૂચન
Suggestive	સૂચક
Surgery	શસ્ત્રક્રિયા
Symbol	સંકેત
Symbolical	સાંકેતિક
Trace	રેખા
"Transfiguration"	'રૂપાંતર'
'Tout passe'	સઘળું જોતાં
Unconscious	અભાન
Unknown	અજ્ઞાત
Urge	અંતરાદેશ
Zoologist	જીવજંતુશાસ્ત્રવેત્તા

*

બીજો એકકે માર્ગ નથી

આજે દુનિયામાં અશાન્તિનું સામ્રાજ્ય વ્યાપ્યું છે: આજે માનવજાત વિનાશ તરફ ઘસડાઇ રહી છે: દુનિયાના આજના સૂત્રધારોનો જે ઘાટ ઘડાયો છે, તે ચોક્કસ ખામીભર્યો છે, અને તેનું જ આ પરિણામ છે. અશાન્તિને બદલે શાન્તિનું સામ્રાજ્ય સ્થાપિત થયેલું જોવું હોય અને માનવજાતને વિનાશમાર્ગેથી પાછી વાળી પ્રગતિ-અભિમુખ કરવી હોય તો તો, સૌથી પ્રથમ, બાળકોને જીવનની શરૂઆતથી જૂદાજ વાતાવરણમાં મૂકી નવી સૃષ્ટિ રચવી જોઇએ. માનવ-કલ્યાણનો આ સિવાય બીજો એકકે માર્ગ નથી.